
# મુનિજીવનની બાળપોથી

ભાગ પાંચમો

૧૭૪



મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

કમલ પ્રકાશન ટ્ર

મુનિજીવનના વિકાસ માટે અતીવ ઉપયોગી પિંડનિર્યુક્તિ અને ઓઘનિર્યુક્તિ ગ્રન્થોના પદાર્થોના સારભાગને સંગૃહિત કરતું પુસ્તક……

# મુનિજીવનની બાળપોથી

ભાગ પાંચમો

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

૧૭૪

કમલ પ્રકાશન ટ્રસ્ટ

પ્રકાશક :
કમલ પ્રકાશન ટ્રસ્ટ
જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન,
૨૭૭૭, નિશાપોળ, ઝવેરીવાડ,
રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

ફોન : ૩૩૫૭૨૩
૩૮૦૧૪૩

લેખક-પરિચય :
સિદ્ધાન્તમહોદધિ સચ્ચારિત્રચૂડામણિ
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજાસાહેબના વિનેય
મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

પ્રથમ સંસ્કરણ :
નકલ ૧,૦૦૦
વિ. સં. ૨૦૩૯
તા. ૧૫-૭-૮૩

શ્રી અન્તરિક્ષ પાર્શ્વનાથ સંસ્થાનના જ્ઞાનખાતાની રકમમાંથી આ પુસ્તક છપાવવામાં આવ્યું છે. સદર ટ્રસ્ટ તરફથી પૂજ્ય સાધુ સાધ્વીજી ભગવંતોના કરકમલમાં તથા જ્ઞાનભંડારોને સાદર સમર્પિત કરવામાં આવે છે.

લિ.
કમલ પ્રકાશન ટ્રસ્ટવતી
ભદ્રેશ શાહ

મૂલ્ય
રૂા. ૪-૦૦

મુદ્રક :
કેનિમેક પ્રિન્ટર્સ
મામુનાયકની પોળ
ગાંધીરોડ અમદાવાદ.

## લેખકીય બે બોલ

વિ. સં. ૨૦૩૭માં મારું લાગલાગટ બીજું ચાતુર્માસ અંતરીક્ષજી-તીર્થરક્ષા નિમિત્તે અંતરીક્ષજી તીર્થમાં થયું. ગત વર્ષની જેમ આ વર્ષે પણ મેં સાધુ સાધ્વીજીઓ સમક્ષ દૈનિક વાચનાઓ આપી. આ એક ઘણું મોટું સદભાગ્ય હતું કે તીર્થરક્ષાના નિમિત્તે અહીં લાંબુ રોકાણ થવાથી બાહ્ય પ્રવૃત્તિઓનો ભાર ઘણો ઓછો થઈ જવાથી તથા તીર્થનું અશાન્ત વાતાવરણ તદ્દન શાન્ત થવાથી અમે વીસ સાધુ સાધ્વીજીઓને શાસ્ત્ર સ્વાધ્યાયનો ખૂબ સારો સમય મળી ગયો. સાધુઓ તો રોજનો દસથી બાર કલાકનો સ્વાધ્યાય કરવા લાગ્યા.

આ બે ચાતુર્માસ દરમ્યાન નવકારમન્ત્રથી શરૂ કરીને શ્રમણ-ક્રિયાના તમામ સૂત્રોના અર્થ સંપૂર્ણ દશવૈકાલિક સૂત્રના અર્થ, પિંડનિર્યુક્તિ અને ઓઘનિર્યુક્તિ ગ્રન્થો અને ધર્મસંગ્રહ [બીજો ભાગ ] ઉપર મારા નવદીક્ષિત શિષ્યો વગેરેને અને સાધ્વીજીઓને મેં વાચના આપી. આમાંની તમામ વાચનાઓ વખતે જ હું તેના પદાર્થો સહુ પાસે લખાવતો હતો.

આખુ વ્યવસ્થિત લેખન થઈ જતાં, તે લેખન કમલ પ્રકાશન ટ્રસ્ટના ટ્રસ્ટીગણને સોંપાયું. તેણે પૂર્વે મુનિજીવનની બાળપોથીના ભાગ તો પ્રગટ કરી દીધા હતા; એટલે તેના ભાગરૂપે શ્રમણ જીવનના આવશ્યક સૂત્રો [અર્થ સહિત] પ્રગટ કર્યા. અને હવે આ પાંચમા નિણરૂપે પિંડનિર્યુક્તિ અને ઓઘનિર્યુક્તિની વાચનાઓ પ્રગટ કરે છે.

આ બન્ને ગ્રન્થો ઉપર સંક્ષિપ્ત નોંધરૂપે ખૂબ સરળ ભાષામાં પૂજ્યપાદ, તપોનિધિ, વિદ્વદ્વર્ય પં. ભગવંતશ્રીમદ્ નિત્યાનંદ વિજયજી ગણિવરશ્રીએ પિંડનિર્યુક્તિ પરાગ અને ઓઘનિર્યુક્તિ પરાગ નામક જે બે પુસ્તકો પ્રગટ કર્યા છે તેને સતત મારી નજર સામે રાખીને આ વાચના થઈ હોવાથી તે કૃપાલુના અસીમ ઋણનું સ્મરણ કરીને તેમને કોટિશઃ વંદન કરું છું.

આ વાચનાઓમાં મારાથી શાસ્ત્રવિરુદ્ધ કાંઈ પણ નિરુપાયું હોય તો હું તેનું ત્રિવિધે 'મિચ્છા મિ દુક્કડ'' માંગું છું. જો મારી ક્ષતિઓનો મને ખ્યાલ આપવામાં આવશે તો હું નવી આવૃત્તિમાં સુધારો કરવાની ટ્રસ્ટને અવશ્ય સૂચના કરીશ.

અંતરીક્ષજી-તીર્થ — લિ.

વિ.સં. ૨૦૩૯, કા. સુ. ૧. — ગુરુપાદપદ્મરેણુ

તા. ૧૫-૧૧-૮૨ — મુનિ ચન્દ્રશેખરવિજય.

---

પૂજ્યપાદ તપોનિધિ સંયમમૂર્તિ વિદ્વદ્વર્ય પન્યાસ ભગવંત શ્રીમદ્ નિત્યાનંદ વિજયજી ગણિવરશ્રીએ પોતાની પાસે પુષ્કળ કાર્યો હોવા છતાં આ બાળપોથીના ભાગ ચોથા અને પાંચમાનું સંશોધન કરી આપવાની અપાર કૃપા અમારી ઉપર કરી છે તે બદલ અમો કયા શબ્દોમાં કૃતજ્ઞતા દાખવીએ ?

લિ.

ટ્રસ્ટી મંડળ

# અનુક્રમણીકા

## વિભાગ પહેલો

### પિંડનિર્યુક્તિ સારસંગ્રહ

[૧] એષણા ૩

પિંડનિર્યુક્તિ ગ્રન્થની રચના. ૩

આહારનું પ્રયોજન. ૪

એષણા ૫

ઉદ્ગમના સોળદોષો. ૬

ઉત્પાદનાના સોળ દોષો. ૮

ગ્રહણૈષણાના શંક્તિ આદિ દશ દોષો. ૯

ગ્રાસૈષણાના પાંચ દોષો. ૯

ગવેષણા. ૧૦

ગ્રહણૈષણા ૧૧

ગ્રાસૈષણા. ૧૩

પિંડ. ૧૪

સાતપિંડૈષણા, પાણૈષણા અને સાત પ્રકારે અવગ્રહપ્રતિમા. ૧૫–૧૬

[૨] ઉદ્ગમના સોળ દોષો ૧૮

(૧) આધાકર્મ દોષ. ૧૮

(૨) ઔદ્દેશિક દોષ. ૨૭

(૩) પૂતિકર્મ દોષ. ૩૦

(૪) મિશ્ર દોષ. ૩૨

(૫) સ્થાપના દોષ. ૩૩

(૬) પ્રાભૃતિકા દોષ. ૩૪
(૭) પ્રાદુષ્કરણ દોષ. ૩૫
(૮) ક્રીત દોષ. ૩૬
(૯) પ્રામિત્ય દોષ. ૩૭
(૧૦) પરાવર્તિત દોષ. ૩૮
(૧૧) અભ્યાહૃત દોષ. ૩૮
(૧૨) ઉદ્‌ભિન્ન દોષ. ૩૯
(૧૩) માલાપહૃત દોષ. ૪૦
(૧૪) આચ્છેદ્ય દોષ. ૪૧
(૧૫) અનિસૃષ્ઠ દોષ. ૪૧
(૧૬) અધ્યવપૂરક દોષ. ૪૨
વિશોધિકોટિ અને અવિશોધિકોટિના દોષો. ૪૪
વિશોધિકોટિના દોષવાળા આહારનો ત્યાગ કરવાનો વિધિ. ૪૫
[૩] ઉત્પાદનાના સોળ દોષો. ૪૭
(૧) ધાત્રીપિંડ દોષ. ૪૭
(૨) દૂતીપિંડ દોષ. ૪૭
(૩) નિમિત્તપિંડ દોષ. ૪૮
(૪) આજીવીકાપિંડ દોષ. ૪૯
(૫) વિનીપકપિંડ દોષ. ૪૯
(૬) ચિકિત્સાપિંડ દોષ. ૪૯
(૭) ક્રોધપિંડ દોષ ૫૦
(૮) માનપિંડ દોષ. ૫૦
(૯) માયાપિંડ દોષ. ૫૧

| | | |
|---|---|---|
| | (૧૦) લોભપિંડ દોષ. | ૫૧ |
| | (૧૧) સંસ્તવપિંડ દોષ. | ૫૧ |
| | (૧૨-૧૩-૧૪-૧૫) વિદ્યા-મંત્ર-ચૂર્ણ-યોગપિંડ દોષ. | ૫૨ |
| | (૧૬) મૂલકર્મપિંડ દોષ. | ૫૨ |
| [૪] | ગ્રહણૈષણાના દશ દોષો, | ૫૩ |
| | (૧) શંકિત દોષ. | ૫૩ |
| | (૨) મ્રક્ષિત દોષ. | ૫૪ |
| | (૩) નિક્ષિપ્ત દોષ | ૫૫ |
| | (૪) પિહિત દોષ. | ૫૫ |
| | (૫) સંહૃત દોષ. | ૫૫ |
| | (૬) દાયક દોષ. | ૫૬ |
| | (૭) ઉન્મિશ્ર દોષ. | ૫૭ |
| | (૮) અપરિણત દોષ. | ૫૭ |
| | (૯) લિપ્ત દોષ. | ૫૮ |
| | (૧૦) છર્દિત દોષ. | ૫૮ |
| [૫] | ગ્રાસૈષણાના પાંચ દોષો | ૫૯ |
| | (૧) સંયોજના દોષ. | ૫૯ |
| | (૨) પ્રમાણ દોષ. | ૬૦ |
| | (૩-૪) અંગાર દોષ. ધૂમ્ર દોષ. | ૬૩ |
| | (૫) કારણ દોષ. | ૬૪ |
| | આહાર વાપરવાના છ કારણો. | ૬૪ |
| | છ કારણોએ આહારનો ત્યાગ કરવો | ૬૪ |
| | મોટા અને નાના દોષો. | ૬૫ |
| | ઉપસંહાર | ૬૭ |

## વિભાગ—બીજો

### ઓઘનિર્યુક્તિ-સારસંગ્રહ


| | | |
|---|---|---|
| | પહેલો અધિકાર | ૬૯ |
| [૧] | ઓઘનિર્યુક્તિ | ૬૯ |
| | ચરણસિત્તરી | ૭૧ |
| | કરણસિત્તરી | ૭૪ |
| | સાત દ્વારો | ૭૭ |
| [૨] | પ્રતિલેખના દ્વાર | ૭૯ |
| | શેની શેની પ્રતિલેખના કરવી જોઇએ ? | ૮૦ |
| | (૧) સ્થાનનું પ્રતિલેખન. | ૮૦ |
| | (૨) ઉપકરણોનું પ્રતિલેખન. | ૮૧ |
| | પ્રતિલેખનાનો અર્થ. | ૮૨ |
| | પડિલેહણની વિધિ. | ૮૨ |
| | પુરુષનો અને ઉપધિનો ક્રમવિપર્યાસ. | ૮૫ |
| | વસ્ત્રોની પડિલેહણા કેવી રીતે કરવી ? | ૮૬ |
| | પડિલેહણ વખતની કાળજીઓ. | ૮૭ |
| | સાંજના પડિલેહણનો વિધિ, | ૮૯ |
| | પાત્રપ્રતિલેખન. | ૯૦ |
| | (૩) સ્થંડિલભૂમિનું પ્રતિલેખન. | ૯૨ |
| | અનાપાત | ૯૩ |
| | અસંલોક. | ૯૩ |
| | ભૂમિ કેવી હોવી જોઇએ ? | ૯૪ |
| | શરતો. | ૯૫ |
| | એક હજાર ચોવીસ ભાંગા. | ૯૭ |

(૪) અવસ્ટંભની પ્રતિલેખના ૯૯
(૫) માર્ગની પ્રતિલેખના. ૧૦૦
[૩] પિંડદ્વાર ૧૦૧
દ્રવ્યપિંડ, ૧૦૧
લેપપિંડ. ૧૦૧
પાત્ર લીંપવાનો વિધિ. ૧૦૩
ભાવપિંડ. ૧૦૬
એષણા. ૧૦૬
ગવેષણા. ૧૦૭
ભિક્ષા લેવાજતી વખતે ધ્યાનમાં રાખવા જેવી કેટલીક ભાબતો. ૧૧૧
ગ્રહણૈષણા. ૧૧૨
ગોચરીની આલોચના કેવી રીતે કરવી ? ૧૧૩
ભાવ ગ્રાસૈષણા. ૧૧૪
આહાર પ્રકાશમાં કરવો. ૧૧૫
અનેક સાધુઓએ માંડલીબદ્ધ શા માટે વાપરવું જોઈએ ? ૧૧૬
વસતિપાલક સાધુનું કર્તવ્ય. ૧૧૭
ગોચરી કોણ વહેંચે ? ૧૧૮
આહાર કેવી રીતે વાપરવો ? ૧૧૮
આહાર વધ્યો હોય તો શું કરવું ? ૧૨૦
વધેલો આહાર કેવી રીતે પરઠવવો ? ૧૨૧
શુદ્ધ આહાર પણ વધી જવાના કારણો કયા ? ૧૨૨

[૪] ઉપધિ પ્રમાણ દ્વાર. ૧૨૩
ઓઘઉપધિ અને ઔપગ્રહિક ઉપધિ ૧૨૩
ઓઘઉપધિનું સંખ્યા પ્રમાણ. ૧૨૪
જિનકલ્પીની ઓઘઉપધિ. ૧૨૪
સ્થવિરકલ્પીની ચૌદ ઓઘઉપધિ. ૧૨૪
સ્થવિરકલ્પી સાધ્વીની પચ્ચીસ ઓઘઉપધિ. ૧૨૫
ઓઘઉપધિનું પ્રમાણ-પ્રમાણ. ૧૨૬
ઔપગ્રહિક ઉપધિ. ૧૩૧
(૧-૨) સંથારો ઉત્તરપટ્ટો. ૧૩૧
(૩-૪) અંદરનું અને બહારનું નિષેથીયું. ૧૩૧
(૫) દંડ. ૧૩૨
(૬) ચર્મપંચક. ૧૩૩
(૭) યોગપટ્ટ. ૧૩૩
(૮) ચિલિમિલિ. ૧૩૩
(૯) પુસ્તકપંચક. ૧૩૩
(૧૦) ફલક. ૧૩૪
ઉપસંહાર ૧૩૫
વસ્ત્રોના કાપની વિધિ. ૧૩૫
[૫] અનાયતન વર્જનદ્વાર, પ્રતિસેવનાદ્વાર, આલોચના દ્વાર અને વિશુદ્ધિદ્વાર. ૧૩૮
અનાયતનવર્જનદ્વાર. ૧૩૮
પ્રતિસેવનાદ્વાર. ૧૩૮
આલોચનાદ્વાર. ૧૩૯
આલોચકના દશ દોષો ૧૪૩
વિશુદ્ધિદ્વાર. ૧૪૮

## બીજો અધિકાર
## ઓઘનિર્યુક્તિ અધિકાર

[૧] એકાકી વિહાર
એકાકી વિહારના દુકાળ આદિ દશ કારણો ૧૫૨
(૧) દુકાળ. ૧૫૨
(૨) અશિવ. ૧૫૩
(૩) રાજભય. ૧૫૪
(૪) ક્ષુભિત. ૧૫૫
(૫) અનશન. ૧૫૬
(૬) સ્ફિટિત ૧૫૬
(૭) ગ્લાન. ૧૫૬
(૮) અતિશય. ૧૫૭
(૯) દેવતાકથન ૧૫૭
(૧૦) આચાર્ય ૧૫૭
વિહારવિધિ. ૧૫૮
ષટકાયની જયણા. ૧૫૯
રસ્તામાં આવતા ગામમાં પ્રવેશ શામાટે કરવો ? ૧૬૩
[૨] ગામમાં પ્રવેશ કરવાની વિધિ. ૧૬૫
પૃચ્છા. ૧૬૫
(૧) ગ્લાન પરિચર્યા દ્વાર. ૧૬૫
(૨) ગ્લાનયતના દ્વાર. ૧૬૮
(૩) શ્રાવક દ્વાર. ૧૬૯
(૪) સાધુ દ્વાર. ૧૭૧
(૫) વસતિ દ્વાર. ૧૭૧
(૬) સ્થાન સ્થિત દ્વાર (કારણો) ૧૭૨

(૭) સ્થાન સ્થિત દ્વાર. (અકારણે) ૧૭૩

[૩] વિહાર ૧૭૪

વિહાર કરનારા ચાર પ્રકારના સાધુઓ. ૧૭૪

વિહાર કરતાં પહેલાં ક્ષેત્રપસંદગીની વિધિ. ૧૭૫

ક્ષેત્રની તપાસ કરવા માટે કોને મોકલવો ? ૧૭૬

રસ્તાની પાંચ તપાસ. ૧૭૮

વસતિની વૃષભ કલ્પના. ૧૭૯

ક્ષેત્રપસંદગી કર્યા પછીની વિધિ. ૧૮૧

વિહાર સંબંધમાં સંકેત વગેરે છ દ્વારો. ૧૮૨

(૧) સંકેત ૧૮૩

(૨-૩) વસતિગ્રહણ અને વસતિ. ૧૮૪

(૪) સંજ્ઞી. ૧૮૮

(૫) સાધર્મિક. ૧૮૯

(૬) સ્થાન સ્થિત. ૧૯૦

સ્થાપનાકુળો રાખવાનું પ્રયોજન. ૧૯૧

આચાર્યની વૈયાવચ્ચ માટે દશ પ્રકારના અયોગ્ય સાધુઓ. ૧૯૨

ગોચરી જતીવખતે આચાર્યને પૂછીને શામાટે નીકળવું ? ૧૯૩

અન્ય ગામમાં ગોચરી જવાના લાભ ૧૯૪

સંઘાટક ગોચરી કેવી રીતે વહોરે ? ૧૯૪

# વિભાગ–પહેલો

## પિંડનિર્યુક્તિ સારસંગ્રહ

# ૧ એષણા

## પિંડનિર્યુક્તિ ગ્રન્થની રચના

જિનશાસન બાર અંગોમાં સમાઇ ગયું છે. તે બાર અંગોને દ્વાદશાંગી કહેવાય. તેમાં બારમું દષ્ટિવાદ નામનું અંગ છે જેના નીચે પ્રમાણેના પાંચ વિભાગ છે.

૧. પરિકર્મ સાત પ્રકારે.
૨. સૂત્ર બાવીસ પ્રકારે.
૩. પૂર્વગત ચૌદ પ્રકારે.
૪. અનુયોગ બે પ્રકારે,
૫. ચૂલિકા ચોત્રીસ પ્રકારે.

તેમાં ત્રીજા પૂર્વગતના જે ચૌદ પ્રકાર છે. તેમાંના નવમા 'પ્રત્યાખ્યાનપ્રવાદ' નામના પૂર્વમાં નિર્દોષ આહાર-ચર્યાનું સુંદર વર્ણન કરવામાં આવેલું છે. તે આહારચર્યાના વર્ણનને નજરમાં રાખીને શ્રી શય્યંભવસૂરિજીએ શ્રી દશ-વૈકાલિકસૂત્રની રચના કરી. એ દશવૈકાલિકસૂત્રના પાંચમા અધ્યયનને નજરમાં રાખીને શ્રી ભદ્રબાહુસ્વામીજીએ છસ્સો ઇકોતેર (૬૭૧) પ્રાકૃત શ્લોકબદ્ધ પિંડનિર્યુક્તિની રચના કરી. તેની ઉપર શ્રી મલયગિરિ મહારાજાએ સાત હજાર (૭૦૦૦) સંસ્કૃત શ્લોક પ્રમાણ ટીકાની રચના કરી છે.

આ પિંડનિર્યુક્તિમાં પિંડ અંગેના દોષોનું વર્ણન આવે છે.

## આહારનું પ્રયોજન

ચારિત્રધર્મની પુષ્ટિ માટે નિર્દોષ આહાર લેવાનું જણાવેલ છે. જો તેવા નિર્દોષ આહારથી ચારિત્રધર્મની પુષ્ટિ થતી ન હોય તો આહાર લેવાનું પ્રયોજન નથી. કહ્યું છે કે,

"लभ्यते लभ्यते साधुः, साधुरेव न लभ्यते !
अलब्धे तपसो वृद्धि, लब्धे तु प्राणधारणम् ॥"

ગોચરી ફરતાં જો શુદ્ધ આહાર મળી જાય તો સારું છે અને ન મળે તો પણ સારું જ છે. કેમકે ન મળે તો તપની વૃદ્ધિ થાય અને મળે તો પ્રાણોનું ધારણ થઈ શકે. અર્થાત્ "મળે તો સંયમવૃદ્ધિ અને ન મળે તો તપોવૃદ્ધિ."

આહાર લેવાનું પ્રયોજન બતાવવા કહ્યું છે કે,

"अहो जिणेहिं असावज्जा, वीत्ति साहुण हेसिआ
मुक्खसाहणहेउस्स, साहुदेहस्स धारणा ॥"

અહો ! મોક્ષના સાધનભૂત સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તેના પણ સાધનરૂપ સાધુના દેહને ટકાવવા માટે જિનેશ્વરદેવે નિરવદ્ય-પાપરહિત પ્રવૃત્તિ બતાવી છે.

વળી "शरीरम् आद्यं खलु धर्मसाधनम् ।" શરીર ધર્મનું પ્રથમ સાધન છે. માટે શરીરને ટકાવવું અત્યંત આવશ્યક છે. પરંતુ તે પણ ખ્યાલમાં રાખવું કે જેમ શરીરને ટકાવવાનું છે તેમ શરીરને ક્યારેય બગાડવાનું પણ નથી જ.

શરીરને ક્યારેય બગાડવું ન હોય તો અવશ્ય ઉણોદરિ કરવી જ જોઈએ. ઉણોદરિ વિના દરરોજ આયંબીલ હોય તો પણ શરીર બગડવાની શક્યતા રહેલી છે. માટે ઉણોદરિનું ઘણું જ મહત્ત્વ છે.

આપણે આગળ જોયું કે શરીરને ટકાવવા આહાર–પાણી વાપરવાનાં છે. પરંતુ તે પણ લાલસાથી વાપરવાનાં નથી. વળી તે આહાર–પાણી નિર્દોષ વાપરવાનાં છે અને તેવા નિર્દોષ આહાર મેળવવા માટે મુનિએ સખ્ત યત્ન કરવાનો હોય છે.

તેવા નિર્દોષ આહારને પ્રાપ્ત કરવા કયા કયા દોષોનું શી શી રીતે સંશોધન કરવું તે આપણે હવે પછી જોઈશું.

એષણા

(સંશોધન.... નિરીક્ષણ.... તપાસ)

(૧) ગવેષણા (૨) ગ્રહણૈષણા (૩) ગ્રાસૈષણા

(૧) ગવેષણા આહાર શુદ્ધ છે કે નહિ તેની તપાસ.

(૨) ગ્રહણૈષણા ગ્રહણવિધિ શુદ્ધ છે કે નહિ તેની તપાસ.

(૩) ગ્રાસૈષણા ગવેષણાથી આહાર શુદ્ધ છે. તે નક્કી કર્યા બાદ ગ્રહણૈષણાથી આહાર શુદ્ધ રીતે લીધો છે તે પણ નક્કી થયું. તે પછી તે આહારને વાપરવાની જે શુદ્ધ રીતિ તપાસવી તેનું નામ ગ્રાસૈષણા છે....

ગવેષણામાં આધાકર્માદિ સોળ દોષો તથા ધાત્રીપિંડ આદિ સોળ દોષો એમ બત્રીસ દોષોની તપાસ કરવી. ગ્રહણૈષણામાં શંકિત વગેરે દશ દોષો તપાસવા. ગ્રાસૈષણામાં સંયોજના વગેરે પાંચ દોષો તપાસવા.

આધાકર્માદિ સોળ દોષોને ઉદ્દગમના દોષો કહેવાય છે. તે દોષો ગૃહસ્થને લગતા છે.

ધાત્રીપિંડ આદિ સોળ દોષો ઉત્પાદનના દોષો કહેવાય છે. તે સાધુને લગતા દોષો છે.

શંકિત આદિ દશ દોષો ગૃહસ્થ અને સાધુને લગતા છે.

સંયોજનાદિ પાંચ દોષો ગોચરી વાપરતી વખતના સાધુને લગતા છે.

## ઉદ્દગમના સોળ દોષો :

(૧) આધાકર્મી સાધુના માટે જ બનાવેલાં આહાર પાણી.

(૨) ઔદ્દેશિક સાધુ સંન્યાસી વગેરેને ઉદ્દેશીને રાખેલાં આહાર-પાણી.

(૩) પૂતિકર્મ શુદ્ધ આહારની સાથે પાછળથી આધાકર્મી આહાર ભેગો કરવો.

(૪) મિશ્ર શરૂઆતથી જ ગૃહસ્થ અને સાધુ બન્નેને લક્ષમાં રાખીને બનાવેલો આહાર.

(૫) **સ્થાપના** સાવ નિર્દોષ કે દોષિત આહાર સાધુને આપવા માટે બાજુ પર રાખી મૂકવો.

(૬) **પ્રાભૃતિકા** સાધુને વહોરાવવાનો લાભ મળે તે હેતુથી લગ્નાદિ પ્રસંગોને વહેલામોડા કરવા.

(૭) **પ્રાદુષ્કરણ** વહોરાવવાની વસ્તુને અંધારામાંથી પ્રકાશમાં લાવવા માટે બારી ખોલવી કે લાઇટ આદિથી પ્રકાશ કરવો.

(૮) **ક્રીત** સાધુને અર્થે વસ્તુ વેચાણથી લઇને વહોરાવવી.

(૯) **પ્રામિત્ય** સાધુને વહોરાવવા માટે ઉધાર લાવવું.

(૧૦) **પરાવર્તિત** વહોરાવવાની વસ્તુની સાથે અદલાબદલી કરવી.

(૧૧) **અભ્યાહૃત** સાધુને વહોરાવવા માટે સામે લઇ જવું.

(૧૨) **ઉદ્‌ભિન્ન** સીલ કે તાળા ખોલીને વહોરાવવું.

(૧૩) **માલાપહૃત** માળ પરથી ઉતારીને વહોરાવવું.

(૧૪) **આચ્છેદ્ય** પુત્ર કે નોકર વગેરે પાસેથી ઝૂંટવીને વહોરાવવું.

(૧૫) **અનિસૃષ્ટ** સહિયારી માલિકીની ચીજ સર્વસંમતિ વિના વહોરાવવી.

(૧૬) **અધ્યવપૂરક** પોતાના માટે શરૂઆત કરાયેલી રસોઇમાં પાછળથી સાધુ માટે અધિક નાંખવું.

# ઉત્પાદનાના સોળ દોષો

(૧) ધાત્રી ધાવમાતાની જેમ બાળકોને રમાડીને સારી ભિક્ષા મેળવવી.

(૨) દૂતી ગૃહસ્થોના સંદેશાઓ પહોંચાડીને ભિક્ષા મેળવવી.

(૩) નિમિત્ત જ્યોતિષ-નિમિત્ત વગેરે કરીને ભિક્ષા મેળવવી.

(૪) આજીવિકા પોતાનાં કુળ, જાતિ કે વતન એક જ છે. તેથી ગૃહસ્થને કહી સારી ભિક્ષા મેળવવી.

(૫) વનીપક દીનતા કરીને ભિક્ષા મેળવવી.

(૬) ચિકિત્સા દવા વગેરે આપીને ભિક્ષા મેળવવી....

(૭)-(૮)-(૯)-(૧૦) ક્રોધ-માયા-માયા-લોભ ક્રોધાદિ કરીને ભિક્ષા મેળવવી.

(૧૧) સંસ્તવ માત-પિતા, શ્વસુર-વગેરેનું સગપણ કાઢીને ભિક્ષા મેળવવી.

(૧૨)-(૧૩)-(૧૪) વિદ્યા-મંત્ર-ચૂર્ણ વિદ્યા, મંત્ર કે ચૂર્ણના પ્રયોગથી ભિક્ષા મેળવવી.

(૧૫) યોગ આકાશગમન આદિ સિદ્ધિ બતાવી ભિક્ષા મેળવવી.

(૧૬) મૂલકર્મ વશીકરણ, ગર્ભપાત-વગેરેનાં ભય બતાવી ભિક્ષા મેળવવી.

## શંકિત આદિ દશ દોષો

(૧) શંક્તિ આધાકર્મ વગેરે દોષની શંકાવાળો આહાર લેવો.

(૨) મ્રક્ષિત સચિત્ત વસ્તુથી ખરડાયેલો આહાર લેવો.

(૩) નિક્ષિપ્ત સચિત્ત વસ્તુની ઉપર મૂકેલો આહાર લેવો.

(૪) પિહિત સચિત્તથી ઢાંકેલો આહાર લેવો.

(૫) સંહૃત સચિત્ત ભરેલું વાસણ ખાલી કરીને તે તે વાસણથી આહાર આપે તે લેવો.

(૬) દાયક નિષિદ્ધ વ્યકિતના હાથે આહાર લેવો.

(૭) ઉન્મિશ્ર સચિત્ત આદિથી ભેળસેળ આહાર લેવો.

(૮) અપરિણત પૂરો સચિત્ત નહિ થયેલો આહાર લેવો.

(૯) લિપ્ત જેનાથી વાસણ વગેરે લેપાય તે વસ્તુ લિપ્ત કહેવાય. તે વસ્તુ વહોરવાથી આ દોષ લાગે.

(૧૦) છર્દિત જમીન ઉપર ઢોળાતો આહાર લેવો.

## ગ્રાસૈષણાના પાંચ દોષો

(૧) સંયોજના રાગ પેદા કરે તેવી રીતે બે વસ્તુ ભેગી કરવી.

(૨) પ્રમાણ જરૂર કરતાં વધારે આહાર વાપરવો.

(૩) અંગાર વપરાતા આહારના વખાણ કરવા.

(૪) ધૂમ વપરાતા આહારની નિંદા કરવી.

(૫) કારણ આહાર વાપરવાનાં છ કારણો સિવાય વાપરવું.

**આહાર વાપરવાનાં છ કારણો.**

૧ વૈયાવચ્ચ કરવા.
૨ ક્ષુધા વેદનીય શાંત કરવા.
૩ શુભ ધ્યાન ધરવા.
૪ સંયમનું શુદ્ધ પાલન કરવા.
૫ પ્રાણને ટકાવવા.
૬ ઈર્યાસમિતિ આદિનું પાલન કરવા.

## ગવેષણા

ગવેષણા આઠ પ્રકારની છે.

(૧) પ્રમાણ દિવસમાં બે વાર ભિક્ષા માટે જવું.
(૧) ગોચરી-પાણી સાથે લેવા માટે જવું.
(૨) અકાળે સ્થંડિલની શંકા થતાં પાણી લેવા જવું.

(૨) કાળ ભિક્ષાના કાળે જ ભિક્ષા લેવા જવું.

(૩) આવશ્યક શંકા નિવારીને (યાત્રા-સ્થંડિલ આદિની) ' આવસ્સહિ ' કરીને નીકળવું.

(૪) સંઘાટ્ટક ભિક્ષા લેવા માટે બે સાધુએ સાથે જવું.

(૫) ઉપકરણ ઉત્સર્ગ માર્ગે બધા-ઉપકરણ લઈને જવું અને અસામર્થ્યે ભિક્ષા અંગેનો સામાન તથા બે સુતરાઉ કપડાં કામળી અને દાંડો લઈને જવું.

(૬) માત્રક ભિક્ષામાં મોટું પાત્ર લઈ જવું.

(૭) કાઉસ્સગ્ગ ઉપયોગનો કાઉસ્સગ્ગ કરીને નીકળવું.

(૮) યોગ " આવસ્સિયાએ જસ્સુ જોગો " બોલીને ગુરુ પાસે યોગ્ય પ્રાપ્તિની રજા મેળવીને નીકળવું.

## અપવાદ

(૧) કારણે વધુ સમય ગોચરી લેવા જવાય.

(૨) સમયના અભાવે એક-એક સાધુ છૂટા પડીને પણ જઈ શકે.

## ગ્રહણૈષણા

બે પ્રકારે (૧) દ્રવ્ય. (૨) ભાવ.

(૧) દ્રવ્ય ગ્રહણૈષણા અજાણ્યા વનમાં ગયેલા વાનરોને અજાણ્યા તળાવનું પાણી જોખમી જાણીને તેના નેતાએ પીવાની ના પાડી. ન પીધું તે બચી ગયા. પીનારા મરી ગયા.

અહીં પાણીરૂપી દ્રવ્યનું ગ્રહણ કરવું કે નહિ તેની નેતાએ જે તપાસ કરી તેને દ્રવ્યગ્રહણૈષણા કહેવાય.

(૨) ભાવ-ગ્રહણૈષણા મહોત્સવમાં પધારેલા આચાર્યે પોતાના શિષ્યને મહોત્સવના રસોડાની ભિક્ષા લેવાની ના પાડી કેમ કે તે આધાકર્માદિ દોષોથી દુષ્ટ હતી.

ભાવ-ગ્રહણૈષણા અગિયાર પ્રકારની છે.

(૧) **સ્થાન** આત્માનો-પ્રવચનનો કે સંયમનો ઉપઘાત થાય તેવા સ્થાને ઊભા રહી ભિક્ષા ગ્રહણ કરવી નહિ.

૧ **આત્મોપઘાત** ગાય-ભેંસ વગેરે પાસે ઊભા રહી ભિક્ષા ગ્રહણ કરવી નહિ.

૨ **પ્રવચનોપઘાત** ગૃહસ્થના સ્થંડિલ અને સ્નાન આદિના સ્થાને ઊભા રહી ભિક્ષા લેવી નહિ.

૩ **સંયમોપઘાત** સચિત્ત પૃથ્વી અગ્નિ, કે બીજાદિ હોય ત્યાં ઉભા રહી ભિક્ષા ન લેવી.

(૨)**દાયક** આઠ વર્ષથી નીચેના બાળ તથા વૃદ્ધ, પાગલ કે ક્રોધી વગેરેના હાથે ભિક્ષા ન લેવી.

(૩) **ગમન** ભિક્ષા આપવા માટે રસોડા વગેરેમાં જતો દાયક પડી જાય કે સચિત્તનો સંઘટ્ટો કરે તેવી શકયતામાં ભિક્ષા લેવી નહિ.

(૪) **ગ્રહણ** અંધકાર, નીચું બારણું, બંધબારણું કે ઘણાની અવર-જવર હોય એવી સ્થિતિમાં ભિક્ષા ન લેવી.

(૫) **આગમન** અંદરથી ભિક્ષા લઈને પાછા આવતાં ગૃહસ્થ દ્વારા સચિત્ત આદિની વિરાધનાની શકયતા હોય તો ભિક્ષા લેવી નહિ.

(૬) **પ્રાપ્ત** ગૃહસ્થનો હાથ કાચા પાણીવાળો હોય કે એંઠા આહાર આદિથી ખરડાયેલો હોય તો ભિક્ષા લેવી નહિ.

(૭) **પરાવર્ત** કાચા પાણીવાળા બીજા ભાજનમાં હાથ ધોઇને વહોરાવે તો ભિક્ષા લેવી નહિ.

(૮) પતિત પાત્રમાં આવી પડેલી ભિક્ષામાં શંકા પડે કે તેમાં મંત્ર, પ્રયોગ કે વિષપ્રયોગ થયો નથી ને ? અથવા તો સોનામહોર આદિથી મિશ્રિત તો નથી ને ? તે તપાસ કરવી.

(૯) ગુરુક મોટા પથ્થરથી ઢાંકેલું ભાજન ઉપડાવીને ભિક્ષા લેવી નહિ.

(૧૦) ત્રિવિધ પુરઃકર્મવાળા (સાધુ માટે પહેલેથી હાથ ધોઇને તૈયાર થવું) કે પાણીથી ભીના શરીરવાળા હોય તો તેના હાથે ભિક્ષા લેવી નહિ.

તેમાં ઋતુભેદે અને પુરુષાદિ ભેદે અનેક ભાંગા છે જેને હથેલીના સાત ભાગ કરીને વિચારવામાં આવ્યા છે તે ગુરુગમથી જાણી લેવા.

(૧૧) ભાવ તે બે પ્રકારે (૧) લૌકિક (૨) લોકોત્તર તે બન્ને વળી બે બે પ્રકારે (i) પ્રશસ્ત (ii) અપ્રશસ્ત.

સંયમ ધર્મનું પાલન કરવા માટે અથવા અન્ય મુનિઓ માટે આહાર ગ્રહણ કરવો તે લોકોત્તર પ્રશસ્ત ભાવ કહેવાય.

શરીરની પુષ્ટિ માટે તથા બીજા મુનિઓની ભક્તિ કરવાના ભાવ વિના આહાર ગ્રહણ કરવો તે લોકોત્તર અપ્રશસ્ત ભાવ કહેવાય.

સાચો મુનિ લોકોત્તર પ્રશસ્ત ભાવથી જ ભિક્ષા ગ્રહણ કરે.

(૩) ગ્રાસૈષણા ગોચરી વહોરીને ઉપાશ્રયે આવ્યા બાદ ગુરુ સમક્ષ ગોચરી આલોવવી ત્યારપછી મુહૂર્ત સુધી

સ્વાધ્યાય કરવો. ત્યાર પછી આચાર્ય-મહેમાન-બાળ તપસ્વી -વૃદ્ધને નિમંત્રણા કરવી કે "મને લાભ આપો." ત્યાર પછી અનાસક્તિથી આહાર વાપરવો.

**પિંડ શબ્દના બે પ્રકારો (૧) દ્રવ્ય (૨) ભાવ.**

(૧) **દ્રવ્યપિંડ** દ્રવ્યપિંડ એટલે આહાર વસતિ, ઉપાધિ વગેરે.

(૨) **ભાવપિંડ** ભાવપિંડ એટલે જિનોક્ત સંયમધર્મ. વસતિ અને ઉપધિ અંગે વિસ્તારથી વિચારણા 'ઓઘ-નિર્યુક્તિ' ગ્રન્થમાં કરવામાં આવી છે. જ્યારે આહાર અંગેની વિસ્તારથી વિચારણા આ ગ્રંથમાં કરવામાં આવી છે.

સંયમધર્મ રૂપ ભાવપિંડની સફળતા આહાર વસતિ ઉપધિ સ્વરૂપ દ્રવ્યપિંડની શુદ્ધિમાં પડેલી છે.

દ્રવ્યપિંડ ત્રણ પ્રકારે છે.

(i) **સચિત્ત** (ii) **અચિત્ત** (iii) **મિશ્ર**

આ ત્રણે પ્રકારમાં દરેકના નવ-નવ ભેદ થાય છે-તે આ રીતે પૃથ્વીકાય આદિ પાંચ+બે ઇન્દ્રિય આદિ ચાર= નવ ભેદ.

ભાવપિંડ બે પ્રકારે છે. (i) **પ્રશસ્ત** (ii) **અપ્રશસ્ત**

તેમાં પ્રશસ્ત ભાવપિંડ દશ પ્રકારે છે.

એક પ્રકારે ભાવપિંડ તે સંયમ.

બે પ્રકારે ભાવપિંડ તે જ્ઞાન-સંયમ.

ત્રણ ,, તે દર્શન-જ્ઞાન-સંયમ.

ચાર ,, તે તપ-દર્શન-જ્ઞાન-સંયમ.

પાંચ પ્રકારે ભાવપિંડ તે પાંચ મહાવ્રત.

છ ,, તે પાંચ મહાવ્રત+રાત્રિભોજન વિરમણવ્રત

સાત ,, તે સાત પિંડેષણા, સાત સાત પાણેષણા તથા અવગ્રહ પ્રતિમા,

આઠ ,, તે અષ્ટ પ્રવચનમાતા

નવ ,, તે બ્રહ્મચર્યની નવ વાડો.

દશ ,, તે ક્ષમા વગેરે દશ યતિધર્મો.

## સાત પિંડેષણા

(૧) સંસૃષ્ટ હાથ અને પાત્ર; બંને ખરડાયેલા.
(૨) અસંસૃષ્ટ હાથ અને પાત્ર, બંને નહીં ખરડાયેલા.
(૩) ઉદ્ધૃત તપેલીમાં કાઢેલું.
(૪) સેકેલા વાલ-ચણા વગેરે.
(૫) અવગૃહીત થાળીમાં જમવા માટે લીધેલું.
(૬) પ્રગૃહીત હાથમાં લીધેલો કોળિયો.
(૭) ઉજ્ઝિત નાંખી દેવા જેવું.

ઉપર્યુક્ત સાત પિંડેષણામાંથી અમુક જ પિંડેષણા લેવાનો સંકલ્પ કરીને મુનિ ભિક્ષા માટે નીકળે.

## સાત પાણેષણા

બધું ઉપર મુજબ જ સમજવું. માત્ર 'અલ્પલેપ'ના પ્રકારમાં ઓસામણ કાંજી સમજવા.

# સાત પ્રકારે અવગ્રહ પ્રતિમા

(i) મારા મનમાં નક્કી કરેલા પ્રકારના ઉપાશ્રયમાં જ હું રહીશ.

(ii) બીજા માટે માંગેલી વસતિમાં હું ઉતરીશ.

(iii) બીજા માટે વસતિ માંગીશ, પણ હું તેમાં ઊતરીશ નહિ.

(iv) બીજા માટે વસતિ માંગીશ નહિ. પણ બીજાની માંગેલી વસતિમાં ઊતરીશ.

(v) મારા માટે માંગીશ, બીજા માટે નહિ માંગુ.

(vi) જે માલિક પાસે માંગીશ, એનો જ સંથારો લઈશ. નહિ તો કાયોત્સર્ગ કરીશ.

(vii) જેની પાસે માંગીશ તેના કુદરતી સંથારાનો (શીલા વગેરેનો) ઉપયોગ કરીશ.

ઉપરમાંથી એકથી ચાર પ્રતિમાઓ સ્થવિરકલ્પીને હોય છે, જ્યારે પાંચથી સાત નંબરની પ્રતિમાઓ માત્ર જિનકલ્પીને હોય છે.

**વળી અપ્રશસ્ત ભાવપિંડ પણ દશ પ્રકારે છે.**

| | | |
|---|---|---|
| એક | રીતે | અસંયમ |
| બે | રીતે – | અજ્ઞાન – અવિરતિ |
| ત્રણ | રીતે – | અજ્ઞાન – અવિરતિ – મિથ્યાત્વ. |
| ચાર | રીતે – | ક્રોધાદિ ચાર. |
| પાંચ | રીતે | હિંસા આદિ પાંચ. |
| છ | રીતે | પૃથ્વી આદિ છની વિરાધના. |
| સાત | રીતે | આયુષ્ય સિવાયના સાત કર્મોનો બંધ કરાવતા અશુભ અધ્યવસાયો. |
| આઠ | રીતે | કર્મોનો બંધ કરાવતા અશુભ અધ્યવસાયો. |
| નવ | રીતે | બ્રહ્મચર્યની નવ વાડોનું અપાલન. |
| દશ | રીતે | દશ યતિધર્મોનું અપાલન. |

આમ, આપણે પ્રશસ્ત અને અપ્રશસ્ત ભાવપિંડનું સ્વરૂપ સમજ્યા તથા સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યપિંડનું સ્વરૂપ પણ સમજ્યા. આમાંથી આપણને પ્રશસ્ત ભાવપિંડની અને અચિત્ત દ્રવ્યપિંડની શુદ્ધિનું જ પ્રયોજન છે.

આહાર તે અચિત્ત દ્રવ્યપિંડ છે, જો એના દોષોને સમજીને તે દૂર કરીએ અને શુદ્ધ એવો અચિત્ત દ્રવ્યપિંડ વહોરીએ તો તેની અસર પ્રશસ્ત ભાવપિંડ રૂપ સંયમ ઉપર થાય. "જો આહાર શુદ્ધ તો સંયમ શુદ્ધ. જો આહાર અશુદ્ધ તો સંયમ અશુદ્ધ."

# ૨ ઉદ્દગમના સોળ દોષો

## (૧) આધાકર્મ :

આધાકર્મના પર્યાયવાચી નામો :

(i) **આધાકર્મ** આધાય એટલે સાધુ–સાધ્વીને નજરમાં રાખીને ગૃહસ્થે કરેલી રસોઈ વગેરેની ક્રિયા તે.

(ii) **અધઃકર્મ** આવી ગોચરી આત્માનું અધઃપતન કરે છે. તેથી તેને અધઃકર્મ કહે છે. આ કર્મ જીવને નરકમાં પાડે છે. સંયમ સ્થાનોથી ગબડાવે છે.

(iii) **આત્મઘ્ન** આ દોષ આત્માના ગુણોનો ઘાત કરતો હોવાથી તેનું ત્રીજું નામ આત્મઘ્ન છે.

(iv) **આત્મકર્મ** આ દોષ આત્માને અશુભ કર્મોનો બંધ કરાવતો હોવાથી તેનું ચોથું નામ આત્મકર્મ છે, તે અશુભ એવા શિથિલ કર્મને ગાઢ બનાવે છે. થોડા કાળના કર્મને લાંબા કાળના કરે છે. અને મંદરસવાળાને તીવ્ર રસવાળા કરે છે. જો આધાકર્મ વાપરતી વખતે જ આયુષ્યકર્મનો બંધ પડે તો પ્રાયઃ નરકનો જ બંધ પડે છે.

**સવાલ** આધાકર્મદોષને આટલો ભયંકર કેમ ગણવામાં આવ્યો છે ?

**જવાબ** આધાકર્મની બનેલી ચીજમાં પૃથ્વી આદિ છ જીવનિકાયની જે હિંસા થાય છે તે જાણવા છતાં જે સાધુ આધાકર્મી વાપરે છે તેના જીવદયાના પરિણામ નષ્ટ થાય છે. હૃદયથી તે સાધુ કઠોર બની જાય છે. કઠોર હૃદયવાળો આત્મા શ્રુતધર્મ અને ચારિત્રધર્મનું પાલન કરી શકતો નથી. માટે આધાકર્મ દોષને સૌથી ભયંકર ગણવામાં આવ્યો છે. ગીતાર્થ ગુરુની આજ્ઞાથી જો કોઈ સાધુને કારણસર આ દોષ સેવવો પડે તો તેની રજા છે. પરંતુ તે વખતે પણ તે સાધુનું હૃદય તો રડતું જ હોવું જોઈએ.

**આધાકર્મ સમજવા માટે દશ દ્વારો**

(૧) કઈ વસ્તુ આધાકર્મી બને ?

(૨) કોના માટે બનાવેલું આધાકર્મી કહેવાય ?

(૩) કયા કયા પ્રકારે વાપરવાથી આધાકર્મ દોષનો કર્મબંધ થાય ?

(૪) આધાકર્મ કોના જેવું છે ?

(૫) આધાકર્મ વાપરવામાં કયા કયા દોષો છે ?

(૬) આધાકર્મ આપવામાં કયા કયા દોષો છે ?

(૭) આધાકર્મ જાણવા માટે કયા પ્રશ્નો પૂછવા ?

(૮) ઉપયોગ રાખવા છતાં કેવી રીતે આધાકર્મ લેવાઈ જાય ?

(૯) ગૃહસ્થના કપટથી આધાકર્મ લેવાઇ જાય તો નિર્દોષતા ખરી ?

(૧૦) આધાકર્મના ગ્રહણમાં નિર્દોષતા તથા દોષિતતા અંગે શંકા-સમાધાન.

(૧) કઈ વસ્તુ આધાકર્મી બને ?

અશન-પાન-ખાદિમ-સ્વાદિમ્-એ ચારે પ્રકારનો આહાર તથા વસતિ (ઉપાશ્રય)-વસ્ત્ર-પાત્ર, ધાન્ય વગેરેનું વાવેતર આદિ જો સાધુના ઉદ્દેશથી તૈયાર કરવામાં આવ્યા હોય તો તે બધા આધાકર્મી કહેવાય.

વસ્તુ બનાવવાની શરૂઆતને કૃત કહેવાય અને તેના અંતને નિષ્ઠિત કહેવાય. આના ચાર વિકલ્પ થાય.

૧ શરૂઆત વખતે સાધુનજરમાં અને અંત વખતે નજરમાં નહિ.
૨ શરૂઆત વખતે સાધુનજરમાં અને અંત વખતે પણ નજરમાં.
૩ શરૂઆત વખતે સાધુનજરમાં નહિ અંત વખતે પણ નહિ.
૪ શરૂઆત વખતે સાધુનજરમાં અને અંત વખતે પણ નજરમાં.

આ ચાર વિકલ્પમાં બીજો અને ચોથો વિકલ્પ આધાકર્મી દોષવાળો કહેવાય, કેમકે ઉતારતી વખતે સાધુ નજરમાં હોય તો જ આધાકર્મ દોષ લાગે છે.

(૨) કોના માટે બનાવેલું આધાકર્મી કહેવાય ?

સાધુનાં સાધર્મિક જે સાધુ-સાધ્વી કહેવાય તે બધા સાધર્મિક માટે બનાવેલો પિંડ, કોઈ પણ સાધુ સાધ્વી માટે આધાકર્મી કહેવાય.

સ્થાનકવાસી, કાનજી સ્વામીવાળા, તેરાપંથી વગેરે આપણા સાધર્મિકો ન કહેવાય. માટે તેમના માટે બનાવેલું આપણને ખપે. પરંતુ અંચળગચ્છ વગેરે અન્ય ગચ્છનાં સાધુ-સાધ્વીઓ અમુક અપેક્ષાએ આપણાં સાધર્મિક કહેવાય. માટે તેમના માટે બનાવેલું આપણા માટે પણ આધાકર્મી થઈ જાય.

તીર્થંકર-પ્રત્યેકબુદ્ધ-નિન્હવ વગેરે માટે બનાવેલું આપણા માટે આધાકર્મી થતું નથી.

નિન્હવ એટલે જે ઉત્સૂત્રભાષી હોય અને જેને સંઘે તે કારણસર સંઘ બહાર મૂકયો હોય. માત્ર ઉત્સૂત્રભાષીને નિન્હવ કહેવાય નહિ.

સાધર્મિક અનેક જાતના હોય છે. તેમાંના પ્રવચન-સાધર્મિક અને લિંગ-સાધર્મિકને આપણા સાધર્મિક સમજવા.

સાધુને માટે સાધુ-સાધ્વીઓ અને શ્રાવક માટે શ્રાવક-શ્રાવિકાઓ "પ્રવચન" સાધર્મિક કહેવાય.

જેની પાસે આપણા જેવો જ રજોહરણ-મુહપત્તિ વેશ વગેરે હોય તે લિંગ સાધર્મિક કહેવાય.

જે પ્રવચનથી અને લિંગથી બન્ને રીતે આપણો સાધર્મિક હોય તેના માટે બનાવેલું આપણને કલ્પે નહિ.

નિન્હવ તે લિંગ સાધર્મિક છે, પણ પ્રવચન સાધર્મિક નથી, કેમ કે તે સંઘબહાર મુકાયેલો છે. માટે તેના માટે બનાવેલું આપણને નિર્દોષ થઈ જાય. જો તે ઉત્સૂત્રભાષી વિધિપૂર્વક સંઘબહાર મુકાયેલો ન હોય તો તે આપણો પ્રવચન સાધર્મિક ગણાય. માટે તેના માટે બનાવેલું આપણને ન કલ્પે. છેલ્લી અગિયારમી પ્રતિમાવહન કરતો શ્રાવક તે લિંગસાધર્મિક છે. પરંતુ પ્રવચન સાધર્મિક નથી. માટે તેમને માટે બનાવેલું આપણને કલ્પે.

**(૩) કયા કયા પ્રકારે વાપરવાથી આધાકર્મ દોષનો કર્મબંધ થાય ?**

નીચે જણાવેલા ચાર પ્રકારના વર્તનથી આધાકર્મ દોષનો કર્મબંધ થાય.

(i) પ્રતિસેવના નિષ્કારણ આધાકર્મી દોષવાળા આહારને વાપરવો.

(ii) પ્રતિશ્રવણ: નિષ્કારણ આધાકર્મી આહારના નિમંત્રણનો સ્વીકાર કરવો.

(iii) સંવાસ નિષ્કારણ આધાકર્મી આહારના વાપરનારા સાથે રહેવું.

(iv) અનુમોદના નિષ્કારણ આધાકર્મી જે આહાર વાપરતા હોય તે સાધુની કે ગૃપની અનુમોદના કરવી.

જેમ પોતે લાવેલો આધાકર્મી આહાર વાપરવો તેમ બીજાએ લાવી આપેલો આધાકર્મી આહાર વાપરવો તે પ્રતિસેવના દોષ કહેવાય. આ દોષ સેવનારને તે વાતની ખબર હોય છે કે આ આહાર આધાકર્મી છે.

આધાકર્મી આહાર લાવનાર સાધુને ગુરુ અથવા બીજા સાધુઓ કહે કે "તમે આવો આધાકર્મી આહાર લાવ્યા તે સારું થયું" ખરેખર તો બીજાઓએ તે સાધુને આવો આહાર નહિ લાવવાની પ્રેરણા કરવી જોઈએ. આ પ્રેરણા ન કરતાં ઉપર પ્રમાણેનું વાક્ય બોલવું તે પ્રતિશ્રવણાદોષ છે.

આધાકર્મી વાપરનાર સાધુની સાથે રહેવાથી તે આહારનું દર્શન વગેરે સતત થવાના કારણે સારામાં સારો સાધુ પણ તેના તરફ આકર્ષાઈ જાય તે શક્ય છે. માટે સંવાસ એ દોષ કહેવાય છે.

આધાકર્મી આહારના વાપરનારની પ્રશંસા કરવી અને કહેવું કે, " આવી અનુકૂળ ચીજો અમને તો કયારેય પણ મળતી નથી. તમે ખૂબ ભાગ્યશાળી છો. " આવું બોલનાર સાધુને અનુમોદના નામનો દોષ લાગે છે.

(૪) આધાકર્મ કોના જેવું છે ?

આ ભોજન વિષ્ટા, દારૂ અને ગાયના માંસ સમાન છે. આધાકર્મી આહાર જે પાત્રમાં લાવેલો હોય કે મૂકેલો હોય તે પાત્ર પણ છાણુ, દહીં કે ચણાના લોટથી ત્રણ વાર સાફ કર્યા પછી જ તેમાં શુદ્ધ આહાર લેવો કલ્પે.

(૫) આધાકર્મ વાપરવામાં કયા કયા દોષો છે ?

આધાકર્મ વાપરવામાં નીચે મુજબના દોષો છે.

(૧) અતિક્રમ આધાકર્મી આહારનું નિમંત્રણ મળે ત્યારે મૌન રહેવું. સ્પષ્ટ નિષેધ ન કરવો. ટૂંકમાં મનમાં ગ્રહણ કરવાની ઇચ્છા રાખવી તે અતિક્રમ.

(૨) વ્યતિક્રમ આધાકર્મી આહાર લેવા જવા માટે પગ ઉપાડવો.

(૩) અતિચાર આધાકર્મી આહાર ગ્રહણ કરવો અને વસતિમાં આવવું તથા વાપરવા બેસવું અને કોળિયો મોં સુધી લાવવો તે અતિચાર.

(૪) અનાચાર કોળિયો મોંમાં નાંખી પેટમાં ઉતારી દેવો તે.

(૫) આજ્ઞાભંગ નિષ્કારણ આધાકર્મી વાપરવાથી આજ્ઞાભંગ દોષ લાગે છે. સકારણમાં નહિ.

(૬) **અનવસ્થા** એક સાધુને આધાકર્મી વાપરતા જોઇને બીજા સાધુઓને પણ તે વાપરવાની ઇચ્છા જાગે અને તેથી પરંપરા ચાલે. આવી ખોટી પરંપરા ચાલતાં કાલાંતરે તેને જ ધર્મ સમજી લેવાય. આમ છતાં સંયમનો ઉચ્છેદ થઇ જાય. માટે અનવસ્થા એ દોષ છે.

(૭) **મિથ્યાત્વ** આવો આહાર વાપરતા સાધુને જોઇને બીજા સાધુને વિચાર આવે કે, " આ સાધુઓ બોલે છે જુદું અને આચરે છે જુદું. આવા ધર્મનો શો અર્થ ? આ રીતે બીજા સાધુઓમાં મિથ્યાત્વ ફેલાય. બીજાનું મિથ્યાત્વ પમાડવામાં નિમિત્ત બનતી વ્યક્તિ પણ મિથ્યાત્વી બને.

(૮) **વિરાધના** વિરાધના ત્રણ પ્રકારની છે.

(i) **આત્મવિરાધના** સામાન્ય રીતે આધાકર્મી આહાર જીભની અનુકૂળતાવાળો અથવા શરીરની સુખ-શીલતાને પોષનારો હોય છે. જો સ્વાદિષ્ટ કે સ્નિગ્ધ હોય તો વધારે વપરાય. જેથી બીમારી આવતાં સ્વાધ્યાય બંધ પડે. તેથી સૂત્ર-અર્થ ભુલાવા લાગે. વળી બીમારીને લીધે ચારિત્રની શ્રદ્ધા ઘટી જાય, આમ આત્મવિરાધના થાય.

(ii) **સંયમવિરાધના** આધાકર્મી વાપરવામાં અને બીમારી આવ્યા પછી સારવાર લેવામાં છ કાયની વિરાધના તથા સેવા કરનાર સાધુના સ્વાધ્યાય આદિની હાની થાય. આમ સ્વ-પરની સંયમવિરાધના થાય.

(*iii*) **પ્રવચન વિરાધના** લાંબા કાળની માંદગીને જોઈને બીજાઓ બોલે કે સાધુઓ ખાવાનું ભાન રાખતા નથી એટલે બીમાર થયા કરે છે. આ રીતે પ્રવચન વિરાધના થાય.

**(૬) આધાકર્મ આપવામાં કયા કયા દોષો છે ?**

નિષ્કારણ આધાકર્મી આપનાર અને લેનાર બન્નેનું અહિત થાય છે. જ્યારે સકારણમાં બન્નેનું હિત થાય છે. આધાકર્મી આહાર ચારિત્રનો નાશ કરનારો છે. એ જાણ્યા બાદ ગૃહસ્થો જો નિષ્કારણ વહોરાવે તો તેમાં તેમનું હિત નથી, પરંતુ જો તે ગૃહસ્થ શાસ્ત્રની આ વાત જાણતો જ ન હોય અને માત્ર ભક્તિભાવથી વહોરાવે તો તેને અંગત રીતે ચોક્કસ લાભ થાય. પરંતુ તેની ભક્તિને નિષ્કારણ સ્વીકારનાર સાધુનું તો અહિત જ થાય છે....

**(૭) આધાકર્મ જાણવા કયા કયા પ્રશ્નો પૂછવા ?**

આસપાસના સંયોગથી તથા ખાસ કરીને બાળકોને કેટલાક પ્રશ્નો પૂછવાથી આહાર આધાકર્મી છે કે નહિ તેની ખબર પડી શકે છે. જે ગામમાં જે વસ્તુનો અભાવ જોવા મળે તે વસ્તુ જો વ્યક્તિના ઘરે વધુ પ્રમાણમાં જોવા મળે અથવા ઘરમાં રહેતા માણસો કરતાં રસોઈ વધારે થઇ જણાતી હોય અથવા વધારે પડતો આગ્રહ કરતા હોય તો અવશ્ય સવાલો કરવા કે આ વસ્તુ કોના માટે કયા નિમિત્તે બનાવી છે ? વગેરે.

પરંતુ જો વસ્તુ વહોરાવવા માટેનો બિલકુલ આગ્રહ ન હોય, ઘરના માણસો જેટલી જ રસોઇ બની હોય તો પ્રશ્નો પૂછવાની જરૂર નથી.

આપણે પૂછીએ કે, "આ કોને માટે બનાવ્યું છે ?" તે વખતે જવાબ આપનાર જો ગુસ્સે થઇને કહે કે, "તમારે શી પંચાત ? લેવું હોય તો લો." તો આવો આહાર આધાકર્મી માનવો નહિ.

પણ જો આહાર ખરેખર આધાકર્મી હોય તો સામાન્ય ગૃહસ્થ એમ જ કહેશે કે અમે આ વસ્તુ તમારા માટે બનાવી નથી. એટલું જ નહિ પણ બાજુમાં ઊભેલીવ્યક્તિની સામે જોઇને હસશે. આવી સ્થિતિમાં તે આહારને ચોકકસ આધાકર્મી સમજવો.

(૮) ઉપયોગ રાખવા છતાં કેવી રીતે આધાકર્મ લેવાઇ જાય ?

જે શ્રાવકો અતિશય ઉસ્તાદ હોય અને ગૂઢ આચારવાળા બનીને પણ ભક્તિ કરવાનો આગ્રહ રાખતા હોય છે.તેઓ નિર્દોષતાનું એવું છાટકું ગોઠવતા હોય છે કે તેમાં અચ્છા અચ્છા સાધુ પણ ફસાઇ જાય. તેઓ આધાકર્મી ચીજ વહોરાવવામાં જરાય આદર ન દેખાડે એટલે તે ચીજને સાધુ શુદ્ધ સમજી લેવાની ભૂલ કરી બેસે.

(૯) ગૃહસ્થના કપટથી આધાકર્મ લેવાઈ જાય તો નિર્દોષતા ખરી ?

પૂરી ચકાસણી કર્યા બાદ આધાકર્મી લેવાઈ જાય તો તે વાપરવામાં દોષ નથી. એટલું જ નહિ પરંતુ કેવળજ્ઞાનીઓ પણ તે આહારને વાપરી લેતા હોય છે.

આહાર શુદ્ધ હોવા છતાં જો આધાકર્મીની બુદ્ધિથી સાધુ ગ્રહણ કરે અને વાપરે તો તેને આધાકર્મનો જ દોષ લાગે.

(૧૦) આધાકર્મી આહારગ્રહણ અંગે શંકા-સમાધાન

જે આધાકર્મી આહાર સાધુએ કર્યો નથી, કરાવ્યો નથી અને તેની અનુમોદના પણ કરી નથી તો સાધુને તે વહોરવામાં શો દોષ ?

અહીં વહોરવું એટલે નિષેધ ન કરવો. આ જ અનિષેધરૂપ અનુમોદના લાગુ થઇ ગઈ.

**ઉપસંહાર :** આધાકર્મી વસ્તુ ગીતાર્થ ગુરુની આજ્ઞાથી સકારણ પણ વાપરવી પડે તો તે તેમાં આસક્તિ તો કરવી જ નહિ. સકારણ કે નિષ્કારણનું પ્રાયશ્ચિત્ત તો અવશ્ય કરવું. જો તેમ ન કરે તો તે સાધુ જિનાજ્ઞાભંજક કહેવાય. આવો સાધુ લોચ કરે કે ઉગ્ર વિહાર કરે તે બધું જ નકામું છે. જેમ કબૂતર પોતાનાં પીંછાં તોડે છે, તેમાં તેને કોઈ ધર્મ થતો નથી તેવી જ રીતે આજ્ઞાભંજક ગમે તેટલું કષ્ટ ભોગવે પણ તેમાં તેનો કોઈ ધર્મ હોતો નથી.

## (૨) ઔદ્દેશિક દોષ

વસ્તુ તો ગૃહસ્થે પોતાના માટે જ બનાવી હોય પણ તે વસ્તુ ગમે તે કારણસર વધી પડે ત્યારે એના એ જ સ્વરૂપમાં કે તેના સ્વરૂપને બદલી નાંખતી વખતે કોઇ પણ યાચકને નજરમાં રાખવામાં આવે તો તે વસ્તુમાં ઔદ્દેશિક દોષ લાગુ થાય. આ દોષના બે પ્રકાર છે. (i) ઓઘ (ii) વિભાગ.

(i) ઓઘ ઔદ્દેશિક પોતાના માટે બનાવેલી વસ્તુ જ્યારે વધી પડી હોય ત્યારે આટલું અમારું અને આટલું ભિક્ષુકોનું, એવો વિભાગ કર્યા વિના સામાન્ય રીતે કોઇ પણ ભિક્ષુકને આપવાની બુદ્ધિથી તે વસ્તુને રાખી મૂકવામાં આવે ત્યારે તે ઓઘ ઔદ્દેશિક દોષ છે.

(ii) વિભાગ ઔદ્દેશિક લગ્નાદિ પ્રસંગોમાં કે ઘરમાં વધી પડેલી વસ્તુમાંથી ભિક્ષુકોને નજરમાં રાખીને તેનો કેટલોક ભાગ જુદો પાડવામાં આવે ત્યારે તે વિભાગ ઔદ્દેશિક દોષ કહેવાય.

**વિભાગઔદ્દેશિકના બાર ભેદો**

મુખ્ય ત્રણ ભેદો (૧) ઉદ્દિષ્ટ (૨) કૃત (૩) કર્મ.

આ દરેકના ચાર–ચાર ભેદો છે.

(૧) ઉદ્દેશ (૨) સમુદ્દેશ (૩) આદેશ (૪) સમાદેશ. આ પ્રમાણે ૩×૪ = ૧૨ ભેદો થાય.

(૧) ઉદ્દિષ્ટ પોતાના માટે જ બનાવેલા આહારમાંથી થોડા આહાર માટે કલ્પના કરે કે આટલું કોઈપણ યાચકોને આપીશું.

(૨) કૃત પોતાના માટે બનાવેલામાંથી જે ભાત વગેરે વધ્યા હોય તેમાં સંસ્કાર કરીને કરંબો વગેરે બનાવવો. તે વખતે યાચકને નજરમાં રાખવા.

(૩) કર્મ જમણ વગેરેમાં વધી પડેલા લાડવાના ભૂકામાં ગરમ ઘી વગેરે નાંખી દઈને ફરી નવા લાડુ બનાવી દેવા. આવો સંસ્કાર કરતી વખતે યાચકને નજરમાં રાખવા.

આ ત્રણે પ્રકારમાં જો કોઈ પણ યાચક નજરમાં હોય તો તે ઉદ્દેશ કહેવાય. જો બાવા-ધૂતારા (પાખંડીઓ) નજરમાં હોય તો સમુદ્દેશ કહેવાય. જો બૌદ્ધ સાધુઓ (શ્રમણો) નજરમાં હોય તો આદેશ કહેવાય. અને જો નિર્ગ્રંથો (જૈન સાધુ-સાધ્વી) નજરમાં હોય તો સમાદેશ કહેવાય.

## બીજી રીતે ચોવીસ ભેદો :

ઉપર જણાવેલા ઉદ્દિષ્ટ-કૃત-કર્મમાં દરેકના છિન્ન અને અછિન્ન એમ બે બે ભેદો થાય.

વળી તે દરેક છિન્ન અને અછિન્નના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એમ ચાર-ચાર ભેદો થાય. આમ ઉદ્દિષ્ટના, કૃતના અને કર્મના આઠ-આઠ ભેદો થતાં કુલ ચોવીસ ભેદો થાય.

વધેલી વસ્તુમાંથી આપવા માટે જુદું કાઢેલું તે છિન્ન કહેવાય અને જુદું કાઢ્યા વિનાનું અછિન્ન કહેવાય.

દ્રવ્ય છિન્ન જુદું કાઢી રાખેલું.

દ્રવ્ય અછિન્ન ભેગું રાખેલ દ્રવ્ય તે.

ક્ષેત્ર છિન્ન ઘરની અંદર કે બહાર ગમે તે એક સ્થાનેથી આપવાનું નકકી કરવું તે.

ક્ષેત્ર અછિન્ન ઘરની અંદર કે બહાર ગમે ત્યાંથી આપવાનું નક્કી કરવું તે.

કાળછિન્ન અમુક ટાઇમથી અમુક ટાઇમ સુધી જ આપવાનું નક્કી કરવું તે.

કાળ અછિન્ન ગમે તે ટાઇમમાં આપવાનું નક્કી કરવું તે.

**ભાવ છિન્ન** પોતાને રુચે તે જ આપવાનું નક્કી કરવું તે.

**ભાવ અછિન્ન** જે રુચે તે આપવાનું નક્કી કરવું તે. ઉપર જણાવેલા ઉદ્દેશ-સમુદ્દેશ-આદેશ અને સમાદેશના કોઈ **પણ** પ્રકારની ભિક્ષા જૈન સાધુને ખપે નહિ.

આપણે તો ગૃહસ્થે પોતાના પરિવાર-નોકર-ચાકરો વગેરે માટે જ બનાવેલું હોય તેમાંથી જ લેવાય. કેમકે આર્યદેશનો માણસ અતિથિસત્કારની ભાવનાને લીધે સ્વાભાવિક રીતે થોડુંક પણ દ્રવ્ય વધારે બનાવતો જ હોય, તેથી આપણા લીધા બાદ ફરીથી બનાવવાનો પ્રસંગ તેને આવે નહિ.

આ ઔદ્દેશિક દોષની વસ્તુમાંથી જો સાધુનો ઉદ્દેશ નીકળી જાય અને ગૃહસ્થનો પોતાનો ઉદ્દેશ આવી જાય તો તે કલ્પે. આવું આધાકર્મીમાં કલ્પી શકતું નથી.

**આધાકર્મ અને ઔદ્દેશિક દોષમાં ફરક શો ?**

જે પહેલેથી જ સાધુ માટે બનાવ્યું હોય તે આધાકર્મી કહેવાય. અને જે પહેલેથી જ ગૃહસ્થોએ પોતાના માટે બનાવ્યું હોય અને પછીથી સાધુ વગેરેને આપવાના ઉદ્દેશથી તે વસ્તુમાં સંસ્કાર કરવામાં આવે તો તે ઔદ્દેશિક દોષવાળુ બને છે.

## (૩) પૂતિકર્મ દોષ :

નિર્દોષ આહારમાં આધાકર્મી આહારનું મિશ્રણ થવું તે પૂતિકર્મ. તે બે પ્રકારે છે.

સૂક્ષ્મ પૂતિ આધાકર્મી વસ્તુઓની વરાળ-ધૂમાડો કે ગંધ વગેરે નિર્દોષ આહારને સ્પર્શી જાય ત્યારે તે નિર્દોષ આહાર સૂક્ષ્મ પૂતિકર્મ દોષવાળો બને છે.

આ દોષ ટાળવો અશક્ય હોવાથી તેનો ત્યાગ કરવાનું જરૂર નથી. માત્ર જાણવા પુરતો જ આ દોષ છે.

બાદર પૂતિ તેના બે પ્રકાર છે. (૧) ઉપકરણ બાદર-પૂતિ (૨) ભક્તપાન બાદરપૂતિ. આધાકર્મી આહાર માટે વપરાયેલા ભાજનોમાં જો શુદ્ધ આહાર મુકાય તો તે શુદ્ધ આહાર ઉપકરણ બાદર પૂતિ દોષવાળો કહેવાય. વાસણોને ઉપકરણ કહેવાય છે.

આધાકર્મી અંગારા ઉપર રાઈ-હિંગ વગેરે નાંખવાથી ધૂમાડો પેદા થાય છે. તે ધૂમાડા ઉપર ઊંધું તપેલું મૂકવામાં આવે ત્યારે તે તપેલું ધૂમાડાની વાસનાવાળું બને છે, અર્થાત્ તે રીતે જે વઘાર કરવામાં આવ્યો હોય તેવા વાસણમાં નાંખેલો શુદ્ધ આહાર ભક્તપાન બાદરપૂતિ દોષવાળો બને છે. અથવા આધાકર્મી આહારથી ખરડાયેલા વાસણમાં જે શુદ્ધ આહાર નાંખ્યો હોય અથવા આધાકર્મી ખરડાયેલા હાથ વડે જે શુદ્ધ આહાર અપાતો હોય તે શુદ્ધ આહાર ભક્તપાન બાદરપૂતિ દોષવાળો કહેવાય.

જો આ દોષવાળા વાસણને ત્રણ વખત ખૂબ સારી રીતે સાફ કરવામાં આવે અથવા તેમાં ત્રણ વખત જુદો જુદો શુદ્ધ આહાર મૂકવામાં આવે તો તે વાસણમાં ચોથી વખત મૂકેલો શુદ્ધ આહાર સાધુને કલ્પે.

જે દિવસે ગૃહસ્થને ઘેર આધાકર્મી વસ્તુ બની હોય તે દિવસે તે ગૃહસ્થને ઘરેથી નિર્દોષ વસ્તુ પણ વહોરી શકાય નહિ એટલું જ નહિ, પરંતુ બીજા ત્રણ દિવસ સુધી તેને ત્યાં કોઈપણ વસ્તુ વહોરાય નહિ કેમકે પહેલા દિવસની આધાકર્મી વસ્તુથી તે ગૃહસ્થનાં વાસણો તથા નિર્દોષ આહાર વગેરે ભક્તપાન બાદર પૂતિકર્મ દોષવાળા બની ગયાં હોય છે.

જો સાધુના પાત્રમાં નિર્દોષ આહારની ભેગો આધાકર્મી આહાર આવી ગયો હોય તો તે નિર્દોષ આહાર પૂતિકર્મના દોષવાળો બની ગયો માટે કલ્પે નહિ. તે પાત્ર ત્રણ વખત સારી રીતે ધોયા બાદ જ નિર્દોષ આહાર તેમાં લેવો કલ્પે.

## (૪) મિશ્ર દોષ

પોતાના માટે કે કોઇ પણ પ્રકારના સંસારત્યાગીઓ માટે, પહેલેથી જ પોતાને માટે બનાવાતી વસ્તુમાં મિશ્રણ કરવામાં આવે તે વહોરતા મિશ્ર દોષ લાગે છે. આ દોષના ત્રણ પ્રકાર છે.

(i) કોઈ પણ ભિક્ષાચર માટે મિશ્રણ કરેલું.

(ii) પાંખડી માટે મિશ્રણ કરેલું.

(iii) જૈન સાધુ માટે મિશ્રણ કરેલું.

આમાંનો કોઈપણ પ્રકારનો દોષ સેવી શકાય નહિ.

આ દોષવાળો આહાર પાત્રમાં આવી ગયો હોય તો તેને આંગળી વગેરે દ્વારા દૂર કર્યા પછી જો તે પાત્રને ત્રણ

વખત સારી રીતે ધોઈ નાખવામાં આવે અને પછી તડકે સુકવવામાં આવે તો જ તે પાત્રમાં નિર્દોષ આહાર લાવી શકાય.

મિશ્રદોષવાળો આહાર એક હજાર ઘેર ફરતો ફરતો જાય તો પણ શુદ્ધ થતો નથી.

## (૫) સ્થાપના દોષ

પોતાના માટે બનાવેલા આહારમાંથી સાધુને આપવા માટે જુદો કાઢીને રાખી મૂકવો તે સ્થાપના દોષ છે. આ દોષ છ પ્રકારે છે.

(i) જે જગ્યાએ પોતાના માટે આહાર બનાવ્યો હોય તે જ જગ્યાએ સાધુ માટે તે આહાર સ્થાપી રાખવો તે **સ્વસ્થાન સ્થાપના** દોષવાળો આહાર કહેવાય.

(ii) એથી ઊલટું બીજી જગ્યાએ રાખી મૂકે તો તે **પરસ્થાન સ્થાપના** દોષવાળો આહાર કહેવાય.

સ્થાપના માટે મૂકવાનાં દ્રવ્યો બે જાતનાં હોય છે. જેમાંથી નવાં દ્રવ્યો બની શકે તે દૂધ-શેરડીનો રસ વગેરે વિકારી દ્રવ્યો.

અને જેમાંથી નવાં દ્રવ્યો ન બની શકે તે ઘીગોળ વગેરે **અવિકારી** દ્રવ્યો.

(iii) વિકારી દ્રવ્યોની સ્થાપના કરાય તો તે **પરંપર સ્થાપના દોષ** કહેવાય.

(iv) અવિકારી દ્રવ્યોની સ્થાપના કરાય તો તે અનંતર સ્થાપના દોષ કહેવાય.

(v) ખૂબ લાંબાકાળ સુધી જે ઘી વગેરે દ્રવ્યોની સ્થાપના જો સાધુના ઉદ્દેશથી કરી હોય તો તે ચિરકાલ સ્થાપના દોષ કહેવાય.

(iv) બે સાધુઓ સંઘાટ્ક રૂપે એક ઘરમાં ગોચરી ગયા. અને ત્યારે તે પછીના ઘરોમાં ગૃહસ્થો સાધુને વહોરાવવા માટે જો કોઈ વસ્તુ હાથમાં રાખીને તૈયાર ઊભા હોય તો ત્યારે તે હાથમાં રાખેલી વસ્તુઓમાં ઈત્વરકાલ સ્થાપના દોષ લાગુ થાય છે. આમાં પણ જો સંઘાટ્ક સાધુનો બે ઘરના ગૃહસ્થો સુધી ઉપયોગ રહ્યો હોય તો તે બે ઘરના ગૃહસ્થોના હાથમાં રહેલી વસ્તુઓ સ્થાપનાદોષવાળી ગણાતી નથી.

## (૬) પ્રાભૃતિકા દોષ

સાધુને વહોરાવવાની ભાવનાથી પોતાના ચાલુ સમય કે નિર્ધારિત સમય કરતાં વહેલા કે મોડા પોતાના માટે આહારાદિ બનાવવા. તે બે પ્રકારે છે. (i) બાદર (ii) સૂક્ષ્મ.

આ બન્નેના પણ બે–બે ભેદો છે. વહેલું કરવા રૂપે (i) અવસર્પણ—અને (ii) મોડું કરવા રૂપે ઉત્સર્પણ.

(i) જે શ્રાવકે પોતાના દીકરા–દીકરીનાં લગ્ન વૈશાખ માસમાં કરવાનાં વિચાર્યાં હોય તે લગ્નને માગસર મહિનામાં, સાધુઓ પોતાના નગરમાં કોઈ કારણે આવવાના છે તેવું જાણીને વૈશાખને બદલે માગસર મહિનામાં વહેલાં લગ્ન લે

અને તે લગ્નપ્રસંગે પોતાનાં સ્વજનો માટે બનાવેલી મીઠાઈ વગેરેથી સાધુઓનો લાભ લે તો તે વખતે તે મીઠાઈઓ વગેરે બાદરઅવસર્પણ દોષવાળી બને.

(ii) જો વહેલા નિર્ધારેલાં લગ્ન ઉપરની રીતે લાભ લેવા માટે લેવાય તો તે બાદર ઉત્સર્પણ દોષ કહેવાય.

(ii) રસોઈ કરતી મા દૂધ માંગતા પોતાના છોકરાને કહે છે કે હું તને અડધા કલાક પછી-સાધુ આવશે ત્યારે ઊઠીને દૂધ આપીશ. કુદરતી એ જ વખતે જો ત્યાં સાધુ આવે અને તે બાઇ ઊઠીને તેમને ભિક્ષા વહોરાવે તો તે ભિક્ષા સૂક્ષ્મ અવસર્પણ દોષવાળી બને. કેમકે હવે તે બાળકને સાધુના કારણે દૂધ વહેલું મળવાનું છે.

(iv) ઉપરની વાત કરતાં સાવ ઊલટું બને તો ત્યાં સૂક્ષ્મ ઉત્સર્પણ દોષ લાગે.

પ્રાભૃતિકા દોષની ખૂબ સારી રીતે તપાસ કરવા છતાં જો તે દોષની સાધુને ખબર ન પડે અને તે આહાર ગ્રહણ થઇ જાય તો તેના પરિણામ શુદ્ધ હોવાથી સાધુને તે દોષ લાગે નહિ.

આ દોષ ખાસ કરીને રાત્રિભોજન કરતા ઘરોમાં પોતાના માટે વહેલી રસોઇ બનાવીને સાધુનો લાભ લેતી વખતે લાગતો વિશેષ જોવા મળે છે.

## (૭) પ્રાદુષ્કરણ દોષ

સાધુને વહોરાવવા માટે આહાર આદિને અંધારામાંથી અજવાળામાં લાવવા. અથવા ભીંત વગેરે તોડીને કે લાઇટ

વગેરે કરીને અજવાળું કરવું અને તેવા અજવાળામાં જો વસ્તુ વહોરાવાય તો ત્યાં પ્રાદુષ્કરણ દોષ લાગુ થાય પણ જો ગૃહસ્થે પોતાના માટે જ જો લાઈટ વગેરે કર્યા હોય તો આ દોષ લાગતો નથી પરંતુ જો ઉજેહી પડતી હોય તો કામળી ઓઢી લેવી.

સૂર્ય વગેરેના ખુલ્લા પ્રકાશમાં થયેલી લાઈટની ઉજેહી ગણાતી નથી.

પોતાના માટે કરેલી લાઈટ કે ચલાવેલો પંખો કે રેડિયો આપણા માટે બંધ કરે તો પણ વહોરાય નહિ.

આ દોષવાળી ગોચરી અજાણતા આવી જાય તો તે ગોચરી પરઠવી દેવી અને પાત્રું ત્રણ વખત પાણીથી ધોઈને કોરું કરવું. ત્યાર બાદ તેમાં બીજો આહાર લાવી શકાય. કદાચ પાત્રું ધોવાનું રહી જાય અને તેમાં બીજો શુદ્ધ આહાર લવાય તો ઘણો બાધ નથી.

## (૮) ક્રીતદોષ

સાધુ માટે વેચાતું લાવીને વહોરાવવું તે. તેના બે પ્રકાર છે. દ્રવ્ય ક્રીત અને ભાવક્રીત. આ બન્નેના પણ બબ્બે પ્રકાર છે, આત્મક્રીત અને પરક્રીત. આમ કુલ ચાર પ્રકાર (i) આત્મ દ્રવ્યક્રીત (ii) આત્મભાવક્રીત (iii) પરદ્રવ્યક્રીત (iv) પરભાવક્રીત.

આત્મદ્રવ્ય ક્રીત સાધુએ પોતાની નવકારવાળી વગેરે વસ્તુ ગૃહસ્થોને આપીને ખુશ કરીને તેના ઘરના લાડુ વગેરે પ્રાપ્ત કરવા.

**પરદ્રવ્યક્રીત** સાધુ માટે ગૃહસ્થ ચવાણું વગેરે વેચાતું લાવીને આપે તે.

**આત્મભાવ ક્રીત** ઘરના આહારાદિ સારા મેળવવા માટે તે વ્યક્તિને ખુશ કરવા વ્યાખ્યાન કરવું કે સજ્ઝાય વગેરે સંભળાવવી અથવા બીજા કોઈ વ્યાખ્યાનકાર આદિના નામે ચરી ખાવું.

**પરભાવક્રીત** પોતાની કોઇક વિશિષ્ટ કળા દ્વારા લોક-રંજન કરીને તે લોકો પાસેથી સાધુઓની ભક્તિ કરવા માટે મેળવેલા આહારાદિને વહોરવાથી પરભાવક્રીત લાગે છે. જો તપાસ કરવા છતાં આ દોષની સાધુઓને ગંધ ન આવે તો તે સાધુઓ વાપરે છતાં નિર્દોષ છે.

## (૯) પ્રામિત્યદોષ

સાધુ માટે ઉધાર લાવીને વહોરાવવું. આ દોષના બે પ્રકાર છે (i) લૌકિક (ii) લોકોત્તર.

(i) **લૌકિક પ્રામિત્ય** ગૃહસ્થો બીજા ગૃહસ્થ પાસેથી ઉધાર લાવી સાધુને વહોરાવે તે.

(ii) **લોકોત્તર પ્રામિત્ય** એક સાધુ બીજા સાધુ પાસેથી કોઇ વસ્ત્ર વગેરે ઉછીનું લે તો તે લોકોત્તર પ્રામિત્ય દોષ છે. જો તે સાધુ મુદતમાં વસ્ત્ર પાછું ન આપે અથવા તો તે વસ્ત્ર ફાટી જાય કે ખોવાઇ જાય તો બીજા સાધુ સાથે બોલાચાલી વગેરે થવાનો સંભવ છે. અહીં લૌકિક પ્રામિત્ય દોષનો જ પ્રસંગ સમજવો.

## (૧૦) પરાવર્તિત દોષ

સાધુને વહોરાવવાની બુદ્ધિથી પોતાની વસ્તુનો બીજા ગૃહસ્થની વસ્તુ સાથે અદલો બદલો કરવો. આ દોષ પણ પ્રામિત્યદોષની જેમ લૌકિક અને લોકોત્તર એમ બે પ્રકારે છે.

લૌકિકના વળી બે પ્રકાર છે. (i) લૌકિક તદ્દ્રવ્ય (ii) લૌકિક અન્ય દ્રવ્ય.

(i) લૌકિક તદ્દ્રવ્ય ખરાબ ઘી વગેરે આપી સુગંધીદાર સારું ઘી સાધુને વહોરાવવા માટે લેવું.

(ii) લૌકિક અન્ય દ્રવ્ય કોદરા વગેરે આપીને સાધુને વહોરાવવા માટે ઊંચી જાતના ચોખા લેવા.

લોકોત્તર પરાવર્તિત એટલે સાધુમાં પરસ્પર વસ્ત્રાદિની વસ્ત્રાદિ સાથે કે નવકારવાળી આદિ સાથે અદલાબદલી કરવી.

અહીં પણ કલેશાદિ થવાનો સંભવ હોવાથી ગુરુને વચ્ચે રાખીને અદલાબદલી કરી શકાય.

## (૧૧) અભ્યાહૃત

સાધુને વહોરાવવા માટે સામેથી લાવેલો આહાર આ દોષવાળો કહેવાય. આવો આહાર જો જળમાર્ગેથી લાવવામાં આવે તો તેમાં અપકાયાદિ જીવોની વિરાધના થાય. કોઈ જલચર જીવ પકડી લે તો તે ગૃહસ્થનું મૃત્યુ પણ થાય, હોડી ઊંધી પણ વળે વગેરે દોષો રહેલા છે. જો જમીન-માર્ગે લાવવામાં આવે તો ચાલતાં પગમાં કાંટા વગેરે

વાગે તથા વનસ્પતિ આદિની વિરાધના થાય. જો વાહનમાં બેસીને લાવે તો પશુઓને ત્રાસ થાય તથા અકસ્માત થવાની પણ સંભાવના રહે.

ઉપર જણાવેલા કારણોસર અભ્યાહૃત દોષને અનાચીર્ણ (નહિ આચરવા લાયક) કહ્યો છે. પરંતુ આ દોષ અમુક સંયોગોમાં આચીર્ણ પણ છે. આ આચીર્ણ અભ્યાહૃતના ૨ પ્રકાર છે. (i) ક્ષેત્રની અપેક્ષાએ (ii) ઘરની અપેક્ષાએ.

(i) **ક્ષેત્રની અપેક્ષાએ આચીર્ણ** તેના ત્રણ પ્રકાર છે. (i) જઘન્ય (ii) મધ્યમ (iii) ઉત્કૃષ્ટ. બેઠાં બેઠાં કે ઊભા રહીને પોતાના હાથથી ઊંચું રહેલું વાસણ લઈને સાધુ તરફ કરવું તે **જઘન્યક્ષેત્રથી આચીર્ણ**. પોતાના જ ક્ષેત્રમાં સો હાથ દૂરથી વસ્તુ લઈ આવીને વહોરાવવી તે ઉત્કૃષ્ટ ક્ષેત્રથી આચીર્ણ.

આ જઘન્ય અને ઉત્કૃષ્ટ વચ્ચેનું બધુંય મધ્યમ ક્ષેત્રથી આચીર્ણ

(i) **ઘરની અપેક્ષાએ આચીર્ણ** જે ઘરમાં સાધુ ગોચરી વહોરતા હોય તે ઘરથી ગણીને ત્રીજા ઘર સુધીના ઘરમાંથી જો કોઈ ગૃહસ્થ વસ્તુ લાવે અને તે વખતે સંઘાટ્ક સાધુનો તેની તરફ ઉપયોગ હોય તો ત્રણ ઘરમાંથી સામેથી લાવેલું ઘરની અપેક્ષાએ આચીર્ણ અભ્યાહૃત કહેવાય એટલે કે આવી રીતે લાવેલું કલ્પે.

## (૧૨) ઉદ્‌ભિન્નદોષ

સાધુને માટે કબાટ ઉઘાડીને, તાળું તોડીને કે સીલ

ઉખેડીને વસ્તુ વહોરાવવી અથવા બરણી આદિ ઉપર સારી રીતે બાંધેલું કપડું કે ફીટ કરેલું ઢાંકણુ ખોલીને વસ્તુ વહોરાવવી તે ઉદ્ભિન્ન દોષ કહેવાય, આ દોષ સેવવામાં છ કાય જીવોની વિરાધનાની તથા ગૃહસ્થને અકસ્માત થવાની શકયતાઓ પડી છે. બરણી આદિ ઉઘાડતા ગૃહસ્થને સાપ વીંછી કરડી જાય તો આમાં નિમિત્ત બનનાર સાધુની અજૈન લોકોમાં હીલના થાય પણ જે કબાટ-બરણી વગેરે પોતાના કામ માટે રોજ ઉઘાડબંધ કરાતાં હોય તો તેમાંથી અપાતી વસ્તુઓ વહોરાવવામાં સ્થવિરકલ્પી સાધુઓને દોષ નથી.

## (૧૩) માલાપહૃતદોષ

માળિયામાંથી, શીકામાંથી કે ભોંયરામાંથી વસ્તુ લાવીને વહોરાવવી તે માલાપહૃતદોષ કહેવાય. આ દોષના ચાર પ્રકાર છે.

(I) માળિયું, શીકું કે મેડા ઉપરથી લાવીને આપવું તે **ઊર્ધ્વમાલાપહૃત દોષ.**

(ii) ભોંયરામાંથી લાવીને આપવું તે **અધોમાલાપહૃતદોષ.**

(iii) ઊંચી કોઠીમાંથી વસ્તુ કાઢવા માટે પગની પાનીઓ ઊંચી કરીને, પછી કોઠીમાં વાંકા વળીને વસ્તુ કાઢીને આપવી તે **ઉભયમાલાપહૃત દોષ.**

(iv) જમીન ઉપર બેઠાં બેઠાં બાજુમાં રહેલા ગોખલામાંથી હાથ લાંબો કરીને કષ્ટપૂર્વક વસ્તુ લઇને આપવી તે **તીર્યંકમાલાપહૃતદોષ.**

આ દોષ સેવતા ગૃહસ્થને પડી જવાનો તથા સર્પ વગેરે કરડવાનો તથા જીવવિરાધના થવાનો સંભવ છે. આ ચારે પ્રકારમાં જ્યાં ઉપરોકત આપત્તિઓની કોઈ શકયતા ન હોય ત્યાં આ દોષ લાગતો નથી.

## (૧૪) આચ્છેદ્યદોષ

બીજા પાસેથી પરાણે ખેંચીને જે આહારાદિ સાધુને આપવામાં આવે તે ત્રણ પ્રકારે છે

(i) પ્રભુઆચ્છેદ્ય ઘરનો માલિક પોતાના જમતા પુત્રાદિ પાસેથી વસ્તુ ઝૂંટવી લઇને વહોરાવે (ii) **સ્વામી આચ્છેદ્ય** ગામનો માલિક ગામમાં વસતા પોતાના આશ્રિતો પાસેથી ઘી ગોળ વગેરે ઝૂંટવી લઇને સાધુને વહોરાવે (iii) **સ્તેન આચ્છેદ્ય** કોઇ સાધુભકત ચોર સાધુને વહોરાવવા માટેની વસ્તુ મુસાફરો પાસેથી ઝૂટવી લઇને સાધુને વહોરાવે.

આ દોષવાળી ભિક્ષાથી સાધુઓ પર દ્વેષ થાય. તેમને મારી નાખવા સુધીના પ્રસંગો પણ બને.

## (૧૫) અનિસૃષ્ટ

માલિકે રજા નહિ આપેલું ગ્રહણ કરવું તે અનિસૃષ્ટ દોષ કહેવાય. તે બે પ્રકારે. (i) **સાધારણ અનિસૃષ્ટ** જે વસ્તુના માલિક ઘણા હોય અને તે માલિકી દરેકની એક-સરખી હોય તે વસ્તુ બીજા માલિકોની રજા લીધા વિના એક માલિક સાધુને વહોરાવે ત્યારે આ દોષ લાગે.

(ii) **ભોજન અનિસૃષ્ટ** જે વસ્તુઓ પર હક્ક અનેકોનો હોય પણ તેનો માલિક એક હોય તે વસ્તુ હકકદારોને

પૂછયા વિના માલિક સાધુને વહોરાવે ત્યારે ભોજન અનિસૃષ્ટદોષ લાગે. તે પણ બે પ્રકારે છે. (i) **છિન્નભોજન અનિસૃષ્ટ.** કોઈ શેઠે ખેતરમાં કામ કરતા પોતાના મજૂરો માટે ભોજન તૈયાર કરાવ્યું હોય અને દરેકનો ભાગ જુદો જુદો કરી રાખ્યો હોય તેવું ભાગ પાડેલું છિન્ન કહેવાય. (ii) **અછિન્ન ભોજનઅનિસૃષ્ટ** ઉપરની વાતમાં ભાગ નહિ પાડેલું અછિન્ન કહેવાય.

છિન્નમાં જેનો જુદો ભાગ પાડયો હોય તેની જો રજા હોય તો તે કલ્પે પણ અછિન્નમાં બધાની રજા હોય તો જ કલ્પે. જો ઘરના હક્કદારોની કે વસ્તુના સર્વ માલિકોની વહોરાવવા માટે રજા મળી ગઈ હોય તો તેઓની ગેરહાજરીમાં પણ તે ભિક્ષા વહોરી શકાય.

હાથી માટે બનાવેલી વસ્તુ જો હાથીનો મહાવત મુનિને આપે તો તે કલ્પે નહિ, કારણ કે તેથી માલિક, રાજા અથવા હાથી પોતે ગુસ્સે ભરાય અને ઘણું નુકસાન કરી બેસે.

મહાવત પોતે પોતાની માલિકીની વસ્તુ ભકિત વહોરાવે તો પણ હાથીના દેખતા વહોરવી નહિ.

## (૧૬) અધ્યવપૂરક દોષ

પ્રથમ પોતાના માટે રસોઈ કરવાની શરૂ કરી હોય. ત્યારબાદ સાધુ આવેલા જાણીને તે રસોઇમાં જે ઉમેરો કરાય તે અધ્યવપૂરક દોષ કહેવાય. તે ત્રણ પ્રકારે છે. (i) **સ્વગૃહયાવદર્થિક અધ્યવપૂરક.** (ii) **સ્વગૃહસાધુ અધ્યવપૂરક** (iii) **સ્વગૃહ પાખંડી અધ્યવપૂરક.**

(i) સ્વગૃહ યાવદર્થિક અધ્યવપૂરક પોતાના માટે રસોઇ બનાવવાની ચાલુ કરી દીધા બાદ ગામમાં આવેલા સાધુઓ પાખંડીઓ-યાચકોની ખબર પડતાં તે રસોઇમાં વધારો કરી દેવો. યાવદર્થિક એટલે બધા પ્રકારના યાચકો જેમાં જૈન સાધુ પણ આવી જાય.

(ii) સ્વગૃહસાધુ અધ્યવપૂરક ઉપર મુજબ સમજવું. માત્ર ગામમા જૈન સાધુઓ આવેલા સમજવા.

(iii) સ્વગૃહ પાખંડી અધ્યવપૂરક ઉપર મુજબ સમજવું, પણ ગામમાં આવેલા પાખંડીઓ સમજવા.

યાવદઅર્થીઅધ્યવપૂરક દોષવાળું વહોરાઇ ગયેલું ભોજન જો પાત્રામાંથી દૂર કરી દેવામાં આવે તો તે પાત્રામાં રહેલું બીજું નિર્દોષ ભોજન કલ્પે.

પણ સાધુ અધ્યવપૂરક તથા પાખંડી અધ્યવપૂરક દોષનું ભોજન પાત્રામાંથી જુદું કર્યા બાદ પણ બાકીનું નિર્દોષ ભોજન લેવું કલ્પે નહીં.

મિશ્રદોષ અને અધ્યવપૂરક દોષમાં એ ફરક છે કે મિશ્રમાં પહેલેથી જ પોતાના માટે અને સાધુના માટેનું ભોજન તૈયાર કરાય છે. જ્યારે અધ્યવપૂરક દોષમાં ગૃહસ્થ માટે રાંધવાની શરૂઆત કર્યા બાદ પાછળથી ભિક્ષુક આદિ માટે ઉમેરો કરાય છે.

જો મિશ્ર દોષવાળું દૂધ રગડા જેવું હોય તો અધ્યવપૂરક દોષવાળું દૂધ પાણી જેવું હોઇ શકે છે.

# વિશોધિકોટિ અને અવિશોધિ કોટિના દોષો

જે દોષવાળી વસ્તુ પાત્રામાં આવી હોય તે વસ્તુને બહાર કાઢી નાંખ્યા બાદ પાત્રામાં પડેલી તદ્દન નિર્દોષ વસ્તુ વાપરવાની જો રજા મળે તો તે દોષવાળી વસ્તુનો દોષ વિશોધિ-કોટિનો ગણાય. અને એથી ઊલટી આજ્ઞા હોય તો તે દોષ અવિશોધિ કોટિનો ગણાય. વિશોધિ કોટિમાં એટલો ખ્યાલ રાખવો કે પાત્રામાં પડેલી નિર્દોષ વસ્તુને પણ પરઠવી દેવા છતાં જો નિર્વાહ થઈ શકતો હોય તો જરૂર પરઠવી દેવી. વળી વિશોધિકોટિના દોષનું પાતરું તે દોષવાળી વસ્તુથી સામાન્ય ખરડાયેલું રહી ગયું હોય તો તેમાં હરકત નથી અર્થાત્ તેવા પાત્રમાં નિર્દોષ ગોચરી લાવી શકાય.

અવિશોધિકોટિના દોષવાળી વસ્તુ સાથે જે નિર્દોષ વસ્તુ હોય તે પણ અવશ્ય પરઠવી દેવી, એટલું જ નહિ પણ તે પાત્રને ત્રણ વખત સારી રીતે ધોઇ નાંખવું.

## અવિશોધિ કોટિના દોષો

(i) આધાકર્મ

(ii) વિભાગ ઔદ્દેશિકના છેલ્લા ત્રણ ભેદ સમુદ્દેશ, આદેશ, સમાદેશ.

(iii) બાદર ભક્તપાન પૂતિ દોષ

(iv) મિશ્ર ભેદના છેલ્લા બે પાખંડીમિશ્ર–સાધુમિશ્ર.

(v) બાદર પ્રાભૃતિકા

(vi) અધ્યવપૂરકના છેલ્લા બે ભેદ સ્વગૃહપાખંડી અધ્યવ-

પૂરક અને સ્વગૃહસાધુ અધ્યવપૂરક.

આ સિવાયના બાકીના દશ દોષો તથા ઉપરોક્ત છ દોષોમાંના બાકી રહેલા પેટા ભેદો વિશોધિકોટિના છે.

દોષવાળી વસ્તુનો વિવેક કરવાના (પરઠવવાના) ચાર પ્રકારો છે.

(i) દોષવાળા દ્રવ્યનો ત્યાગ કરવો તે દ્રવ્યવિવેક કહેવાય.

(ii) જે ક્ષેત્રમાં દોષવાળી વસ્તુ મળી હોય તે ક્ષેત્રનો ત્યાગ કરવો તે ક્ષેત્રવિવેક કહેવાય.

(iii) જે કાળમાં દોષવાળી વસ્તુ મળી હોય તે જ કાળમાં તરત જ તેનો ત્યાગ કરવો તે કાળવિવેક કહેવાય.

(iv) મૂર્છાનો ભાવ રાખ્યા સિવાય દોષવાળી વસ્તુનો ત્યાગ કરવો તે ભાવવિવેક કહેવાય.

## વિશોધિ કોટિના દોષવાળા આહારનો ત્યાગ કરવાનો વિધિ

દોષિત અને નિર્દોષ વસ્તુ એક પાત્રમાં ભેગી થઇ જાય ત્યારે તેના ચાર પ્રકાર બને છે (i) શુષ્કમાં શુષ્કનું ભેગું થવું. દા. ત., વાલમાં ચણા ભેગા થવા. જો વિશોધિ કોટિના દોષવાળા ચણા હોય તો તે કાઢી લઇ નિર્દોષ વાલ વાપરવા.

(ii) શુષ્કમાં આર્દ્ર નિર્દોષ ચણામાં પડી ગયેલું વિશોધિ કોટિના દોષવાળું ઓસામણ. અહીં ઓસામણ પાતરું નમાવીને કાઢી લઇ પાતરામાં પાણી નાંખી તે પાણી પણ કાઢી લેવું. ત્યાર પછી ચણા કલ્પે.

(iii) આર્દ્રમાં શુષ્ક નિર્દોષ ઓસામણમાં વિશોધિ કોટિવાળા ચણા. અહીં હાથેથી ચણા કાઢી લીધા બાદ ઓસામણ કલ્પે.

(iv) આર્દ્રમાં આર્દ્ર નિર્દોષ ઓસામણમાં પડી ગયેલી વિશોધિ કોટિની ખીર. જો કંઈ શક્ય હોય તો કરવું. અન્યથા બીજી વસ્તુ દુર્લભ હોય અને પાત્રની વસ્તુની અત્યંત આવશ્યકતા હોય તો શક્ય બધું કર્યા બાદ બાકીનું કલ્પે. અર્થાત્ જો કપડાથી ખીર ગાળી લેવામાં આવે તો બાકીનું પ્રવાહી કલ્પે. જો નિર્વાહ થઈ શકે એમ હોય તો બધું જ પરઠવી દેવું.

વિશોધિ કોટિના દોષોના ૯-૧૮-૨૭-૫૪-૯૦ અને ૨૭૦ ભેદો પણ થાય છે. આ બધું ગુરુગમથી જાણી લેવું

# [૩] ઉત્પાદનના સોળ દોષો

## [૧] ધાત્રીપિંડદોષ

બાળકનું રક્ષણ કરવા માટે પૂર્વના કાળના રાજાઓ શ્રીમંતો વગેરે પાંચ પ્રકારની સ્ત્રીઓ રાખતા હતા. બાળકને સ્તન્યપાન–સ્નાન–વસ્ત્ર–ક્રીડા–આરામનું કાર્ય કરાવતી આ સ્ત્રીઓને ધાત્રી કહેવામાં આવતી.

ભિક્ષાએ ગયેલા સાધુ જો ગૃહસ્થના બાળક અંગેની માતાને મનગમતી વાતો કરે અને તેથી માતા વગેરે ખુશ થઇ સારી ભિક્ષા વહોરાવે તો તે ભિક્ષા ધાત્રીદોષવાળી બને છે. દા. ત. “ઓ બેન ! આ બાળક કેમ રડે છે ? એને જલદી સ્તન્યપાન કરાવો.”

બીજી રીતે પણ ધાત્રી કાર્ય કરી શકાય છે. એક ગૃહસ્થની ધાત્રી બીજા ગૃહસ્થને ત્યાં ચાલી ગઈ હોય ત્યારે તે ધાત્રીને ગમે તે પ્રકારે પહેલા ગૃહસ્થને ત્યાં લાવી આપવી. જેથી તે ગૃહસ્થ ખુશ થઇને સારી ભિક્ષા વહોરાવે. આ ભિક્ષા પણ ધાત્રીદોષવાળી બને છે.

## દુતીપિંડદોષ

ગૃહસ્થનો સંદેશો તે જ ગામમાં કે બીજા ગામમાં સાધુ લઇ જાય કે લાવે ત્યારે ખુશ થયેલો ગૃહસ્થ જે ભિક્ષા

આપે તે દૂતીપિંડદોષ કહેવાય. તે ચાર પ્રકારે છે.

સંદેશો પ્રગટ રીતે અને ગુપ્ત રીતે જણાવી શકાય છે. તે બન્ને પ્રકારના સંદેશના લૌકિક અને લોકોત્તર બે–બે પ્રકારો છે. આમ ચાર પ્રકારે દૂતીપણું થાય.

(i) લૌકક પ્રગટદૂતીપિંડદોષ બીજા ગૃહસ્થ જાણી શકે તે રીતે ખુલ્લંખુલ્લા સંદેશો જણાવવો.

(ii) લૌકિક ગુપ્ત દૂતીપિંડદોષ બીજા ગૃહસ્થો ન જાણી શકે તે રીતે સંકેતથી સંદેશો જણાવી દેવો.

(iii) લોકોત્તર પ્રગટ દૂતીપિંડદોષ પોતાની સાથેના સંઘાટ્ટક સાધુને ખબર પડે તે રીતે સંદેશો આપવો.

(iv) લોકોત્તર ગુપ્તદૂતી પિંડદોષ પોતાની સાથેના સાધુને પણ ખબર ન પડે તે રીતે સંદેશો આપવો.

દા. ત. એક વ્યક્તિનો સંદેશ બીજી વ્યક્તિને જણા-વીને ઠપકારૂપે બોલવું કે, "શું આવી રીતે સાધુ દ્વારા સંદેશા પહોંચાડાતા હશે ખરા ? તમને ગૃહસ્થોને કશો વિવેક પણ નથી." એમ કરીને સંદેશો પહોંચાડી દઈ ગોચરી સારી–સારી વહોરવી.

## (૩) નિમિત્તપિંડ દોષ

સારો આહાર વહોરવા માટે ગૃહસ્થને નિમિત્ત શાસ્ત્રો દ્વારા–નફા–તોટા–સુખ–દુઃખ મરણ વગેરે કથન કરે અને જે ભિક્ષા મેળવે તે નિમિત્ત પિંડ કહેવાય.

## (૪) આજીવિકાપિંડદોષ

જાતિ-કુળ-ગુણ-કર્મ-શિલ્પ એમ પાંચ પ્રકારે આજીવિકા હોય છે. પોતાની વિશિષ્ટ જાતિ વગેરે બતાવીને સારી ભિક્ષા મેળવવી અથવા ભિક્ષા આપનારી વ્યક્તિની સારી જાતિ વગેરેની પ્રશંસા કરવી અને સારી ભિક્ષા મેળવવી તે ભિક્ષાને આજીવિકાપિંડ દોષવાળી ભિક્ષા કહેવાય છે.

## (૫) વિનીપકપિંડદોષ

જગતના લોકો સાધુ-શ્રમણ-બ્રાહ્મણ-કૃષ્ણ-યક્ષ કે શ્વાન વગેરેના ભક્ત હોય છે. શ્રમણના પણ પાંચ ભેદો છે. નિગ્રંથ બૌદ્ધ-તાપસ-પરિવ્રાજક અને ગોશાલકના મતવાળી.

જે જેનો ભક્ત હોય તેની પાસે તેના ઇષ્ટ તત્ત્વની ખુશામત કરીને સારી ભિક્ષા મેળવવી. તે વિનીપકપિંડદોષવાળી ભિક્ષા કહેવાય.

દા. ત. બૌદ્ધના ભક્તોની આગળ બૌદ્ધ ભિક્ષુકોની જૈન સાધુ ખુશામત કરે એટલે તે બૌદ્ધના ભકતો સારી ભિક્ષા આપે. એ જ રીતે શ્વાનના ભકતોની આગળ કહે કે, “ગાય વગેરેને તો સૌ ઘાસ આપે. પણ બિચારા શ્વાનને રોટલા કોણ આપે ? માટે તમારું શ્વાનભક્તિનું કાર્ય ખૂબ સુંદર છે.”

## (૬) ચિકિત્સા પિંડદોષ

ગૃહસ્થના રોગોની ચિકિત્સા કરી આપીને જે સારી ભિક્ષા મેળવાય તે ચિકિત્સા પિંડવાળી કહેવાય.

દા. ત. રોગી ગૃહસ્થને સીધી દવા બતાડવી અથવા "અમારા સાધુને તમારા જેવો જ રોગ હતો ત્યારે અમે અમુક દવા કરી હતી" એમ કહેવું અને સારી ભિક્ષા મેળવવી તે આ દોષમાં ગણાય.

આમાં જો ગૃહસ્થને સારું થાય તો તે અનેક પાપો કરે. જો ઊંધું પડે તો ગાળો દે કે મારપીટ પણ કરે. આમ સંયમવિરાધના – આત્મવિરાધના અને પ્રવચનવિરાધના પણ થાય.

## (૭) ક્રોધપિંડ દોષ

પોતાને પ્રાપ્ત થયેલી વિદ્યાઓ–મંત્રશક્તિ તપશક્તિ અથવા રાજા વગેરે સાથેના ગાઢ સંબંધના કારણે જે સાધુને જરાતરામાં ક્રોધ આવી જતો હોય તેથી ડરીને ગૃહસ્થો જે સારી ભિક્ષા તેને વહોરાવી દે તે ભિક્ષા આ દોષવાળી બને.

## (૮) માનપિંડ દોષ

પોતાને પ્રાપ્ત થયેલી લબ્ધિઓ દ્વારા અથવા બીજા દ્વારા થયેલી પોતાની પ્રશંસા દ્વારા જે સાધુ અભિમાનમાં જ રાચેમાચે છે અથવા કોઈએ તેને ટોણો માર્યો કે તેને ભિક્ષા લાવતા આવડતી જ નથી, તેથી અપમાનિત થઈને સારી ભિક્ષા લાવવા માટે અહંકાર સાથે જે સાધુ ગૃહસ્થના ઘરમાં જાય છે તે સાધુના અહંને જોઈને ગૃહસ્થો જે સારી ભિક્ષા વહોરાવે તે આ દોષવાળી બને છે.

## (૯) માયાપિંડ દોષ

બીજાને ખબર ન પડે તે રીતે મંત્રાદિ શક્તિથી પોતાના રૂપ વગેરેમાં ફેરફાર કરી નાંખીને જે સારી ભિક્ષા મેળવવી તે આ દોષવાળી બને.

બીમારી – તપશ્ચર્યા–પ્રાઘૂણક (મહેમાન) તથા સંઘ વગેરેના કારણે માયાપિંડ દોષવાળી ગોચરી પણ વહોરી શકાય.

## (૧૦) લોભપિંડ દોષ

રસનાની આસક્તિથી વહોરવા નીકળેલો સાધુ જ્યાં સુધી પોતાને મનગમતું ન મળે ત્યાં સુધી વહોર્યા વિના નવા ઘરોમાં ભમતો રહે અને જ્યારે ઇચ્છિત વસ્તુ મળે ત્યારે જ જે વહોરે તે આ દોષવાળી વસ્તુ બને.

## (૧૧) સંસ્તવપિંડ દોષ

સંસ્તવ એટલે પ્રશંસા. તે બે પ્રકારે છે. (i) સંબંધિત સંસ્તવ (ii) વચન સંસ્તવ. પરિચય તે સંબંધિત સંસ્તવ છે અને મીઠાં વચનો તે વચન સંસ્તવ છે.

આ બન્ને સંસ્તવના બે બે પ્રકારો પડે છે. પૂર્વસંસ્તવ અને પશ્ચાત્ સંસ્તવ.

(i) સંબંધિત પૂર્વ સંસ્તવ ભિક્ષા વહોરવા નીકળેલો સાધુ ઘરમાં રહેલી સારી વસ્તુઓ વહોરવાની ઇચ્છાથી તે ઘરના ભાઇ કે બહેનની ઉંમર વગેરેમાં જે સમાનતા હોય તેને આગળ કરીને બોલે કે, "મારી બા તમારા જેવી જ

વૃદ્ધ હતી." અથવા "તમારી આ દીકરી જેવી જ મારી દીકરી હતી."

(ii) **સંબંધિત પશ્ચાત્ સંસ્તવ** અહીં પાછળથી સંબંધી બનેલા સાસુ-સસરા વગેરેની ઉંમર આદિ સાથેની સમાનતાની વાતો કરાય છે.

(iii) **વચન પૂર્વ સંસ્તવ** વહોરાવનાર વ્યક્તિની વહોર્યા પહેલાં ખુશામત કરીને જે ભિક્ષા મેળવાય તે વચન પૂર્વ સંસ્તવ દોષવાળી કહેવાય.

(vi) **વચન પશ્ચાત્ સંસ્તવ** આ દોષમાં ખુશામત, વહોર્યા પછી કરવાની છે.

### (૧૨) (૧૩) (૧૪) (૧૫) વિદ્યા-મંત્ર-ચૂર્ણ-યોગ-પિંડદોષ

વિદ્યા-મંત્ર-ચૂર્ણ કે આકાશગમન-જલસ્થંભનના યોગ પ્રયોગ દ્વારા સારી ભિક્ષા મેળવવી.

(૧૬) **મૂલકર્મ પિંડદોષ** સ્ત્રીઓને સૌભાગ્ય વગેરે પ્રાપ્ત કરાવવા માટે મંત્રિત સ્નાન કરાવવું તથા ગર્ભાધાન-ગર્ભપાત કરાવવા અથવા લગ્નાદિ-સંબંધો જોડી આપવા કે તોડી આપવા, વિરોધી કુમારિકા કે શોકય વગેરેના શરીરમાં ભયંકર રોગો પેદા કરવા. જો આ બધું સારી ભિક્ષા મેળવવા માટે કરાય તો તે મૂલકર્મપિંડદોષવાળી ભિક્ષા કહેવાય.

આ દોષ સંયમ જીવનના મૂળમાં જ સીધો ઘા મારે છે. માટે તે મૂલકર્મપિંડ દોષ કહેવાય.

ગોચરી અંગેના બેંતાલીસ દોષમાં સૌથી-ભયંકર આ દોષ છે. આધાકર્મી દોષ તો બીજા નંબરે આવે છે. કેમ કે આ દોષમાં તો પંચેન્દ્રિય જીવોની હત્યા તથા અતિઘોર શાસન હિલનાની પૂરી શકયતા રહે છે.

# ગ્રહણેષણાના દશ દોષો

ઉદ્‌ગમ અને ઉત્પાદનાના બત્રીસ દોષની આહારમાં તપાસ કરવી તે ગવેષણા કહેવાય. અને તે બત્રીસ દોષ વિનાના આહારને ગ્રહણ કરતી વખતે શંકિત વગેરે દશ દોષો લાગી ન જાય તેની તપાસ કરવી તે ગ્રહણૈષણા કહે-વાય.

(૧) શંકિતદોષ આ દોષના ચાર ભાંગા થાય છે.

(i) આહાર લેતી વખતે તથા વાપરતી વખતે દોષની શંકા થવી.

(ii) આહાર લેતી વખતે તથા વાપરતી વખતે દોષની શંકા ન થવી.

(iii) આહાર લેતી વખતે શંકા થવી પણ વાપરતી વખતે ન થવી.

(iv) આહાર લેતી વખતે શંકા ન થવી પણ વાપરતી વખતે ન થવી.

અહીં બીજો અને ત્રીજો ભાંગો શુદ્ધ છે.

જે સાધુ પોતાના શ્રુતજ્ઞાનના બળનો જેટલો ઉપયોગ કરી શકાય તેટલો કર્યા પછી જો અશુદ્ધ આહારને શુદ્ધ આહાર સમજીને લે અને તેમાં તેને જો શંકા ન પડે તો તે આહાર શુદ્ધ જાણવો. પણ તે સાધુ વહોરતી વખતે કોઈ પણ જાતનો ઉપયોગ રાખે જ નહિ અને તેથી અશુદ્ધ આહાર છે તેવી શંકા પડે જ નહિ તો પણ તે આહારને અશુદ્ધ જાણવો.

હા ! જરૂર ! શુદ્ધ આહારમાં પણ શંકા પડી જાય અને તેનું નિવારણ ન થાય તો તે આહાર પણ દોષિત જાણવો.

ગૃહસ્થ અંગેના ઉદ્‌ગમના સોળ તથા ગ્રહણૈષણાના શંકિત સિવાયના નવ દોષમાં જે દોષ વિશે શંકા પડે તે તે દોષનો શંકિત દોષ કહેવાય.

ઉત્પાદનાના સોળ દોષો સાધુના પોતાના અંગે છે. માટે તેમાં શંકા પડવાનો સવાલ રહેતો નથી. જે દોષની શંકાવાળો આહાર હોય તે આહાર વાપરતા તે દોષનું પાપ લાગે. સાવ નિર્દોષ આહાર હોય અને તેમાં જો આધાકર્મીની શંકા પડે તો તેને વાપરતી વખતે આધાકર્મીનું પાપ લાગે.

કેવળ જ્ઞાની પણ શ્રુતજ્ઞાનના બળથી નિર્દોષ સમજીને લવાયેલો અશુદ્ધ આહાર પણ વાપરી જાય. જો તેમ ન કરે તો ગોચરી લાવનાર છદ્મસ્થ સાધુને શ્રુતજ્ઞાનમાંથી શ્રદ્ધા ઊઠી જાય. આમ થાય એટલે તેની સર્વ ક્રિયા નિષ્ફળ થાય અને તેથી તેના ચારિત્રનો અભાવ થઇ જાય. તેમ થતાં મોક્ષનો અભાવ થઇ જાય. જેના મોક્ષનો અભાવ થયો તેની દીક્ષાની બધી પ્રવૃત્તિઓ નકામી બને, કારણ કે મોક્ષ સિવાય બીજું કોઇ પ્રયોજન દીક્ષાનું નથી.

(૨) **મ્રક્ષિત** ચોંટેલું. તે બે પ્રકારે : (i) સચિત્ત ચોંટેલું (ii) અચિત્ત ચોંટેલું.

(i) પૃથ્વીકાય આદિ સચિત્ત વસ્તુથી ચોંટેલી ભિક્ષા તે મ્રક્ષિત કહેવાય.

(ii) માંસ–લોહી–ચરબી–મધ વગેરે અચિત્ત પદાર્થથી ચોંટેલી ભિક્ષા નિંદનીય અચિત્તમ્રક્ષિત કહેવાય...

ઘી આદિ અચિત્ત વસ્તુથી ચોંટેલી ભિક્ષા તે અનિંદનીય અચિત્ત મ્રક્ષિત કહેવાય.

સચિત્ત મ્રક્ષિત ચાર પ્રકારે છે.

(i) હાથ અને વાસણ બન્ને સચિત્ત વસ્તુથી ખરડાયેલા
(ii) હાથ અને વાસણ બન્ને સચિત્ત વસ્તુથી નહીં ખરડાયેલા
(iii) હાથ ખરડાયેલા પરંતુ વાસણ નહીં ખરડાયેલું.
(iv) હાથ ન ખરડાયેલા પરંતુ વાસણ ખરડાયેલું....

આમાંથી માત્ર બીજા નંબરનો ભાંગો કલ્પે-અચિત્ત નિંદનીય મ્રક્ષિતનો એક પણ ભાંગો કલ્પે નહિ.

(૩) **નિક્ષિપ્ત** પૃથ્વી કાય આદિ સચિત્ત-અચિત્ત કે મિશ્રની ઉપર જે વસ્તુ મૂકવામાં આવી હોય તે વસ્તુ નિક્ષિપ્ત કહેવાય. તેમાં માત્ર અચિત્ત નિક્ષિપ્ત જ કલ્પે.

આના અનેક ભાંગાઓ થાય છે. તે ગુરુગમથી જાણવા.

વળી નિક્ષિપ્ત બે પ્રકારના છે અનંતર અને પરંપર. તેમાં માત્ર પરંપર કલ્પે જો ત્યાં સુધી સચિત્તનો સ્પર્શ પહોંચતો ન હોય તો.

(૪) **પિહિત** સાધુને આપવાની વસ્તુ સચિત્ત, અચિત્ત કે મિશ્રથી ઢાંકેલ હોય તો તે પિહિત કહેવાય. તેમાં માત્ર અચિત્તથી ઢાંકેલી વસ્તુ કલ્પે. પરંતુ અચિત્ત વસ્તુ પણ જો ખૂબ વજનદાર હોય તો તેને ખસેડીને અપાતી ભિક્ષા કલ્પે નહિ કારણ કે તેમાં જીવવિરાધના આત્મવિરાધના વગેરે થવાનો સંભવ છે.

(૫) **સંહૃત** ગૃહસ્થના જે ભાજનમાં સચિત્ત, મિશ્ર કે અયોગ્ય અચિત્ત વસ્તુ પડી હોય તે ખાલી કરીને તે જ ભાજન દ્વારા નિર્દોષ વસ્તુ વહોરાવાય ત્યારે આ દોષ લાગે છે.

જો ભાજન વધારેપડતા વજનવાળું હોય તો પણ ભિક્ષા વહોરી શકાય નહિ. તથા અતિ ગરમ પાણી વહોરતી વખતે કાળજી રાખવી જોઇએ.

(૬) દાયકદોષ (૧) બાળ (૨) વૃદ્ધ (૨) દારુડિયો (૪) વળગાડવાળો કે અત્યંત અભિમાની, (૫) શરીરે કંપવાળો, વધુ તાવવાળો, (૭) અંધ, (૮) ચેપી કોઢવાળો, (૯) પગમાં જોડા આદિવાળો, (૧૦) બે હાથની ખામીવાળો (૧૧) પગમાં બેડી-વાળો, (૧૨) લંગડો કે ઠૂંઠો, (૧૩) નપુંસક, (૧૪) ગર્ભિણી, (૧૫) ખોળામાં બાળકવાળી માતા, (૧૬) ભોજન કરતો ગૃહસ્થ, (૧૭) વલોણું કરતી સ્ત્રી, (૧૮) ચૂલા પર તાવડીમાં ચણા આદિ શેકતી સ્ત્રી, (૧૯) અનાજ દળતી સ્ત્રી, (૨૦) ખાંડતી, (૨૧) પીસતી, (૨૨) પીંજતી, (૨૩) રુચંતી, (કપાસમાંથી રૂ જુદું કાઢતી) (૨૪) કાંતતી, (૨૫) રૂની પૂણીઓ બનાવતી, (૨૬) હાથમાં સચિત્ત વસ્તુવાળો, (૨૭) સચિત્ત વસ્તુ સાધુ સામે નીચે મૂકી દેનારો, (૨૮) માથામાં વેણીવાળી (૨૯) સચિત્ત ઉપર ચાલતી (૩૦) પૃથ્વીકાય આદિનો ખોદવા વગેરે દ્વારા આરંભ કરતી, (૩૧) દહીંથી ખરડાયેલા હાથવાળી, (૩૨) દહીંથી ખરડાયેલા વાસણ દ્વારા આપતી (૩૩) મોટું ગરમ કે ભારે વાસણ ઉપાડીને ભિક્ષા આપનારી, (૩૪) ઘણાની માલિકીની વસ્તુ તેઓની રજા સિવાય આપતી, (૩૫) ચોરેલી વસ્તુ આપતી, (૩૬) લહાણી કરવા માટે બીજાને આપવા માટે કાઢી રાખેલી વસ્તુ આપતી, (૩૭) વસ્તુ લેતી વખતે દેનાર કે આપનારને શારીરિક હાનિ થાય તેવું વહોરાવતી (૩૮) ભિક્ષાચરો માટે કે બલિ આપવા માટે રાખેલી વસ્તુ

વહોરાવતી, (૩૯) સાધુને અકલ્પ્ય છે એમ જાણવા છતાં તેવું વહોરાવતી અને (૪૦) સાધુને અકલ્પ્ય છે તેવી ખબર ન હોવાથી તેવુ વહોરાવતી વ્યક્તિઓ સાધુને ભિક્ષા આપવા માટે દાયક તરીકે અયોગ્ય છે. આ ચાલીસ દાયક દોષોમાં છવીસથી ચાલીસ દોષની અંદર અપવાદ નથી અર્થાત્ તેવા દાયક પાસેથી ભિક્ષા લેવી કલ્પે જ નહીં.

**(૭) ઉન્મિશ્રદોષ** સચિત્ત, મિશ્ર કે નિંદનીય અચિત્ત વસ્તુઓની નિર્દોષ વસ્તુઓમાં ભેળસેળ થાય ત્યારે આ દોષ લાગવાથી તે નિર્દોષ પણ વહોરાય નહિ.

સંહૃતદોષમાં માત્ર વાસણ ખરડાયેલું હોય છે જ્યારે આ ઉન્મિશ્રદોષમાં બે વસ્તુઓની ભેળસેળ જ થઇ ગઇ હોય છે.

**(૮) અપરિણતદોષ** જે વસ્તુ પૂરેપૂરી અચિત્ત પરિણામ જ્યાં સુધી ન પામે ત્યાં સુધી તે વસ્તુ અપરિણત કહેવાય. તે બે પ્રકારે છે.

(i) દાતાનું અપરિણત. (ii) લેનારનું અપરિણત. સચિત્ત કેરી કે પૂરું નહિ ઉકળેલું પાણી જ્યાં સુધી દાતારની પાસે હોય ત્યાં સુધી તે દાતારનું અપરિણત કહેવાય. અને જેવી તે વસ્તુ લેનારની પાસે આવી ગઈ કે તેવી તે લેનારનું અપરિણત કહેવાય.

ઉપર જણાવેલા બન્ને અપરિણત દ્રવ્ય અપરિણત છે. **ભાવ અપરિણત** દાતારનું ભાવપરિણત તે છે કે જ્યાં વસ્તુના બધા માલિકોના દેવાના ભાવ ન હોય. લેનારનો ભાવ અપરિણત એ છે કે સંઘાટ્ટક સાધુમાં એકને વસ્તુ સચિત્ત કે

મિશ્ર હોવાની શંકા હોય અને છતાં બીજો તેવી શંકા વિનાનો થઈને વહોરતો હોય.

સાધારણ અનિસૃષ્ટ દોષ અને દાતારના ભાવ અપરિણત દોષમાં એ ફરક છે કે પહેલામાં બધા માલિક હાજર ન હોય જ્યારે બીજામાં બધા માલિકો હાજર હોય.

(૯) લિપ્તદોષ જે દ્રવ્યથી ભાજન કે હાથ ખરડાતા હોય તે દહીં દૂધ–ઘી–દાળ વગેરે દ્રવ્યો વહોરવામાં પાછળથી ભાજન કે હાથ ધોવારૂપ પશ્ચાત્ કર્મરૂપ દોષ લાગે છે. તથા વાપરવામાં વધુ આસક્તિ થાય છે. માટે સાધુએ તે દ્રવ્યો ગ્રહણ કરવા જોઈએ નહિ.

અપવાદ જો લેપવાળું વહોરતા પશ્ચાત્કર્મ થવાનું ન હોય તો તે કલ્પે. માટે સાધુએ ભાજનમાંથી પૂરું વહોરવું નહિ. કેળાં વગેરે તેની છાલમાંથી આખાં લેવા નહિ.

(૧૦) છર્દિતદોષ વહોરાવતી વખતે ગૃહસ્થથી જમીન પર જે છાંટા વગેરે પડે તે છર્દિત દોષ કહેવાય.

ચણા વગેરે સૂકી ચીજ જો જમીન પર પડે તો ભિક્ષા લેવી કલ્પે. પરંતુ ઘી કે દૂધનો છાંટો પડે તો ત્યાર પછી પણ ભિક્ષા તે ઘરમાંથી લેવી કલ્પે નહિ. માટે ઘી–દૂધ છેલ્લે વહોરવાનો જ આગ્રહ રાખવો.

## ગ્રાસૈષણાના પાંચ દોષો

ગ્રાસ એટલે કોળિયો. વાપરતી વખતે કોઈ દોષ ન લાગી જાય તેની તપાસ કરવી તે ગ્રાસૈષણા કહેવાય. ગોચરી તપાસતા અને ગ્રહણ કરતા ૩૨ + ૧૦ = ૪૨ દોષ જે સાધુએ લાગવા દીધા નહિ. તે સાધુને ગોચરી વાપરતા જો માંડલીના પાંચમાંનો કોઇ દોષ લાગી જાય તો બેંતાલીસ દોષ વિનાની ગોચરી મેળવવાની તેની બધી મહેનત નિષ્ફળ જાય. બેંતાલીસ દોષ રૂપી હાઇકોર્ટમાં જીતી આવેલો સાધુ જો પાંચ દોષ રૂપી સુપ્રીમકોર્ટમાં હારી જાય. તો તે હાર્યો જ કહેવાય.

### (૧) સંયોજના દોષ

સ્વાદની ખાતર બે દ્રવ્યો ભેગા કરીને વાપરવા તે બાહ્ય સંયોજના કહેવાય છે. આ મિશ્રણ ગૃહસ્થોના ઘરમાંથી થાય છે.

ઉપાશ્રયમાં આવીને વાપરતી વખતે સ્વાદની ખાતર બે દ્રવ્યો ભેગા કરવા તે અભ્યંતર સંયોજના કહેવાય. અભ્યંતર સંયોજનાના ત્રણ પ્રકાર છે.

(i) **પાત્ર સંયોજના** શિખંડ સાથે પૂરી વગેરે પાત્રામાં જ ભેગી કરવી અને વાપરવી.

(ii) **હસ્ત સંયોજના** કોળિયો હાથમાં લેવો અને તેની ઉપર બીજી વસ્તુ નાંખવી. દા. ત., રોટલીના ટુકડામાં દાળ કે શાક હાથમાં લઇને વાપરવું.

(iii) મુખસંયોજના મોઢામાં કોળિયો નાંખવો અને ત્યારબાદ મોઢામાં પ્રવાહી વગેરે વસ્તુ લેવી.

સંયોજના કરવાથી રસની આસક્તિ ઉત્પન્ન થાય છે. તેથી કર્મબંધ થાય છે અને જોરદાર અશાતાવેદનીયકર્મ બંધાય છે. આથી સાધુએ બાહ્ય કે અભ્યંતર સંયોજના કરવી નહિ.

કોળિયાને બેસ્વાદ કરવા માટે રોટલી અને કરિયાતાની કરાતી સંયોજના તે તો ગુણરૂપ છે.

અપવાદ (૧) જે વસ્તુઓ અલગ ખાવાથી જ રાગ થતો હોય અને સંયોજના કરવાથી રાગ મટતો હોય તો તેની સંયોજના થઈ શકે.

(૨) ગ્લાન માટે વૈદ્યના કહેવા મુજબ સંયોજના થઈ શકે. (૩) જે રાજપુત્ર વગેરેને એકલો આહાર ગળે ઉતરતો ન હોય તેના દ્વારા સંયોજના થઇ શકે. (૪) તદ્દન નવો દીક્ષિત વિશિષ્ટ પરિણતિવાળો ન હોય તો તેને માટે સંયો-જના થઇ શકે.

## (૨) પ્રમાણદોષ

જેટલો આહાર કરવાથી સ્વાધ્યાય-વૈયાવચ્ચ ક્રિયા વગેરે સંયમના વ્યાપારોમાં પ્રમાદ ન આવે અને અશક્તિ પણ ન આવે તેટલો આહાર તે વ્યક્તિ માટે પ્રમાણસર કહેવાય.

સામાન્ય રીતે પુરુષ માટે બત્રીસ કોળિયા (કૂકડીના ઈંડા પ્રમાણે એક કોળિયો)અને સ્ત્રીને માટે અઠ્યાવીસ કોળિયા, તે પ્રમાણસર આહાર કહેવાય. આ કૂકડી બે પ્રકારે છે.

(i) ઉદરકૂકડી જેટલો આહાર વાપરવાથી પેટ ભરાય તેટલો આહાર.

(ii) ગલકૂકડી પોતાના પેટમાં જેટલો આહાર સમાતો હોય તેનો બત્રીસમો ભાગ અથવા જેટલો કોળિયો મોંમાં મૂકતા મોઢાનો દેખાવ વિકૃત ન થાય અથવા જેટલો કોળિયો સહેલાઇથી મોંમાં મૂકી શકાય તે ગલકૂકડી કહેવાય.

ઉદરકૂકડીમાં આહારનું પૂરું પ્રમાણ બતાવ્યું છે. જ્યારે ગલકૂકડીમાં એક કોળિયાનું માપ બતાવ્યું છે. આ બન્ને દ્રવ્યકૂકડી કહેવાય.

ભાવકૂકડી જેટલો આહાર વાપરવાથી શરીરમાં સ્ફૂર્તિ રહે અને રત્નત્રયીની આરાધના સુંદર થાય તેટલા આહારનો બત્રીસમો ભાગ તે ભાવ કૂકડી કહેવાય. સાધુએ બત્રીસ કોળિયામાંથી ઓછા કરતા કરતા આઠ કોળિયા પ્રમાણ આહાર સુધી આવી જવું જોઇએ.

સાધુએ હિતકર એટલે પ્રકૃતિને માફક તથા નિર્દોષ, મિતકર એટલે બત્રીસ કોળિયાના પ્રમાણસર અને અલ્પ એટલે ભૂખ કરતાં પણ ઓછો આહાર કરવો જોઇએ. તેવાએ વૈદ્ય પાસે જવું પડતું નથી. ઊલટુ તેઓ પોતાના જ આત્માના વૈદ્ય બને છે.

દૂધ સાથે મગ, કે ગોળ કે દહીં વાપરવું તે અહિતકર છે.

પોતાના પેટના છ ભાગ કલ્પવા. તેમાંનો એક ભાગ વાયુ ફરવા માટે ખાલી રાખવો. અને પાંચ ભાગમાં ઋતુ પ્રમાણે પાણી તથા ભોજનના ભાગ ગોઠવવા.

અતિઠંડીમાં એક ભાગ પાણી, ચાર ભાગ ભોજન.
મધ્યમઠંડીમાં બે ભાગ પાણી, ત્રણ ભાગ ભોજન.
મધ્યમગરમીમાં પણ બે ભાગ પાણી, ત્રણ ભાગ ભોજન.
વધુ ગરમીમાં ત્રણ ભાગ પાણી બે ભાગ ભોજન.

ગોચરી વાપરતી વખતે માત્ર અધવચમાં શકય તેટલું ઓછું પાણી પીવું–જેને વાપરતી વખતે ખૂબ પાણી પીવાઈ જતું હોય તેણે પોરિસીનું પચ્ચકખાણ પારી જરૂર પ્રમાણે પાણી વાપરી લેવું. અને સાઢપોરિસીમાં વાપરવા બેસવું. જો ગોચરી બાર વાગે પૂરી વાપરી લીધી હોય તો બે વાગ્યા સુધી તો બિલકુલ પાણી પીવું જોઇએ નહિ.

### પ્રમાણદોષ કેવી રીતે લાગે ?

(i) **પ્રકામ** ઘી આદિથી નહિ નીતરતો આહાર વધુ પ્રમાણમાં વાપરે તો.

(ii) **નિકામ** ઘી આદિથી નહિ નીતરતો આહાર વધુ પ્રમાણમાં વધુ દિવસ સુધી વાપરે તો.

(iii) **પ્રણીત** કોળિયો ઉપાડતાં તેમાંથી ઘી આદિ નીતરતું હોય તેવો આહાર વાપરે તો.

(iv) **અતિબહુક** અકરાંતિયો થઈને વાપરે તો.

(v) અતિબહુષ અતિ લોલુપતાથી દિવસમાં ત્રણ વખતથી પણ વધારે વખત વાપરે તો.

પ્રમાણથી અધિક આહાર વાપરવાથી અપચો બીમારી કે મૃત્યુ પણ થાય–વળી માંદા પડતાં દવાઓ અને પથ્યો લેવામાં અપકાય આદિની વિરાધનાઓ થાય તથા લોકો કહે કે સાધુઓ રસનામાં લંપટ લાગે છે. જેથી વારંવાર માંદા પડે છે.'' આમ આત્માવિરાધના–સંયમ વિરાધના અને પ્રવચન વિરાધના થાય.

વધુ આહાર કરનારને બ્રહ્મચર્યપાલન અતિ મુશ્કેલ બની જાય છે.

## ૩–૪ અંગારદોષ ધૂમ્રદોષ

અંગારો લાકડાને ભસ્મ કરે તેમ તીવ્ર રાગરૂપી અંગારાથી ચારિત્રરૂપી લાકડાંઓ બળીને ખાખ થઈ જાય છે. માટે વાપરતી વખતે અનુકૂળ વસ્તુની પ્રશંસા કદી કરવી નહિ અને પ્રતિકૂળ વસ્તુ પર દ્વેષ કરવો નહિ. કેમકે દ્વેષ કરવાથી ચારિત્રરૂપી લાકડાં ધૂમાડો બની જઈને નાશ પામે છે. માટે સાધુએ અંગાર અને ધૂમ્ર (વસ્તુની પ્રશંસા અને દ્વેષ રૂપ) દોષ ત્યાગવા જોઈએ.

જો કે ખાતી વખતે અતિ સામાન્ય કોટિનો રાગ કે દ્વેષ હોઈ શકે. પરંતુ તેથી તો દોષ ન બને. પરંતુ જ્યારે તે રાગ તીવ્ર બને ત્યારે વસ્તુ વગેરેની પ્રશંસા કે તિરસ્કાર થાય જ. આ પ્રશંસા અને તિરસ્કાર એ જ અંગાર અને ધૂમ્ર નામના દોષ છે.

## (૫) કારણ દોષ

આહાર કરવાના છ કારણો છે. આ છ કારણો સિવાય જો આહાર વાપરે તો કારણદોષ લાગે.

### આહાર વાપરવાના છ કારણો

(i) ક્ષુધા દૂર કરવા માટે.

(ii) આચાર્ય–ઉપાધ્યાય–ગ્લાન – બાળ–વૃદ્ધ આદિ સાધુઓની સારી રીતે વૈયાવચ્ચ કરવા.

(iii) પ્રતિલેખન આદિ સંયમધર્મોનું સારી રીતે પાલન કરવા.

(iv) સ્વાધ્યાય આદિ સ્વરૂપ ધર્મધ્યાન અને શુભધ્યાન કરવા.

(v) શરીરની શક્તિઓ ટકાવી રાખવા.

(vi) ઈર્યાસમિતિ આદિનું સારી રીતે પાલન કરવા. આ છ કારણો સિવાય શરીરને હૃષ્ટપુષ્ટ બનાવવા કંઠને મધુર કરવા કે આસક્તિ પોષવા માટે સાધુએ આહાર કરવો જોઈએ નહિ.

### નીચેના છ કારણોએ આહારનો ત્યાગ કરવો

(૧) આતંક તાવ કે અજીર્ણની અવસ્થામાં આહાર વાપરવો નહિ.

(૨) ઉપસર્ગ દીક્ષા છોડાવવા માટે આવેલા સગાસંબંધીઓની સામે અથવા રાજા કોપાયમાન થાય ત્યારે કે દેવ મનુષ્ય કે તિર્યંચ સંબંધી ઉપસર્ગ આવે ત્યારે પણ આહાર વાપરવો નહિ.

(૩) બ્રહ્મચર્ય મોહનીયકર્મનો તીવ્ર ઉદય થાય ત્યારે આહાર લેવાનું બંધ કરવું. આથી મોહોદય શમી જાય છે.

(૪) જીવદયા વરસાદ વગેરેની વિરાધના વખતે તેમાંથી બચવા માટે આહાર લેવો નહિ.

(૫) તપ કરવા માટે આહારનો ત્યાગ કરવો.

(૬) શરીરત્યાગ આહારનો ત્યાગ કરવા સાથે શરીરનો ત્યાગ કરવાથી મૃતકને વધુ કલાકો સુધી બાળવાની મુક્તિ પણ મળે છે.

## મોટા અને નાના દોષો

સૌથી મોટો દોષ છે મૂલકર્મ. પછી આધાકર્મ, પછી કર્મઔદ્દેશિકના છેલ્લા ત્રણ ભેદ. (સમુદ્દેશ, આદેશ, અને સમાદેશ) મિશ્રદોષના છેલ્લા બે ભેદ (પાખંડી મિશ્ર અને સાધુમિશ્ર), બાદર પ્રાભૃતિકા, સપ્રત્યપાય પરગામ અભ્યાહૃત. લોભપિંડ, અનંતકાય વડે અવ્યહિત-નિક્ષિપ્ત, પિહિત, સંહૃત, ઉન્મિશ્ર, અપરિણત અને છર્દિતદોષ (આ ૬ દોષ) સંયોજના, અને વર્તમાન ભવિષ્યકાળનું નિમિત્ત એ ઓછા દોષવાળા છે.

તેના કરતાં કર્મ ઔદ્દેશિકનો પહેલો ભેદ (ઉદ્દેશ) મિશ્રનો પહેલો ભેદ (યાવદર્થિક), ધાત્રીદોષ, દૂતીદોષ, ભૂતકાળનું નિમિત્ત, આજીવિકા, વનીપક, બાદર ચિકિત્સા, ક્રોધપિંડ, માનપિંડ, સંબંધી સંસ્તવ, વિદ્યાપિંડ, ચૂર્ણપિંડ, પ્રાદુષ્કરણ બે પ્રકારનું ક્રીત (દ્રવ્યક્રીત અને આત્મભાવક્રીત)

લૌકિક પ્રામિત્ય, લૌકિક પરાવર્તિત, નિષ્પ્રત્યપાય, પરગામ અભ્યાહૃત, પિહિત ઉદ્ભિન્ન, કપાટઉદ્ભિન્ન, ઉત્કૃષ્ટ માલાપહૃત, આચ્છેદ્ય, અનિસૃષ્ટ, પુરઃકર્મ, પશ્ચાત્કર્મ, ગર્હિતમ્રક્ષિત, સંસક્તમ્રક્ષિત, પ્રત્યેક વડે અવ્યવહિતસંહૃત, ઉન્મિશ્ર, અપરિણત અને છર્દિત (આ ચાર પ્રકારો) પ્રમાણ ઉલ્લંઘન. ધૂમ્ર, અકારણભોજન ઓછા દોષવાળા છે.

તેના કરતાં પણ અધ્યવપૂરકના છેલ્લા બે ભેદ (સ્વઘર પાખંડી, સ્વઘરસાધુ), કૃત ઔદ્દેશિકના ચારે ભેદ, ભક્તપાનપૂતિ, માયાપિંડ, અનંતકાય વડે વ્યવહિત નિક્ષિપ્ત, પિહિત, ઉન્મિશ્ર અને છર્દિત (આ ચાર પ્રકારો) ઓછા દોષવાળા છે.

તેના કરતાં પણ ઓઘઔદ્દેશિક, ઉદ્દિષ્ટ ઔદ્દેશિકના ચાર ભેદ, ઉપકરણપૂતિ, ચિરકાલ સ્થાપિત, પ્રકટકરણ, લોકોત્તર પરાવર્તિત, પ્રામિત્ય, પરભાવક્રીત, નિષ્પ્રત્યપાય, સપ્રત્યપાય, સ્વગામ અભ્યાહૃત, દર્દરોદ્ભિન્ન (કપડું છોડીને) જઘન્ય માલાપહૃત, પ્રથમ-(યાવદર્થિક) અધ્યવપૂરક, સૂક્ષ્મ ચિકિત્સા, ગુણસંસ્તવકરણ, મિશ્રકર્દમ-મીઠું અને ખડી વડે મ્રક્ષિત, લોટ વગેરેથી મ્રક્ષિત, દાયકદોષ, પ્રત્યેક વડે પરંપર-નિક્ષિપ્ત, પિહિત, ઉન્મિશ્ર, અપરિણત અને છર્દિત (આ પાંચ પ્રકારો), મિશ્ર વડે અનંતર નિક્ષિપ્ત, પિહિત, ઉન્મિશ્ર, અપરિણત અને છર્દિત (આ પાંચ પ્રકારો) ઓછા દોષવાળા છે.

## ઉપસંહાર

પિંડ નિર્યુક્તિ ગ્રન્થમાં કહ્યું છે કે, "શ્રમણ જીવનનો સાર નિર્દોષ ભિક્ષાવૃત્તિ છે."

આહારના દોષોની તપાસ કરવામાં જે સાધુ કંટાળો લાવે તેને મંદ વૈરાગ્યવાળો સમજવો.

જે સાધુ પિંડની શુદ્ધિ કરતો નથી તેનામાં ચારિત્ર નથી. તેની દીક્ષા નિરર્થક થાય છે. પિંડની શુદ્ધિમાં જ ચારિત્રની શુદ્ધિ છે અને ચારિત્રની શુદ્ધિમાં જ જીવનની શુદ્ધિ છે.

જો નિર્દોષ આહારના અભાવમાં શરીર ઢીલું પડી જતું હોય છે જેથી સાધુ જીવનની આરાધનાઓ સારી રીતે થઈ શકતી ન હોય તો ગીતાર્થ ગુરુની આજ્ઞાપૂર્વક અપવાદ માર્ગે શકય તેટલા ઓછા દોષવાળો યાવત્ આધાકર્મીદોષ-વાળો આહાર પણ લઈ શકાય. પરંતુ જે સાધુને આહારના અભાવમાં પણ સમાધિ ટકતી હોય તેને કોઈ પણ દોષ સેવવાની જરૂર નથી.

ગીતાર્થગુરુની આજ્ઞાથી અપવાદનું આચરણ કરવામાં થતી વિરાધનામાં નિશ્ચય દૃષ્ટિએ દોષ ગણાતો નથી. પરંતુ વ્યવહાર દૃષ્ટિએ ગુરુ પાસે તેનું પ્રાયશ્ચિત્ત લઈ લેવું તે યોગ્ય છે.

આ ઉપરથી એ વાત નક્કી થાય છે કે જિનશાસનમાં બ્રહ્મચર્ય સિવાયની બાબતોમાં કયાંય પણ કોઈ પણ વાતનો એકાંતે આગ્રહ નથી. તેમ નિષેધ પણ નથી. તે તે દેશ કાળ અને જીવ દ્રવ્યના અનુસારે અકાર્ય પણ કાર્ય બની જાય છે અને કાર્ય પણ અકાર્ય બની જાય છે. એટલે પુષ્ટા-લંબને (ગાઢ અપવાદે) દોષિત આહાર લેવાથી થયેલી વિરાધનાથી જે કર્મ બંધાય તે બીજે સમયે ભોગવાય છે અને ત્રીજા સમયે તેનો ક્ષય પણ થઈ જાય છે.

# વિભાગ બીજો

## ઓઘનિર્યુક્તિ સારસંગ્રહ

# પહેલો અધિકાર

## ઓઘનિર્યુક્તિ

જિન શાસનનું સૌથી મહત્ત્વનું અંગ સમ્યગ્શ્રુત છે. આ શ્રુતના ચાર વિભાગો [અનુયોગ=વ્યાખ્યાન] કરવામાં આવ્યા છે. દ્રવ્યાનુયોગ–ગણિતાનુયોગ–ચરણકરણાનુયોગ અને ધર્મકથાનુયોગ.

જીવાદિ છ દ્રવ્યની વિચારણા દ્રવ્યાનુયોગમાં વિચારવામાં આવી છે. ત્રણ લોકના પદાર્થના ગણિતની વિચારણા ગણિતાનુયોગમાં આવે છે. ચારિત્રજીવન અંગેની વિચારણા ચરણકરણાનુયોગમાં આવે છે. અને ચારિત્રજીવનની આરાધના અને વિરાધનાના ફળોને જણાવતી કથાઓ દ્વારા જીવને સન્માર્ગે પ્રેરતી વાતો ધર્મકથાનુયોગમાં આવે છે.

આ ચારે અનુયોગને અનુક્રમે રત્નની–સુવર્ણની–લોખંડની અને ચાંદીની ખાણની ઉપમા આપવામાં આવી છે. આમાં ચરણકરણાનુયોગ ભલે લોખંડની ખાણ બરોબર છે. પરંતુ એ વાત પણ તેની સાથે જ નક્કી થાય છે કે સોનું–ચાંદી કે રત્ન ગમે તેટલાં મહાન હોય તો પણ લોખંડ તે બધા કરતાં વધુ મહાન છે. કેમકે રત્ન વગેરેમાંથી ઘાટ–ઘડામણ લોખંડ વિના થઈ શકતું નથી. આ ઉપમા આપીને શાસ્ત્રકાર પરમર્ષિઓએ ચાર અનુયોગમાં સૌથી મહત્ત્વને ચરણકરણાનુયોગ કહ્યો છે.

આચારાંગ વગેરે બાર અંગો છે. તેમાંના છેલ્લા બારમા દૃષ્ટિવાદ નામના અંગમાં ચૌદ પૂર્વો આવે છે. તેમાંના નવમા પૂર્વમાં આચાર નામની વસ્તુનું જે વીસમા નંબરનું ઓઘ પ્રાભૃત છે. તેની અંદર આ ઓઘનિર્યુક્તિના પદાર્થો હતા. શ્રી ભદ્રબાહુ સ્વામીજીએ ત્યાંથી તે પદાર્થોનો ઉદ્ધાર કરી આ ગ્રંથની રચના કરી છે.

તેમણે આ ગ્રંથ આઠ સો બાર (૮૧૨) ગાથા પ્રમાણ બનાવ્યો છે. જેને નિર્યુક્તિ કહેવાય છે. તેની ઉપર કોઇ પૂર્વાચાર્યે પ્રાકૃત ભાષામાં ત્રણ સો બાવીસ (૩૨૨) ગાથાનું ભાષ્ય રચ્યું છે, તે ભાષ્ય ઉપર શ્રી દ્રોણાચાર્યજીએ સંસ્કૃત ભાષામાં ટીકા કરી છે.

આ ઓઘ-નિર્યુક્તિ ગ્રંથ પૂર્વે તો વીસ વર્ષના દીક્ષા પર્યાયવાળા સર્વવિરતિધરને યોગ્યતા પ્રમાણે જ ભણાવાનો હતો. કારણકે બારમું અંગ વીસ વર્ષના દીક્ષાપર્યાયવાળાથી જ ભણી શકાતું હતું. પરંતુ હવે આયુષ્ય વગેરેની હાનિ જોઇને દીક્ષાના પ્રથમ દિવસથી જ આ ગ્રંથ ભણાવવાની પરંપરા છે. જેથી નૂતન દીક્ષિતોને સાધુજીવનના આચારોની સમજણ પહેલેથી જ પડે.

પૂર્વે જણાવેલ વીસ ઓઘપ્રાભૃતમાં જણાવેલી ઓઘ-સામાચારી પદવીભાગસામાચારી અને ચક્રવાલસામાચારીમાંથી માત્ર ઓઘસમાચારીના પદાર્થોનું નિરૂપણ આ ઓઘનિર્યુક્તિ ગ્રંથમાં કરવામાં આવ્યું છે. જે દશવિધચક્રવાલસામાચારી

ઇચ્છા–મિચ્છા વગેરે સ્વરૂપ છે. તે ઉત્તરાધ્યનસૂત્રમાં જણાવાઇ છે. અને જે પ્રાયશ્ચિત્ત આદિ સ્વરૂપ પદવીભાગસામાચારી છે. તે બૃહત્કલ્પ, વ્યવહારસૂત્ર વગેરેમાં જણાવાઈ છે. આ ઓઘનિર્યુકિત ગ્રંથમાં જણાવાયેલી ઓઘસામાચારી તે સાધ્વાચાર આદિ સ્વરૂપ છે. ઓઘ=સંક્ષેપ. અર્થાત્–સંક્ષેપમાં તૈયાર કરાયેલી જે નિર્યુક્તિ તે ઓઘનિર્યુક્તિ.

જ્યારે આ ઓઘનિર્યુકિત ગ્રંથ ચરણકરણાનુયોગમાં સમાય છે. ત્યારે તે ચરણ અને કરણ તથા તે ચરણ અને કરણની સિત્તેર–સિત્તેર વાતો શું છે ? તે આપણે જોઈએ.

પાંચ મહાવ્રત સ્વરૂપ ચારિત્ર (ચરણ)ને લગતી જે સિત્તેર વાતો છે તેને ચરણસિત્તરી કહેવાય છે. અને એ મહાવ્રતોની રક્ષા માંટે જે જે કાળે જરૂર પડે તે ગોચરી વગેરે કરવાના (કરણ) હોય છે માટે તેવી સિત્તેર વાતોને કરણસિત્તરી કહેવાય છે.

## ચરણસિત્તરી

પાંચ **મહાવ્રતો** (૧) સર્વથા પ્રાણાતિપાત વિરમણમહાવ્રત. (૨) સર્વથા મૃષાવાદ વિરમણમહાવ્રત. (૩) સર્વથા અદત્તાદાન વિરમણમહાવ્રત (૪) સર્વથા મૈથુન વિરમણમહાવ્રત (૫) સર્વથા પરિગ્રહ વિરમણમહાવ્રત.

દશ શ્રમણધર્મો (૧) ક્ષમા (૨) માર્દવતા (૩) સરળતા (૪) મુકિત (બાહ્ય–અભ્યંતર આશંસા ઇચ્છાનો ત્યાગ, સંતોષ (૫) તપ (૬) સંયમ (૭) સત્ય (૮) પવિત્રતા (૯) નિષ્પરિગ્રહિતા (૧૦) બ્રહ્મચર્ય.

**સત્તર પ્રકારનું સંયમ** (૧) પૃથ્વી (૨) અપ્ (૩) તેજ (૪) વાયુ (૫) વનસ્પતિ (૬) બેઇન્દ્રિય (૭) તેઇન્દ્રિય (૮) ચઉરિન્દ્રિય (૯) પંચેન્દ્રિય [આ નવે પ્રકારના જીવોની વિરાધના, પરિતાપના, કિલામણા ન થાય તેમ વર્તવું.] (૧૦) અજીવ (સુંદર વસ્તુ જોઈ તેમાં ન લોભાવું અથવા ઠોકર આદિ વાગતાં તે નિર્જીવ વસ્તુ ઉપર રોષ નહિ કરવારૂપ સંયમ રાખવો. તથા લીલફુલ થઈ ગયેલી વસ્તુ ગ્રહણ ન કરવી) (૧૧) પ્રેક્ષા સંયમ (દૃષ્ટિ પડિલેહણ) (૧૨) ઉપેક્ષા સંયમ (અધિકારી પુરુષે સમજાવવા છતાં ન સુધરે તેવા ત્યાગીઓ કે ગૃહસ્થો તરફ ઉપેક્ષાભાવ કેળવવો. પરંતુ તેમના નિંદાકુથળી કરવા નહિ કે તેમની ઉપર ક્રોધ કરવો નહિ. (૧૩) પ્રમાર્જના (૧૪) પરિષ્ઠાપનિકા (ઠલ્લો માત્રુ વગેરે વિધિપૂર્વક પરઠવવું) (૧૫) મન (૧૬) વચન (૧૭) કાયા- (ત્રણની અશુભ પ્રવૃત્તિમાંથી શુભમાં જોડાવું.)

**દશ પ્રકારની વૈયાવચ્ચ** (૧) આચાર્ય (૨) ઉપાધ્યાય (૩) તપસ્વી (૪) શૈક્ષક (નવ દીક્ષિત) (૫) ગ્લાન (૬) કુલ (એક આચાર્યની પરંપરા) (૭) ગણ (એક વાચનાવાળો પતિસમુદાય) (૮) સંઘ (૯) સાધુ (૧૦) સમનોજ્ઞ (સરખી સામાચારીવાળા શુદ્ધ ચારિત્રી) આ દશેની ભકિત વૈયાવચ્ચ કરવી.

**નવ પ્રકારનું બ્રહ્મચર્ય** (૧) સ્ત્રી, પશુ અને નપુંસક રહેતાં હોય તે વસતિમાં ન રહેવું. (૨) સ્ત્રીની સાથે રાગથી વાતચીત ન કરવી અથવા સ્ત્રી–પશુ કે નપુંસક સંબંધી કામ-

કથા ન કરવી. (૩) સ્ત્રી બેઠી હોય તે જગ્યાએ પુરુષે બે ઘડી અને પુરુષ બેઠેલ હોય તે જગ્યાએ સ્ત્રીએ ત્રણ પ્રહર સુધી બેસવું નહીં. (૪) સ્ત્રીનાં અંગોપાંગ વગેરે રાગ દૃષ્ટિથી જોવાં નહિ. (૫) સ્ત્રી પુરુષ રહેતાં હોય ત્યાં ભીંત આદિના આંતરે રહેવું નહિ તેમ જ જોવું નહિ.(૬) પૂર્વે કરેલ કામ-ક્રીડાનું સ્મરણ કરવું નહિ. (૭) પૌષ્ટિક, કામવાસના વધારે તેવો સ્નિગ્ધ આહાર વાપરવો નહિ. (૮) વિગઈ વિનાનો (લૂખો એવો) પણ આહાર ક્ષુધા કરતાં વધુ પ્રમાણમાં વાપરવો નહિ. (૯) સારા દેખાવાના વ્યામોહમાં પડી શરીર કપડાં આદિની વિભૂષા કે ટાપટીપ કરવી નહિ.

**ત્રણ પ્રકારના જ્ઞાન** (૧) જ્ઞાન (૨) દર્શન (૩) ચારિત્ર. આ ત્રણેની સુંદર પ્રકારે આરાધના કરવી.

**બાર પ્રકારનો તપ** (૧) **છ પ્રકારે બાહ્ય તપ** જેની અસર બાહ્ય એવા શરીર ઉપર સીધી પડે છે. (૧) અનશન (૨) ઉણોદરિ (૩) વૃત્તિસંક્ષેપ (૪) રસત્યાગ (૫) કાયક્લેશ (૬) સંલીનતા.

(૨) **છ પ્રકારે અભ્યંતર તપ** જેની અસર અભ્યંતર એવા આત્મા ઉપર સીધી પડે છે. (૧) પ્રાયશ્ચિત્ત (૨) વિનય (૩) વૈયાવચ્ચ (૪) સ્વાધ્યાય (૫) ધ્યાન (૬) કાઉસ્સગ્ગ.

આમ બાર પ્રકારનો બાહ્ય–અભ્યંતર તપ થાય.

**ચાર પ્રકારે ક્રોધાદિ નિગ્રહ** (૧) ક્રોધનો નિગ્રહ ક્ષમા-થી કરવો. (૨) માનનો નિગ્રહ નમ્રતાથી કરવો. (૩) માયાનો

નિગ્રહ સરળતાથી કરવો. (૪) લોભનો નિગ્રહ સંતોષથી કરવો.

આમ પાંચ+દશ+સત્તર+દશ+નવ+ત્રણ+બાર+ચાર= સિત્તોર ભેદો ચરણસિત્તરીના છે.

## કરણસિત્તરી

**ચાર પ્રકારની પિંડવિશુદ્ધિ** (૧) વસતિ (૨) પાત્ર (૩) વસ્ત્ર અને આહાર નિર્દોષ મેળવવા ગવેષણા તપાસ વગેરે કરવી.

**પાંચ પ્રકારની સમિતિ** (૧) **ઇર્યા સમિતિ** સાડાત્રણ-હાથ પ્રમાણે ભૂમિ ઉપર દૃષ્ટિ રાખી ચાલવું (૨) **ભાષા-સમિતિ** પાપરહિત-હિતકારી અને જરૂર પુરતી ભાષા મુહ-પત્તિના ઉપયોગપૂર્વક બોલવી. (૩) **એષણા સમિતિ** બેંતાલીસ દોષ રહિત ગોચરીની ગવેષણા કરવી. (૪) **આદાનભંડમત્ત-નિક્ષેપણા સમિતિ** કોઇ પણ વસ્તુ લેતાં કે મૂકતાં પૂંજી-પ્રમાર્જીને લેવી મૂકવી. (૫) **પારિષ્ઠાપનિકા સમિતિ** વધેલો આહાર, કપડાં વગેરે તથા કફ-માલ-માત્રુ-ઠલ્લો આદિ નિર્જીવ જગ્યાએ વિધિપૂર્વક પરઠવવા ઉપયોગ રાખવો.

**બાર પ્રકારની ભાવના**

(૧) **અનિત્ય ભાવના** જગતના પદાર્થો અનિત્ય છે. નાશવંત છે. (૨) **અશરણ ભાવના** પાપના ઉદયમાં કોઇ બચાવનાર નથી (૩) **સંસાર ભાવના** ચોરાસી લાખ યોનીમય જે સંસા-રમાં શત્રુ મિત્ર થાય છે અને મિત્ર શત્રુ થાય છે, પિતા મરી પુત્ર થાય અને પુત્ર મરી પત્ની થાય છે એવો આ

સંસાર અસાર છે. (૪) **એકત્વ ભાવના** જીવ પોતે એકલો જ જન્મે છે-તેના કર્મનો ભોગવટો કરે છે અને મરણ પામે છે.(૫) **અન્યત્વ ભાવના** મારૂં કોઈ નથી. સ્વાર્થનાં સૌ સગાં છે. શરીરને પણ એક દિવસ છોડવાનું છે. (૬) **અશુચિત્વ ભાવના** જીવનું ઉત્પત્તિ, સ્વરૂપ અને પરિણામ અપવિત્ર છે. તેના શરીરમાં પણ એવા અનેક અશુચિ પદાર્થો ભરેલા છે (૭) **આશ્રવ ભાવના** ઇન્દ્રિયાદિ આશ્રવો આત્માને કર્મથી મલીન કરનાર છે (૮) **સંવર ભાવના** સમિતિ ગુપ્તિ આદિના પાલનથી કર્મનાં બંધ અટકે છે (૯) **નિર્જરા ભાવના** કર્મને છૂટા પાડવા તે. સકામ નિર્જરા કેવળ કર્મનો નાશ કરવાની ઈચ્છાથી તપ કરવા દ્વારા કરી શકાય છે તેવું વિચારે. (૧૦) **લોક સ્વરૂપ ભાવના** ચૌદ રાજલોકનો એકે પ્રદેશ આ જીવે છોડયો નથી એવું વિચારે. (૧૧) **બોધિદુર્લભ ભાવના** દેવતાઈ સુખ કરતાંય જિનેશ્વર દેવોના વચન ઉપરની શ્રદ્ધા અતિ મુશ્કેલીએ પ્રાપ્ત થઈ છે, એવું વિચારી પોતાને મળેલા સમ્યક્ત્વમાં સ્થિર થાય. (૧૨) **ધર્મસ્વરૂપ ભાવના** અહો....! શ્રી જિનેશ્વર દેવોએ કેવો સુંદર શ્રાવકધર્મ અને સાધુધર્મ ઉપદેશ્યો છે.

### બાર પ્રકારની ભિક્ષુપ્રતિમા

આ બાર પ્રકારની પ્રતિમાઓ વજ્રઋષભનારાચ સંઘયણવાળો ધીરજવાળો અને નવમા પૂર્વની ત્રણ વસ્તુ સુધીનું જેને જ્ઞાન હોય અને ગુરુની જેને આજ્ઞા પ્રાપ્ત થઈ હોય તેવો સાધુ જ વહન કરી શકે.

**પ્રતિમા એકથી સાત**

એકથી સાત નંબરની પ્રતિમામાં જેટલામી પ્રતિમા તેટલા તેના મહિના સમજવા. તેમાં પ્રતિમાના નંબર પ્રમાણેના આહાર પાણીની દત્તી લેવાની હોય છે. અને અલેપ ભોજન કરવાનું હોય છે.

(૮) આઠમી પ્રતિમા સાત અહોરાત્રિની છે, તેમાં એકાંતરે ચોવિહારા ઉપવાસ કરી ગામ બહાર કાઉસ્સગ્ગ ધ્યાને રહેવાનું હોય છે.

(૯) નવમી પ્રતિમામાં સાત દિવસ એકાંતરે ચોવિહારા ઉપ-વાસ કરી ઉત્તાનાદિ આસને ગામ બહાર કાઉસ્સગ્ગમાં રહે તથા જે કોઈ ઉપસર્ગ આવે તેને સહન કરે.

(૧૦) દશમી પ્રતિમામાં સાત દિવસ એકાંતરે ચોવિહારા ઉપવાસ કરી ગામ બહાર ગોદાહિકા આસને રહે.

(૧૧) અગિયારમી પ્રતિમા એક અહોરાત્રની છે. તેમાં ચોવિ-હારો છઠ્ઠ કરી ગામ બહાર કાઉસ્સગ્ગ કરે. ઉપસર્ગો આવે તે સહન કરે.

(૧૨) બારમી પ્રતિમા એક અહોરાત્રિની છે, તેમાં ચોવિ-હારો અઠ્ઠમ કરી, એકાદ પુદ્ગલ ઉપર એકાગ્ર દૃષ્ટિ-થી કાઉસ્સગ્ગ કરે અને ઉપસર્ગો સહન કરે.

**પાંચ પ્રકારની ઈન્દ્રિય નિરોધ**

પાંચ ઇન્દ્રિયોના વિષયભૂત સ્પર્શ-રસ-ગંધ રૂપ અને શબ્દ ઉપર રાગ કે દ્વેષનો ત્યાગ કરી સમભાવ કેળવવામાં ઉદ્યમશીલ રહેવું.

**પચ્ચીસ પ્રકારે પડિલેહણા**

પચ્ચીસ બોલો બોલવા. વિધિપૂર્વક સોળ દોષોથી રહિત પડિલેહણા કરવી.

**ત્રણ પ્રકારે ગુપ્તિ**

(૧) મન (૨) વચન અને (૩) કાયા દ્વારા થતી અશુભ પ્રવૃત્તિઓ રોકવી.

**ચાર પ્રકારે અભિગ્રહ** ચંદનબાળાના પ્રસંગમાં પરમાત્મા મહાવીર દેવે કરેલા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-અને ભાવના અભિગ્રહ જેવા ચાર પ્રકારે અભિગ્રહો કરવા તે.

આમ....ચાર + પાંચ + બાર + બાર + પાંચ + પચ્ચીસ + ત્રણ + ચાર = સિત્તેર પ્રકારે કરણસિત્તરી થઈ.

## સાત દ્વારો

બીજી રીતે પણ ૭૦-૭૦ પ્રકારો છે.

આ ઓઘનિર્યુક્તિ ગ્રંથના સાત દ્વારો છે.

(૧) પ્રતિલેખના દ્વાર પડિલેહણ કેવી રીતે કરવું તેનું નિરૂપણ.

(૨) પિંડ દ્વાર ગોચરીની શુદ્ધિ કેવી રીતે કરવી તેનું નિરૂપણ.

(૩) ઉપધિપ્રમાણ દ્વાર સંખ્યાથી અને માપથી કેટલી અને કેટલા પ્રમાણવાળી તે-તે વસ્તુઓ રાખવી તેનું નિરૂપણ.

(૪) અનાયતનવર્જન દ્વાર કેવી વસતિમાં સાધુએ ન રહેવું તેનું નિરૂપણ.

(૫) **પ્રતિસેવના દ્વાર** સંયમની સાધનામાં કેવા કેવા દોષો (પ્રતિસેવનાઓ) લાગી શકે છે તેનું નિરૂપણ.

(૬) **આલોચના દ્વાર** લાગેલા દોષોનું કેવી રીતે પ્રાયશ્ચિત માંગવું (આલોચન કરવું) અને લેવું તેનું નિરૂપણ.

(૭) **વિશુદ્ધિ દ્વાર** મળેલું પ્રાયશ્ચિત્ત વહન કરીને દોષોની શુદ્ધિ કેવી રીતે કરવી તેનું નિરૂપણ.

આ સાત દ્વારોનો નીચે પ્રમાણે ક્રમ થાય.

સર્વ જીવોની રક્ષા માટે વસ્ત્ર-ક્ષેત્ર વગેરેની **પ્રતિલેખના** કરવી જ જોઇએ. તેવી પ્રતિલેખના કરનારે શારીરિક બળ પામવા માટે શરીરને પિંડ (આહાર) આપવો જ પડે. તેવો પિંડ લાવવા માટે પાતરા તથા શરીર ઉપર વસ્ત્રો વગેરે ઉપધિ પાસે હોવી જોઇએ. એ લાવેલો પિંડ વાપરવા માટે શુદ્ધ વસતિ (અનાયતન વર્જનવાળી વસતિ) જોઇએ. આ બધું ગ્રહણ કરતાં જે અવિધિ આદિ દોષો લાગે તે દોષો (પ્રતિસેવના) કોને કહેવાય તે જાણવું જોઇએ. તેવા લાગેલા દોષોની ગુરુ પાસે **આલોચના** કરવી જોઇએ અને પછી તેમની પાસે પ્રાયશ્ચિત્ત લેવું જોઇએ અને તે પ્રાયશ્ચિત્તને વહન કરીને આત્મવિશુદ્ધિ કરવી જોઇએ.

# પ્રતિલેખના દ્વાર

પ્રતિલેખના એટલે પ્રેક્ષણા-નિરીક્ષણા-આલોકના-પ્રલોકના વગેરે.

પ્રતિલેખના શબ્દથી ત્રણ વસ્તુઓ લેવાની છે.

(૧) પડિલેહણ કરનાર વ્યક્તિ, જેને 'પ્રતિલેખક' કહેવાય.
(૨) પડિલેહણ કરવાની ક્રિયા, જેને 'પ્રતિલેખના' કહેવાય.
(૩) પડિલેહણ કરવાની વસ્તુઓ, જેને 'પ્રતિલેખીતવ્ય' કહેવાય.

પ્રતિલેખના

- છદ્મસ્થની
  - દ્રવ્યથી
  - ભાવથી
- કેવલીની
  - દ્રવ્યથી
  - ભાવથી

દ્રવ્યથી છદ્મસ્થની પ્રતિલેખના

વસ્તુમાં જીવ હોય કે ન હોય તો પણ તેનું પડિલેહણ કરવું.

(૨) દ્રવ્યથી કેવલીની પ્રતિલેખના વસ્તુમાં જીવ હોય ત્યારે જ પ્રતિલેખના કરવી.

(૩) ભાવથી છદ્મસ્થની પ્રતિલેખના રાત્રિના સમયે જાગે ત્યારે તે વિચારે કે મેં કેટલી આરાધનાઓ કરી? અને હવે મારે કઇ કઇ આરાધનાઓ કરવી જરૂરી છે અથવા એમ વિચારે કે હજુ સુધી તપ વગેરે વિષયમાં મારી શક્તિને હું શા માટે ગોપવી રહ્યો છું?

અહીં ભાવ એટલે આત્મારૂપી અભ્યંતર પદાર્થ સમજવો. તેની પ્રતિલેખના એટલે તેનું નિરીક્ષણ સમજવું.

(૪) ભાવથી કેવલીની પ્રતિલેખના જે કેવલજ્ઞાની ભગવંતને પોતાના આયુષ્યકર્મની સ્થિતિ કરતાં બાકીના ત્રણ અઘાતી કર્મની સ્થિતિ વધારે હોય તે જ કેવલજ્ઞાની આયુષ્યનું અંતઃમુહૂર્ત શેષ રહે ત્યારે તે ત્રણ કર્મોની સ્થિતિને આયુષ્યકર્મની સ્થિતિની સમાન કરવા માટે આઠ સમયનો જે કેવલીસમુદ્ઘાત કરે છે તે જ કેવલીની ભાવપ્રતિલેખના કહેવાય.

## શેની શેની પ્રતિલેખના કરવી જોઇએ ?

(૧) સ્થાન (૨)ઉપકરણ (૩) સ્થંડિલ ભૂમિ (૪) અવસ્ટંભ (૫) માર્ગ

## સ્થાનનું પ્રતિલેખન

ત્રણ પ્રકારે :

(૧) કાયોત્સર્ગ

(૨) બેસવું

(૩) સૂવું

(૧) કાયોત્સર્ગ બહારથી આવ્યા પછી ઇરિયાવહી પડિક્કમીને જે કાયોત્સર્ગ કરવાનો છે તે કાયોત્સર્ગ ગુરુની સન્મુખ ઊભા રહેવા માટેની જગ્યાને ચક્ષુથી સારી રીતે જોઇને કરવો.

(૨) બેસવું બેસતી વખતે શરીરના તે તે અંગો પ્રમાર્જી લેવા અને ત્યાર બાદ બેસવા માટેની જમીનને પણ પ્રમાર્જવી.

(૩) સૂવું સૂતી વખતે જમીન સંથારો વગેરે પૂંજીને સૂવું અને સૂતા પછી પડખું ફેરવતી વખતે શરીર અને જમીનની પ્રમાર્જના કરવી.

## ૨ ઉપકરણોનું પ્રતિલેખન

ઉપકરણ

વસ્ત્ર | પાત્ર

સમય સવારે અને સાંજે બન્ને ટાઇમે વસ્ત્ર-પાત્રનું પ્રતિલેખન કરવું. કેટલાક કહે છે કે સવારે પ્હો ફાટે ત્યારે પડિલેહણ કરવું. કેટલાક કહે છે કે પ્હો ફાટે ત્યારે પ્રતિક્રમણ શરૂ કરવું અને તે પત્યા બાદ પડિલેહણ કરેવું. કેટલાક કહે છે કે એકબીજાનું મોં ચોખ્ખું દેખાવા લાગે ત્યારે પડિલેહણ કરવું. વળી કેટલાક કહે છે કે હાથની રેખા સ્પષ્ટ દેખાવા લાગે ત્યારે પડિલેહણ શરૂ કરવું.

સિદ્ધાંતના મત પ્રમાણે આ ચારે વિકલ્પો બરાબર નથી. તે તો કહે છે કે પડિલેહણ તે સમયે કરવું કે જે સમયે પડિલેહણ શરૂ કર્યા પછી દશ વસ્તુઓનું પડિલેહણ થતાં સૂર્યોદય થઇ જાય અને તે વખતે જ દાંડાનું છેલ્લું પડિલેહણ આવે.

### દશ વસ્તુઓ

મુહપત્તિ, રજોહરણ, નિષદ્યા-૨ (ઓઘારિયું અને નિષેથિયું), ચોલપટ્ટો, કપડા-૩, સંથારો અને ઉત્તરપટ્ટો.

અને ત્યાં સુધી ઉપર મુજબના ક્રમથી જ પડિલેહણ કરવું. અહીં ત્રણ કપડાં એટલે કામળી સ્વરૂપ ઉનનો કપડો, કામળીને લગાડવાનો કપડો અને ઓઢવાનો કપડો.

અપવાદ માર્ગે વહેલું પણ પડિલેહણ થઈ શકે.

## પ્રતિલેખનાનો અર્થ

પ્રતિલેખના એટલે વસ્ત્ર પાત્ર વગેરેનું નિરીક્ષણ. આપણે માત્ર નિરીક્ષણ કરવાનું નથી. પરંતુ પ્રતિલેખનાની સાથે પ્રમાર્જના પણ કરવાની હોય છે, અર્થાત્ જીવોનું નિરીક્ષણ કર્યા બાદ તે જીવોને જયણાપૂર્વક લઇને યોગ્ય સ્થાને મૂકી દેવા.

પ્રતિલેખના અને પ્રમાર્જનાથી પણ ન ચાલે. કેમકે ધર્મ ઉપયોગ અવસ્થામાં છે. એટલે પ્રતિલેખના અને પ્રમાર્જનાની ક્રિયામાં આપણો ઉપયોગ ભાવ પણ બરાબર જળવાઇ રહે તે માટે દશ-પચીસ વગેરે બોલો બોલવાની વિધિ બતાડવામાં આવી છે. જે વખતે જે જગ્યા પર જે બોલ બોલાય તે વખતે તે બોલના અર્થમાં ઉપયોગ હોવો જરૂરી છે. આમ ટૂંકમાં પ્રતિલેખનાનો અર્થ એ થયો કે પ્રમાર્જના અને ઉપયોગ અવસ્થા સાથેનું જે વસ્ત્ર-પાત્રાદિનું નિરીક્ષણ તે પ્રતિલેખના કહેવાય.

## પડિલેહણની વિધિ

(૧) વસ્ત્ર કે પાત્રનું પ્રતિલેખન કરતા પહેલાં ઇરિયાવહી પડિક્કમીને મુહપત્તિનું પડિલેહણ કરવું. આ પડિલેહણ-

માં મુહપત્તિ અને શરીર બંનેનું પડિલેહણ આવી જતું હોવાથી (૨૫ + ૨૫) કુલ પચાસ બોલથી પડિલેહણ કરાય છે. સામાન્ય રીતે વસ્ત્રાદિનું પડિલેહણ ઉત્કટુક આસને થાય છે. એટલે કે એકદમ ઉભડક પગે બેસીને કરવાનું હોય છે. સાવ પલાંઠી મારીને કે તદ્દન ઊભા રહીને પડિલેહણ કરી શકાય નહિ

(૨) દાંડો, દંડાસન વગેરે લંબગોળ જેવી ચીજોનું દશ બોલથી તથા વસ્ત્રો-પાત્રો વગેરે સપાટ ચીજોનું પચીસ બોલથી અને શરીરનું પચ્ચીસ બોલથી પડિલેહણ થાય છે.

(૩) મુહપત્તિનું પ્રતિલેખન કર્યા બાદ સવારના પડિલેહણમાં અંદરના નિષેથિયાનું અને ત્યારબાદ બહારના નિષેથિયાનુ પડિલેહણ કરવું (સાંજના પડિલેહણમાં પહેલા બહારનું નિષેથિયું (ઓઘારીયું) અને પછી અંદરનું નિષેથિયું પડિલેહવું) ત્યારબાદ ઓઘાની બાકીની વસ્તુઓનું પડિલેહણ કરવું. પછી ચોલપટ્ટા-કંદોરાનું પડિલેહણ કરવું. આમ પાંચ વાનાં પૂરાં થયાં.

(૪) વર્તમાનમાં કંદોરાનો ઉપયોગ થાય છે. અને તેને ગાંઠ લાગવાની પણ શકયતા છે. માટે ગાંઠની તે અયતના થવાના કારણે ફરી ઇરિયાવહી પડિક્કમવી. (પૂર્વે આ ઇરિયાવહી ન હતી.)

(૫) ત્યારબાદ 'ઇચ્છકારી ભગવન્ ! પસાય કરી 'પડિલેહણા પડિલેહાવોજી'નો આદેશ માંગી નીચે બતાવેલા ક્રમ મુજબ ગુરુ આદિનું પડિલેહણ કરવું. (અ) ગુરુ, આચાર્ય (બ)

તપસ્વી (क) ગ્લાન (ङ) નવદીક્ષિત (च) વૈયાવચ્ચી સાધુ [વૈયાવચ્ચી સાધુ જો બીજા કાર્યમાં રોકાયેલો હોય તો].

(૬) ત્યારપછી એક ખમાસમણું દઇને ઉપધિ મુહપત્તિ પડિલેહું ? નો આદેશ માંગી મુહપત્તિ પડિલેહવી.

(૭) ત્યારપછી બે ખમાસમણા દઇને અનુક્રમે ઉપધિ સંદિસાહું ? અને ઉપધિ પડિલેહું ! ના આદેશો માંગવા.

(૮) ત્યારબાદ પોતાનાં વસ્ત્રોનું પડિલેહણ કરવું. તેમાં ત્રણ કપડામાં સૌપ્રથમ ઉનનો કપડો (કામળી) પડિલેહવો. ત્યારબાદ બે સુતરાઉ કપડા પછી સંથારીયું, પછી ઉત્તર-પટ્ટો વગેરે પડિલેહવા. આ વખતે જ સૂર્યોદય થાય એટલે તરત જ દાંડાનું પડિલેહણ કરવું.

(૯) ત્યારપછી ઈરિયાવહી પડિક્કમીને વસતીની પ્રમાર્જના કરવી. એટલે કે કાજો લેવો. તેને સૂપડીમાં એકઠો કરીને યતનાપૂર્વક નિહાળીને જો તેમાં કલેવર હોય તો તેની મનોમન નોંધ કરી લઈને યોગ્ય સ્થળે પરઠવવો.

(૧૦) કાજો પરઠવનાર સાધુએ ઈરિયાવહી પડિક્કમવી.

(૧૧) શેષ કાળમાં ( શિયાળા-ઉનાળામાં ) આ કાજો દિવસમાં બે વખત પહેલા અને ચોથા પ્રહરમાં લેવાનો હોય છે. જ્યારે વર્ષાકાળમાં મધ્યાહ્ન સમયે. આ રીતે કાજો વધુ લેવાનો હોવાથી કુલ ત્રણ વખત લેવાનો હોય છે.

(૧૨) વસ્તુતઃ વસ્ત્રોની પડિલેહણા કરવા પૂર્વે વસતિ પ્રમાર્જવી તેવી આજ્ઞા છે. પરંતુ સવારના વસ્ત્રોની પડિલે-

હણા વખતે સંપૂર્ણ સૂર્યોદય થયો હોતો નથી. માટે સૂર્યોદય થઈ ગયા બાદ વસતિની પ્રમાર્જના કરાય છે.

(૧૩) જ્યારે બપોરનાં વસ્રોની પડિલેહણા પૂર્વે વસતિ પ્રમાર્જવાની હોય છે.

(૧૪) પડિલેહણા કરતી વખતે પરસ્પર બોલવું નહિ. પચ્ચક્ખાણ આપવું નહિ કે વાચના લેવી કે દેવી નહિ. અને પાણી વગેરે પીવું નહિ. જો વચ્ચે બોલાઈ જાય તો ઈરિયાવહી પડિક્કમીને બાકીનું પડિલેહણ કરવું.

(૧૫) જે સાધુ કે સાધ્વી પડિલેહણમાં ઉપરમાંનો કોઇપણ પ્રમાદ કરે તો તે ષડ્જીવનીકાયનો વિરાધક થાય છે. કેમ કે જેણે ઉપયોગ વિના પડિલેહણા કરી તેને જીવ વિરાધના થાય કે ન થાય છતાં છયે પ્રકારના જીવોની વિરાધનાનો દોષ લાગી જાય છે.

આ સિવાય જિનાજ્ઞાભંગ અને મિથ્યાત્વધર્મ પ્રાપ્તિ નામના બે દોષો લાગી જાય છે. એટલું જ નહિ પણ બીજા સાધુઓ પણ તેને જોઇને એવું આચરણ કરવા દ્વારા જે અનવસ્થા [ પરંપરા ] ચલાવે તે મહાદોષ પણ લાગે છે. માટે પડિલેહણા શાસ્ત્રોકત વિધિ મુજબ કરવી જોઈએ.

## પુરુષનો અને ઉપધિનો ક્રમવિપર્યાસ

પુરુષ વિપર્યાસ ગુર્વાદિના જે ક્રમથી પડિલેહણ કરવાનું પહેલાં બતાવ્યું છે તેમાં અપવાદ માર્ગે ફેરફાર પણ થઈ શકે. દા. ત. કોઇ વિશિષ્ટ સાધુને અભિગ્રહ હોય કે ગુરુ

વગેરે અમુકનું પડિલેહણ મારે કરવું. આ સાધુ જો કોઇ ખાસ કાર્યમાં રોકાયેલો હોય તો બીજા સાધુઓએ તેની રાહ જોવી પડે. એટલે એ સાધુઓ ગુરુની આજ્ઞા લઇને પોતાનું અથવા ગ્લાનાદિ સાધુઓનું પ્રતિલેખન પ્રથમ કરે. ત્યાં સુધીમાં પેલા અભિગ્રહી સાધુ આવી જાય. એટલે ગુરુનું પડિલેહણ શરૂ થાય. જો આમાં કારણ વિના કોઈ સાધુ ક્રમમાં ફેરફાર કરે અર્થાત્ પોતાનું પડિલેહણ પ્રથમ કરી લે તો તે અનાચાર કહેવાય છે.

ઉપધિ વિપર્યાસ જો પ્રતિલેખના સમય ઉપર ચોર વગેરે આવવાની શકયતા જણાય તો પહેલાં પાતરાનું અને પછી વસ્ત્રોનું પ્રતિલેખન કરવું, આ વિપર્યાસ શેષ કાળમાં સમજવો.

## વસ્ત્રોની પડિલેહણા કેવી રીતે કરવી ?

(૧) કાયા અને વસ્ત્ર બન્નેથી ઊંચા રહીને પડિલેહણા કરવી અર્થાત્ ઉભડક પગે ટટાર બેસી અને વસ્ત્રને પણ ચક્ષુ સામે બે હાથમાં પકડીને ઊંચું રાખવું અને તેને તિરછું પહોળું કરવું.

(૨) હાથના અંગૂઠા અને આંગળીઓથી વસ્ત્રને પકડીને તેના ત્રણ-ત્રણ ભાગ કલ્પવા અને તે દરેક ભાગને એકાગ્ર ચિત્તે ચક્ષુને સ્થિર રાખીને જોવા.

(૩) વાયુકાયની વિરાધના ન થાય તે માટે વસ્ત્રની બીજી બાજુ ધીમે રહીને ફેરવવી.

(૪) વસ્ત્રના બન્ને પડખાં પૂરેપૂરા જોવાઈ જવા જોઇએ.

(૫) છ પુરિમ અને નવ અક્ખોડા તથા નવ પક્ખોડા [પ્રમાર્જના] બરાબર કરવા.

## પડિલેહણ વખતની કાળજીઓ

(૧) પડિલેહણા કરતી વખતે વસ્ત્રને કે આત્માને નચાવવો નહિ.

(૨) વસ્ત્ર અને શરીરને નમાવી દેવા નહિ.

(૩) જે વખતે છ પુરિમ નવ અક્ખોડા અને નવ પક્ખોડા આંતરે–આંતરે કરવાના કહ્યા છે તેને બદલે એક સાથે પતાવી દેવા નહિ.

(૪) વસ્ત્ર, ઉપરની છતને, બાજુની દીવાલને કે નીચેની જમીનને અડવા દેવું નહિ.

(૫) ઉતાવળે અન્ય વસ્ત્રો લઇને જલદી જલદી પડિલેહણ કરવું નહિ.

(૬) ઉપધિ પર બેસીને પડિલેહણ કરવું નહિ. વળી વસ્ત્રના છેડાઓ વસ્ત્રના મધ્યભાગ તરફ ઢળી ન જાય તેની કાળજી રાખવી.

(૭) ગુરુના અવગ્રહની અંદર શિષ્યે પોતાની પડિલેહણ કરેલી ઉપધિ મૂકવી નહિ.

(૮) વસ્ત્રને ઝાટકવું નહિ.

(૯) પડિલેહણા કરેલા વસ્ત્રને ઊંચે ક્યાંય ટીંગાડવું નહિ.

(૧૦) નીચે જણાવેલા વેદિકા પંચકનો ત્યાગ કરવો.

(i) પડિલેહણ કરતી વખતે બે ઢીંચણ ઉપર બે કોણી મૂકવી.
(ii) ઢીંચણોની નીચે હાથ રાખવા.
(iii) એક ઢીંચણને આંતરે બે હાથ રાખવા.
(iv) બે હાથની વચ્ચે બે ઢીંચણ રાખવા.
(v) બે ઢીંચણોની અંદર બે ભુજા રાખવી.

(૧૧) વસ્ત્રને ઢીલું પકડવું નહિ અને સંપૂર્ણ પહોળું કરવું.

(૧૨) વાંકુ પકડીને લાંબું કરવું.

(૧૩) અનાદરથી હાથ ઉપર કે જમીન પર વસ્ત્રનો સ્પર્શ થવા દેવો નહિ.

(૧૪) વસ્ત્રના કલ્પેલા વિભાગોમાંનો એક પણ વિભાગ જોયા વિનાનો રાખવો નહિ.

(૧૫) એક કે બે આંગળી વચ્ચે વસ્ત્ર ન લેતાં ત્રણ આંગળીથી જ તેને પકડવું.

(૧૬) ત્રણ પુરિમ કરવાના હોય ત્યાં તેથી ઓછાવત્તા પુરિમ કરવા નહિ.

(૧૭) ઘણાં વસ્ત્રોને ભેગાં પકડીને બધાં વતી એક જ વાર છ પુરિમ કરવા નહિ.

(૧૮) અક્ખોડા પક્ખોડાની નવની સંખ્યામાં ન્યૂનાધિકતા કરવી નહિ.

(૧૯) પુરિમ અક્ખોડા અને પક્ખોડા કેટલા કર્યા તેની શંકા ન થાય તેવા નિશ્ચયપૂર્વક તે કરવા.

(૨૦) ગૃહસ્થો પાસેથી જે વસ્ત્ર-પાત્ર કે પાટલા મળ્યા હોય તેમાં જો કોઈ પણ પ્રકારનું પરિકર્મ [ફેરફાર] કર્યું ન હોય તો તેવી યથાકૃત વસ્તુઓનું પડિલેહણ પ્રથમ કરવું. ત્યાર બાદ એક વાર પરિકર્મિત વસ્તુઓનું પડિલેહણ કરવું અને ત્યાર બાદ બે વગેરે વાર પરિકર્મિત વસ્તુઓનું પડિલેહણ કરવું. આમ કરવામાં વધુ નિર્દોષ વસ્ત્રોનું બહુમાન કરાય છે.

## સાંજના પડિલેહણનો વિધિ

ત્રીજા પ્રહરમાં સાધુએ આગળ ઉપર જણાવવાની છે તેવી શુદ્ધ ભૂમિએ સ્થંડિલ જવું. ત્યાંથી પાછા ફરીને જો હજુ ત્રીજો પ્રહર પૂરો થયો ન હોય તો સાધુએ ઉપાશ્રયમાં બેસીને સ્વાધ્યાય કરવો. અને જો ચોથો પ્રહર શરૂ થતો હોય તો તેણે વસ્ત્ર, પાત્ર વગેરે ઉપધિનું પ્રતિલેખન શરૂ કરવું. આ સમયે એક સાધુ ખમાસમણું દઈને મોટેથી ગુરુને કહે કે, "હે ભગવંત્ ! ત્રીજો પ્રહર સંપૂર્ણ પૂરો થયો છે." આ સાંભળીને બધા સાધુઓ પડિલેહણ કરવાનું શરૂ કરે.

પડિલેહણનો જે સવાર કરતાં વિશેષ વિધિ છે તે જ અહીં બતાવાય છે. તેમાં ઉપવાસીએ પાંચને બદલે ત્રણ વાનાં કરવાના હોય છે. ત્યાર બાદ જે તમામ વસ્ત્રોનું પડિલેહણ કરવાનું હોય છે. તેમાં ઉપવાસીએ ચોલપટ્ટો છેલ્લે પડિલેહવાનો હોય છે. હાલની પરંપરા પ્રમાણે પાંચ વાના કર્યા બાદ ઇરિયાવહિ પડિક્કમીને બધા આદેશો માંગ્યા પછી તમામ વસ્ત્રોનું પડિલેહણ કરવાનું હોય છે. જેમાં છેલ્લો ઓઘો

આવે છે. ત્યાર પછી ઇરિયાવહિ કરી કાજો લેવો, પરઠવવો અને તેની ઉપર ઇરિયાવહિ પડિક્કમીને પાત્ર પ્રતિલેખન શરૂ કરવું. પાત્ર પડિલેહણમાં પાતરા–ગુચ્છો–ઝોળી–પલ્લા અને છેલ્લે રજસ્ત્રાણનું પડિલેહણ કરવું. ત્યાર પછી પાટ–પાટલા–માત્રાની કૂંડીઓ વગેરે વપરાતી બધી ચીજોનું પડિલેહણ કરવું. ચોથા પ્રહરનો જે સમય બચ્યો હોય તેમાં સૂત્રાદિનો પાઠ કરવો અથવા વડીલ વગેરે અન્ય સાધુઓ જે કોઈ કામ ચીંધે તે કરવું.

## પાત્ર પ્રતિલેખન

સૂર્યોદય પછી પોણો પ્રહર થાય ત્યારે પાત્ર-પ્રતિલેખન કરવુ જોઇએ. આ સમયમાં જેટલું મોડું કરાય તેટલું પ્રાયશ્ચિત વધતું જાય. આ પડિલેહણ કરતી વખતે પહેલા પોતાની તમામ ચીજ વસ્તુઓ પાસે લાવીને મૂકવી. અને ત્યારપછી જ ઇરિયાવહિથી પડિલેહણ શરૂ કરવું. જોકે વસ્ત્રનું પ્રતિલેખન ઉભડક પગે કરવાનો વિધિ હોવા છતાં પાત્ર–પ્રતિલેખન બેસીને જ કરવું. કેમકે તે માટે વારંવાર ઉભડક પગે કરવાથી જે વધુ સમય જાય તેનાથી સ્વાધ્યાયનો વ્યાઘાત થાય છે જે ઉચિત નથી. આ ઉપરથી સારી રીતે સમજી શકાય છે કે સ્વાધ્યાયનું કેટલું બધું મહત્ત્વ છે.

(૧) જેમ બને તેમ જમીનની નજદીક પાતરા રાખીને પ્રતિલેખન કરવું. જેથી પડીને તૂટવાનો પ્રસંગ ઊભો ન થાય.

(૨) ઉભડક પગે કે સાવ ઉભા રહીને તો પાતરાનું પડિલેહણ થાય ન નહિ.

(૩) દોરો આખો ખુલ્લો કર્યા પછી જ તેનું પડિલેહણ થાય.

(૪) જો કોઇ પાતરાને ભમરીનું ઘર લાગેલું હોય તો તેને ત્રણ પ્રહર સુધી દૂર મૂકી રાખવું. જો તે સમય દરમ્યાન પણ તે ઘર તેની જાતે ખરી ન પડે તો આખું પાત્ર દૂર જ રહેવા દેવું. પણ જો તે ઘરમાં જીવ ન હોવાની પાકી ખાતરી થતી હોય તો તેને સંપૂર્ણ દૂર કરીને તે પાત્ર ઉપયોગમાં લેવું.

(૫) શેષ કાળમાં અગ્નિ–ચોર આદિનો ભય વિશેષ હોવાને કારણે એવા પ્રસંગે બધી ઉપધિ એક જ મિનિટમાં લઇને તે વસતિનો ત્યાગ કરી શકાય તે માટે પાતરા વગેરે વિહારની જેમ બાંધીને જ રાખવા. આ નિયમ ચોમાસામાં લાગુ પડતો નથી કેમકે અગ્નિ, ચોર વગેરેનો ભય સામાન્ય રીતે તે સમયમાં હોતો નથી.

(૬) વસ્ત્ર કે પાત્રનું કોઇ પણ પ્રતિલેખન કરતા કશું બોલી શકાય નહિ, પચ્ચક્ખાણ પણ આપી શકાય નહિ કે કરેમિ ભંતે સૂત્ર ગૃહસ્થને ઉચ્ચરાવી શકાય નહિ. કોઇ ખાસ કારણે તેમાં અપવાદ હોઇ શકે છે.

(૭) જેણે નવકારશી વખતે પાતરા પડિલેહણ કર્યું હોય તેણે પોરિસિ ભણાવતી વખતે ફરી તે બધુ પડિલેહણ કરવું જ જોઇએ.

(૮) આઘાડ કારણ સિવાય સૂર્યોદય પહેલાં પાતરા પડિલેહણ થઈ શકે નહિ.

(૯) ઉનાળામાં ત્રણ, શિયાળામાં ચાર, અને ચોમાસામાં પાંચ પડલા રાખવા જોઈએ અને તે સ્વતંત્ર ટુકડા જ હોવા જોઈએ. અને તેનું પડિલેહણ કર્યા બાદ તે દરેકને એક બીજા ઉપર ગોઠવ્યા પછી જ વાળવા જોઈએ અર્થાત્-દરેકની સ્વતંત્ર રીતે ગડીઓ કરવી જોઈએ નહિ.

(૧૦) જે ઝોળી કે પલ્લા ગોચરીના કોઈ પણ દ્રવ્યથી ખરડાયા હોય તેને જેમ બને તેમ જલદી સાબુ વગેરેથી દૂર કરવા. ચાલુ વસ્ત્રોમાં સાબુનો ઉપયોગ નહિ કરનારાએ પણ ઝોળી પલ્લાની સાફસૂફી કરવા માટે જરૂર પડે તો સાબુનો પણ ઉપયોગ કરવો જ.

(૧૧) કશોય ડાઘ ન લાગ્યો હોય તો પણ ધૂળ વગેરેથી મેલા થયેલા ઝોળી પલ્લાને વારંવાર ધોઈને એકદમ સાફ રાખવા.

(૧૨) બપોરની ગોચરી પછી તો હમેશાં બન્ને લુણા ચોખ્ખા સાફ કરવા.

## (૩) સ્થંડિલભૂમિનું પ્રતિલેખન

સ્થંડિલભૂમિ એટલે જીવાદિ વિનાની તદ્દન નિર્દોષ ભૂમિ. દિવસના ત્રીજા પહોરની અંદર જો સાધુ સ્થંડિલભૂમિએ જાય તો તે તેના માટેનો કાળ કહેવાય. તે સિવાયના પ્રહરમાં જાય તો તેના માટે તે અકાળ કહેવાય. આ ત્રીજા પ્રહરમાં શૌચ માટે જતા સાધુએ તે ભૂમિનું પડિલેહણ કરવું જોઈએ. મુખ્યત્વે એ ભૂમિ અનાપાત અને અસંલોક હોવી જોઈએ.

(૧) જ્યાં બીજું કોઇ આવતું ન હોય તે અનાપાત ભૂમિ કહેવાય.

(૨) જ્યાં બીજું કોઈ દેખતું ન હોય તે અસંલોક ભૂમિ કહેવાય.

## અનાપાત

મનુષ્યમાં સ્વપક્ષ અને પરપક્ષ હોય છે. સ્વપક્ષમાં પણ સાધુ અને સાધ્વી હોય છે. સાધુમાં પણ સંવેગી અને અસંવેગી હોય છે. સંવેગીમાં પણ મનોજ્ઞ [ સમાન આચારવાળા ] અને અમનોજ્ઞ હોય છે. તેમાં સ્વપક્ષી સંયમી સંવેગી મનોજ્ઞ સાધુ આવે તો તેનો નિષેધ નથી પરંતુ તે સિવાયનો નિષેધ સમજવો. સાધ્વીનો (વિજાતીયનો) આપાત [ આગમન ] એકાંતે વર્જવો.

સાધ્વી માટે તો અસંલોક અને આપાતવાળી હોવી જોઇએ. (શિયળના રક્ષણ માટે)

તિર્યંચમાં મારકણા હિંસક અને વિજાતીયનો આપાત વર્જવો.

## અસંલોક

દૂરથી કોઇ તિર્યંચ જોતા હોય તો તેનો દોષ નથી. પરંતુ મનુષ્યનો સંલોક હોવો જોઇએ નહિ. કેમ કે તેથી પ્રવચન હીલના થવાનો સંભવ છે. સ્ત્રી આદિના સંલોકથી અનુરાગ કે પ્રવચન હીલના થવાનો સંભવ છે.

# ભૂમિ કેવી હોવી જોઇએ ?

(૧) અનાપાત અને અસંલોકવાળી

(૨) અનુપઘાતવાળી માલિકી વિનાની ભૂમિ હોય તો માલિક તરફથી પરાભવ ન થાય પરંતુ બીજાઓ તરફથી પરાભવ થવાની શકયતાઓ છે. માટે કોઇ પણ તરફથી પરાભવ ન થાય તેવી ભૂમિ હોવી જોઇએ.

(૩) સમ ખાડાટેકરા વિનાની હોવી જોઇએ જેથી શરીરને નુકશાન થવાની કે વિરાધના થવાની શકયતા ન રહે.

(૪) અશુસીર ઘાસ પાંદડાંથી ઢંકાયેલી ભૂમિને અશુસીર કહેવામાં આવે છે. આવી ભૂમિ પર બેસવાથી ત્યાં રહેલા વીંછી વગેરે કરડવાનો ભય રહે છે.

(૫) અચિરકાલ કૃત જે ભૂમિને અગ્નિ વગેરે દ્વારા અચિત્ત થયાને વધારે સમય ન થયો હોય અર્થાત્ બે–ત્રણ મહિના જ થયા હોય તેવી ભૂમિને અચિરકાલ કૃત કહેવાય. જેને અચિત્ત થયાને વધારે મહિના થઇ ગયા છે તે ભૂમિ ફરી પાછી સચિત્ત અથવા મિશ્ર થઇ જવાની પૂરી શકયતા હોવાથી તે ભૂમિનો ત્યાગ કરવો.

(૬) વિસ્તીર્ણ જઘન્યથી (એક ચોરસ હાથમાં) અને ઉત્કૃષ્ટથી બાર યોજન પહોળા સ્થળનો ઉપયોગ કરવો.

(૭) દૂરાવગાઢ બેસવાની ભૂમિ જઘન્યથી નીચે, સૂર્યના તાપ વગેરે દ્વારા, ચાર આંગળ સુધી અચિત્ત થયેલી હોવી જોઇએ.

(૮) અનાસન્ન દૂરના પ્રદેશમાં બેસવું જોઈએ. કોઈના ઘર કે બગીચા પાસે બેસી જવું તે દ્રવ્યથી આસન્ન કહેવાય અને સખ્ત શંકા થવાથી નજીકમાં બેસી જવું પડે તે ભાવથી આસન્ન કહેવાય, આ બંને પ્રકારના આસન્નનો ત્યાગ કરવો.

(૯) બીલવર્જિત જે ભૂમિમાં કીડી વગેરેનાં દરો ન હોય ત્યાં બેસવું.

(૧૦) ત્રસ-પ્રાણ-બીજ રહિત ત્રસ વગેરે જીવોથી રહિત ભૂમિમાં બેસવું.

આ દશ વસ્તુના જુદી-જુદી રીતે એક હજાર ચોવીસ વિકલ્પો થાય છે. તેમાંનો આ દશે-દશ વસ્તુવાળો એક હજાર ચોવીસમાંનો એક જ વિકલ્પ શુદ્ધ છે. બાકીના અશુદ્ધ છે.

## શરતો

(૧) બેસતી વખતે પૂર્વ કે ઉત્તર દિશા તરફ પીઠ કરવી નહિ. કેમ કે તે બન્ને દિશાઓ અજૈન લોકોમાં પૂજ્ય મનાય છે. વળી રાત્રે દક્ષિણ દિશામાં પીઠ કરી બેસવું નહિ. કારણ કે એવી લોકવાયકા છે કે, "રાત્રે દેવો દક્ષિણમાંથી ઉત્તરમાં જતા હોય છે."

(૨) ગામની અંદર દેવ-મંદિરો હોવાથી ગામ તરફ પીઠ કરીને પણ બેસવું નહિ.

(૩) પવન જે દિશામાંથી આવતો હોય તે દિશા તરફ પીઠ કરી બેસવું નહિ, કેમ કે તેથી વિષ્ઠા પરથી આવેલો પવન નાકમાં જતાં નાકમાં મસા થવાની શકયતા છે.

(૪) જ્યાં વૃક્ષ વગેરેની છાયા પડતી હોય ત્યાં બેસવું. જેથી વિષ્ઠામાં જો કૃમિ પડયાં હોય તો તેમને સૂર્યના તડકાનો ત્રાસ ન થાય– જો આવી કોઇ છાયા મળે જ નહિ તો શૌચવિધિ પતાવ્યા બાદ તે વિષ્ઠા ઉપર પોતાનો પડછાયો કરીને ત્યાં જ બે ઘડી સુધી ઊભા રહેવું. જો ત્યાં ઊભા રહેવામાં સમાધિ ટકતી ન જ હોય તો આસપાસમાં પડેલા મોટા એવા સૂકાં પાંદડાંઓને જયણાપૂર્વક લઇને અશુચિ પદાર્થ ઉપર કે તેની બાજુમાં છાંયો પડે તે રીતે ગોઠવવાં. જો પહેલેથી જ કૃમિ પડવાની શકયતા જણાતી હોય તો જીર્ણ વસ્ત્ર લઈને જ સ્થંડિલભૂમિ જવું અને ‘ વોસિરે ’ ત્રણ-વાર બોલીને તે વસ્ત્ર વિષ્ઠા પર ઢાંકી દેવું.

(૫) શુદ્ધિ કરવા માટેનું પાણી કે માત્રું મળ ઉપર પડવું જોઇએ નહિ કે મળમાં મિશ્રિત થવું જોઈએ નહિ. કેમ કે તેથી તે મળને સુકાતાં વધુ સમય લાગે.

(૬) બેસતી વખતે દાંડો ડાબા પગમાં અને તરપણી ડાબા હાથમાં રાખવી. સાફ કરતી વખતે તરપણી જમણા હાથમાં લેવી. તે બન્ને જમીન પર તો ન જ મૂકી શકાય.

(૭) શાસ્ત્રકારોએ તો લીસા એવા ગોળ ચોખ્ખા પથ્થર [ ડગલ ] નો શુદ્ધિ કરવા ઉપયોગ કરવાનું જણાવ્યું છે. આમ કરવાથી પાણીનો ઉપયોગ ખૂબ ઓછો થઇ જાય છે. પણ જો કોઈ કારણસર ડગલનો ઉપયોગ કરી શકાય તેમ ન હોય તો પણ શકય તેટલા ઓછા પાણીથી ચલા-વવું. કેમ કે તમામ કાર્યોમાં પાણીને ઘીની જેમ વાપર-વાની આજ્ઞા છે.

(૮) શુદ્ધિ કર્યા બાદ ડાબા હાથની આંગળીઓ પાણી માટી કે રખ્યા આદિ ચીજથી તરત જ સાફ કરવી. તે અત્યંત આવશ્યક છે.

(૯) જો પગનાં તળિયાં રસ્તામાં જતા આવતા શ્લેષ્મ વગેરેથી ખરડાયા હોય તો જ માત્ર પગનાં તળિયાં ઓછા પાણીથી સાફ કરીને વસતિમાં કે જિન-મંદિરમાં પ્રવેશ કરવો, નિષ્કારણ પગ ધોવા નહિ તેમ જ તળિયાં સિવાયનો ભાગ તો અપવાદ સિવાય કદી ધોવાય નહિ.

(૧૦) " અણુજાણહ જસ્સુગ્ગહો " બોલીને બેસવું અને " વોસિરે....વોસિરે....વોસિરે (ત્રણ વખત) બોલીને ઊભા થવું."

## એક હજાર ચોવીસ ભાંગા

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૦ | ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ |

આ હકીકત સ્થાપનાથી સમજાવે છે કે અહીં દશ-સંયોગી ભાંગા કાઢવાના છે. માટે આ પ્રમાણે બે રાશી લખવી. પછી નીચેની રાશીના જમણા છેડે એક આંક છે તેની પાસેના બેના આંકથી ઉપરની રાશીના છેલ્લા દશના આંકને ભાગ દેતા પાંચ જવાબ આવે. તેનાથી તે ઉપરના દશની પાસેના નવના આંકને ગુણતાં પિસ્તાલીસ જવાબ આવે. એટલા દ્વિકસંયોગીભાંગા જાણવા. પછી ત્રિકસંયોગી ભાંગા

કાઢવા માટે એ પિસ્તાલીસના આંકને નીચેની રાશીના બેની પાસેના ત્રણના આંકથી ભાગી તેની ઉપરના આઠના આંકથી ગુણુતા એક સો વીસ ભાંગા આવે. પછી ચતુઃસંયોગી ભાંગા નિપજાવવા માટે એકસો વીસને નીચેની રાશીના ચારના આંકથી ભાગી, તેની ઉપરના સાતના આંકથી ગુણુતાં બસો ને દશ ભાંગા ચતુઃસંયોગી થાય. તે પછી પંચસંયોગી ભાંગા માટે બસો ને દશ ને નીચેની રાશીના પાંચના આંકથી ભાગ આપી ઉપરના છના આંકથી ગુણુતાં બસો ને બાવન આવે, તેટલા ભાંગા પંચ-સંયોગી જાણુવા. છ સંયોગી માટે પંચસંયોગીના બસો ને બાવનના આંકને નીચેની રાશીના છના આંકથી ભાગ દઈ, તેની ઉપરના પાંચના આંકથી ગુણુતા બસો ને દશ જવાબ આવે, તેટલા ભાંગા છ સંયોગી થયા. સાત સંયોગી ભાંગા માટે એ બસો ને દશના આંકને સાતથી ભાગ દઈ તેની ઉપરના ચારના આંકથી ગુણુતાં એક સો વીસની સંખ્યા આવે, તેટલા સપ્ત-સંયોગી જાણુવા. આઠ સંયોગી ભાંગા માટે એ એક સો વીસની સંખ્યાને નીચેની રાશીના આઠના આંકથી ભાગ લઈ તેની ઉપરના ત્રણના આંકથી ગુણુતા પિસ્તાલીસ જવાબ આવે. તેટલા આઠસંયોગી ભાંગા થાય. નવસંયોગી ભાંગા માટે આઠસંયોગીની પિસ્તાલીસની સંખ્યાને નીચેની રાશીના નવમા અંકથી ભાગ દઈ ઉપરના બેના અંકથી ગુણુતાં દશ આવે તેટલા ભાંગા નવસંયોગી જાણુવા. અને દશ સંયોગી માટે નવ-સંયોગી દશભાંગાને નીચેની રાશીના દશના આંકથી ભાગી ઉપરના એકના આંકથી ગુણુતાં એક જવાબ આવે તે ભાંગો દશસંયોગી જાણુવો. અર્થાત્ દશનો સંયોગીભાંગો

એક જ થાય. આમ જેટલી સંખ્યાના સંયોગીભાંગા કાઢવા હોય તે માટે ઉપર મુજબ ગણિત કરવું.

સ્થંડિલભૂમિના દશ પર્યંતની સંખ્યાના સંયોગી-ભાંગા કેટલા થાય ? તે જણાવતા કહ્યું છે કે,—

દશ-પિસ્તાલીસ-એક સો વીસ-બસો ને દશ-બસો ને બાવન-બસો ને દશ-એક સો વીસ-પિસ્તાલીસ-દશ અને એક એમ અનુક્રમે એક સંયોગી-દ્વિકસંયોગી યાવત્ દશ સંયોગી ભાંગા જાણવા. એ બધાનો સરવાળો કરતાં એક હજાર ને ચોવીસ થાય. તેમાં એક હજાર ત્રેવીસ ભાંગા દોષવાળા હોવાથી અશુદ્ધ છે. અને એક શુદ્ધ [ દશ પૈકી કોઈપણ દોષ વિનાનો ] મળે ત્યારે એક હજાર ચોવીસ થાય, તે છેલ્લો ભાંગો શુદ્ધ જાણવો.

આ એક હજારને ચોવીસ ભાંગે સ્થંડિલ માટે શુદ્ધ પ્રદેશ યાને ભૂમિ પ્રાપ્ત થાય છે.

## (૪) અવસ્ટંભની પ્રતિલેખના

પ્રતિલેખનાના પાંચ દ્વારમાં આપણે સ્થાન ઉપકરણ અને સ્થંડિલ એ ત્રણ દ્વારોની પ્રતિલેખના વિચારી-હવે ચોથા અવસ્ટંભ દ્વારની પ્રતિલેખના વિચારીએ.

અવસ્ટંભ એટલે ભીંત વગેરે ટેકો દેવાની વસ્તુ. જ્યારે પણ ટેકો દેવો હોય ત્યારે તે જગ્યાને અને ખભાને પૂંજી લેવું જોઈએ. નહિ તો ત્રસ જીવોની વિરાધના થવાની શકયતા રહેલી છે.

## (૫) માર્ગની પ્રતિલેખના

માર્ગમાં ચાલતી વખતે ધૂંસરી-સાડાત્રણ હાથ પ્રમાણ ભૂમિ સુધી નજર રાખીને ચાલવું, સાવ અંગૂઠા પાસે નજર રાખીને ચાલવાથી એકાએક પગ નીચે આવી પડતા જીવની રક્ષા થઈ શકતી નથી. વળી થોડેક દૂર સુધી નજર રાખી હોય તો કાંટા વગેરે કે ખાડો આવતા કાળજી કરવાનો સમય મળી શકે છે.

અહીં પાંચ દ્વારવાળું પ્રતિલેખના નામનું પ્રથમ દ્વાર પૂર્ણ થાય છે.

# પિંડદ્વાર

(૩)

આ દ્વારમાં પિંડ અને તેની એષણાનું સ્વરૂપ કહે-વામાં આવ્યું છે. દ્રવ્ય અને ભાવ બે પ્રકારના પિંડ છે.

## દ્રવ્યપિંડ

તે દશ પ્રકારે છે, જેમાં પૃથ્વી આદિ પાંચ, બેઈન્દ્રિય આદિ ચાર અને એક લેપ નામના પિંડનો સમાવેશ થાય છે.

## લેપપિંડ

"લેપ (રંગ) સવારે કરવો, લેપ વસ્ત્રથી સારી રીતે બાંધેલા, ઉપર નીચે ઢાંકેલા શરાવ સમ્પુટમાં ગ્રહણ કરવો. હવે લેપને લાવવાનો તથા પાત્રને લેપવાનો વિધિ જાણીએ.

પાત્રને લેપ કરવા ઇચ્છતો સાધુ તે દિવસે ઉપવાસ કરે, કે જેથી પાત્રની જરૂર ન રહેવાથી લેપ સારી રીતે કરી શકાય. તેવી શક્તિ ન હોય તો સવારે જ (આહારનું કામ પતાવવા પૂર્વના દિવસની કલ્પ્ય વસ્તુ લાવીને) ભોજન કરી લે, (જો સવારે આહાર ન મળે તો બીજા સાધુઓ લાવી આપે તે વાપરે.) પછી લેપ લેવા માટે જતા પહેલાં ગુરુને વાંદીને અનુજ્ઞા માંગે. ગુરુ અનુજ્ઞા આપે ત્યારે પૂછે કે, "હું લેપ લાવીશ. તેનું આપને પણ પ્રયોજન છે?" એમ બીજા સર્વ સાધુ-ઓને પણ પૂછે. તેઓ પોતાની આવશ્યકતા પ્રમાણે મંગાવે તેટલા પ્રમાણમાં લાવવાનું કબૂલ કરે, પછી ઉપયોગનો એક નવ-કારનો કાઉસ્સગ્ગ, ઉપર પ્રગટ નવકાર, વગેરે ઉપયોગનો

વિધિ કરીને પોતે વસ્ત્ર-પાત્રાદિ લાવવાના વિધિનો જાણ-ગીતાર્થ હોય તો લેપ લેવા માટે શરાવસમ્પુટ (બે કોડિયાં) અને લેપને ઢાંકવા માટે રૂ ગૃહસ્થને ત્યાંથી મેળવે, સ્વયં તે મેળવવામાં અનુભવી-ગીતાર્થ ન હોય તો બીજા ગીતાર્થ લાવી આપે તે લઇને તેમાં છાર (ભસ્મ) ભરીને જાય, (જ્યાં) શરાવમાં લેપ લે, ત્યાં લેપ ઉપર એક કપડાનો ચીરી (ટુકડો) મૂકીને તેમાં ત્રસ જીવો ન ચઢે (મરે) તે માટે રૂ મૂકી ઉપર ભસ્મ (રક્ષા) નાખે. એ રીતે લેપ લેવાની બધી સામગ્રી લઇને જાય, ગાડાની પાસે જઇને જે ગાડામાંથી લેપ (પૈડાંની મળી) લેવાનો હોય, તેના માલિકની આજ્ઞા મેળવે (લેપ શય્યા-તરના ગાડાનો પણ લઈ શકાય) કડવો મીઠો લેપ જાણવા માટે નાકથી સૂંઘીને ગંધથી કડવી-મીઠી મળીનો નિર્ણય કરે, કડવા તેલનો (કડવો) લેપ પાત્ર ઉપર ટકે નહિ, ઊતરી જાય. માટે તે નહિ લેતાં મીઠા તેલનો લેવો. ગાડું પણ-લીલી વનસ્પતિ કે સચિત્ત બીજ વગેરે ઉપર ન હોય, ત્યાં ભમતા ઊડતા જીવો(ના મરવાનો ભય) ન હોય, મહાવાયુ ન હોય, કે આકાશમાંથી ધુમ્મસ ન પડતું હોય, તો લેપ લેવાય. તે પણ જરૂર જેટલો લેવો-વધારે નહિ, એ રીતે યોગ્ય સ્થળેથી ગાડાનો લેપ લઈને ઉપર વસ્ત્રનો ટુકડો, પછી રૂ, અને રૂની ઉપર ભસ્મ દાબીને (ઉપર બીજું શરાવ ઢાંકીને) વસ્ત્રથી તે સંપુટને બાંધીને ગુરુ પાસે આવી ઇરિયાવહી પડિક્કમીને લેપની આલોચના કરે. (કેવી રીતે? કયાંથી લાવ્યો? વગેરે ગુરુને જણાવે) પછી ગુરુની આજ્ઞા મેળવીને પોતાનું પાત્ર લીંપે.

# પાત્ર લીંપવાનો વિધિ

(લેપની પોટ્ટલી બનાવવા માટે) પાત્ર ઊંધું કરીને તેની ઉપર વસ્ત્રનો એક કકડો પાથરી, તેમાં રૂનું પડ પાથરી, પછી તેમાં લેપ નાખીને તેની પોટ્ટલી બનાવીને તે પોટ્ટલીને અંગૂઠો, તર્જની અને મધ્યમા, એ ત્રણ આંગળાથી પકડે. એ રીતે પકડેલી પોટ્ટલીના જાડા વસ્ત્રના ટુકડામાંથી નીકળતા રસથી પાત્રને લેપ કરે. લીંપવાના એક, બે કે ત્રણ પાત્રોને લીંપીને આંગળીથી ઘસીને કોમળ (સુંવાળા) કરે, તેમાં પણ એક પાત્રને ખોળામાં મૂકીને બીજાને આંગળીથી ઘસે, એમ વારંવાર એક કે બે પાત્રોને ખોળામાં મૂકીને એક પાત્રને લઈને ઘસે, પાછું તેને ખોળામાં મૂકીને બીજું ખોળામાંથી લઈ તેને ઘસે, એમ ઘસાયેલું ખોળામાં મૂકી બીજું ઘસવા લે, વારા પ્રમાણે બદલીને દરેકને આંગળીથી ઘસતો રહે. જો એક જ પાત્ર ઉત્કૃષ્ટ (તલના તેલની ગાડાની મળીના) લેપથી લેપ્યું હોય તો તે સુકાય ત્યારે તે જ દિવસે પણ તેમાં પાણી લાવી શકાય. પાત્ર રંગનાર ઉપવાસી હોય તેનો આ વિધિ કહ્યો. હવે જો સ્વયં ઉપવાસી છતાં ગ્લાન વગેરે બીજા સાધુઓની વૈયાવચ્ચ કરનારો (તેવા અભિગ્રહવાળો) હોય ત્યારે તેનું રંગેલું પાત્ર નહિ સુકાવાથી તેને સૂનું મૂકીને બહાર જવાય નહિ. અને તે ગ્લાનાદિ સાધુઓ આહાર-પાણીના અભાવે સીદાય ત્યારે અથવા સ્વયં ઉપવાસ કરવા અશક્ત હોય ત્યારે શું કરે ? તે કહે છે કે બીજા ઉપવાસી સાધુઓને, કે ઉપવાસી

નહિ એવા પણ ગોચરી નહિ જનારા બીજા સાધુઓને લીંપેલું પાત્ર ભળાવીને બીજાનું તે દિવસે લેપ કર્યો ન હોય તેવું પાત્ર લઈને ગોચરી જાય. જો એ રીતે તેનું પાત્ર સંભાળે તેવો બીજો સાધુ ન હોય અને ૧. લીપેલું ૨. વહોરવાનું અને ૩. નાનુ (માત્રક), એમ ત્રણ પાત્રો સાથે લઈ જવા સમર્થ ન હોય તો કીડી આદિનો ઉપદ્રવ (વિરાધના-હિંસા) ન થાય તે માટે રંગેલા પાત્રને અને લેપથી ખરડાયેલા 'પોટ્ટલીના કાપડ, (રૂ) તથા શરાવ-સમ્પુટ' વગેરેને બીજી ભસ્મથી મિશ્રિત કરીને (રગદોળીને કોઈ જીવ ન મરે તેમ) નિર્જન સ્થાને મૂકીને ગોચરી જાય. પાણી તો તેને માટે બીજા સાધુ લાવે. એ લેપ લેવાનો, લાવવાનો અને પાત્ર લેપવાનો વિધિ (તથા) જયણા કહી.

હવે તેના પરિકર્મનો (તપાવવાનો) વિધિ કહે છે- લીંપેલા પાત્રને છાણુ, ભસ્મ ઘસીને (ચોપડીને) ઝોળી સહિત રજસ્રાણમાં વીંટીને કૂતરાં, બિલાડાં, વગેરે ખેંચી ન જાય માટે ગાંઠ દીધા વિના જ ફૂટેલા ઘડાના પડિલેહેલા કાંઠલા વગેરે તાપમાં મૂકે. તાપ (તડકો) ફરે તેમ પાત્રને પણ પડખું બદલી તાપમાં ફેરવે (મૂકે). રાત્રે તો પોતાની સામીપમાં જ મૂકી રાખે. પરિગ્રહદોષને ટાળવા માટે તે દિવસે વાપરેલા ઘડાના કાંઠલા વગેરેને 'કાલે બીજા મળશે' એમ માની પરઠવી દે, બાકી રૂ સહિત વધેલા લેપને (કદાચિત્ તે પાત્રને કે બીજા પાત્રને અષ્ટક (ફૂટો) દેવાનો હોય તો હાથ વડે ચૂરીમસળીને અષ્ટક (ફૂટો) બનાવે અને પ્રયોજન ન હોય

તો ભસ્મ મેળવીને પરઠવે. એમ લેપ જઘન્યથી એકવાર અને ઉત્કૃષ્ટથી પાંચ વાર કરી શકાય.

પાત્ર તાપમાં મૂકવામાં શિશિર (શીત) કાળમાં પહેલો અને છેલ્લો પ્રહર સંપૂર્ણ અને ગ્રીષ્મ (ઉષ્ણુ) કાળમાં પહેલા પ્રહરનો પૂર્વાર્ધ અને છેલ્લા પ્રહરનો ઉત્તરાર્ધ, એમ અડધો અડધો પ્રહર તજવો. કારણુ કે તે કાળ સ્નિગ્ધ (હવાવાળો) હોવાથી લેપનો નાશ થવાનો ભય રહે, માટે તે સમયે પાત્રાને તાપમા ન મૂકવા. વર્ષા તથા કૂતરા વગેરેથી રક્ષણુ કરવા માટે સુકાતા પાત્રને વારંવાર જોતો રહે. અથવા પોતે ગ્લાન વગેરેના કામમાં રોકાય તો બીજા સાધુને પાત્ર સંભાળવાની ભલામણુ કરે. એ ગાડાની મળીના લેપનો વિધિ કહ્યો.

બીજો લેપ 'તજ્જાત' નામનો કહ્યો. 'तत्र जात इति तज्जातः' એ વ્યુત્પત્તિથી ગૃહસ્થના ચોપડ ભરવાના વાસણુ ઉપર ચીકાશમાં લાગેલી ઘટ્ટ બની ગયેલી (તેલના કુડલા વગેરે ઉપરની) મળીને 'તજ્જાત' લેપ કહેલો છે. આ લેપથી લીંપેલા પાત્રને ઘુંટાથી ઘસીને (ઘૂંટીને) સુંવાળું બનાવી કાંજીથી ધોવું, એ તેનો વિધિ છે.

ત્રીજા લેપનું નામ 'યુક્તિજાત' છે, 'योजनं युक्तिः' એવી વ્યુત્પત્તિથી તે લેપ પથ્થર વગેરેના કકડાઓનો ચૂરો કરીને તેમાં (રૂ-તેલ વગેરેની) મેળવણી કરીને બનાવેલો જાણુવો. આ લેપનો સંનિધિ (સંગ્રહ) કરવો પડે માટે તેનો નિષેધ કરેલો છે. એમ લેપ ત્રણુ પ્રકારનો જાણુવો.

લેપના ઉત્તમ, મધ્યમ અને જઘન્ય, એમ પણુ ત્રણુ પ્રકારો કહ્યા છે. તેમાં તલના તેલનો ઉત્કૃષ્ટ, અળસીના

તેલનો મધ્યમ અને સરસવના તેલનો બનેલો જઘન્ય જાણવો. ઘી, ગોળ વગેરેથી બનેલા લેપનો નિષેધ કરેલો છે. રત્ન વગેરેથી બાંધેલી જમીનની ફરસબંધી જેમ સરખી હોય, તેમ લેપ (જાડો–પાતળો નહિ, પણ) સર્વત્ર સરખો કરવો.

જો પાતરું તૂટી જાય તો તેને મુદ્રિકાબંધથી કે નવાબંધથી સાંધવું. પણ સ્તેન બંધથી સાંધવું નહિ. બંધમાં બે બાજુ સાંધા ન દેખાય તે રીતે પાત્રને અંદરથી સાંધવું.

## (બ) ભાવપિંડ

તે પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ બે પ્રકારે છે. જેમાં પ્રશસ્ત ભાવપિંડના ત્રણ પ્રકાર છે, તે આ પ્રમાણે. જે પિંડથી જ્ઞાનાદિની વૃદ્ધિ થાય તે પિંડ અનુક્રમે (i) જ્ઞાનપિંડ (ii) દર્શનપિંડ અને (iii) ચારિત્ર પિંડ કહેવાય.

અપ્રશસ્ત ભાવપિંડ રાગ અને દ્વેષથી બે પ્રકારે છે. ક્રોધાદિથી ચાર પ્રકારે છે. સાત પ્રકારના ભયથી સાત પ્રકારે છે અને આઠ પ્રકારના મદના સ્થાનોથી તથા આઠ કર્મોના ઉદયથી આઠ પ્રકારે છે,

## એષણા

લેપ કરેલા પાતરામાં આહારાદિ ગ્રહણ કરવાના છે માટે તે આહારની એષણા (તપાસ) કરવી જોઇએ. આ એષણા ત્રણ પ્રકારે છે. (૧) ગવેષણા (૨) ગ્રહણૈષણા (૩) ગ્રાસૈષણા.

## ગવેષણા

તેના આઠ દ્વાર નીચે મુજબ છે.

(૧) પ્રમાણ (૨) કાળ (૩) આવશ્યક (૪) સંઘાટ્ટક (૫) ઉપકરણ (૬) માત્રક (૭) કાઉસ્સગ્ગ (૮) યોગ–અપવાદ.

(૧) **પ્રમાણ** ગૃહસ્થના ઘેર ભિક્ષા લેવા માટે એક જ વાર જવાય અને આહાર–પાણી સાથે જ લવાય. પરંતુ અકાળે સ્થંડિલની શંકા થાય તો તેનું પાણી લેવા માટે બીજી વાર પણ જઈ શકાય.

(૨) **કાળ** જે ગામમાં ભિક્ષાનો જે કાળ હોય તે કાળે જ જવું. જો વહેલો જાય તો નીચેના શબ્દો અપરિણત લોકો બોલે, "અત્યારના આ મૂંડિયા અહીં આવી ચઢયા અને અમંગળ કર્યું." "આ સાધુઓ સવારથી જ પેટ ભરવામાં પડયા છે." "શું આ તમારો ભિક્ષાનો સમય છે ? કંઈક વ્યવહાર તો સમજો."

જો ભિક્ષાના સમય પછી સાધુ ગોચરી વહોરવા જાય તો સારો ગૃહસ્થ પોતાના ઘરમાં મોડી રસોઈ કરવાની સૂચના આપી દે. વળી અકાળે જવાથી ખૂબ ફરવું પણ પડે.

(૩) **આવશ્યક** શંકા દૂર કરીને ભિક્ષાએ જવું અને ઉપાશ્રયમાંથી નીકળતી વખતે "આવસ્સહિ" કહેવું.

(૪) **સંઘાટ્ટક** બે સાધુઓએ સાથે ભિક્ષાએ જવું.

**સાધુ શા માટે એકલો ભિક્ષાએ જાય ?**

(i) હું લબ્ધિમાન છું. માટે એકલો જઈશ.

(ii) કોઈ સાધુ જ્યાં જાય ત્યાં વાતો કરવા લાગી જતો હોવાથી તેની સાથે જવા માટે કોઈ તૈયાર ન થાય.

(iii) માયાવી સાધુ એકલો જાય. આથી તેને જે સારું મળ્યું હોય તે અગાસી જેવા સ્થળોમાં વાપરી લે. અને પછી સામાન્ય ગોચરી ઉપાશ્રયે લઈ આવે. આવા કારણસર તે બીજા સાધુને સાથે લઇ જાય નહિ.

(iv) જે આળસુ હોય તે એકલો પોતાની ગોચરી લાવે.

(v) જે લાલચુ હોય તે એકલો પોતાની ગોચરી, પોતાને જેવી ફાવતી હોય તેવી વિગઈઓ માંગી શકે તે માટે બીજાને સાથે લઇ ન જાય.

(vi) ધીઠ્ઠુ હોવાના કારણે દોષિત વહોરવા માટે બીજાને સાથે લઇ ન જાય.

(vii) દુષ્કાળ આદિના કારણે ભિક્ષા દુર્લભ હોય ત્યારે પોતાના માટે પૂરતી ભિક્ષા લાવવા માટે એકલો જાય.

(viii) "પોતાને જે મળે તે જ વાપરવું" એવો અભિગ્રહ કરી લઇને એકલો જાય.

(ix) કજિયાળો હોય તેથી તેની સાથે કોઇ ન જવાથી એકલો જાય.

(૫) ઉપકરણ ઉત્સર્ગથી બધા ઉપકરણો લઇને અને તેવી અશક્તિ હોય તો પાત્રા-પલ્લા-રજોહરણ-દાંડો-ત્રણ-કપડાં અને માત્રક (મોટું પાત્ર) લઇને ગોચરીએ જવું.

(૬) માત્રક ભિક્ષામાં માત્રક સાથે રાખવું તેથી.

(i) જીવની શંકા હોય તો તેવી વસ્તુ માત્રકમાં નાંખીને છૂટી પાડીને જીવરક્ષા કરી શકાય.

(ii) આચાર્ય-ગ્લાન-પ્રાઘુર્ણક (મહેમાન) સાધુઓને માટે યોગ્ય આહાર લઇ શકાય.

(iii) ઘી વગેરે વસ્તુઓ તથા વધુ ખોરાકવાળા સાધુઓ માટે ઉપયોગમાં આવતી વસ્તુઓ લઈ શકાય.

(૭)-(૮) કાયોત્સર્ગ અને યોગ

ગોચરી જતા પહેલાં ઉપયોગનો કાયોત્સર્ગ કરવો. (હાલ આ કાયોત્સર્ગ સવારે સજ્ઝાય કર્યા પછી તરત કરવામાં આવે છે.) તેમાં હાલની પરંપરા મુજબ "ઉપયોગ" કરું ? એ પ્રમાણે આદેશ માંગીને એક નવકારનો કાયોત્સર્ગ કરાય છે. વસ્તુતઃ કાયોત્સર્ગમાં નવ-કાર ગણીને કેવી ? કેટલી ? અને કયા સ્થાનેથી ? મારે ગોચરી લાવવાની છે ? તે બાબતમાં ચિત્તનો ઉપયોગ મુકાતો હતો. કાયોત્સર્ગ પારીને ગુરુ પાસે મુનિ રજા માંગે કે "તમારી ઇચ્છા હોય તો મને ગોચરી જવાનો આદેશ આપો (ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્) તે વખતે ગુરુ જવાબ આપે કે, "લાભ" તમે લો. તે વખતે શિષ્ય કહે કે, "શી રીતે મારે તે લાભ લેવો ?" (કહં લેશુ ?) ત્યારે ગુરુ જવાબ આપે કે, "પૂર્વના સાધુઓએ જે રીતે શાસ્ત્રવિધિથી ભિક્ષા ગ્રહણ કરી હોય તે રીતે તમે ભિક્ષાનો લાભ લેજો." (જહાગહિયં પુવ્વ સૂરિહિં//સાહુહિં.) તે વખતે શિષ્ય કહે કે, "હું આવસ્સહિ બોલવાપૂર્વક (આવસ્સિઆએ) ઉપાશ્રયમાંથી નીકળીશ અને વસ્ત્ર-પાત્ર-આહાર કે શિષ્યાદિ સંયમને ઉપકારક જે જે વસ્તુઓનો યોગ થશે (જસ્સજોગો) તે લાવીશ. હે ગુરુદેવ ! આપ મને કહો કે આજે શય્યાતરનું ઘર કોનું કર્યું છે ?"

## અપવાદો

ઉપર મુજબના ગવેષણા સંબંધના આઠેય દ્વારમાં નીચે મુજબ અપવાદો છે.

પહેલું-બીજું અને ત્રીજું દ્વાર આચાર્ય-ગ્લાન-તપસ્વી માટે બેથી વધુ વાર પણ ગોચરી જવાય. ભિક્ષા માટે ફરતા સ્થંડિલમાત્રાની શંકા થઈ જાય તો ગૃહસ્થની રજાપૂર્વક પાણી વહોરીને તે શંકા દૂર કરી શકાય.

ચોથું દ્વાર સાથે ગોચરી ફરતા સમય પહોંચે તેમ ન હોય તો જુદા-જુદા થઇને ગોચરી જવાય. એવા વખતે જો કોઇ વિજાતીય, કોઈ સાધુ પાસે ભોગની પ્રાર્થના કરે તો તેની અસારતા તેને સમજાવે અથવા " મારા મહાવ્રતો ગુરુ પાસે મૂકીને હું પાછો આવું છું " એમ કહીને ત્યાંથી છટકે. પણ જો તે વિજાતીય જવા જ ન દે તો કહે કે, " તારા ઘરના એક રૂમમાં હું મહાવ્રતોને મૂકવાની વિધિ પતાવી દઉં. " આમ કહીને બાજુની રૂમમાં જઈને ગળામાં ફાંસો નાંખે. જો આથી તે વિજાતીયનો મોહોદય શમી જાય તો તેનું જીવન ઊગરી જાય. નહિ તો મૃત્યુ પામીને રહે. પરંતુ વ્રતભંગ તો ન જ કરે.

પાંચમું દ્વાર તેનો અપવાદ પૂર્વે કહ્યો છે.

છઠ્ઠું દ્વાર બીમારને માટે એકદમ જલદી જવાનું હોય અથવા માત્રકને તાજો રંગ કર્યો હોય ત્યારે તે લીધા વિના પણ જઇ શકાય.

સાતમું દ્વાર અનાભોગ કે ઉતાવળ વગેરે કારણોથી ઉપયોગનો કાઉસ્સગ્ગ કર્યા વિના ભિક્ષાએ જવાનું બની જાય.

આઠમું દ્વાર તેમાં અપવાદ નથી. ગુરુ પાસે "જસ્સ–જોગો" કહીને જ ભિક્ષાએ જવું જોઇએ નહિ તો ગુરુ–અદત્તનો દોષ લાગે.

ઉપર કહ્યા મુજબ ગોચરી જવા પહેલાંની વિધિ કરીને ગૌતમસ્વામીજીનું સ્મરણ કરવાપૂર્વક ભિક્ષાએ નીકળવું અને જે નાસિકાનો પવન ચાલતો હોય તે બાજુનો પગ પ્રથમ ઉપાડવો અને દાંડો જમીનને ન અડે તે રીતે ચાલવું. વહોરતી વખતે નિષેધ નથી.

## ભિક્ષા લેવા જતી વખતે ધ્યાનમાં રાખવા જેવી કેટલીક બાબતો

(૧) કૂતરા વગેરેની દાંડો દેખાડીને યતના કરવી.

(૨) વિરોધીઓના ઘરમાં જવું નહિ. ભૂલથી જવાય અને તે વિરોધી પકડી લે તો બૂમાબૂમ કરી મૂકવી. જેથી લોકો ભેગા થઈ જાય એટલે ત્યાંથી નીકળી શકાય.

(૩) પાંચે મહાવ્રતોની નીચે મુજબ ક્રમશઃ રક્ષા કરવી.

(i) જીવવિરાધના થવા દેવી નહિ.

(ii) નિમિત્ત વગેરે પૂછે તો મૌન રહેવું.

(iii) જ્યાં જર–ઝવેરાત પડ્યું હોય તે ખંડમાં જવું નહિ.

(iv) પૂર્વે કહ્યા મુજબ ફાંસો ખાઈને પણ બ્રહ્મ-ચર્યની રક્ષા કરવી.

(v) દોષિત આહાર લેવાની મૂર્છા કરવી નહિ. ભૂલથી આવી જાય તો વિધિપૂર્વક પરઠવી દેવો.

(૪) ગામમાં પ્રવેશ કરતા અને નીકળતા પગ પૂંજવા.

(૫) જો તે ગામમાં એક સામાચારીવાળા સાધુ બિરા-જમાન હોય તો તેમને વંદનાદિ કરીને સ્થાપનાકુળ વગેરે પૂછીને પછી ગોચરી વહોરવા જવું. સ્થાપનાકુળ એટલે કટોકટી વખતે ભિક્ષા વહોરવા માટે અનામત રાખેલા ગૃહ-સ્થનાં ઘરો.

(૬) ભિન્ન સામાચારીવાળા સાધુ રસ્તામાં મળે તો તેમને પણ "મત્થએણ વંદામિ" કહેવું.

### ઉપસંહાર

શાસ્ત્રકારોએ જણાવેલી ઉપર મુજબની ભિક્ષા વિધિ-ઓને જે સાધુઓ પાળતા નથી તેઓ ષડ્જીવનિકાયની રક્ષા કરતા હોય તો પણ દુર્લભ બોધિ બને છે. આ જાણીને વિધિપૂર્વક નિર્દોષ આહારની ગવેષણા કરવામાં તત્પર રહેવું જોઈએ.

## ગ્રહણૈષણા

દ્રવ્ય અને ભાવ એ બે ભેદથી ગ્રહણૈષણા બે પ્રકારે છે. પ્રથમ ભાવ ગ્રહણૈષણા વિચારવાની છે, તેના નીચે પ્રમાણેના અગિયાર દ્વારો છે.

(૧) સ્થાન (૨) દાયક (૩) ગમન (૪) ગ્રહણ (૫) આગમન (૬) પ્રાપ્ત (૭) પરાવર્તિત (૮) પતિત (૯)

ગુરુક (૧૦) ત્રિવિધ (૧૧) ભાવ. આ અગિયાર દ્વારોનું વિવરણુ પિંડનિર્યુક્તિમાં આવી ગયું છે.

શાસ્ત્રોક્ત રીતે ગોચરી ગ્રહણુ કર્યા બાદ ઉપાશ્રયમાં પ્રવેશ કરવો. તે વખતે ત્રણુ વખત નિસિહિ બોલીને નમો ખમાસમણાણું કહેવું. ત્યાર બાદ શંકા દૂર કરીને કાઉસ્સગ્ગમાં ગોચરીમાં લાગેલા દોષોનું ચિંતવન કરવું. પછી તે દોષો ગુરુને કહેવા. જો તે અરસામાં ગુરુ સ્વાધ્યાય કરતા હોય, સૂતા હોય, વ્યાક્ષિપ્તચિત્તવાળા હોય કે આહાર વગેરે કરતા હોય તો દોષોની આલોચના કરવી નહિ.

## ગોચરીની આલોચના કેવી રીતે કરવી ?

ગુરુ પાસે દોષોની આલોચના કરતી વખતે નીચે પ્રમાણેના છ દોષો લગાડવા નહિ.

(૧) નટ્ટમ્ ગોચરી આલોવતી વખતે હાથ – પગ – આંખ આદિના વિકાર કરવા તે.

(૨) વલમ્ હાથ કે પગને વાળવા તે.

(૩) ચલમ્ આળસથી શરીર મરડવું અથવા વિપરીત રીતે આલોચન કરવું.

(૪) ભાષમ્ ગૃહસ્થની ભાષામાં આલોચના કરવી તે.

(૫) મુકમ્ મૂંગા–મૂંગા આલોચના કરવી તે.

(૬) ઢઢરમ્ મોટા અવાજે આલોચના કરવી તે.

ઉપરના દોષો લગાડયા વિના આચાર્ય પાસે અથવા તો તેમણે નીમેલા સાધુ પાસે આલોચના કરવી. વધુ સમયના અભાવે સંક્ષેપમાં પણુ આલોચના કરી શકાય. ત્યાર-

બાદ ગોચરી બતાડવી. તે વખતે પોતાનું મુખ અને માથું પ્રમાર્જવું તથા ઉપર, નીચે તેમ જ આજુબાજુ નજર કરવી જેથી ઉપરથી પડનારાં પાંદડાં કે જીવ વગેરેની તથા નીચે પડેલાં ફળ વગેરેની જયણા કરી શકાય. અને આજુબાજુમાં રહેલાં કુતરાં-બિલાડાં વગેરેથી સાવધાન રહી શકાય. ગોચરી બતાડયા બાદ લાગેલા દોષોની શુદ્ધિ માટે એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો અથવા બે ગાથા ("વિસમંતો ઈમં ચિંતે." અને સાહવો નો ચિઅત્તોણં ) ચિંતવવી. જો કે હાલ તો આ જગ્યાએ " અહો જિણેહિં અસાવજ્જા" ગાથા વિચારાય છે. ત્યાર પછી મુહૂર્ત સુધી સ્વાધ્યાય કરવો. હાલ સત્તર ગાથા ગણાય છે.

## ભાવ ગ્રાસૈષણા

ત્યાર પછી પ્રાઘુર્ણક-તપસ્વી-બાલ આદિને પોતે લાવેલી ગોચરી આપવાનું ગુરુ મહારાજને કહેવું તે વખતે ગુરુ જાતે તેઓને આપે અથવા કહે કે, "તમે જ બાળ આદિને ગોચરી આપો." તે વખતે પોતે બાળ આદિને નિમંત્રણ કરે અને ભક્તિનો લાભ મેળવે. જો કોઈ ન સ્વીકારે તો પણ પરિણામની વિશુદ્ધિથી નિર્જરાનો લાભ મળી જ જાય.

સાધુઓ બે પ્રકારના હોય છે. જે માંડલીમાં વાપરનારા સાધુઓ હોય છે તેઓ ભિક્ષા ગયેલા તમામ સાધુઓ આવી જાય પછી જ વાપરે છે. અને જે તપસ્વી-નવદીક્ષિત બાળ-વૃદ્ધ વગેરે હોય છે તેઓ ગુરુની આજ્ઞા મેળવીને

જુદું વાપરી શકે છે. વળી આગાઢયોગ વહન કરનારા, માંડલી બહાર કરેલા, પોતે પોતાની લબ્ધિથી લાવીને વાપરનારા, મહેમાન તરીકે આવેલા, દોષશુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત કરનારા ભ્રષ્ટ ચારિત્રધરો અને કોઢ, ટી.બી. કેન્સર વગેરે ચેપી રોગોવાળા જુદું વાપરે.

## આહાર પ્રકાશમાં કરવો

તે બે પ્રકારે.

(૧) **દ્રવ્ય પ્રકાશ** દ્રવ્ય અને ભાવથી બે પ્રકારે પ્રકાશ છે. દીપક-રત્ન-વગેરે દ્રવ્ય પ્રકાશ કહેવાય.

(૨) **ભાવ પ્રકાશ** તે નીચે મુજબ સાત પ્રકારે છે.

(૧) **સ્થાન** માંડલીમાં સાધુઓને જવા આવવાનો માર્ગ છોડીને તથા જ્યાં ગૃહસ્થો આવતા ન હોય તેવા સ્થાનમાં પોતાના પર્યાય પ્રમાણે બેસી ગોચરી કરવી.

(૨) **દિશા** આચાર્ય ભગવંતની (ગુરુની) સામે-પાછળ તેમ જ પૂંઠ કરીને બેસવું નહિ, પરંતુ ગુરુથી અગ્નિ કે ઇશાન ખૂણામાં બેસીને ગોચરી કરવી.

(૩) અજવાળું હોય તેવા સ્થળે બેસીને ગોચરી વાપરવી. જેથી વાળ-કાંટો-માખી-કીડી વગેરે દેખી શકાય.

(૪) **ભાજન** પહોળા પાતરામાં આહાર કરવો. જેથી કાંટો વગેરે દેખી શકાય તેમ જ આહાર નીચે વેરાય નહિ કે વસ્ત્ર બગડે નહિ.

(૫) **પ્રક્ષેપ** કૂકડીના ઇંડા પ્રમાણ કોળિયો બનાવીને મોઢામાં મૂકવો. અથવા મોં વિકૃત ન થાય તેટલા પ્રમાણનો કોળિયો મોઢામાં મૂકવો.

(૬) ગુરુ ગુરુ જોઇ શકે તે રીતે વાપરવા બેસવું, જેથી પ્રમાણમાં વધુ વાપરે તો, કુપથ્ય કરે તો, વધુ પડતું સ્નિગ્ધ વાપરે તો, દેખાડયા વિનાનું વાપરે તો ગુરુ અટકાવી શકે.

(૭) ભાવ રત્નત્રયીની આરાધના સારી રીતે થઈ શકે તે માટે જ વાપરવું પરંતુ રૂપ કે બળ વધે તે માટે કદી વાપરવું નહિ.

**અનેક સાધુઓએ માંડલી બદ્ધ શા માટે વાપરવું જોઈએ ?**

૧ **અતિ ગ્લાનના કારણે** સમુદાયમાં એક કે તેથી વધુ પણ ગ્લાન હોઈ શકે. તેમની જવાબદારી અમુક જ સાધુ પર આવી જાય તો તે સાધુના સ્વાધ્યાય આદિની હાનિ થાય. જો માંડલી હોય તો ગ્લાન સેવાનું કાર્ય અનેકોમાં વહેંચાઇ જતું હોવાથી કોઈને સ્વાધ્યાય હાનિ થાય નહિ.

૨-૩ **બાળ તથા વૃદ્ધના કારણે** જો માંડલીનો વ્યવહાર હોય તો ભિક્ષા લાવવા માટે અસમર્થ બાળ-વૃદ્ધની સેવાનો લાભ મળી શકે. જેથી તેઓ પણ સુંદર આરાધના કરી શકે.

૪ **શૈક્ષકના કારણે** નવદીક્ષિતને ગોચરીની દોષશુદ્ધિનો ખ્યાલ હોતો નથી. માંડલી હોય તો બીજા સાધુઓની લાવેલી ગોચરી તેમને આપી શકાય.

૫ **પ્રાધુર્ણકના કારણે** વિહાર કરીને આવેલ સાધુઓની ભક્તિ માંડલી હોય તો જ થઈ શકે.

૬ **અસમર્થના કારણે** રાજપુત્ર જેવા અત્યંત સુકુમાર શરીરવાળા જે સાધુ થયા હોય, તે જો ભિક્ષા લેવા જઈ

શકે નહિ તો તેમની ભક્તિનો લાભ માંડલી હોય તો જ લઈ શકાય.

૭ પરાર્થના કારણે એકબીજાનું લાવેલું એકબીજાને આપવાનો ભક્તિનો લાભ મળે અને એકલપેટાપણું ન સેવાય.

૮ અલબ્ધિમાનના કારણે તીવ્ર પાપોદયને કારણે જેને નિર્દોષ આહારાદિ ન મળતા હોય તેની ભક્તિ માંડલી વ્યવસ્થાથી જ થઈ શકે.

## વસતિપાલક સાધુનું કર્તવ્ય

જ્યારે બધા સાધુઓ ભિક્ષા લેવા નીકળ્યા હોય ત્યારે એક સાધુને વસતિની રક્ષા માટે ઉપાશ્રયમાં જ રહેવાનું હોય છે. તેને વસતિપાલક કહેવાય છે. જ્યારે સાધુઓને આવવાનો ટાઇમ થાય ત્યારે વસતિપાલક પડિલેહણ કરીને મોટી સાઈઝનું નંદીપાત્ર તૈયાર રાખે. તેમાં દરેક સાધુ આવીને પાણી નાંખે. તે પાણી નીતરીને સ્વચ્છ થઈ જાય એટલે તેને ગાળી લે. ગચ્છ મોટો હોય તો પાંચ નંદીપાત્ર રાખી શકાય. જો વસતિપાલક નંદીપાત્ર રાખવા સમર્થ ન હોય અથવા નંદીપાત્ર જ ન હોય તો સાધુ ચાર આંગળ ઓછું ભરેલું પાણી પાત્રમાં લાવે. જેથી એક બીજામાં નાંખીને સ્વચ્છ કરી શકાય. જીવદયા આદિના કારણે પાણી ગાળવું જોઈએ.

પોતાના પર્યાયના ક્રમ પ્રમાણે વાપરવા બેસવું. જ્યાં સુધી બધા સાધુઓ આવી ન જાય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો. પણ જો કોઈ અસહિષ્ણુ હોય તો તેને પહેલાં વાપરવા આપી દેવું.

## ગોચરી કોણ વહેંચે ?

જે ગીતાર્થ, રત્નાધિક અને અલુબ્ધ હોય તેવા ગુરુ ગોચરી વહેંચે. આ ત્રણ પદોનાં નીચે પ્રમાણે આઠ ભાગ થાય.

૧ ગીતાર્થ રત્નાધિક અલુબ્ધ ૫ અગીતાર્થ રત્નાધિક અલુબ્ધ
૨ ગીતાર્થ રત્નાધિક લુબ્ધ ૬ અગીતાર્થ રત્નાધિક લુબ્ધ
૩ ગીતાર્થ લઘુપર્યાયી અલુબ્ધ ૬ અગીતાર્થ લઘુપર્યાયી અલુબ્ધ
૪ ગીતાર્થ લઘુપર્યાયી લુબ્ધ ૮ અગીતાર્થ લઘુપર્યાયી લુબ્ધ

આમાંથી બે, ચાર, છ, અને આઠ નંબરના ભાંગા (લુબ્ધ પદવાળા) તદ્દન અશુદ્ધ છે, પાંચ અને સાત નંબરના ભાંગા ("અગીતાર્થ" પદવાળા) અપવાદે શુદ્ધ છે. જ્યારે પહેલો અને ત્રીજો ભાંગો એકદમ શુદ્ધ છે.

રત્નાધિક સાધુ પૂર્વાભિમુખ બેસે. બાકીના સાધુઓ વધુ પર્યાય પ્રમાણે મુખ્ય સાધુની જમણી-ડાબી બાજુએ વારાફરતી બેસે.

ગોચરી વાપરતી વખતે દરેકે રાખની કૂંડી સાથે રાખવી. જેથી તેમાં કાંટો-ઠળિયો વગેરે નાંખી શકાય. તે વખતે ઉપવાસી સાધુએ નાકા પર બેસવું. જેથી ગૃહસ્થ વગેરે અંદર આવી ન જાય. તે ન હોય તો એક સાધુને વહેલું વપરાવીને તેને બેસાડવો.

## આહાર કેવી રીતે વાપરવો ?

સૌપ્રથમ સ્નિગ્ધ અને મધુર આહાર વાપરવો. તેથી પિત્તનું શમન થાય છે તેમ જ બુદ્ધિ અને બળ વધે છે.

એમ થતાં વૈયાવચ્ચ સારી રીતે કરી શકાય છે. જો સ્નિગ્ધ આહાર છેલ્લે વપરાય અને તે વધી પડે તો તેને પરઠવવાનો મોટો દોષ પણ લાગે.

આહાર વાપરવાની પાંચ રીતો છે.

(૧) કટકછેદ કટકા કરીકરીને વાપરવો.

(૨) પ્રતરછેદ ઉપર ઉપરથી વાપરતા જવું. (પુસ્તકના પેઇજ ફેરવીએ તેમ).

(૩) સિંહભક્ષિત જે બાજુથી શરૂ કર્યો, એ બાજુનું બધું પૂરું કરીને ક્રમશઃ આગળ વધવું.

(૪) કાગભક્ષિત કાગડાની જેમ પાતરામાંથી સારી વસ્તુ લઈને વાપરી જાય. આજુબાજુ વેરે અને મોંમાં નાંખ્યા પછી કાગડાની જેમ આજુબાજુ જોયા કરે.

(૫) શૃંગાલભક્ષિત શિયાળની જેમ મન પડે ત્યાંથી આડુંઅવળું ઉપાડીને ખાય.

ઉપરની પાંચ રીતોમાં સિંહભક્ષિતની રીત ઉત્તમ છે. સડાકા બોલે તે રીતે, ચબ-ચબ અવાજ થાય તે રીતે, ઘણી ઉતાવળથી, અથવા ઘણા ધીમેથી દાણા કે છાંટો નીચે પડે તે રીતે ભોજનના પદાર્થની નિંદા કે પ્રશંસા કરવા સાથે ગોચરી વાપરવી નહિ.

સંયોજના વગેરે પિંડનિર્યુક્તમાં પહેલા પાંચ દોષો સેવવા નહિ. ભોજન છ કારણે જ કરી શકાય. (૧) ક્ષુધા વેદનીય શાંત કરવા. (૨) વૈયાવચ્ચ માટે (૩) ઈર્યાસમિતિના પાલન માટે (૪) પડિલેહણ, વિહાર વગેરે સંયમધર્મના

પાલન માટે (૫) પ્રાણુ ટકાવવા માટે (૬) સ્વાધ્યાય શુભ-ધ્યાનાદિ કરવા માટે.

નીચેના છ કારણે આહાર કરવો નહિ. (૧) તાવ વગેરે રોગપીડા, (૨) રાજા, સ્વજન આદિનો ઉપદ્રવ (૩) વાસનાનું જાગરણુ (૪) વરસાદ આદિના લીધે જીવ વિરાધનાની શકયતા (૫) ઉપવાસ વગેરે તપશ્ચર્યા અને (૬) અનશન કરીને શરીરના ત્યાગ કરવા.

આહાર વાપર્યા પછી પાતરા ત્રણુ વખત ધોવા જોઇએ. પૂર્વે ત્રીજી વખતનું પાતરાનું ધોવણુ બધા સાધુઓ ઉપાશ્રયની બહાર જઈને કરતા હતા. આ વખતે એક સાધુ બધા સાધુને જરૂર પ્રમાણે પાણી આપતો. તે વિધિ પત્યા પછી તે સાધુ સૌને જરૂર પ્રમાણે શૌચ આદિ માટેનું પાણી દરેકના પાતરામાં આપતો હતો. પણુ જો તે સ્થાને ગૃહસ્થોની દૃષ્ટિ પડતી હોય તો ત્રીજી વખતનું પાતરાનું ધોવણુ હાલ કરાય છે તેમ માંડલીમાં જ કરાતું.

## આહાર વધ્યો હોય તો શું કરવું ?

(૧) મોહોદયને શાંત કરવા માટે જેણે ઉપવાસ કર્યા હોય, (૨) જેણે અટ્ઠમ કે તેથી વધુ પચ્ચક્ખાણુ કર્યું હોય. (૩) જે ગ્લાન હોય (૪) જે રોગી હોય અને (૫) જે આત્મલબ્ધિક હોય.

તે સિવાયના સાધુઓને ગુરુ બોલાવે અને તેમને ગુરુ કહે કે, "આ આહાર તમે વાપરી જશો ?" જે સાધુ એમ કહે કે, "વપરાશે તેટલું વાપરી જઇશ." તે સાધુને

તે આહાર આપવામાં આવે છે. જે સાધુ પરઠવવાનું વાપરે તેને આયંબિલથી માંડીને છઠ્ઠ સુધીનું કોઈ પણ પચ્ચક્ખાણ ાઈ શકે. પોતાનું તે પચ્ચક્ખાણ તેણે પારીને વાપરવા બેસવું. સાધન તરીકે ખૂટતી કોઈ પણ ચીજ તેનાથી મંગાવી શકાય નહિ. આમ વાપરવા છતાં તે પોતાના પચ્ચક્ખાણ-વાળો જ કહેવાય.

જે આહાર વિધિપૂર્વક લાવેલો હોય અને વિધિપૂર્વક વાપરેલો હોય તેવો જ વધેલો આહાર બીજાને આપી શકાય. અવિધિથી ગ્રહણ કરેલો અને વાપરેલો આહાર જો વધે અને બીજાને અપાય તો આચાર્યે તે બંનેને ઠપકો આપવો અને આહાર પરઠવવો.

ઉદ્ગમ આદિ દોષોથી જે આહાર ગૃહસ્થે આપ્યો હોય તે આહાર વિધિગૃહીત કહેવાય છે. જયારે દોષિત આહાર અવિધિગૃહીત કહેવાય છે.

જે આહાર કાગડાની કે શિયાળ વગેરેની રીતે વપરાયો હોય તે અવિધિથી વાપરેલો આહાર કહેવાય છે, અને જે આહાર પ્રથમ ઉત્કૃષ્ટ દ્રવ્ય, ત્યાર પછી અનુત્કૃષ્ટ દ્રવ્ય એવી શાસ્ત્રવિધિપૂર્વક વાપરેલો હોય તે વિધિથી વાપરેલો આહાર કહેવાય છે.

## વધેલો આહાર કેવી રીતે પરઠવવો ?

જાત અને અજાત એમ બે પ્રકારના આહાર હોય છે.

જાત એટલે (i) પ્રાણાતિપાત આદિ દોષોથી યુક્ત આહાર. (ii) આધાકર્માદિ દોષવાળો આહાર, (iii) લાલસાથી

ગ્રહણ કરેલો આહાર, અને (iv) મંત્રચૂર્ણ આદિથી મિશ્ર કરેલો આહાર.

ઉપરમાંથી પહેલા પ્રકારનો આહાર પરઠવવો હોય તો એક જ ઢગલીમાં પરઠવવો. બીજા કે ત્રીજા પ્રકારનો આહાર પરઠવવો હોય તો તે આહાર બે ઢગલીરૂપે પરઠવવો. અને ચોથા પ્રકારનો આહાર વધ્યો હોય તો રાખમાં એકમેક કરી પરઠવવો.

અજાત એટલે શુદ્ધ આહાર. જો તે વધી પડે તો તેની ત્રણ ઢગલી કરીને પરઠવવો.

આ ઢગલીઓ જોઇને ગામમાં આવનારા નવા સાધુઓને ગામની પરિસ્થિતિનો ખ્યાલ આવી જાય. તેથી તેઓ ભિક્ષા વહોરવા જતી વખતે સાવધાન બની શકે.

## શુદ્ધ આહાર પણ વધી જવાનાં કારણો કયાં ?

(૧) જુદી જુદી દિશાઓમાં ગયેલા સાધુઓને આચાર્યાદિને પ્રાયોગ્ય દ્રવ્ય જો મળી જાય તો તેનું બંને બાજુથી ગ્રહણ કરવાથી આહાર વધી શકે છે.

(૨) મનોજ્ઞ આહારથી સૂત્ર અને અર્થચિંતવન સારી રીતે સાધુઓ કરી શકે છે. આચાર્યની ભક્તિથી તેમનો વિનય સચવાય છે. નવદીક્ષિતની ભક્તિથી તેને સાધુ પ્રત્યે બહુમાન જાગે છે. આમ આચાર્યની ભકિતથી ગચ્છની અને ગચ્છની ભકિતથી તીર્થની ભકિત થાય છે. માટે શુદ્ધ મળતા હોય તો પ્રાયોગ્ય દ્રવ્ય ગ્રહણ કરવા જોઇએ.

આ રીતે બીજા પિંડ દ્વારમાં દશ પ્રકારના પિંડોની વિચારણા કરતા છેલ્લે દશમાં લેપપિંડની વિચારણા કરી. અને લેપ કરેલા પાત્રાના પ્રસંગથી પાત્રામાં લવાતી ગોચરીની વિચારણા આવી પડી. તેથી તેની ત્રણ પ્રકારની એષણા, ગવેષણા, ગ્રહણૈષણા અને ગાસૈષણાની વિચારણા કરી. આમ અહીં પિંડદ્વાર પૂરું થયું.

# ઉપધિ પ્રમાણ દ્વાર

(૪)

જે દ્રવ્યથી શરીર ઉપર અને ભાવથી આત્મા ઉપર ઉપકાર કરે તે ઉપધિ કહેવાય. (उपदधाति इति उपधिः)

આ ઉપધિ બે પ્રકારની છે.

## ઓઘઉપધિ અને ઔપગ્રહીક ઉપધિ

તે બંનેની સંખ્યા અને તેના માપ અહીં વિચારવાના છે. [સંખ્યા પ્રમાણ (માપ) અને પ્રમાણ-પ્રમાણ]

(૧) ઓઘઉપધિ જે ઉપધિ નિત્ય પાસે રાખી શકાય અને કારણે વાપરી શકાય તે ઓઘઉપધિ કહેવાય.

(૨) ઔપગ્રહીક ઉપધિ જે ઉપધિ કારણે રાખી શકાય અને કારણે વાપરી શકાય તે ઔપગ્રહીક ઉપધિ કહેવાય.

પાત્ર-વસ્ત્ર વગેરે કાયમ પાસે રાખીને ગોચરી આદિના કારણ વખતે વપરાય છે માટે તે ઓઘઉપધિ કહેવાય. અને પાટ-પાટલા વગેરે કારણે જ રખાતા હોવાથી તથા કારણે જ વપરાતા હોવાથી તે ઔપગ્રહીક ઉપધિ કહેવાય.

# ઓઘઉપધિનું સંખ્યા પ્રમાણ

## જિનકલ્પીની ઓઘઉપધિ

તે ઉત્કૃષ્ટથી બાર હોય છે. જે નીચે મુજબ-

પાતરા અંગેની સાત વસ્તુઓ. (૧) પાતરા (૨) ઝોળી (૩-૪) નીચેનો અને ઉપરનો ગુચ્છો (૫) પૂંજણી (૬) પડલા (૭) રજસ્ત્રાણ; તે સિવાય (૮,૯,૧૦) ત્રણ કપડા (૧૧) ઓઘો અને (૧૨) મુહપત્તિ.

આ બાર ઓઘઉપધિમાં સૌથી મહત્ત્વનું રજોહરણ હોવાથી તેને ઓઘ [ઓઘો] કહેવામાં આવે છે.

જિન કલ્પીઓને અગિયાર-દશ-નવ-પાંચ-ત્રણ અને જઘન્યથી માત્ર બે ઉપધિ પણ હોઈ શકે છે. તે નીચે મુજબ-

બે ઓઘો અને મુહપત્તિ.

ત્રણ ઓઘો, મુહપત્તિ અને એક કપડો.

ચાર ઓઘો, મુહપત્તિ અને બે કપડા.

પાંચ ઓઘો, મુહપત્તિ અને ત્રણ કપડા.

નવ ઓઘો, મુહપત્તિ અને પાતરા અંગેની સાત વસ્તુઓ.

દશ ઓઘો, મુહપત્તિ પાતરા અંગેની સાત વસ્તુઓ અને એક વસ્ત્ર.

અગિયાર ઉપરના દશમાં બીજું એક વસ્ત્ર ઉમેરવું.

બાર ઉપરના અગિયારમાં ત્રીજું એક વસ્ત્ર ઉમેરવું.

## સ્થવિરકલ્પીની ચૌદ ઓઘ ઉપધિ

જિનકલ્પીની બાર ઉપરાંત-માત્રક અને ચોલપટો ઉમેરતાં સ્થવિરકલ્પીને ચૌદ ઉપધિ હોય છે.

## સ્થવિરકલ્પીની સાધ્વીની પચ્ચીસ ઓઘ ઉપધિ

સ્થવિરકલ્પી સાધુની પહેલી તેર ઉપધિ અહીં સમજવી. તદુપરાંતની બાર નીચે પ્રમાણે છે.

(૧) કમંઢક લેપ કરેલા તુંબડાનું, કાંસાની મોટી કથરોટના આકારનું નંદીપાત્ર જેવું દરેક સાધ્વી માટેનું જુદું જુદું પાત્ર. સ્ત્રીસ્વભાવની તુચ્છતાને કારણે દરેકનું કમંઢક જુદું હોય છે.

(૨) અવગ્રહાનંતક બ્રહ્મચર્યની રક્ષા માટે લંગોટના આકારનું સુંવાળું અને પ્રમાણમાં અનુકૂળતા મુજબ લાંબું પહોળું વસ્ત્ર.

(૩) પટ્ટો કટિપ્રદેશે બાંધવાનો પાટો. પ્રમાણમાં ચાર અંગુલ કે તેથી વધુ પહોળો અને લંબાઈમાં બાંધી શકાય તેટલો લાંબો–

(૪,૫,૬,૭) અદ્ધોરુગ ચલણી-અંતર્નિવસની-બહિર્નિવસની કટિપ્રદેશ સુધી આ ચાર પ્રકારનાં વસ્ત્રો પહેરાય છે. આમ કુલ છ પ્રકારનાં વસ્ત્રો શરીરના અધોભાગ માટે હોય છે.

(૮,૯,૧૦,૧૧) કંચુક–ઉપકક્ષિકા–વેકક્ષિકા–સંઘાડી આ ચાર પ્રકારના વસ્ત્રો શરીરના ઉપરના ભાગ માટે હોય છે. તેમાં ઓઢવા માટેની સંઘાડીઓ સંખ્યાથી ચાર રાખવાની હોય છે. તેમાંની એક, બે હાથ પહોળી તથા બીજી બે–ત્રણ હાથ પહોળી અને ચોથી ચાર હાથ પહોળી હોય છે. જુદા જુદા પ્રસંગે તે વાપરવાની હોય છે, લંબાઈમાં ચારે સંઘાડી સાડાત્રણથી ચાર હાથ લાંબી હોય છે.

(૧૨) સ્કંધકરણી તે વસ્ત્ર ચાર હાથની લંબાઈ અને પહોળાઈવાળું સમચોરસ હોય છે. તેને કુબ્જકરણી પણ કહે છે. જેને અમુક રીતે પહેરવાથી રૂપવતીનું પણ શરીર બેડોળ દેખાતું હોય છે.

અહીં સુધી જિનકલ્પીના બાર, સ્થવિરકલ્પી સાધુના ચૌદ અને સાધ્વીના પચ્ચીસ ઉપકરણોની ગણના થઈ. હવે તે ઓઘ ઉપધિનું પ્રમાણ જાણીએ.

## ઓઘઉપધિનું પ્રમાણ–પ્રમાણ

(૧) પાત્ર તેના પરિધિ ત્રણ વેંત ચાર આંગળ હોવી જોઈએ. અને એક વેંત પહોળું હોવું જોઈએ, તો તે મધ્યમ પાત્ર કહેવાય. દરેક સાધુ પોતપોતાના આહાર અનુસાર આથી નાનું કે મોટું પણ પાત્ર રાખી શકે. પરંતુ વૈયાવચ્ચ કરનાર સાધુને એક મોટું પાત્ર ગુરુ આપે છે તે તો નંદીપાત્ર કહેવાય છે, જે ઔપગ્રહીક ઉપધિમાં ગણાય છે. આ નંદીપાત્ર મોટા સમુદાયના વહોરવા નીક–ળેલા સાધુને કોઈ સમૃદ્ધ શ્રાવક વિશિષ્ટ ભિક્ષા આપે ત્યારે ઉપયોગમાં આવે છે. અથવા કોઈ સંકટ સમયે દૂરના ઘરોમાં ભિક્ષા માટે નહિ જઈ શકવાથી નજીકનાં ઘરોની વધુ ભિક્ષા એકી સાથે લેવા માટે પણ નંદીપાત્રનો ઉપયોગ થાય છે. વળી બાળ, વૃદ્ધ, ગ્લાન, નવદીક્ષિત, પ્રાધુર્ણક, ગુરુ, અસહિષ્ણુ વગેરે માટેની ભિક્ષા અર્થે પણ નંદીપાત્રનો ઉપયોગ થાય છે.

(૨) ઝોળી (પાત્રબંધ) જેના છેડાને ગાંઠ વાળતા જેના ખૂણા ચાર આંગળ વધે એટલા પ્રમાણની ઝોળી જોઈએ.

( ૩-૪-૫ ) **નીચેનો** ગુચ્છો (પાત્રસ્થાપન) ઉપરનો ગુચ્છો **અને ચરવળી** (પાત્રકેસરીકા) આમાંના પ્રત્યેકનું પ્રમાણ એક વેંત ને ચાર આંગળ (કુલ સોળ આંગળ)નું જાણવું. ગુચ્છાઓ ઊનના જોઈએ અને ચરવળી સુતરાઉ જોઈએ. નીચેનો ગુચ્છો પાતરાની રજ વગેરેની રક્ષા કરવા માટે છે. ઉપરનો ગુચ્છો પાત્રાના પડલાઓનું પ્રમાર્જન કરવા માટે છે. અને એક પાત્રકેસરીકા (ચરવળી) પાત્રાના પ્રમાર્જન માટે છે. પૂર્વકાળે પાત્રદીઠ વસ્ત્રનો એક એક સુતરાઉ કટકો (પાત્ર કેસરીકા તરીકે) રખાતો અને તેનાથી પાત્ર પ્રમાર્જન થતું. હાલ તે બધાની જગ્યાએ એક ઊનની ચરવળી રખાય છે.

(૬) પડલા તે પાત્ર ઢાંકવા માટેના કપડાના કટકા છે. તે જાડા અને સુંવાળા રાખવા જોઈએ. ઉનાળામાં ત્રણ, શિયાળામાં ચાર અને ચોમાસામાં પાંચ હોવા જોઈએ. તેનું કારણ એ છે કે ઉનાળો અતિ રુક્ષ હોવાથી થોડા જ કાળમાં સચિત્તરજ અને સચિત્ત પાણી અચિત્ત થઈ જવાનો સંભવ હોય છે. તેથી પડલાને ભેદીને સચિત્ત રજ વગેરે પાત્રમાં દાખલ થઈ શકતા નથી. શિયાળો સ્નિગ્ધ હોવાથી સચિત્તરજ વગેરે જલદી અચિત્ત ન થવાના કારણે તેમાં ચાર પડલા જરૂરી ગણાય છે. અને અતિ સ્નિગ્ધતાના કારણે ચોમાસામાં પાંચ પડલા કહ્યા છે. જો પડલા અતિ જીર્ણ હોય તો ચારથી શરૂ કરીને સાત સુધી પણ રાખી શકાય. પડલા અઢી હાથ લાંબા અને છત્રીસ આંગળ( દોઢ હાથ ) પહોળા હોવા જોઈએ. પડલા રાખવાનું કારણ સચિત્ત

રજ અને સચિત્ત પાણી પાત્રામાં ન પેસે તે છે. તેમ જ શરીરનાં અંગોની લજ્જા ઢાંકવા માટે જરૂરી છે.

(૭) રજસ્રાણ પાત્રને બહારથી ચારે બાજુ લપેટતા નીચેની પડઘીથી માંડીને અંદર ચાર આંગળ પહોળું વધારે રહે એવડું રજસ્રાણ જોઈએ. તે રાખવાથી રાત્રિના સમયે જમીનમાંથી રજને ઢગલો કાઢીને ઉંદરો પાત્રામાં ભરી ન શકે તથા વર્ષાકાળમાં ધુમ્મસ તથા સચિત્તરજથી પણ રજસ્રાણ પાત્રાનું રક્ષણ કરે છે. પૂર્વની પરંપરા મુજબ દરેક પાત્રમાં એકેકું રજસ્ત્રાણ જુદું જુદું રખાતું હતું.

( ૮-૯-૧૦ ) ત્રણ કપડા શરીરે ઓઢયા પછી જેનો છેડો ખભા ઉપર નાખી શકાય તેટલા અર્થાત્ સાડા ત્રણ હાથ લાંબા અને અઢી હાથના પનાવાળા ત્રણે કપડા હોવા જોઇએ. હાલમાં ઉપરનાં કપડાં સાડા પાંચ હાથનાં રખાય છે. તેમાંના બે સુતરાઉ અને એક ઊનનો (કામળી) હોવો જોઇએ. કપડા હોય તો ઠંડીથી બચવા માટે ઘાસની જરૂર ન પડે કે અગ્નિનો ઉપયોગ ન કરવો પડે. નબળા સંઘયણવાળાને ધર્મધ્યાનમાં સ્થિર થવા માટે અને મૃતકને ઢાંકવા માટે કપડાં જરૂરી બને છે. ઊનના કપડાના ઉપયોગથી કાળના સમયમાં સંપાતિત જીવોની રક્ષા થાય છે. તથા ભિક્ષા આદિ અર્થે બહાર ગયેલો સાધુ એકાએક વરસાદ પડે તો અપકાયના જીવોની રક્ષા પણ કરી શકે છે. અસહિષ્ણુ માટે ભિક્ષા લાવવાના તથા સ્થંડિલ આદિના

અતિ આગાઢ કારણે વરસાદમાં પણ કામળી ઓઢીને બહાર જઇ શકાય છે.

(૧૧) રજોહરણ તે કામળીના કપડામાંથી દશીઓ બનાવીને તૈયાર કરવાનું હોય છે. પૂર્વે કામળીના છુંછાને દશીઓ તરીકે અને કામળીના કટકાને પાટા તરીકે ઉપ–યોગમાં લેવાતા હતા.

દશીઓ અને નિષેથીયું ગાંઠો વિનાના જોઈએ. દાંડી એક હાથ લાંબી જોઇએ. ચોવીસ આંગળ પાટો, અને આઠ આંગળ દશીઓ જોઈએ. એમ કુલ બત્રીસ આંગળ લાંબો ઓઘો જોઇએ. જો દશીઓ કે દાંડી ઉપરના માપથી નાના મોટા હોય તો પણ ચાલે. પરંતુ તે બંનેનો સરવાળો બત્રીસ અંગુલ થવો જોઈએ.

રજોહરણ ઊનનું, ઊંટની રૂંવાટીનુ કંબલનું બના–વવું. સૌથી ઉપર જે દોરી બંધાય તેના ત્રણ આંટા લગાવવા.

કોઇ વસ્તુ લેતા મૂકતાં તે વસ્તુનું અને ભૂમિનું પ્રમાર્જન કરવા માટે, શરીરના સંડાસા (સાંધાવાળા ભાગ) પૂંજવા માટે અને મુનિજીવનના ચિહ્ન તરીકે સદૈવ સાથે રાખવા માટે રજોહરણ ઉપયોગી છે.

(૧૨) મુખવસ્ત્રિકા (મુહપત્તિ) મુહપત્તિનું પ્રમાણ એક વેંત ચાર આંગળનું હોય છે. બોલતી વખતે ઊડતા જીવ મુખમાં પ્રવેશ ન કરી દે તથા ઊડતી રજ વગેરે મુખમાં પ્રવેશ ન પામે તે માટે મુખ આગળ મુહપત્તિ રાખવાની હોય છે. આ મુહપત્તિને મોં આગળ રાખવાની જ્યારે

જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે જ તેનો ઉપયોગ રાખવાનો હોય છે. આથી જ તે મુખ અને નાક ઉપર બાંધવાની હોતી નથી, કેમકે તેથી ઉપયોગ દશાનો લાભ મળતો નથી.

વળી સતત મુહપત્તિ બાંધેલી રાખવાથી, જો તે બોલવાથી બે ઘડી ઉપર પણ સતત ભીની રહે તો સંમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન થવાની શકયતા રહે છે. કોઇ એમ કહે કે, 'મુહપત્તિ બાંધીને બોલવાથી વાયુકાયની વિરાધના થતી નથી.' તો તે વાત બરાબર નથી. કેમકે મોઢામાંથી નીકળેલો વાયુ બોલાયેલા શબ્દ પુદ્ગલને ઉપાડીને જ્યાં સુધી પહોંચે ત્યાં સુધીમાં વચ્ચે આવતા વાયુની વિરાધના કરી શકે છે.

પૂર્વની પરંપરામાં (૧) બે હાથમાં તાડપત્રનું પાનું પકડી રાખવાના કારણે વ્યાખ્યાન આદિના સમયે (૨) નાકમાં ધૂળ જવાના કારણે કાજો લેતી વખતે (૩) નાકમાં દુર્ગંધ જવાના કારણે મસા થવાની શકયતાના કારણે સ્થંડિલ બેસતી વખતે (૪) શ્વાસોચ્છ્વાસનો અશુભ સ્પર્શ થવાથી દોષ લાગવાના કારણે સ્થાપનાચાર્યજી પ્રતિલેખન કરતી વખતે અને (૫) વિકૃત મોં સારું ન દેખાવાના કારણે ખુલ્લા મોંવાળા મૃતકને મુહપત્તિ બાંધવામાં આવતી હતી. હાલ મૃતક સિવાયની કે કોઈ અપવાદ સિવાયની પ્રથાઓ અમલમાં નથી.

૧૩ માત્રક ગુરુ, ગ્લાન વગેરેને યોગ્ય દુર્લભ વસ્તુ લેવા માટે જીવસંસક્ત વસ્તુ આવી ગઇ હોય તો તેને શુદ્ધ કરવા માટે માત્રક નામના પાત્રાનો ઉપયોગ કરાય છે. ગોચરી

ઉપાડીને બે ગાઉ ચાલીને થાકી ગયેલો અને ભૂખ્યો થયેલો સાધુ જેટલું વાપરી શકે તેટલું પ્રમાણ જેમાં સમાય તેવડું માત્રકનું પ્રમાણ હોવું જોઇએ.

૧૪ ચોલપટ્ટો બે પડ કે ચાર પડ કરતાં જેનું એક સમચોરસ હાથ પ્રમાણ થાય તેવડો ચોલપટ્ટો ક્રમશઃ વૃદ્ધ અને યુવાન સાધુ માટે હોવો જોઈએ. વૃદ્ધ માટે પાતળો અને યુવાન માટે જાડો હોવો જોઇએ. સ્વપરના શીલની રક્ષા માટે તેની જરૂર ગણાય છે હાલમાં સાડાચાર હાથ પ્રમાણ રખાય છે.

## ઔપગ્રહીક ઉપધિ

સંથારો, ઉત્તરપટ્ટો, દાંડો વગેરે ઔપગ્રહીક ઉપધિ છે.

(૧-૨) સંથારો અને ઉત્તરપટ્ટો તે બંને અઢી હાથ લાંબા અને એક હાથ ચાર આંગળ પહોળા હોવા જોઈએ.

પૃથ્વીકાયાદિ જીવોના રક્ષણ માટે તથા શરીરે ધૂળ લાગતાં થતી અસમાધિ નિવારવા માટે સંથારાની જરૂર છે. તે ઊનનો હોવો જોઈએ. સંથારા ઉપરનો ઉત્તરપટ્ટો સુતરાઉ અને કોમળ હોવો જોઇએ. તેથી શરીર સાથે ઘસાઇને મરી જવાની શકયતાવાળી જૂની રક્ષા થાય છે.

(૩-૪) અંદરનું અને બહારનું નિષેથીયું રજોહરણના પાટા જેવડું કે તેથી કાંઇક મોટું અને સુતરાઉ નિષેથીયું રજોહરણની અંદર હોય અને તે ૧ હાથ લાંબું હોય. આવા જ માપનું બીજું ઊનનું નિષેથીયું (ઓઘારીયું) તે રજોહરણના બહારના ભાગમાં હોય.

(૫) દંડ દરેક સાધુએ એક દંડ અને એક લાઠી ઔપગ્રહીક ઉપધિ તરીકે રાખવાના હોય છે. વળી અહીં પાંચ પ્રકારના દંડ પણ કહ્યા છે. (૧) લાઠી તે શરીર પ્રમાણ લાંબી હોય છે. ભિક્ષા કરતી વખતે ગૃહસ્થ દેખે નહિ તે માટે પડદો બાંધવામાં લાઠીનો ઉપયોગ કરાય છે. આ લાઠીની ગાંઠો (પર્વો) એકી સંખ્યામાં હોય તો તે શુભ છે.

દંડાસણની દાંડીમાં તો એકી સંખ્યાની ગાંઠ અશુભ અને બેકી સંખ્યાની ગાંઠ શુભ ગણાય છે.

(૨) વિલઠ્ઠી તે લાઠી કરતાં ચાર આંગળ ટૂંકી હોય છે. કોઇ ગામમાં ઉપાશ્રય ગામના છેડે હોય તો બહારના ભાગમાં આવેલાં ચોર કે કૂતરાને ભગાડી મૂકવા માટે અંદર રહીને જ આ વિલઠ્ઠી દ્વારા બારણું ખખડાવાય છે. (૩) દંડ તે ખભા જેટલો જ લાંબો હોય છે. ભિક્ષા લેવા જતી વખતે તેનો ઉપયોગ થાય છે. તેનાથી પશુ વગેરેના ઉપદ્રવોને નિવારી શકાય છે. વિષમ માર્ગે ચાલતા ટેકો લઇ શકાય છે.

(૪) વિદંડ તે બગલ જેટલો ઊંચો હોય છે. વર્ષાકાળે ભિક્ષા જતાં દંડને બદલે આ વિદંડ લઇ જવાય છે, કેમકે તે ટૂંકો હોવાથી કપડામાં ઢાંકી લઈને અપકાયની વિરાધના રોકી શકાય છે.

(૫) નાલીકા તે લાઠી કરતાં પણ (પોતાના શરીરથી પણ) ચાર આંગળ વધારે લાંબી હોય છે. નદી વગેરે ઊતરતાં પાણીની અજ્ઞાત ઊંડાઈ માપવા માટે તેનો ઉપયોગ થાય છે.

આ સિવાય ઔપગ્રહીક ઉપધિમાં ગુરુએ નીચેની ચીજો પણ રાખવાની હોય છે.

(૬) ચર્મપંચક

(૧) ચર્મકૃતિ ચામડાનું એક પ્રકારનું આસન.

જીવાકુળ ભૂમિ હોય ત્યારે તેની વિરાધનાથી બચવા માટે આ આસન પાથરીને ઊભા રહી શકાય તથા વસ્ત્રો પણ લૂંટાઈ ગયા હોય ત્યારે આ આસન કમર ઉપર વાળીને પહેરી શકાય અને દાવાનળના ઉપદ્રવ વખતે તેનાથી સ્વરક્ષા કરી શકાય.

(૨) ચર્મકોશ ચામડાની કોથળી તેમાં નેઈલકટર (નખરદની-નખને કાપનારી) વગેરે રાખી શકાય અથવા પગના નખ ઉખડી જાય ત્યારે તે આંગળીઓ ઉપર ચડાવી શકાય.

(૩) ચર્મછેદ ચામડાની દોરી, વાધરી ઉગ્ર વિહાર કરતાં પગની નીચેની ચામડીને નુકશાન થયું હોય તો ચામડાના તળિયા બાંધવામાં તે ઉપયોગી થાય. (અહીં મુંડન કરવા માટેના અસ્ત્રાને પણ ગણવામાં આવ્યો છે.)

(૪) તલિકા પગે બાંધવાનું ચામડાનું તળિયું.

(૫) ખલ્લગ (પગરખાં) પગ ફાટયા હોય કે પગમાં રોગ થયો હોય ત્યારે પહેરવા માટે હોય છે.

(૭) યોગપટ્ટ સૂત્રોના જોગ કરવામાં ઉપયોગી દાંડી, પાટલી વગેરે.

(૮) ચિલિમિલિ આહાર કરતી વખતે બાંધવા માટેનો પડદો.

(૯) પુસ્તક પંચક ૧, ગંડિકા, ૨, છિવાડી, ૩, કરછવી,

૪, મુષ્ટિ ૫, સમ્પુટ એ પુસ્તકપંચક નામની ઔપગ્રહીક ઉપધિ છે.

(૨૦) ફલક તે લખવા માટેનું પાટિયું છે. જેમાં લખીને ગોખી શકાય અથવા કોઈ કારણે તે પાટિયું ઓઠિંગણુ રહેવા માટે પણ ખાસ અપવાદે વપરાય છે.

આવી બીજી પણ જે વસ્તુઓ સાધુઓને સંયમની સાધનામાં ઉપયોગી થતી હોય તે ઔપગ્રહીક ઉપધિમાં જાણવી.

વર્ષાકાળમાં જે સાધુને ગોચરી આદિનું બહાર જવાનું કામ સોંપાયું હોય તે સાધુએ કપડો, પડલા વગેરેની બીજી જોડ ઔપગ્રહીક ઉપધિ તરીકે વધારામાં રાખવી. જેથી એક જોડ ભીંજાતા બીજી જોડ બદલીને અપકાયની વિરાધના નિવારી શકાય તથા શરદી આદિથી બચી શકાય.

આ ઔધિક કે ઔપગ્રહીક ઉપકરણો જેવા મળે તેવા જ બને ત્યાં સુધી વાપરવા. અર્થાત્ સોય કે કાતર વગેરેનો ઉપયોગ કરીને સાંધવા કે ફાડવા નહિ.

આ સિવાય બેસવા માટેનું પીઠક તથા ઊનનું આસન, દંડાસન, પાત્રાનો લેપ મૂકવા ઉપયોગી પથ્થરનો કટકો (ઘુટો) ડગલ વગેરે, શરીરશુદ્ધિ માટેના કપડા, પાતરાનું પરિકર્મ કરવા માટે ઉપયોગી પિપ્પલક (લોઢાનું શસ્ત્ર), સોય, કાનનો ને નાકનો મેલ ખોતરવા માટેના પાંચ પ્રકારના વર્ષાત્રાણ. (૧) ઊનનું (૨) સુતરાઉ (૩) તાલપત્રક (૪) ખાખરાના વૃક્ષના પત્રોનું (૫) છત્ર અને ચિલિમિલિ પંચક (પાંચ પ્રકારના પડદા) બે પ્રકારના સંથારા (ઘાસ

વગેરેના પોલાણવાળો અને લાકડા વગેરેના પોલાણ વગરનો સંથારો) અને પાંચ પ્રકારના ઘાસ પણ ઔપગ્રહીક ઉપાધિમાં ગણાય છે.

## ઉપસંહાર

આ બધી જ વસ્તુઓ જો રત્નત્રયીની આરાધનામાં ઉપયોગી થાય તો તે ઉપકરણ કહેવાય. અન્યથા અધિકરણ (દુર્ગતિનું કારણ) બની જાય. આથી પણ વધુ વસ્તુઓ બિલકુલ મૂર્છા વિના, માત્ર સંયમની આરાધના માટે રાખી શકાય. ગચ્છના આચાર્ય તો અનેક વિશિષ્ટ કારણોસર ઘણી વધુ ઉપધિ પણ રાખી શકે છે. આમ છતાં તે ઉપધિનો સંગ્રહ પરિગ્રહ કહેવાતો નથી કેમકે જિનેશ્વરદેવોએ મૂર્છાને જ પરિગ્રહ કહ્યો છે. પછી તે મૂર્છા નાનકડી મુહપત્તિમાં થઇ જાય તો તે મુહપત્તિ પણ પરિગ્રહ કહેવાય.

## વસ્ત્રોના કાપની વિધિ

જો પુરતા પ્રમાણમાં પાણી મળે તો વર્ષાકાળનો અડધો મહિનો બાકી હોય ત્યારે તમામ ઉપધિનો કાપ કાઢવો જોઇએ. પુરતા પાણીના અભાવે પાત્રા અંગેની ઉપધિ–ઝોળી, પડલા વગેરેનો જ કાપ કાઢવો. આચાર્ય અને ગ્લાનની ઉપધિ જ્યારે જ્યારે મલિન થાય ત્યારે ત્યારે વારંવાર–ધોવી.

જૂ અંગે કાપવિધિ પાત્રાની ઉપધિ, બે નિષેથીયા, ત્રણ પટ્ટા (સંથારો વગેરે), રજોહરણ અને મુહપત્તિનો બીજો સેટ ન હોય ત્યારે આ ચીજો, ઉપર ચડેલી જૂ ઉતારવા માટે થોડા દિવસ માટે દૂર મૂકી શકાય નહીં. એટલે હાથમાં એક

મેલું વસ્ત્ર લઈને તેના દ્વારા આ ચંદ્રો ઉપરની જૂ લઈ લેવી અને પછી તેનો કાપ તરત કાઢવો. બાકીની ઉપધિ ઉપર જૂ ચઢી હોય તો તેને થોડા દિવસ માટે દૂર મૂકી દેવી અને જૂ ઊતરી ગયા બાદ તેનો કાપ કાઢવો. જૂવાળા વસ્ત્રને ત્રણ રાત સુધી બે કપડા ઓઢયા ઉપર ઓઢવું. જેથી તે વસ્ત્રની જૂ ઓઢેલા બે કપડામાં ચાલી જાય. પછી ત્રણ રાત સુધી પોતાના આસનથી થોડેક જ દૂર તે બે વસ્ત્રો મૂકી દેવા. જેથી હજી કોઈ જૂ રહી ગઈ હોય તો તે ઊતરીને તે વસ્ત્રોમાં ચાલી જાય. ત્યારપછી એક રાત સુધી તે વસ્ત્રો ખીંટી ઉપર ટીંગાડવાં. જેથી હજીપણ શેષ રહી ગયેલી જૂ ઊતરીને ખીંટીવાળા વસ્ત્રોમાં ચાલી જાય. ત્યારબાદ વસ્ત્ર-પરીક્ષા કરીને જો ખાતરી થાય કે હવે તેમાં જૂ રહી નથી તો તેનો કાપ કાઢવો.

જૂ બે પ્રકારની હોય છે. (૧) શરીર જૂ અને (૨) વસ્ત્રની જૂ. શરીરની જૂની રક્ષા કરવા માટે માથાના વાળ તોડીને તેમાં મૂકી દેવી. તડકામાં કપડા સુકવવાથી, ભૂલથી કપડામાં રહી ગયેલી જૂ મરી જાય છે. માટે બને ત્યાંસુધી તડકામાં કપડા સુકવવા નહીં.

કાપ કાઢવા માટે વર્ષાકાળના સૌથી પહેલા વરસાદનું પાણી ઉપયોગમાં લઈ શકાય. આ પાણી વર્ષાકાળનું પહેલું પાણી હોવાથી, નળિયા કે પતરા ઉપર થઈને આવેલું હોવાથી અત્યંત મેલું હોવાના કારણે તેવા પાણીથી ચોખ્ખો કાપ કેમ નીકળી શકે ? એટલે તે પાણી ગૃહસ્થના ભાજનમાં

લેવડાવીને અને વરસાદ બંધ થાય ત્યાંસુધી તેમાં જ મેલને તળિયે બેસવા દઈને, તથા તેટલા સમયમાં તે પાણીના બિંદુઓમાં કયાંક સંભવિત મિશ્રતાને દૂર થવા દઈને અચિત્ત અને નિર્મળ થયેલા તે પાણીને સાધુએ પોતાના ભાજનમાં વહોરવું. અને તે જલ્દી સચિત્ત ન થાય તે માટે તેમાં ચૂનો નાંખી દેવો. આ પરંપરા આજે નથી.

ઉપધિ ધોવાનો ક્રમ ગુરુ-તપસ્વી-ગ્લાન-નવદીક્ષિત અને પોતાની ઉપધિનું ક્રમશઃ પ્રક્ષાલન કરવું. તેમાં પણ યથાકૃત (જેવું મળ્યું હોય તેવુ), અલ્પ પરિકર્મિત અને બહુ-પરિકર્મિતનું ક્રમશઃ પ્રક્ષાલન કરવું.

વસ્ત્રોને ધોતાં-ધોબીની જેમ ઝીંકવાં નહીં, ધોકાથી કૂટવા નહીં પરંતુ હાથથી મસળીને જયણાપૂર્વક ધોવા. આખા કાયનું પ્રાયશ્ચિત્ત એક છઠ્ઠ છે. અને અડધા કાયનું એક ઉપવાસ છે. ગુર્વાદિકનો કાય હોય તો પણ તેનું પ્રાયશ્ચિત્ત તે કાય કાઢનારે માંગવું જોઈએ.

ઝોળી-પડલા-લૂણા થોડાક પણ મેલા કે ચીકણા થાય તો તરત-વારંવાર-કાઢવા. અન્યથા જીવવિરાધના-રોગપ્રાપ્તિ શાસનહીલના થવાની શકયતા છે.

વિશિષ્ટ કોટિના માણસો જેવા કે-રાજકીય લોકો, પંડિતો ડોકટરો અને શુદ્ધિપ્રેમી બ્રાહ્મણોના સંપર્ક વખતે તે સાધુએ ચોખ્ખા કપડાં પહેરવા જરૂરી છે. અન્યથા શાસનહીલના થાય.

# અનાયતનવર્જનદ્વાર, પ્રતિસેવનાદ્વાર, આલોચનાદ્વાર અને વિશુદ્ધિદ્વાર

## અનાયતન–વર્જન દ્વાર

અત્યાર સુધીમાં પ્રતિલેખનાદ્વાર, પિંડદ્વાર અને ઉપકરણ-દ્વાર પૂરા થયા. હવે ચોથું અનાયતન–વર્જન દ્વાર વિચારીએ.

અનાયતન એટલે અશુદ્ધ સ્થાન અથવા કુશીલ સંસર્ગ. તે દ્રવ્ય અને ભાવથી એમ બે પ્રકારે છે. દ્રવ્યથી અનાયતન એટલે હલકા ગણાતા લોકોના ઘરો ભાવ અનાયતન—લૌકિક અને લોકોત્તર એમ બે પ્રકારે છે. જેમાં તિર્યંચો, દાસી વગેરે સ્ત્રીઓ, શિકારીઓ, ભીલ વગેરે રહેલા હોય તે લૌકિકભાવ અનાયતન કહેવાય. દીક્ષા લેવા છતાં અને સામર્થ્ય હોવા છતાં જેઓ શિથિલાચારી હોય, તેઓ જ્યાં રહેતા હોય તે સ્થાન લોકોત્તરભાવ અનાયતન કહેવાય.

આવા દ્રવ્યઅનાયતન અને લૌકિક તથા લોકોત્તર ભાવઅનાયતની સ્થાનોનો ત્યાગ કરવો જોઇએ. અન્યથા જે સુસાધુઓનું આત્મદ્રવ્ય ભાવુક હશે તેમને તેઓની અસર થયા વિના રહેશે નહીં.

## પ્રતિસેવના દ્વાર

પ્રતિસેવના એટલે મૂલગુણો અને ઉત્તરગુણોની અંદર લાગતા મનના–વચનના કે કાયાના દોષો.

પ્રતિસેવના-મૂલગુણમાં છ વ્રતોના હિસાબે-છ પ્રકારની છે. અને ઉત્તરગુણમાં-ઉદ્‍ગમ-ઉત્પાદના અને એષણાના ત્રણ પ્રકારથી મુખ્યત્વે-ત્રણ પ્રકારની છે.

ચારિત્રનું પાલન કરતાં તીર્થંકર દેવોની વિધિ-નિષેધ-રૂપ આજ્ઞાથી વિરુદ્ધ જે આચરણ થાય તે પ્રતિસેવના કહેવાય છે. ખૂબ સારા ચારિત્ર્યવાન સાધુઓની સાથે રહેવા છતાં પણ-સાવધાનીથી માર્ગ ઉપર ચાલતા માણસને કાંટો લાગી જવાની રીતે-દોષો સેવાઇ જવાની પૂરી શક્યતા છે. માટે તેવા તમામ દોષોનું જ્ઞાન મેળવવું જોઇએ.

## આલોચના દ્વાર

આલોચના બે પ્રકારે છે. મૂલગુણ સંબંધી અને ઉત્તર-ગુણ સંબંધી. સાધુમાં આલોચના ચાર કાનવાળી હોય છે એટલે કે આલોચના કરતી વખતે આલોચનાદાતા અને આલોચનાકારક બે જ હોવા જોઇએ. જ્યારે સાધ્વીજીની આલોચના છ કાનવાળી હોય છે, એટલે કે આલોચનાદાતા આચાર્ય, આલોચના કરનારી સાધ્વી અને બીજી એક સાધ્વી. એમ કુલ ત્રણ વ્યક્તિ આલોચના કરતી વખતે હોવી જ જોઇએ. ઉત્સર્ગમાર્ગે આલોચના આચાર્ય ભગવંત પાસે જ કરાય. સ્વગચ્છના આચાર્ય ન હોય તો પરગચ્છના પણ સુવિહીત આચાર્ય પાસે આલોચના કરવી જોઇએ. તેમની પણ અનુકૂળતા ન હોય તો સુવિહીત ગીતાર્થની પાસે પણ આલોચના કરવી જોઇએ. તેમના અભાવે ઉત્તરગુણોમાં શિથિલ છતાં સસૂત્ર-પ્રરૂપક ગીતાર્થની પાસે પણ આલોચના કરવી જોઇએ.

તેમના પણ અભાવમાં સિદ્ધપુત્ર (મુનિજીવનનો ત્યાગ કરનારો શ્રાવક વિશેષ) કે જે શાસ્ત્રના પદાર્થોનો સારો જાણકાર હોય અને ગંભીરતા વગેરે ગુણો ધરાવતો હોય. તેની પાસે આલોચના કરવી. તેના પણ અભાવમાં સિદ્ધભગવંતની સાક્ષીએ આલોચના કરવી.

આલોચના એટલે નિવેદન, નિંદા, ગર્હા અથવા શલ્યોદ્ધાર.

જેમ નાના પણ અગ્નિના કણીયાની ઉપેક્ષા કરાય તો કદાચ તેમાંથી આગ લાગીને તે આગ ઘર અને છેલ્લે આખું નગર પણ બાળી નાંખે. તેમ નાનું પણ પાપનું શલ્ય ઉદ્ધરાય નહીં તો સ્વનું અને તેનો ચેપ ફેલાય તો સર્વનું નિકંદન કાઢી નાંખે. સેવેલું ઘણું મોટું પાપ-કેન્સરની ગાંઠ જેવું-જો ઉદ્ધરાય તો ટૂંક સમયમાં મુક્તિ મળે. અને સેવેલું ખૂબ નાનકડું પાપ- ઝીણા કાંટા જેવું-જો ન ઉદ્ધરાય તો કદાચ અનેક જન્મોમાં રખડવાનું બની જાય. માટે શલ્યોદ્ધાર (આલોચના) કરવો જ જોઇએ.

પ્રાયશ્ચિત્તથી નિર્મળ થવાની વાત તો દૂર રહી. પરંતુ જો પશ્ચાત્તાપ તીવ્ર બની જાય તો પણ ઘણી મોટી આત્મશુદ્ધિ થઈ જાય. મહાનિશિથસૂત્રમાં શલ્યોદ્ધારના અધિકારમાં કહ્યું છે કે, "એવા અનન્ત આત્માઓ થઈ ગયા છે. જેમને સેવેલા પાપનું ગુરુ પાસે આલોચન કરીને સખ્ત પ્રાયશ્ચિત્ત લેવાની તીવ્ર ભાવના થઇ અને તે માટે પગ ઉપાડયો ત્યાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું. કેટલાકોને ગુરુ પાસે આલોચન

(નિવેદન) કરતાં કરતાં કેવળજ્ઞાન થઈ ગયું, તો કેટલાક અનંતાઓને ગુરુ પાસેથી પ્રાયશ્ચિત્ત સાંભળતાં જ કેવળજ્ઞાન થઇ ગયું.

આ છે આલોચનાની પ્રચંડ શક્તિ ! ! આ શક્તિને ખ્યાલમાં રાખીને પ્રત્યેક મુમુક્ષુએ પોતાના નાનામાં નાના કે બ્રહ્મચર્ય સંબંધના વિકરાળમાં વિકરાળ દોષનું પણ ગુરુ પાસે આલોચન કરવામાં જરાક પણ વિલંબ કરવો જોઇએ નહીં. જેમ જેમ તેમાં વિલંબ થતો જાય છે તેમ તેમ તે પાપનું પ્રાયશ્ચિત્ત વધતું જાય છે. અર્થાત્ કરેલા પાપની જો તે પછીના પહેલા જ પ્રહરમાં આલોચના કરવામાં આવે તો તેનું પ્રાયશ્ચિત્ત જે આવે તેના કરતાં મનની આનાકાની વગેરે કારણે વિલંબ થતાં જો બીજા પ્રહરમાં આલોચન કરવામાં આવે તો તે પ્રાયશ્ચિત્ત વધી જાય છે. આ રીતે પછીના પ્રહરમાં પણ સમજવું.

જેણે પોતાના દોષની ગુરુ પાસે આલોચના-સહેલાઇથી કરવાની શક્તિ મેળવવી હોય તેણે પોતાનામાં રહેલા અહંકારને જેટલો બને તેટલો વધુ ઓગાળી નાંખવો જોઇએ, કેમકે તે જ આલોચન કરવા દેતો નથી. વળી આવા અહંકારને લીધે આલોચન કરનારો સાધુ લક્ષ્મણા સાધ્વીજીની જેમ માયાવી બને તે પણ સુસંભવિત છે.

શાસ્ત્રકારોએ આઠ પ્રકારના મદ (અહંકાર) કહ્યા છે.

(૧-૨) જાતિ કે કુળનો જેને મદ હશે તેને આલોચન કરતાં વિચાર આવશે કે, "જો આ વાત ખુલ્લી પડી જશે તો લોકો મારી જાતિ કે કુળની નિંદા કરશે."

(૩-૪) રૂપ કે બળનો જેને મદ હશે તેને થશે કે, "પ્રાયશ્ચિત્તમાં જો મને વધુ પડતો તપ આપશે તો મારું રૂપ કરમાઇ જશે અથવા હું દુર્બળ થઈ જઈશ.'

(૫) જેને લાભનો (અર્થાત્ લાભાંતરાયના જોરદાર ક્ષયોપશમથી મળતી અનેક સમૃદ્ધિઓનો) મદ હશે તે આલોચન કરતાં એમ વિચારશે કે, "મારે બધી વાતે લીલાલહેર છે. જો મારુ આલોચન ખુલ્લું પડી જાય તો મને મળતા અનેક લાભો અટકી જાય."

(૬) તપના મદવાળો એમ વિચારશે કે, "હું તો ઉગ્ર તપશ્ચર્યા કરવાથી જ સદાનો શુદ્ધ છું. મારે આલોચનાની શી જરૂર ?"

(૭) જેને પ્રાપ્ત થયેલા ઐશ્વર્યનો મદ હશે તે આલોચન કરતાં એમ વિચારશે કે, "આટલા બધા શિષ્યો અને ભક્તોવાળો હું શી રીતે આલોચના કરી શકું ?"

(૮) જેને જ્ઞાનનો મદ હશે તે ગુરુની પાસે આલોચના કરતાં વિચારશે કે, 'હું સ્વયં જ્ઞાની છું. ગીતાર્થ છું. માટે મારું પ્રાયશ્ચિત્ત મારી જાતે જ કરી લઇશ.' જેમ એક ડોકટર માંદો પડે ત્યારે પોતાની દવા બીજા ડોકટરની પાસે જ કરાવતો હોય છે. તેમ મોટામાં મોટા આચાર્યે પણ પોતાના દોષોની શુદ્ધિ બીજા આચાર્યાદિ પાસે કરવી જ જોઇએ,

સંવેગરંગશાળા ગ્રન્થમાં જણાવેલા આલોચના કર-નારના માયા–પ્રધાન દસ દોષ અહીં જોઇએ.

## આલોચકના દશ દોષો

૧. ગુરુને ભક્તિ વગેરેથી વશ કરીને આલોચે, ૨. પોતાની નબળાઇ જણાવીને આલોચે ૩. જે દોષો બીજા-ઓએ જોયા હોય તેને, ૪. કેવળ મોટા દોષોને, અથવા ૫. માત્ર સૂક્ષ્મ દોષોને જ આલોચે, ૬. ગુપ્ત રીતે, અથવા ૭. મોટા અવાજમાં (કોલાહલમાં) આલોચે, ૮. ઘણા ગુરુઓ પાસે આલોચે, ૯. અવ્યક્ત ગુરુની સમક્ષ આલોચે અથવા ૧૦. પોતાના જેવા દોષ સેવનારા ગુરુ પાસે આલોચે.

૧. 'મને પ્રાયશ્ચિત્ત થોડું આપે.' એવા ઈરાદાથી પ્રથમ વૈયાવચ્ચ વગેરેથી ગુરુને વશ ( આવર્જન ) કરીને આલોચે. જેમ કે ( થોડી આલોચના આપવા છતાં ) ' સંપૂર્ણ આલોચ્યું હશે' (એમ માનીને) આચાર્ય મને અનુગ્રહ કરશે, એવા ઇરાદાથી કોઈ આહારથી, પાણીથી, ઉપકરણથી કે વંદનથી ગુરુને આવર્જિત કરીને આલોચના આપે. એ આલોચનાનો પહેલો દોષ. જેમ કોઇ જીવિતનો અર્થી પુરુષ અહિતને (પણ) હિત માનતો જાણીને ઝેર પીવે, તેવી આ આલોચના પણ જાણવી.

૨. શું આ ગુરુ આકરું પ્રાયશ્ચિત્ત આપનાર છે કે હલકું (થોડું) આપે છે ? – એમ અનુમાને (માપે) અથવા મને નિર્બળ સમજીને થોડું પ્રાયશ્ચિત્ત આપે, એવા ઇરાદાથી (બચવા માટે) ગુરુને કહે કે, "તે સાધુ ભગવંતો ધન્ય છે, કે જેઓ ગુરુએ આપેલા ( ઘણા ) તપને સારી રીતે

(ઉત્સાહથી) કરે છે. હું નિશ્ચે તુચ્છ (નિર્બળ) છું; જેથી તપ કરવા સમર્થ નથી. આપ મારી શક્તિને, શરીરની દુર્બળતાને અને અનારોગ્યને જાણો છો, પણ આપના પ્રભાવે આ પ્રાયશ્ચિત્તને હું પૂર્ણ કરી શકીશ." (અર્થાત્ આવેલા પ્રાયશ્ચિત્તને કરવા હું અશક્ત છુ.) એમ (પ્રથમ) ગુરુની સામે કહીને તે પછી શલ્યસહિત આલોચના કરે. તે આલોચનાનો બીજો દોષ છે. જેમ સુખનો અર્થી પરિણામે અહિતકર એવા અપથ્ય આહારને ગુણકારક માનીને ખાય, તેમ શલ્યપૂર્વકની આ આલોચના પણ તેવી છે.

૩. તપના ભયથી, અથવા ' આ સાધુ ( અમુક ) આટલા અપરાધવાળો છે.' —એમ બીજાઓ જાણે છે, એમ માનીને જે જે દોષો બીજાએ જોયા હોય, તે તે દોષોને જ આલોચે. બીજા અપ્રગટને ન આલોચે. એમ મૂઢ મતિવાળો જે ગુપ્ત દોષોને સર્વથા છુપાવતો આલોચે, તે ત્રીજો આલોચનાનો દોષ જાણવો. જે ખોદાતા કૂવાને જ કોઇ ધૂળથી પૂરે, તેમ આ શલ્યવિશુદ્ધિ કર્મને બંધાવનારી જાણવી.

૪. જે પ્રગટ મોટા અપરાધોને આલોચે, સૂક્ષ્મને ન આલોચે, અથવા સૂક્ષ્મને આલોચે, મોટાને ન આલોચે તે એમાં એ રીતે શ્રેષ્ઠ માને કે, " ( બીજા એમ સમજશે કે– ) જે સૂક્ષ્મને આલોચે, તે મોટા દોષોને કેમ ન આલોચે ? એમ માનીને જ્યાં જ્યાં તેનો વ્રતભંગ થયો હોય, ત્યાં ત્યાં મોટા દોષોને આલોચે અને સૂક્ષ્મને છુપાવે.

એ ચોથો આલોચના દોષ કહ્યો. જેમ કાંસાની ઝારી અંદર મેલી અને બહાર ઉજળી હોય, તેમ આત્મામાં સશલ્ય-પણાના દોષથી આ આલોચના તેવી જાણવી.

૫. ભયથી, મદથી કે માયાથી જે કેવળ સૂક્ષ્મ દોષોને આલોચે અને મોટાને છુપાવે, તે આ ( આલોચનામાં ) પાંચમો દોષ થાય. જેવું પિત્તળનું સોનાથી રસેલું કડું અથવા કૃત્રિમ સોનાનું કડું કે અંદર લાખ ભરેલું કડું, તેના જેવી આ આલોચના પણ જાણવી.

૬. પહેલા, બીજા, ત્રીજા, ચોથા કે પાંચમા વ્રતમાં જો કોઇને મૂલગુણની અને ઉત્તરગુણની વિરાધના થાય, તો તેને કેટલો તપ અપાય ?—એમ ગુપ્ત રીતે પૂછીને (આલોચ્યા વિના) પોતાની મેળે જ તે પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરે, તે આલોચનાનો છઠ્ઠો દોષ જાણવો, અથવા આલોચના કરતાં જે રીતે પોતે જ સાંભળે અને બીજો ન સાંભળે, તેમ ગુપ્ત આલોચે. એમ કરવાથી (પણ) છઠ્ઠો દોષ થાય. જે પોતાના દોષોને કહ્યા વિના જ શુદ્ધિને ઇચ્છે, તે ઝાંઝવાના નીરમાંથી જળને, અથવા ચંદ્રની આસપાસ થતા જળનાં કૂંડાળાંમાંથી ભોજનને ઇચ્છે છે. ( અર્થાત્ તેની શુદ્ધિ થતી નથી. )

૭. પક્ખી, ચોમાસી અને સંવત્સરી, એ શુદ્ધિ કરવાના દિવસે ( બીજા સાંભળે નહિ એમ માની ) કોલાહ-લમાં દોષોને કહે તે આલોચનાનો સાતમો દોષ છે. તેની આ આલોચના રેંટની ઘડી (ખાલી થવા છતાં પુનઃ ભરાય,

તેવી શુદ્ધિ કરવા છતાં નહિ કરવા ) જેવી, અથવા સમૂહમાં કરેલી છીંક જેવી ( નિષ્ફળ ) કે ભાંગેલી ઘડી જેવી (તેમાં પાણી રહે નહિ, તેમ આ આલોચનાનું ફળ ટકે નહિ તેવી) જાણવી.

૮. એક આચાર્યની પાસે આલોચીને જે પુનઃ પણ તે જ દોષોને બીજા આચાર્ય પાસે આલોચે, તેને બહુજન નામનો (આઠમો) દોષ કહ્યો છે. ગુરુની સમક્ષ આલોચના કરીને તેમની પાસેથી પ્રાયશ્ચિત્તને સ્વીકારીને પણ તેની શ્રદ્ધા નહિ કરતો અને બીજા બીજાને પૂછે, તે આ આઠમો દોષ જાણવો. અંદર શલ્ય રહી જવા છતાં રુઝાયેલો ઘા જેમ પછી રોગીને તીવ્ર વેદનાઓથી પીડે, તેમ આ પ્રાયશ્ચિત્ત પણ તેના જેવું જાણવું.

૯. જે ગુરુ (આલોચનાને યોગ્ય) શ્રુતથી અથવા પર્યાયથી અવ્યક્ત-અધુરા (ન્યૂન) હોય, તેને પોતાના દોષો કહેનારને સ્પષ્ટ આલોચનાનો નવમો દોષ લાગે. જેમ કૃત્રિમ સોનું કે કરેલી દુર્જનની મૈત્રી અંતે નિશ્ચઅહિતકર થાય, તેવું આ પ્રાયશ્ચિત્ત જાણવું.

૧૦. આલોચકના જેવા જ તે અપરાધોને જે આચાર્ય સેવતા હોય, તે તત્સેવી કહેવાય. તેથી આલોચક એમ માને કે-આ મારા જેવા દોષવાળા છે, તેથી મને ઘણું મોટુ પ્રાયશ્ચિત્ત નહિ આપે, એમ મોહથી સંક્લિષ્ટ ભાવવાળો, તેવા ગુરુ પાસે આલોચે, તે આલોચનાનો દશમો દોષ જાણવો. જેમ કોઈ મૂઢ રુધિરથી ખરડાયેલા વસ્ત્રની શુદ્ધિ કરવા તેને રુધિરથી જ ધૂવે, તેના જેવી આ દોષશુદ્ધિ

જાણવી. જેમ દુષ્કર તપને કરનારા પણ શાસનના વિરોધીઓને સિદ્ધિની પ્રાપ્તિ દૂર થાય છે (થતી નથી), તેવી આ શુદ્ધિ પણ દોષયુક્ત (અશુદ્ધ) જાણવી.

એમ આ દસેય દોષોને, ભય-લજ્જાને અને માન-માયાને (પણ) દૂર કરીને આરાધક તપસ્વી શુદ્ધ આલોચનાને આપે. (કરે) જે નટની જેમ ચંચળતાને, ગૃહસ્થની ભાષાને, મૂંગાપણાને અને મોટા અવાજને તજીને, ગુરુની સન્મુખ રહીને (વધિપૂર્વક) સમ્યગ્ આલોચે, તે ધન્ય છે.

# વિશુદ્ધિ દ્વાર

શુદ્ધિ બે પ્રકારે છે. વસ્ત્રાદિને ચોખ્ખાં કરવાં તે દ્રવ્યશુદ્ધિ. મૂલગુણ અને ઉત્તરગુણ સંબંધમાં આત્માને લાગેલા દોષોની પ્રાયશ્ચિત્ત દ્વારા શુદ્ધિ કરવી તે ભાવશુદ્ધિ.

આઠ રીતે દોષો લાગે છે.

(૧) સહસા જોઈને ઉપાડેલો પગ નીચે મૂકતાં એકાએક કોઈ જીવ આવી જાય.

(૨) અજ્ઞાનતાથી લાકડા ઉપર નિગોદ હોવા છતાં તેની ખબર ન હોઈને તે ઘસી નાખી.

(૩) ભયથી વડીલ પૂછે તેનો ભયથી જુઠો જવાબ આપવો.

(૪) બીજાની પ્રેરણાથી કોઈની આડીઅવળી સમજાવટથી અકાર્ય કરવું.

(૫) સંકટમાં વિહાર આદિમાં ખૂબ ભૂખ-તરસ લાગ્યાં હોય ત્યારે ઝાઝી દરકાર કર્યા વિના દોષવાળી પણ ગોચરી લઈ લેવી.

(૬) રોગની પીડામાં સહન ન થતાં તરત જ આધાકર્મી વગેરે વાપરવું.

(૭) મૂઢતાથી સૂક્ષ્મ બુદ્ધિ નહીં વાપરવાથી દોષનું સેવન કરવું.

(૮) રાગ-દ્વેષથી તે તે દેશ-કાળ-કે-દ્રવ્યમાં રાગાદિ કરવાથી.

તીર્થંકર પરમાત્માનો ઉપદેશ છે કે પાપભીરુ આત્માએ ગુરુ પાસે જઇને વિનયપૂર્વક હાથ જોડીને આત્માના સૂક્ષ્મતમ દોષનું પણ પ્રાયશ્ચિત્ત કરી લેવું જોઈએ. જે આત્મા સશલ્ય છે. તેનો સંયમજીવનમાં વિકાસ થઇ શકતો નથી અને તેને સમાધિથી મૃત્યુ સંભવિત નથી. સેવેલા પાપનું જે પ્રાયશ્ચિત્ત સદ્‌ગુરુ આપે તેને સંપૂર્ણપણે વહન કરવું જોઇએ અને પ્રાયશ્ચિત્ત લેતી વખતે એવો દૃઢપણે સંકલ્પ હોવો જોઇએ કે "આ પાપ હવે પછી હું કદી નહીં કરું." છતાં પણ એ અનાદિકાળના તીવ્ર કુસંસ્કારોના જોરના કારણે તે પાપ ફરીથી થઈ પણ જાય તો જેમ બને તેમ જલદી ફરીથી પ્રાયશ્ચિત્ત લેવું. પરંતુ વારંવાર ફરી પાપ થવાના ભયે, પ્રાયશ્ચિત્ત લેવાનું બંધ રાખવું નહીં. શુદ્ધ દિલથી જે આત્મા પ્રાયશ્ચિત્ત કરે છે, તે આત્મા અનાદિ સંસ્કારના જોરે પાપ કરી બેસશે તો પણ તેની તીવ્રતા તો ચોક્કસ ઘટતી જશે અને બે પાપ વચ્ચેનો સમયનો ગાળો ઉત્તરોત્તર વધતો જશે. આમ થતાં છેવટે તે પાપ ખતમ થઇ જશે.

ભૂતકાળમાં થયેલા પાપનો તીવ્ર પશ્ચાત્તાપ જોઈએ તથા વર્તમાનકાળમાં પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ અને ભવિષ્યકાળમાં તે પાપ નહીં કરવાનું પચ્ચક્ખાણ કરવું જોઈએ.

જેણે પાપથી છૂટકારો મેળવવો હોય તેણે પાપથી ખૂબ ભયભીત રહેવું જોઇએ. અને તે માટે તેણે પરલોકની દુર્ગતિના અતિદારુણ વિપાકોને સતત નજરમાં રાખવા જોઇએ. કદાચ કોઇ આત્માની નજર તે પરલોક સુધી પહોંચતી ન હોય તો આ લોકમાં જ પાપના પરિણામ-રૂપે આરોગ્ય કે આબરૂના થનારા નાશનો ભય બતાડીને પણ તેને પાપથી નિવૃત્ત કરવો જોઇએ.

પાપને જડમૂળમાંથી કાઢવા માટે પાપના કારણભૂત ગાઢ પાપસંસ્કારો (અનુબંધો) ને તોડી પડવા જોઇએ. આવા અનુબંધો રત્નત્રયી–તત્ત્વત્રયી અને જીવરાશિરૂપ સાત પદાર્થો-માંના એકાદ વગેરે પદાર્થની થઇ ગયેલી તીવ્ર વિરાધનાથી આત્મામાં ગાઢ રીતે જામ થઈ જાય છે. આથી જ તે અનુ-બંધોને નીચેની ત્રણે ભાવના દિવસમાં વારંવાર કરીને તોડી પાડવા જોઇએ.

૧ "હે પ્રભુ ! સાત પદાર્થોની વિરાધનાથી મારા આત્મામાં ગાઢ બનેલા પાપ સંસ્કારોના અનુબંધો સંપૂર્ણ નાશ પામો."

૨ "હે પ્રભુ ! મારા આત્માના સર્વપ્રદેશો ઉપર તારી આજ્ઞાનું સામ્રાજ્ય વ્યાપો."

૩ "હે પ્રભુ મારામાં શાસ્ત્રોકત સાધુપણું પ્રગટો અને ઉત્તરોત્તર વિકાસ પામતું રહો."

ઉપર પ્રમાણે ત્રણ ભાવના કર્યા બાદ ત્રણ વખત "ચત્તારિ મંગલમ્" વગેરે ત્રણ ગાથાઓનો ભાવપૂર્ણ પાઠ કરવો.

જોઈએ. ક્રમસેક્રમ સવારે ઊઠીને તરત, રાત્રે સૂતી વખતે છેલ્લે અને બપોરે કોઇ નિશ્ચિત્ત અનુકૂળ સમયે. એમ ત્રણ વખત તો ઉપરોક્ત ભાવના અવશ્ય કરવી.

જે પુણ્યાત્મા આ રીતે પાપના અનુબંધોને તોડે છે, તેને સહજ રીતે નબળા એવા પણ પુણ્યના અનુબંધો મજબૂત થતા જાય છે. આથી તેને સદ્‌ગુરુઓનો યોગ પ્રાપ્ત થાય છે. અને તેમની ઉત્તમ સેવાના પરિણામે તીર્થંકર દેવનો સાક્ષાત્ યોગ જન્માંતરમાં પ્રાપ્ત થઇ જાય છે. આથી આ આત્મા પાપ અને પાપ-વાસનાઓ વિનાનો સહજ રીતે બનવા લાગે અને તેથી મુક્તિ પામે, તેમાં કોઈ નવાઈ નથી.

"હે આત્મન્ ! તું યાદ રાખજે કે એવું ભયંકર સંકટ લાવી મૂકવાની તાકાત જગતના કોઇપણ શસ્ત્રમાં નથી, કોઈપણ ઝેરમાં નથી કે ભયંકર ભૂતમાં નથી અથવા વિષમ રીતે ચલાવાયેલા યંત્રમાં નથી કે ક્રોધાન્ધ બનેલા કાળા સાપમાં પણ નથી કે જે સંકટ લાવી મૂકવાની તાકાત પ્રાયશ્ચિત્ત દ્વારા નહીં ઉદ્ધરેલા પાપ-કર્મના નાનકડા પણ કાંટામાં છે. માટે હે મુમુક્ષુ! તારા સંયમ-જીવનમાં બીજું કાંઈ તું કરી શકે કે ન કરી શકે પરંતુ અતિસૂક્ષ્મ એવા પણ પાપોનું પ્રાયશ્ચિત્ત તો, મા આગળ નાનું બાળક નિર્લજ્જ બનીને જેમ ખુલ્લું થઇ જાય છે તેમ તું તારા ગુરુ આગળ નિર્લજ્જ બનીને તારા સર્વ પાપોને ખુલ્લાં કરી દેજે."

# ઓઘનિર્યુક્તિ

## અધિકાર

## વિહાર

આ ઓઘ-નિર્યુક્તિગ્રન્થ પ્રતિલેખના વગેરે સાત દ્વારોમાં વહેંચાયેલો છે. આપણે તે સાતે દ્વારો પૂર્ણ કર્યા. પરંતુ પહેલા પ્રતિલેખના નામના દ્વારમાં પ્રતિલેખક સાધુ એક અને અનેક એમ બે પ્રકારે જણાવ્યા છે અને તે પ્રસંગે પ્રતિલેખક એકલો શી રીતે હોઇ શકે? તે પ્રશ્ન ઊભો કરીને તેના અપવાદમાર્ગે આદિ અશિવ દશ કારણો જણાવ્યાં છે. તે પછી ત્યાં એકાકી વિહાર કરતા સાધુ અંગેની બીજી અનેક બાબતો જણાવી છે. આ એકાકીપણા અંગેનું પેટા-પ્રકરણ આપણે હવે બીજા અધિકારમાં વિચારીએ.

## એકાકી વિહારના દુકાળ આદિ દશ કારણો

૧ દુકાળ : અવધિજ્ઞાનથી, તપના પ્રભાવથી, કોઇ દેવતાના કહેવાથી કે અષ્ટાંગ નિમિત્તની જાણકારીથી, બાર વર્ષ અગાઉ એવી ખબર પડી જાય છે કે આ પ્રદેશમાં દુકાળ વગેરે થનાર છે. તો સાધુઓ ત્યાંથી વિહાર કરી જાય તે

વખતે પણ રસ્તામાં સૂત્રપોરિસી અને અર્થપોરિસીનો સ્વાધ્યાય ચૂકે નહીં. દુકાળ સમયે જરૂર પડે તો એક એક થઈને પણ વિહાર કરવો પડે.

અશિવ : કેટલીક વાર દુષ્ટ દેવતાના ઉપદ્રવને કારણે પણ તે ક્ષેત્રમાંથી વિહાર કરી જવો પડે. આ દેવતાઓ ચાર પ્રકારના હોય છે.

(૧) સાધુને હેરાન ન કરે પણ ગૃહસ્થને હેરાન કરે.

(૨) સાધુને હેરાન કરે પણ ગૃહસ્થને હેરાન ન કરે.

(૩) બેમાંથી કોઈને પણ હેરાન ન કરે.

(૪) બંનેને હેરાન કરે

ઉપરમાંથી ત્રીજા પ્રકારમાં જ તે પ્રદેશમાં રહેવું. બાકીના ત્રણ પ્રકારમાં તો અવશ્ય વિહાર કરી જવો.

આ દુકાળ અને દુષ્ટ દેવતાનો ઉપદ્રવ વખતે શક્ય હોય તો સાવ એકલા પડી જવું નહીં પરંતુ નિરૂપાયે અને સમાધિ ટકાવવા માટે એકાકી વિહારની પણ રજા છે.

દેવતાના ઉપદ્રવોમાં જો કોઇ સાધુ ઝડપાઈ ગયો તો વિહાર કરનારા બધા સાધુઓએ તે સાધુ સ્થિરવાસ વગેરે કારણે રોકાયેલા સાધુને સોંપવો પણ જો તેવા કોઈ સ્થિર-વાસ વગેરે કારણવાળા સાધુ ન હોય તો દેવતાથી ઝડપાયેલા કે ગ્લાનાદિ સાધુની સારવાર માટે એક સાધુએ રોકાવું. તે સાધુએ નીચેની બાબતનો અમલ કરવો. (૧) કોઈપણ વિગઈ વાપરવી નહીં. (૨) મીઠું (નીમક) બિલકુલ વાપરવું નહીં. (૩) દશીવાળું વસ્ત્ર વાપરવું નહીં. (૪) લોઢાને સ્પર્શ કરવો

નહીં. (૫) જે ઘરોમાં દેવતાનો ઉપદ્રવ થયો હોય ત્યાં વહોરવા જવું નહીં પણ જો બધા જ ઘરોમાં દેવતાનો ઉપદ્રવ થયો હોય તો વહોરાવનારની નજરમાં નજર મેળવવી નહીં. (૬) ઉપદ્રવવાળા સાધુને જુદા ઓરડામાં રાખવો. છેવટે આડો પડદો કરવો. (૭) તે સાધુને આહાર ત્રણ પરંપરાથી આપવો એટલે કે અ નમનો સાધુ બ નામના સાધુને આપે અને ક નામનો સાધુ તે ઉપદ્રવવાળા સાધુને આપે તે પણ અનાદરથી આપે. આહાર આપ્યા પછી તે બ નામનો સાધુ તેના દેખતા જ માટીથી હાથ ધોઇ નાંખે. (૮) તે ઉપદ્રવિત સાધુને ઊંચાનીચા કરવા હોય ત્યારે વચમાં કપડું રાખીને કરવા. (૯) સારવાર કરનારે ચાલુ તપ કરતાં વધુ તપ કરવો. (૧૦) ઉપદ્રવિત સાધુનું મૃત્યુ થઇ જાય તો તેની બધી ઉપધિ પરઠવી દેવી. (૧૧) કોઇપણ કારણસર સેવા કરનારે તે ક્ષેત્ર મૂકીને જવાનો અવસર આવે તો તે ઉપદ્રવિત સાધુને બીજા કોઇ ઉપાશ્રયમાં રોકાઇ પડેલા સાધુને સોંપે–તેના અભાવમાં પાસત્થા આદિને અથવા છેવટે શય્યાતરને પણ સોંપીને જાય. તે પણ ન હોય તો યોગ્ય ઉપાય કર્યા વિના તો ન જ જાય.

## ૩ રાજભય

ચાર રીતે રાજા તરફથી ભય ઊભો થાય છે.

૧. વસતિ ન આપીને રાજ્યમાથી કાઢી મૂકવા દ્વારા.

૨. આહાર–પાણી બંધ કરાવવા દ્વારા.

૩. વસ્ત્ર–પાત્રાદિ લૂંટી લેવા દ્વારા.

૪. મારી નાંખવા દ્વારા.

રાજા રોષાયમાન થવાના કારણો નીચે મુજબ છે.

(૧) વિનયરત્નની જેમ રાજકુટુંબના કોઈ સભ્યનું કોઈ સાધુ વેશધારીએ ખૂન કર્યું હોય.

(૨) નાસ્તિકતાને કારણે સાધુદર્શનને કોઈ રાજા અમંગલ માનતો હોય.

(૩) કોઈએ રાજાને ભંભેર્યો હોય કે, " જૈનસાધુઓ તમારું ખરાબ કરવાનો ઉપાય કરી રહ્યા છે. "

(૪) રાજાનો નિષેધ છતાં કોઈને દીક્ષા અપાઈ ગઈ હોય.

(૫) કોઈ સાધુએ અંતઃપુરમાં પેસીને અપકૃત્ય (કર્યું હોય) સેવ્યું હોય.

(૬) કોઈ ધુરંધરવાદી સાધુએ, અભિમાની રાજાનો કે તેના અભિમાની પંડિતનો વાદમાં પરાજય કર્યો હોય.

આવા સંજોગોમાં એકાકીપણે વિહાર કરીને પણ પોતાના પ્રાણનો અને ચારિત્રનો નાશ થતો રોકવો જોઈએ.

## ૪ ક્ષુભિત

કોઈ પ્રકારના ચોર આદિના ગભરાટથી કે ખોટી અફવાથી જો સાધુને પણ નાસભાગ કરવી પડે તો તેવા સમયે તે એકાકી થઈ શકે છે.

## ૫ અનશન

પોતાના ગચ્છમાં નિર્યામક ન હોવાના કારણે આજીવન અનશન કરવાની ઇચ્છાવાળો સાધુ ગુર્વાજ્ઞાથી એકાકી વિહાર કરીને નિર્યામકોવાળા ગચ્છમાં જાય અને ત્યાં અનશન કરે. અથવા કોઈ સાધુએ અનશન સ્વીકાર્યું હોય અને તેની પાસે સૂત્ર અને અર્થનો અનુપમ ખજાનો હોય તો તે પામવા માટે સંઘાટ્ટકના અભાવે એકાકી વિહાર કરીને પણ કોઈ સાધુ તેની પાસે પહોંચી જાય અથવા અનશનીની સેવા કરવા માટે, સંઘાટ્ટકના અભાવે એકાકી વિહાર કરીને સાધુ પહોંચી શકે.

## ૬ સ્ફિટિત

(૧) વિહારના રસ્તામાં બે રસ્તા આવતા, કોઈ એકલો સાધુ ખોટા રસ્તે ચઢી જાય ત્યારે તેનો વિહાર એકાકી બની જાય, અથવા (૨) ધીમે ચાલવાની ટેવના કારણે એકલો પડી જતો સાધુ, જ્યાં સુધી ગચ્છ ભેગો ન થાય ત્યાં સુધી એકાકી વિહારી કહેવાય.

## ૭ ગ્લાન

કોઇ બીમાર થયેલા સાધુ માટે ઔષધ લેવા દૂર દેશમાં જવાનું થાય ત્યારે સંઘાટ્ટકના અભાવે એકાકી વિહારી પણ બની શકાય અથવા ગ્લાન સાધુની સેવા માટે, સંઘાટ્ટકના અભાવે દૂર દેશમાં એકાકી જઈ શકાય.

## ૮ અતિશય

જ્ઞાન-લબ્ધિથી જો સાધુને ખબર પડી જાય કે નૂતન દીક્ષિત થયેલા સાધુને ઉપાડી જવા માટે તેના સગાઓ આવી રહ્યા છે. તો સંઘાટ્ટકના અભાવે તે નૂતન દીક્ષિતને એકાકી વિહાર પણ કરાવી શકાય.

## ૯ દેવતા કથન

કોઈ દેવતાની જળ પ્રલય આદિ આગાહી જાણીને, એકાકી વિહાર પણ કરી દેવો પડે.

## ૧૦ આચાર્ય

કોઇ આચાર્ય પોતાના પ્રાયશ્ચિત્તાદિ લેવાના કારણે દૂર દેશના અન્ય આચાર્ય પાસે જે સાધુને મોકલે તે સંઘાટ્ટકના અભાવે એકાકી પણ વિહાર કરી શકે.

જે સાધુએ ગુરુઆજ્ઞાથી એકાકી વિહાર કરવાનો હોય તે સાધુ પૂર્વની રાત્રે સૂતી વખતે, સવારે થનારા પોતાના વિહારની વાત કરી રાખે. અને સવારે નીકળતી વખતે પણ આચાર્યની રજા લઇને નીકળે. આ રીતની પૃચ્છા અને પ્રતિપૃચ્છાથી નીચે પ્રમાણે લાભ થાય છે.

૧ જો આચાર્યની કહેવામાં કોઇ ભૂલ થઈ હોય તો તે સુધારી શકે છે.

૨ જો કામ પતી ગયાના આચાર્યને સમાચાર મળી ગયા હોય તો સાધુને વિહાર કરતાં રોકી શકે છે.

એકાકી વિહાર કરનાર સાધુ આચાર્યની રજા લેવા જાય ત્યારે જો આચાર્ય ઊંઘતા હોય તો તેમને ઉઠાડવા. જો ધ્યાનમાં બેઠેલા હોય તો તેમનું ધ્યાન પૂરું થાય ત્યાં-સુધી રાહ જોવી. ત્યારબાદ વંદના કરીને વિહારની આજ્ઞા મેળવવી. ત્યારપછી અન્ય સાધુઓ સાથે એકબીજાના વંદન આદિ લેવા–દેવા. ત્યારબાદ વિહાર શરૂ કરવો.

## વિહારવિધિ

ખાસ કારણે ઘણું લાંબે જવાનું હોય તો અંધારામાં પણ વિહાર કરી શકાય. પરંતુ તે વખતે કૂતરા આદિના ભયને લીધે અજવાળું થાય ત્યાં સુધી બીજા સાધુ તેને મૂકવા જાય. જો તે વખતે વિહારી સાધુને સ્થંડિલ આદિની શંકા હોય તો ગામ નજીકના સીમાડામાં કે જ્યાં ગાયો ચરતી-બેસતી હોવાના કારણે ભૂમિ શુદ્ધ હોય, ત્યાં શંકા પતાવીને આગળ વધવું. જો અંધારામાં જવામાં ચોર આદિનો ભય હોય તો અજવાળામાં જ વિહાર કરવો. જો સાધુને વાપરીને વિહાર કરવાની ઇચ્છા હોય તો ગીતાર્થ સાધુ સંખડી (જમણવાર વગેરે માટેનુ મોટું રસોડું) માંથી કે સ્થાપનાકુળોમાંથી જલદી ભિક્ષા લાવી આપે. તે વિહારી સાધુ ભિક્ષા વાપરીને નીકળે. અથવા ભિક્ષા સાથે લઈને વિહાર કરે. અને ક્ષેત્રાતીત થતા પહેલાં વાપરી લે. તે વિહારી સાધુ ગામમાં પેસતા અને નીકળતા રજોહરણથી (હાલમાં દંડાસનથી) પગ પૂંજતો રહે. જો તે વખતે કોઇ વિલક્ષણ ગૃહસ્થ જોતો હોય તો પગ ન પણ પૂંજે. પગ પૂંજવાના સ્થળે રહેલા ગૃહસ્થો ત્રણ પ્રકારના હોય છે.

૧ ચલ ચાલતાં.

૨ વ્યાક્ષિપ્ત કોઈ બીજા કામમાં ઓતપ્રોત.

૩ અનુપયુક્ત સાધુની પગ પૂંજવાની ક્રિયા તરફ ઉપયોગ વિનાના.

આ ત્રણ વિકલ્પના આઠ ભાંગા થાય. તેમાં જે ચાર ભાંગા 'અનુપયુક્ત' પદવાળા હોય તે ચાર ભાંગાની જ અવસ્થામાં પગ પૂંજી શકાય.

રસ્તો પૂછવાની રીત

શંકાશીલ રસ્તો ઓછામાં ઓછા બે જણાને પૂછવો. બે તરુણ શ્રાવકોને અથવા બે તરુણ અન્ય ધાર્મિકોને 'ધર્મ-લાભ' આપીને હેતપૂર્વક રસ્તો પૂછવો. પણ વૃદ્ધ, બાળ, સ્ત્રી અને નપુંસકને રસ્તો પૂછવો નહીં. તેમાં દઢ સ્મૃતિવાળા વૃદ્ધને, મધ્યમવયવાળી સ્ત્રીને કે સરળ બાળ વગેરે ઉત્તરોત્તર પૂછી શકાય.

## ષટ્કાયની જયણા

*વિહાર દરમ્યાન ષટ્કાયની જયણા રાખવી જોઈએ.* તેમાં પૃથ્વીકાયની જયણામાં અને શુષ્ક તથા અવરજવરવાળા માટીના રસ્તે જવું તે ઉત્તમ છે.

અપકાયની જયણામાં ધુમ્મસના સમયે વિહાર કરવો નહીં. ધુમ્મસ પડતું હોય ત્યારે તો વસતિનાં બારીબારણાં પણ બંધ કરી દેવાં અને કામળી ઓઢીને બેસવું. પડિલેહણ આદિ ક્રિયાઓ કરવી નહીં. ઊંચા અવાજે બોલવું નહીં. માત્ર ઈશારાથી વાત કરવી અને સ્વાધ્યાય મનમાં કરવો. જો વિહારમાં વરસાદ શરૂ થાય તો વૃક્ષ વગેરે નીચે ઊભા

રહી જવું. પણ જો તેમાં કોઇ પણ પ્રકારનો વ્રતભંગભય કે પ્રાણનાશભય જણાતો હોય તો કામળી ઓઢીને આગળ વધવું. રસ્તામાં નદી આવે તો વધુ લાંબો પણ બીજો રસ્તો પકડવો. તેના અભાવમાં અથવા તેવા રસ્તે જતાં સમાધિ ટકવાના અભાવમાં નદીમાંથી પણ જઇ શકાય. નદી કે સાગરનો તે પટ ત્યારે જ ઊતરી શકાય, જ્યારે સામો કિનારો દેખાતો હોય. જે નદીમાં અર્ધીજંઘા જેટલું પાણી હોય તે સંઘટ્ટ કહેવાય. જો નાભિપ્રમાણ પાણી હોય તો તે લેપ કહેવાય. અને તેની ઉપરનું પાણી લેપોપરિ કહેવાય. સંઘટ્ટ પાણીમાં નદી ઊતરતી વખતે સૌપ્રથમ બંને પગનાં તળિયાં પૂંજી લેવાં, પછી એક પગ પાણીમાં મૂકવો; ત્યારબાદ પાણીથી સાવ ઊંચો રાખીને બીજો પગ પાણીમાં મૂકવો. તે વખતે પહેલો પગ પાણીથી સાવ ઊંચો કરીને નિતારવો. ત્યારપછી તે પગ પાણીની અંદર ઘસડીને આગળ મૂકવો નહીં. પરંતુ પાણીની બહાર સાવ ઊંચો કરીને પાણીમાં મૂકવો. આ રીતે ખૂબ જ ધીમે ધીમે આગળ વધવું. આ રીતે આખી નદી ઊતર્યા પછી અચિત્ત જગ્યાએ પગ સાવ કોરા થાય ત્યાં સુધી ઊભા રહેવું. ત્યારબાદ ત્યાં જ ઇરિયાવહી પડિક્કમવી. નદી ઊતરવાનો માર્ગ જે ધોરી હોય તે લાંબો હોય તો પણ પકડવો. કેમકે ત્યાં વધુ અવરજવરના કારણે લીલ વગેરેની શકયતા ખૂબ ઓછી હોય છે.

જો લેપપ્રમાણ પાણીવાળી નદી હોય અને તે નિર્ભય હોય તો તેમાં ગૃહસ્થની પાછળ પાછળ જવું અને જો અભય પાણી હોય તો જતાં લોકોની વચમાં રહીને આગળ વધવું, જેથી તણાતી વખતે લોકો બચાવી શકે.

વધારે પાણીવાળી નદી ઉતરતી વખતે નાલીકા (શરીરથી પણ ચાર આંગળ ઊંચી લાકડી)નો ઉપયોગ કરવો. (જો ત્યાં ગૃહસ્થ ન હોય તો.)

જો ઘણું પાણી હોય તો બધા ઉપકરણો ભેગા કરીને બાંધી લેવા અને સૌથી મોટું પાતરું ઊંધું છાતી ઉપર બાંધીને તરી જવું અને જો નાવમાં બેસીને જ નદી ઉતરવાની હોય તો થોડાક માણસો નાવમાં ચઢયા પછી જ ચડવું અને ઊતરવું. નાવના મધ્યભાગમાં બેસવું. સાગારિક અનશન કરવું અને મૌન રહીને નવકારમંત્રનું સ્મરણ કરતા રહેવું. નાવડામાંથી ઊતર્યા બાદ ઇરિયાવહી પડિક્કમવી.

**તેઉકાયની** જયણામાં જો દાવાનલ પ્રગટયો હોય તો તેની પાછળ જવું. સામેથી આવતો હોય તો સૂકી જમીનમાં ઊભા રહેવું અથવા કામળી ભીની કરીને ઓઢી લેવી. જો વધારે અગ્નિ હોય તો ચામડું ઓઢી લેવું.

*વાયુકાયની જયણામાં સખ્ત પવન વાતો હોય ત્યારે* વૃક્ષ વગેરેના ઓઠે ઊભા રહી જવું. જો ત્યાં ઊભા રહેવામાં ભય હોય તો છિદ્ર વિનાની કામળી ઓઢી લેવી અને તેના છેડા ઊડે નહીં તેવી રીતે આગળ વધવું.

**વનસ્પતિકાયની જયણામાં** મુખ્યત્વે અચિત્ત-પ્રત્યેક સ્થિર-આક્રાન્ત (કચરાયેલી) અને નિર્ભય વનસ્પતિમાં જવું. તે ન હોય તો યથાયોગ્ય અપવાદ સેવવો.

**ત્રસકાયની જયણામાં** મુખ્યત્વે અચિત્ત ઉપરથી જવું.

ઉપર મુજબ પૃથ્વીકાય વગેરે સજાતીયમાં જયણા કહી. હવે વિજાતીયમાં જયણાનો નિયમ એ રીતે છે કે (૧) પૃથ્વીકાય અને અપકાય બે સામે આવે તો પૃથ્વીકાયમાં જવું. (૨) પૃથ્વીકાય અને વનસ્પતિકાય હોય તો ત્રસરહિત પૃથ્વીકાયમાં જવું. (૩) પૃથ્વીકાય વનસ્પતિકાય અને ત્રસકાય હોય તો ત્રસરહિત પૃથ્વીકાયમાં જવું.

ટૂંકમાં જેમાં ઓછી વિરાધના થતી હોય તે વિકલ્પ પસંદ કરવો. અહીં સચિત્ત, અચિત્ત અને મિશ્ર દરેકના અગિયાર અગિયાર ભાંગા થવાથી કુલ તેત્રીસ ભાંગા થાય.

સવાલ-શું કોઇપણ સંયોગમાં સંયમ-વિરાધના થઈ શકે ખરી ?

જવાબ-ના ન થઇ શકે. પણ જો આત્મ-વિરાધના (પડી જવું, વાગવું, મૃત્યુ થવું વગેરે)નો પ્રસંગ આવતો હોય તો સંયમવિરાધનાને ગૌણ કરવી. કેમકે જો સાધુ જીવતો હશે તો થયેલી સંયમવિરાધનાનું પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થઇ શકશે.

સવાલ-જીવ-વિરાધના કરનારનું પહેલું વ્રત ખંડિત થાય છે. અને એકપણ વ્રતના ભંગમાં સર્વવ્રતોનો ભંગ કહેલો છે. તેનું શું ?

જવાબ-જ્યાં જીવ-વિરાધનાનો આશય જ નથી અને શકય તેટલી વધુ જયણા છે તથા પાછળથી પશ્ચાત્તાપનો જોરદાર પરિણામ છે ત્યાં કોઇપણ વ્રતનો ભંગ થતો નથી.

સવાલ-ધર્મરુચિ અણગારે કડવી તૂંબડીનું ઝેરી શાક વાપરી લઇને શા માટે આત્મવિરાધના કરી ?

જવાબ-જેને એવા પ્રસંગે પૂર્ણ સમાધિ ટકતી હોય તે આત્મા સંયમ-વિરાધના ન થવા દે તો તે યોગ્ય છે. તેવા આત્માઓની તે આત્મવિરાધના કહેવાય નહીં.

જિનેશ્વર દેવોએ બ્રહ્મચર્યને છોડીને કોઇપણ વાતમાં એકાંતે નિષેધ કે એકાંતે વિધાન કર્યું નથી. આયુર્વેદમાં બીજા પ્રકારના તાવવાળાને ભોજનનો નિષેધ કર્યો હોવા છતાં જીર્ણજ્વરવાળાને ભોજન આપવાનું ખાસ વિધાન કર્યું છે. આ રીતે જેટલા ઉત્સર્ગ માર્ગો છે તે બધાય અપવાદમાર્ગો પણ બની શકે છે. જેમ પહાડના ચડવાના જેટલા પગથિયા હોય છે તેટલા જ ઊતરવાના હોય છે. પરંતુ આ બધો જ વિષય ગીતાર્થોને આધીન છે.

જયણાપૂર્વક થઇ જતી જીવહિંસાથી જીવહિંસાનો કર્મબંધ થતો નથી. કેમકે ત્યાં પરિણામની શુદ્ધિ છે. અને જે મુનિ જયણા વિના પ્રવર્તે છે તેનાથી જીવહિંસા ન થતી હોય તો પણ જીવહિંસાનો કર્મબંધ લાગુ થઈ જાય છે. આ નિયમથી એ વાત સ્પષ્ટ થાય છે કે આત્મવિરાધનાથી બચવા માટે થયેલી સંયમવિરાધના એ વિશુદ્ધપરિણામી સાધુ માટે હકીકતમાં સંયમ-વિરાધના બનતી નથી.

## રસ્તામાં આવતા ગામમાં પ્રવેશ શા માટે કરવો ?

જ્યારે એકાકી વિહારી સાધુ કોઈ ખાસ કામ માટે જઈ રહ્યા હોય ત્યારે યદ્યપિ વચ્ચે આવતા ગામોમાં પ્રવેશ કરવાથી સમયનો વિલંબ થાય છે. તથાપિ ગ્રામપ્રવેશથી કેટલાક મહત્ત્વના લાભો મળે છે.

૧ જે કામ માટે સાધુ નીકળ્યા હોય તે કામ પતી ગયાના કે તે કામવાળા સાધુ તે જ ગામમાં આવી ગયાના વગેરે સમાચાર જો તે ગામમાંથી મળી જાય તો આગળ જવું પડે નહીં.

૨ ગામમાંથી ગોચરી કરીને આગળ વધાય અથવા સૂકું પાકું લઈને આગળ વધાય.

૩ ગામમાં જિનમંદિર હોય તો વંદનાદિનો લાભ મળે.

૪ ગ્લાન હોય તો સેવાનો લાભ મળે. (કેમકે પ્રભુએ કહ્યું છે કે, "જે ગ્લાનની સેવા કરે છે તે મારી સેવા કરે છે."

૫ ગામમાં વાદી કે પ્રત્યનીક હોય અને એકાકીવિહારી સાધુ વાદલબ્ધિવાળા હોય તો તેને શાન્ત કરીને શાસનની પ્રભાવના કરે.

# ગામમાં પ્રવેશ કરવાની વિધિ

[૨]

## પૃચ્છા

ગામમાં પ્રવેશ કરતી વખતે બે પ્રકારે : અવિધિથી પૃચ્છા થઇ શકે છે. તેમાં આ રીતે વિધિપૃચ્છા કરવી : મુખ્ય રસ્તા ઉપર ઊભા રહીને કે કૂવા પાસે ઊભા રહીને લોકોને પૂછવું કે, " આ ગામમાં અમારો પક્ષ છે ખરો ? અર્થાત્ અહીં જિનમંદિર–સાધુ–સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા છે ખરાં ?" આ પ્રમાણે પૂછીને ગામમાં જવું. સૌપ્રથમ જિનમંદિરના દર્શનાદિ કરવા. પછી ઉપાશ્રયે જઈને સમાન સામાચારીવાળા (સાંભોગિક) સાધુ હોય તો તેમને વંદનાદિ કરીને, સુખશાતા પૂછીને પોતાના વિહારનું પ્રયોજન કહેવું. જો ત્યાં કોઇ ગ્લાનસાધુ હોય અને તેના ઔષધાદિ અંગે તે સાધુઓ પૂછે ત્યારે આગંતુક સાધુને વૈદકની જાણ હોય તો ઔષધાદિ જણાવવા એટલું જ નહીં પણ જરૂર લાગે તો તે ગ્લાન રોગમુક્ત થાય ત્યાં સુધી રહી જવું.

### [૧] ગ્લાન પરિચર્યા

ત્યાં રહીને આગંતુક સાધુએ બીમાર સાધુમાં શક્તિ હોય તો (૧) વૈદ્યને ત્યાં તેને લઇ જવો, અન્યથા ઔષધ મંગાવી લેવું (૨) વૈદ્યને ત્યાં જવું પડે તો ત્રણ–પાંચ કે સાત સાધુએ જવું. (૩) ચોખ્ખા કપડાં પહેરીને જવું

(૪) સારા શુકન જોઈને જવું. (૫) જો વૈદ્ય ભોજન કરતો હોય કે કોઇની સારવાર કરતો હોય તો શાંત ઊભા રહેવું. (૬) તે પવિત્ર જગ્યાએ બેઠો હોય ત્યારે જ વાત કરવી. (૭) તે જે કહે તે બરાબર સાંભળીને ગ્લાનની તે મુજબ જ સેવા કરવી. (૮) જો વૈદ્ય ગ્લાનને જોવાની વાત કરે તો અશક્ત-બીમાર પાસે જ વૈદ્યને લાવવા. તે વખતે ગ્લાનને સુવાસિત કપડાં પહેરાવવા. અને વૈદ્યને હાથ ધોવા માટે માટી-પાણી વગેરે તૈયાર રાખવાં. (૯) વૈદ્ય આવવાની થોડીક જ વાર હોય ત્યારે આચાર્યે ઉપાશ્રયના દ્વાર પાસે આંટા મારવાનું શરૂ કરવું. જ્યારે વૈદ્ય આવે ત્યારે આચાર્યે તેને સાથે લઈને જાણે સહજ રીતે પોતાના સ્થાને આવી રહ્યા હોય તેમ આવવું. જો આ વખતે આચાર્ય પાટ ઉપર બેસી જ રહે તો કદાચ વૈદ્યને ગુસ્સો ચડે અને જો વૈદ્ય ઉપાશ્રયના દ્વાર પાસે આવે ત્યારે જ પાટ ઉપરથી ઊભા થઈને તેની સામે જાય તો તેમાં આચાર્યપદની લઘુતા થાય. આથી વૈદ્યના આવતા પહેલાં જ દ્વાર પાસે આંટા મારવાનું શરૂ કરવું.

જ્યારે ગ્લાન સાધુ પોતાની નવકારશી લાવવાનું કામ કરતો થઈ જાય અથવા ગામબહાર સ્થંડિલભૂમિ જતો થઈ જાય ત્યારે આગંતુકે પોતાનો વિહાર લંબાવવો. જો સમુદાયમાંથી કોઈ બીજા સાધુ સહાયમાં મળે તો તેની સાથે વિહાર કરવો. અન્યથા એકલા આગળ વધવું.

જો અસાંભોગિક સાધુ ગ્લાન હોય અને તેના અંગે રોકાવું પડે તો બીજી વસતિમાં રહીને તેની સેવા કરવી.

જો સ્થંડિલ આદિથી ગ્લાન સાધુનાં કપડાં ( ગામ-બહાર ) બગડી જાય તો વૈયાવચ્ચી સાધુ લોકોના જોતાં તે કપડાં ધોવે. આથી લોકમુખે આવી સેવા કરનારા જૈન સાધુઓની અને તેના ધર્મની ભારે પ્રશંસા થાય.

આ રીતે ગ્લાનની સેવા કર્યા પછી તે ગ્લાન નીરોગી થાય ત્યારે તેને જ્યાં જવું હોય ત્યાં ગુર્વાદિ પાસે મૂકી આવવો. પણ જો તે ગ્લાનસાધુ નિષ્કારણ એકાકી થયો હોય તો તેને શાસ્ત્રવિધિ પ્રમાણે ઠપકો આપવો.

**ગામમાં સાધ્વી હોય તો**

એકાકી વિહારી સાધુ, સાધ્વીજીના ઉપાશ્રયની પાસે આવીને બહારથી નિસીહિ કહે. પણ સ્વાધ્યાયાદિમાં લીન હોવાથી સાધ્વીઓ તેમનો અવાજ ન સાંભળે તો બીજા પાસે પોતે આવ્યાની વાત અંદર જણાવે. તે વખતે મુખ્ય સ્થવીરા સાધ્વી એક સાધ્વી સાથે બહાર આવે. અને જો મુખ્ય સાધ્વી તરુણી હોય તો અન્ય ત્રણ કે ચાર વૃદ્ધ સાધ્વીઓ સાથે બહાર આવે. તે વખતે આસન આદિ અપાય, પરસ્પર શાતા પૂછાય. અને જો સાધ્વીજીને કોઇ પ્રકારની બાધા હોય તો તે સાધુને જણાવે. સમર્થ તે સાધુ તેને ટાળે. જો ગામમાં કોઇ સતાવતું હોય તો તેનો નિગ્રહ કરે અને જો આગંતુક સાધુ અસમર્થ હોય તો સમર્થ સાધુને મોકલવાની વ્યવસ્થા કરે. વળી કોઇ બીમાર સાધ્વી હોય તો ઔષધ જણાવે અથવા વૈદ્ય પાસેથી જાણી લાવે. વધુ બીમારીના કારણે તે સાધ્વી સારાં થાય ત્યાં સુધી અન્ય ઉપાશ્રયમાં સાધુ રોકાઇ રહે. અત્યંત આગાઢ કારણે સાધ્વીજીના જ ઉપાશ્રયમાં

સાથે ગૃહસ્થો રાખીને, વચ્ચે પડદો રાખીને, તે આગંતુક સાધુ રોકાય. (આ વિધિ બીમાર સાધ્વી સાવ એકલાં હોય ત્યારે સમજવી.) તે સાધ્વીજીને સારું થયા પછી જો તે સકારણ એકલા થયાં હોય તો તેમને યતનાપૂર્વક સમુદાયમાં ભેગાં કરાવે. જો નિષ્કારણ એકલાં થયાં હોય તો ઠપકો આપીને ભેગા કરાવે.

## ૨ ગ્લાનયતના દ્વાર

ગામમાં આવેલા એકાકી વિહારી સાધુને જો ખબર પડે કે આ ગામમાં નહીં પરંતુ બાજુના ગામમાં કોઈ સાધુ બીમાર છે. તો તે સાધુ શ્રાવકના આગ્રહ વગેરે કારણથી ત્યાં જ નવકારશી કરીને કે સૂકું-પાકું લઈને બાજુના ગામમાં પહોંચી જાય. ગ્લાનસેવા માત્ર સાંભોગિક કે અસાંભોગિક સુસાધુની જ ન થાય પરંતુ પાસત્થો, ઓસન્ન, કુશીલ, સંસક્ત કે નિત્યવાસી એવા પણ ગ્લાનની સેવા કરી શકાય. જેથી અંતમાં હિતશિક્ષા આપીને તેમનુ જીવન સુધારવાની શક્યતા ઊભી થાય. તેમાં એટલું જ વિશેષ સમજવું કે તેવા પાસત્થા વગેરેની સેવા પ્રાસુક વસ્તુઓથી કરવી. જેથી તે શિથિલ સાધુને પ્રાસુક વ્યવહારનું મહત્ત્વ સમજાય.

કોઇ ગામમાં ગ્લાનને યોગ્ય વસ્તુ મળી જાય તો ગ્લાનવાળા ગામમાં જઈને તે ગામના આચાર્યને બતાવીને તેમની સંમતિ મળે તો તે વસ્તુ ગ્લાનને આપે.

સવાલ : આ રીતે અનેક ગામોમાં ગ્લાનોની સેવા કરતા સાધુએ પોતાના આચાર્યની આજ્ઞાનો લોપ કર્યો ન કહેવાય ?

ઉત્તર : ગ્લાનની સેવા કરવી તે તીર્થંકરની આજ્ઞા છે. તેમાં આચાર્યની આજ્ઞા સમાઇ જ જાય છે. બેશક! કોઇ આગાઢ અને અતિ જલદી કામ કરવાની જરૂર હોય તેવી આચાર્યની આજ્ઞા હોય ત્યારે જો તે સાધુ ગ્લાન-સેવા કરતો રહે તો કોઈનું અસમાધિમરણ કે કોઇ વાદમાં પરાજય થતાં મોટી શાસનહિલના થાય. માટે તેવા વખતે વિવેક રાખીને કામ કરવું. ગ્લાનની ઉપેક્ષા કરતાં પ્રવચન હિલનાને મોટો અધર્મ કહીને જિનેશ્વર દેવોએ કોઇપણ સંજોગમાં પ્રવચન-હિલના ન થવા દેવાની આજ્ઞા કરી છે.

## (૩) શ્રાવકદ્વાર

એકાકી વિહાર કરનાર સાધુથી ગ્લાનના કારણે રસ્તામાં રોકાઈ શકાય. પરંતુ ભિક્ષા માટે રોકાવું નહીં. જો રસ્તામાં આવતા ગોકુળમાંથી, સમૃદ્ધ ગામમાંથી. જમણવાર-માંથી, ભક્તશ્રાવકના આગ્રહથી અથવા વસ્તારી કુટુંબોમાંથી ભિક્ષાનો સમય ન થવાના કારણે માત્ર દૂધ વગેરે વહોરી લે અને વાપરીને તરત ચાલે તો સ્થંડિલ વગેરે થઈ જવાનું અથવા વધારે ઊંઘ આવવાથી સૂત્રાર્થના પાઠ ન થવાનું કે માંદગી આવવાનું બની જાય. આ કારણસર અકાળે ગમે તે ભિક્ષા લેવાનું યોગ્ય ન ગણાય. જો ભિક્ષાવેળાને થોડી વાર હોય તો તેની રાહ જોવી અને યોગ્ય ભિક્ષા દોષગવેષણા કરીને લેવી.

જો ભિક્ષા વાપરવા માટે ગામમાં કોઇ સ્થળ ન મળે તો ગામ બહારના મંદિરોમાં કે શૂન્ય ગૃહોમાં જઈને ભિક્ષા વાપરે. તે વખતે દાંડો ઠપકારવા દ્વારા કે ખાંસી વગેરે

ખાવા દ્વારા તે ઘર-મંદિર આદિમાં કોઈ ગૃહસ્થ હોય તો તેને બહાર નીકળી જવાનો સંકેત આપે. જો ગોચરી વાપરતી વખતે જ કોઇ ગૃહસ્થ આવી જાય તો વિચિત્ર મુખાકૃતિ કરીને કે જોરથી વિચિત્ર શબ્દો બોલીને તે માણસને ભયભીત કરીને ભગાડવો. જો બાકોરામાંથી કોઈ ગૃહસ્થ જોઇ લે અને સાધુના વાપરવા સામે હોહા કરી મૂકે તો બાકીનું ભોજન નજીકના ખાડામાં નાંખી દે અને ધૂળથી ઢાંકી દે. બાદ પાતરા સાફ કરીને સ્વાધ્યાય કરવા બેસી જાય. જેથી પ્રવચન હિલના ન થાય. ભિક્ષા વહોરીને ઉપાશ્રયે કે કોઈ સ્થાને આવ્યા બાદ શાસ્ત્ર વિધિ-પૂર્વક સ્વાધ્યાય કરીને વાપરવું, જેથી ધાતુ વૈષમ્ય ન થાય. આ વિધિ જાણીને કોઇ વૈદ્યરાજ ચકિત થઇ ગયા હતા. અને સર્વજ્ઞના આ શાસનને તેઓ ભાવથી ઝૂકી ગયા હતા.

જો વહોરેલી વસ્તુ વાપરવા માટે રસ્તામાં ક્યાંય બેસવાની જગ્યા ઘાસ વગેરેને કારણે મળતી ન હોય અને તેથી આગળ વધવા જતાં તે વસ્તુ ક્ષેત્રાતીત દોષવાળી બની જતી હોય અથવા તે નિર્દોષ જગ્યા સુધી પહોંચતાં સૂર્યાસ્ત થઈ જતો હોય તો ઘાસ વગેરેવાળી જગ્યા ઉપર બેસીને પણ વહોરેલી વસ્તુ વાપરી લેવી. તે વખતે આત્માના પરિણામ નિષ્ઠુર ન બની જાય તે માટે પોતે ધર્માસ્તિકાય ઉપર બેઠો છે, તેવી કલ્પના કરવી અને શક્ય તેટલી વધુ જયણા કરવી.

## (૪) સાધુદ્વાર

જે સાધુ શુદ્ધ આચારવાળા હોય તેવા જ સાધુઓ સાથે એકાકી વિહારી સાધુએ રહેવું. જેઓ સાબુ વાપરતા હોય, જોડા રાખતા હોય, રંગબેરંગી દાંડો વાપરતા હોય. એકબીજાના હાથમાં હાથ પકડીને ચાલતા હોય, તે વખતે આજુબાજુ ઊંચુંનીચું જોતા હોય, ગમે ત્યાં સ્થંડિલ બેસતા હોય, પાણીનો વધુ પડતો ઉપયોગ કરતા હોય, સ્રીકથાદિ કરતા હોય. ચાલતા ગીત ગાતા હોય, તે સાધુઓની સાથે રહેવું નહીં. જો આવી બાહ્ય પરીક્ષામાં કોઈ સાધુ પાર ઊતરતા હોય તો તેમની અભ્યંતર–પરીક્ષા કરવા માટે જોવું કે ભિક્ષાર્થે જતા ગૃહસ્થોને નિમિત્ત વગેરે કહે છે? અશુદ્ધ આહારનો અસ્વીકાર કરે છે? શેષકાળમાં પાટ-પાટલા વાપરે છે? ગમે ત્યાં થૂંકે છે? બીભત્સ વાતો કરે છે? અથવા કોડી આદિથી રમે છે?

જો આવી બાહ્ય અને અભ્યંતર બંને પરીક્ષાઓમાં શુદ્ધ માલૂમ પડતા હોય તો તેવા સાધુઓ સાથે રહેવું. જો સાધુઓ અશુદ્ધ હોય છતાં ગુરુ શુદ્ધ નીકળે તો તે વસતિમાં પણ રહી શકાય.

## (૫) વસતીદ્વાર

ગામના સંવિજ્ઞ અને સમનોજ્ઞ સાધુ સાથે વસતિ જોવી. જો યોગ્ય વસતિ ન મળે તો પાસત્થા વગેરે સાથે ન રહેતાં સ્રી રહિત શ્રાવકના કે ભદ્રકપરિણામી માણસના

ઘરમાં રહેવું. છેવટે સ્ત્રીસહિત ભદ્રકના ઘરમાં વચ્ચે પડદો કરીને પણ રહેવું. તેવું પણ ઘર ન મળે તો દર વિનાના બારણાવાળા અને મજબૂત શૂન્યઘરમાં રહેવું. તે પણ ન મળે તો પાસત્થાના કે છેવટે યથાચ્છંદાના પ્રદેશમાં પણ ઊતરવું. જો તેઓ એલફેલ વાતો કરતા હોય તેમને અટકાવવા કોશિશ કરવી અથવા પોતે જ ધ્યાનમાં બેસી જવું કે મોટેથી ગોખવા લાગવું. જો તેમ ન બની શકે તો પોતાના કાનમાં આંગળીઓ નાંખવી અથવા મોટા નસકોરાં બોલાવવા સાથે ઊંઘવાનો એવો ડોળ કરવો કે જેથી પેલાઓ કંટાળીને વાતો કરતા બંધ થઈ જાય. આ વખતે પોતાના તમામ ઉપકરણો પોતાની પાસે જ રાખવા અને સૂઈ જવું.

## (૬) સ્થાનસ્થિત દ્વાર (કારણે)

વિહાર કરતા સાધુઓને નીચેના કારણોસર કોઈ સ્થાનમાં સ્થિર થઈ જવું પડે.

૧ વિહારમાં જ ચોમાસુ વહેલું બેસી જાય.

૨ જ્યાં પહોંચવાનું હોય ત્યાં દુકાળ શરૂ થયો હોય કે નદીમાં પૂર વગેરે આવ્યાં હોય.

૩ જે કામ માટે જે આચાર્ય વગેરે પાસે જવાનું છે તે ત્યાંથી નીકળી ગયા હોય કે કાળધર્મ પામ્યાના બિનસત્તાવાર સમાચાર મળ્યા હોય તો. જ્યાં સુધી તેમના સમાચાર ન મળે ત્યાં સુધી વચમાં જ ક્યાંક રોકાઈ રહેવું પડે.

૪ પોતે જ બીમાર પડી જાય તો વચલા ગામમાં રોકાઈ જાય. પરંતુ આવે વખતે ત્યાંના વૈદ્યને અને મુખીને વાત કરીને રોકાવું જેથી તેઓ સારસંભાળ કરે. જો પોતાની પાસે પ્રતિષ્ઠિત સ્થાપનાચાર્યજી ન હોય તો દાંડાને સ્થાપીને બધી ક્રિયા કરવી.

## (૭) સ્થાનસ્થિત (અકારણે)

(૧) ગચ્છમાં થતા સારણા-વારણાદિથી કંટાળીને, એકલો થઇને કોઇ સ્થાનમાં રહી જાય, આ બરોબર નથી. ગમે તેટલો ખળભળાટ ચાલતો હોય તો પણ માછલાંઓએ સાગરમાં જ રહેવું જોઇએ. સાગરને છોડી જનાર માછલું તો નાશ જ પામે છે અથવા છીછરા જળમાં જઇને વસનાર માછલું બગલાની ચાંચમાં કે માછીની જાળમાં સપડાઇને મરી જાય છે. ગચ્છના ખળભળાટથી કંટાળીને સાધુ સાધુતા નામના પ્રાણથી ભ્રષ્ટ થાય છે.

૨ કલ્યાણક ભૂમિઓ-તીર્થો-સ્તૂપોના દર્શનાદિ માટે કે કોઇ જગ્યાએ ચાલતા જમણવારનો લાભ લેવા માટે, ગચ્છમાંથી નીકળી જઇને અન્યત્ર નિષ્કારણ રહેવું.

૩ પોતાનું સ્થાન સારું ન હોવાથી બીજા સ્થાનમાં જઇને વસવું.

૪ સારાં વસ્ત્ર-પાત્રાદિ કે ગોચરી જ્યાં મળતાં હોય ત્યાં જવું. જો સાધુ શાસ્ત્રવિધિપૂર્વક હંમેશ સૂત્રાર્થનો સ્વાધ્યાય કરતો રહે અને ષડ્જીવનિકાયની રક્ષાથી મહાવ્રતોનું પાલન બરોબર કરતો રહે તો તેને ગીતાર્થગુરુની આજ્ઞા-પૂર્વક સમ્યગ્દર્શનની વિશિષ્ટ નિર્મળતા માટે તીર્થદર્શનાદિ કરવા જવાની આજ્ઞા છે. અન્યથા સંયમયાત્રા તે જ સાધુની તીર્થયાત્રા છે.

# વિહાર

[૩]

વિહાર તો તે જ સાધુઓ કરી શકે કે જેઓ ગીતાર્થ હોય અથવા કોઈ ગીતાર્થની નિશ્રામાં (આજ્ઞામાં) હોય, અગીતાર્થોના વિહારમાં સંયમવિરાધના, આત્મવિરાધના, પ્રવચન-વિરાધના અને રત્નત્રયીની વિરાધના થાય છે.

## ચાર પ્રકારના વિહાર કરનારા સાધુઓ

(૧) જયમાન (૨) વિહરમાન (૩) અવધાવમાન (૪) આહિંડક

(૧) જયમાન તેના જ્ઞાનાદિ ત્રણ ભેદથી ત્રણ પ્રકાર છે. (૧) બીજા આચાર્ય પાસે અપૂર્વ શ્રુત મેળવવા માટે જે વિહાર કરે તે **જ્ઞાનતત્પરજયમાન** કહેવાય. (૨) જિનશાસનની પ્રભાવના કરવા માટે જે વિહાર કરે તે **દર્શનતત્પરજયમાન** કહેવાય. (૩) વિહારમાં આગળ વધતા પૃથ્વી આદિની વધુ વિરાધનાની સંભાવના જાણીને તેનાથી બચવા માટે પાછા ફરી જાય તે **ચારિત્રતત્પરજયમાન** કહેવાય. (જયમાન-જયણા પાળતા) (૨) વિહરમાન તેના બે પ્રકાર છે. (૧) ગચ્છગત અને (૨) ગચ્છનિર્ગત (૧) ગચ્છગતઃ આચાર્ય (ગચ્છનાયક), સ્થવીર (રત્નત્રયીની આરાધનામાં પડતી સાધુઓની તકલીફ દૂર કરીને તેમને રત્નત્રયીમાં સ્થિર કરનારા), વૃષભ (વૈયાવચ્ચી) ભિક્ષુ (ગોચરી લાવનારા), ક્ષુલ્લક (બાળસાધુ). આ બધા **ગચ્છગતવિહરમાન** કહેવાય.

(૨) ગચ્છનિર્ગત પ્રત્યેકબુદ્ધ (જાતિસ્મરણ કે અન્ય બોધ પામીને સાધુ થયેલા. જેઓ બીજાને દીક્ષા આપી

શકતા નથી). જિનકલ્પી (જિનેશ્વરદેવના કાળમાં પ્રથમ સંઘયણી, લગભગ પોણાદશ પૂર્વના જ્ઞાનવાળા, જિનકલ્પને સ્વીકારનારા સાધુ), પ્રતિમાધારી (સાધુની બાર પ્રતિમાને વહન કરનારા). આ બધા ગચ્છનિર્ગત વિહરમાન કહેવાય.

[૩] અવધાવમાન તેના બે પ્રકાર છે. ૧. લિંગથી અને વિહારથી (૧) લિંગથી : જેઓ સાધુવેશ રાખવા સાથે ગૃહસ્થ થઈ ગયા છે તેઓ લિંગઅવધાવમાન કહેવાય. (૨) વિહારથી જેઓ પાસત્થા, કુશીલ વગેરે થઇ ગયા છે તેઓ વિહારઅવધાવમાન કહેવાય.

(૪) આહિંડક તેના બે પ્રકાર છે, ૧. ઉપદેશથી. ૨. અનુપદેશથી. (૧) ઉપદેશથી જેઓ શાસ્ત્રાજ્ઞા મુજબ વિહાર કરે છે. જેઓ બાર વર્ષ સૂત્ર અને બાર વર્ષ અર્થ ગ્રહણ કરે છે. અને ત્યારબાદ દેશ–ભાષા–વગેરેનો અનુભવ લેવા માટે બાર વર્ષ પર્યટન કરે છે. તેઓ ઉપદેશ આહિંડક કહેવાય. (૨) અનુપદેશથી જેઓ કારણ વિના સ્તૂપાદિ જોવા માટે વિહાર કરે છે. તેઓ અનુપદેશ આહિંડક કહેવાય.

## વિહાર કરતા પહેલાં ક્ષેત્રપસંદગીની વિધિ

માસકલ્પ કે ચોમાસુ પૂરું થયા પછી આચાર્ય જુદા જુદા ક્ષેત્રોમાં, ક્ષેત્ર જોવા માટે સાધુઓને મોકલે. જ્યારે તે બધા ક્ષેત્રપ્રત્યુપેક્ષકો આચાર્ય પાસે આવી જાય ત્યારે તેમને સાંભળીને, બધાનો મત લઈને, સૂત્રાર્થની હાનિ ન થાય તે રીતે વિહાર શરૂ કરાય. વિહાર માટે જે દિશાઓ અનુ-

કૂળ હોય તે બધી દિશાઓમાં સાત, પાંચ કે ત્રણ સાધુઓની ટુકડીનો વિહાર કરાવાય.

**ક્ષેત્રની તપાસ**–ક્ષેત્રની પસંદગી કરવામાં નીચેની બાબતો ધ્યાનમાં લેવી.

(૧) ઊતરવા માટે યોગ્ય વસતિ છે કે નહીં ?

(૨) ભિક્ષા સુલભ છે કે દુર્લભ ?

(૩) ગ્લાન–બાળ–આદિને યોગ્ય ભિક્ષા મળે છે કે નહીં ?

(૪) ઇંડાં–માંસ આદિથી રહિત વસતિ શુદ્ધ છે કે નહીં ?

## ક્ષેત્રની તપાસ કરવા માટે કોને મોકલવો ?

ક્ષેત્રની તપાસ કરવા માટે, બધાની સલાહ લઇને, વિશિષ્ટ અભિગ્રહવાળા અથવા સમર્થ સાધુઓને મોકલવા. પણ બાળ–વૃદ્ધ–અગીતાર્થ–જોગી–વૃષભ કે તપસ્વીને મોકલવા નહીં. કેમકે–

જો બાળને મોકલે તો કોઇ ઉપાડી જાય કે રસ્તામાં તે રમવા લાગી જાય. વળી તેની વિશેષ ભક્તિથી આચાર્યને ગેરસમજ થાય કે તે ક્ષેત્રમાં ખૂબ ભક્તિ છે.

જો વૃદ્ધને મોકલે તો અવસ્થાને લીધે વિલંબે તે ક્ષેત્રમાં પહોંચાય. સ્થંડિલભૂમિઓ બરોબર તપાસી ન શકાય. રસ્તો બરોબર ન દેખાવાથી અકસ્માત થાય તથા વૃદ્ધ સાધુની ભક્તિથી લોકો વધુ ભકિત કરવા જતાં આચાર્યને ગેર–સમજ થાય.

જો અગીતાર્થને મોકલે તો તે અનેક અવિધિઓ કરે. વસતિની પરીક્ષા કરતાં ના આવડે. ભાષાસમિતિ પણ ન જાળવી શકે.

જો સૂત્રના જોગીને મોકલે તો ઉતાવળે કામ કરવા જતાં ક્ષેત્રપરીક્ષા બરોબર કરી શકે નહીં, વળી સ્વાધ્યાયનો જો તે અર્થી હોય તો ભિક્ષા માટે વધુ ફરે નહીં કે સ્નિગ્ધ વગેરે ભિક્ષા વહોરે નહીં.

જો વૃષભને મોકલે અને જો તેનામાં અકડાઇ હોય તો સ્થાપનાકુળો કરે નહીં અથવા તે કુળોમાં કોઇને જવા દે નહીં. અથવા પોતાના પરિચિત સ્થાપનાકુળો હોય તો બીજા સાધુને ત્યાંથી આહારાદિ મળે નહીં, તેથી ગ્લાનાદિ સાધુઓ સીદાય.

જો તપસ્વીને મોકલે તો તેને વધુ કષ્ટ પડે, તેની વધુ ભક્તિ થતાં આચાર્યને ક્ષેત્ર અંગે ગેરસમજ થાય. વળી તે ત્રણ વખત ભિક્ષા માટે જઇ શકે પણ નહીં તેથી તે ક્ષેત્રના ભિક્ષાપ્રાપ્તિના સમયોનો નિર્ણય કરી શકાય નહીં.

એટલે જે આ માટે સમર્થ સાધુ હોય તેઓને જ ક્ષેત્રપ્રત્યુપેક્ષણા કરવા માટે મોકલાય. છતાં જો કોઇ અપવાદને કારણે ઉપરના કોઇને પણ મોકલી શકાય. તેમાં જો બાળસાધુને જ મોકલવા પડે તો તેની સાથે ગણાવચ્છેદકને અથવા ગીતાર્થને અથવા સામાચારીના જાણકાર અગીતાર્થને મોકલે. જો જોગીને મોકલવો હોય તો તેને

જોગમાંથી કાઢીને મોકલવો. તે રીતે તપસ્વીને પારણું કરાવીને મોકલવો. તે ન હોય તો (વૈયાવચ્ચીને) વૃષભને મોકલવો છેવટે વૃદ્ધ અને તરુણને અથવા બાળ અને તરુણની ટુકડી મોકલવી.

## રસ્તાની પાંચ તપાસ

૧ સ્થંડિલ-માત્રાની ભૂમિ જોતા જવું.

૨ પ્રાસુકપાણીની પ્રાપ્તિના સ્થાન જોતા જોતા જવું. જેથી રસ્તામાં તૃષાર્ત્ત થયેલા બાળસાધુ આદિને પાણી લાવી અપાય.

૩ ભિક્ષા-પ્રાપ્તિનાં સ્થાનો જોતા જવું.

૪ મુકામ કરવા માટેનાં સ્થાનો જોઈ રાખવા.

૫ ભયવાળાં સ્થાનો ધ્યાનમાં લેવા.

વળી તે રસ્તાઓ કાંટા-ચોર-શિકારી-પશુઓ વગેરે-વાળા છે કે નહીં ? તે જાણવા રૂપ દ્રવ્યપ્રત્યુપેક્ષણા કરવી.

તે રસ્તાઓ ઊંચા-નીચા કે ખાડા-ટેકરાવાળા કે પાણીવાળા છે કે નહીં ? તે જાણવારૂપ ક્ષેત્રપ્રત્યુપેક્ષણા કરવી.

તે રસ્તાઓમાં રાત્રે કે દિવસે ચાલતાં કોઈ આપત્તિ છે ખરી ? અથવા કયા સમયે તે રસ્તો વિહારને વિશેષ યોગ્ય છે ? તે જાણવારૂપ કાળપ્રત્યુપેક્ષણા કરવી.

તે રસ્તાઓ ઉપર પરિવ્રાજક વગેરે વારંવાર પસાર થતા હોવાના કારણે લોકોની દાનરુચિ જીવંત રહી છે કે નહીં ? તે જાણવારૂપ ભાવપ્રત્યુપેક્ષણા કરવી.

જે સાધુને જે ક્ષેત્ર તપાસવા જવાનો આદેશ થયો હોય તે ક્ષેત્રમાં ન પહોંચે ત્યાં સુધી સૂત્રપોરિસી કે અર્થપોરિસી કરે નહીં. તે ક્ષેત્રમાં પ્રવેશ કર્યા બાદ વસતિ શોધવી. ત્યાં કાળગ્રહણ લેવું અને બીજા દિવસે સવારે સ્વાધ્યાય કરવો અને જ્યારે ભિક્ષાનો સમય થાય ત્યારે સંઘાટ્ક રૂપે નીકળવું. તે વખતે ક્ષેત્રના ત્રણ ભાગ કરવા. એક ભાગમાં સવારે, બીજા ભાગમાં બપોરે અને ત્રીજા ભાગમા સાંજે ગોચરી જવું. બધેથી થોડું થોડું ગ્રહણ કરવું તથા માગીને પણ દૂધ-ઘી લેવાં અને તે દ્વારા લોકોની દાનરુચિ તપાસવી.

આ રીતે આસપાસના ગામોની પણ તપાસ કરવી. ઉપરાંત કોઇ સાધુ કાળ કરી જાય તો તેના મૃતકને પરઠવવા માટે યોગ્ય મહાસ્થંડિલભૂમિ પણ જોઇ રાખવી. [ હાલ તો સંઘ અગ્નિસંસ્કાર કરે છે. ]

## વસતિની વૃષભ કલ્પના

જે સ્થાનમાં ઉતરવાનું હોય તે સ્થાન જેટલો વૃષભ કલ્પવો અને તે પૂર્વાભિમુખ ડાબા પડખે ઢળીને બેઠો હોય તેવી કલ્પના કરવી. તેના દરેક અંગના સ્થાનો ઉપર આસન રાખવાથી નીચે પ્રમાણેના લાભાલાભ પ્રાપ્ત થાય છે.

શીંગડાના સ્થાને-કલહ, પગના સ્થાને પેટના રોગ, શૌચના સ્થાને પણ પેટના રોગ, પૂંછડાના સ્થાને જલ્દી વિહારની શકયતા, મુખના સ્થાને સારી ગોચરીની પ્રાપ્તિ, બે

શીંગડાના મધ્યસ્થાને તથા ખૂંધના સ્થાને, પૂજાસત્કારની પ્રાપ્તિ, સ્કંધ કે પીઠના સ્થાને વસતિમાં સંકડામણુની શકયતા (ઘણા સાધુઓ આવવાથી) અને જો પેટના સ્થાને આસન રાખે તો નિત્ય તૃપ્તિનો ભાવ રહે.

## શય્યાતર

વસતિનો જે શય્યાતર હોય તેની પાસે દ્રવ્યાદિ ચાર ભાવથી પ્રાયોગ્ય પદાર્થોની અનુજ્ઞા મેળવી રાખવી.

**દ્રવ્યથી :** ઘાસ-ડગલ-રાખ આદિની અનુજ્ઞા.

**ક્ષેત્રથી :** તે ક્ષેત્રમાં સ્વાધ્યાય-પાત્રપ્રક્ષાલન આદિની અનુજ્ઞા.

**કાળથી :** રાત્રે કે દિવસે સ્થંડિલ-માત્રું પરઠવવા વગેરેની અનુજ્ઞા.

**ભાવથી :** ગ્લાન આદિ માટે યોગ્ય પ્રદેશની અનુજ્ઞા.

શય્યાતર રોકવાનો સમય પૂછે તો કહેવું કે અનુકૂળતા મુજબ રોકાઈશું. કેટલા સાધુ રોકાશો ? તેમ પૂછે તો કહેવું કે સાગરના ઓછા થતા અને વધતા જતા પાણીની જેમ અવારનવાર ઓછાવત્તા થયા કરીશું. જો તે શય્યાતર પોતાના અમુક જ ક્ષેત્રમાં અને સાધુની અમુક જ સંખ્યામાં રહેવાનું કહે તો તે ક્ષેત્રમાં માસકલ્પ વગેરે કરવા નહીં પણ અપવાદે કરી શકાય. જે ક્ષેત્રમાં સાધુ રહ્યા હોય તે ક્ષેત્ર જો ખૂબ પરિમિત હોય તો નવા આવનારા સાધુઓને બધી બાબત સમજાવવી અને બીજી વસતિ શોધી લેવા માટે તેમને વિનંતી કરવી.

## ક્ષેત્ર–પરીક્ષા કર્યા પછીની વિધિ

ગુરુની પાસે પાછા આવતી વખતે, બીજા જ રસ્તેથી પાછા આવવું જેથી કદાચ વધુ સારું નવું ક્ષેત્ર પણ જોવા મળે. જલદી પહોંચવા માટે સૂત્રાર્થ પોરિસી કરવી નહીં. આચાર્ય પાસે આવીને ઇરિયાવહી પડિક્કમીને લાગેલા અતિચાર આદિનું આલોચન વગેરે કરીને આચાર્યની પાસે પોતે જોયેલા ક્ષેત્રના ગુણો અને અવગુણો રજૂ કરવા.

આચાર્ય તે રાત્રિએ બધા સાધુઓને ભેગા કરીને, બધા ક્ષેત્રોની વાત રજૂ કરે. બધાનો અભિપ્રાય લે અને પછી તેની ઉપર વિચાર કરીને પોતાને યોગ્ય લાગે તે ક્ષેત્ર તરફ પોતે વિહાર કરે અને અન્ય ટુકડીઓને વિહાર કરાવે. સવારે વિહાર કરતી વખતે શય્યાતરને જણાવે. જો તેમ ન કરે તો કદાચ શય્યાતર અધર્મ પણ પામી જાય અને ફરીથી ભવિષ્યમાં કોઇ સાધુને વસતિ આપે નહીં. એટલું જ નહીં પણ આચાર્યના વિહાર બાદ તેમના વિહાર આદિ અંગે પૂછવા આવેલા ભકતોને ગુસ્સાથી કહે કે, આચાર્ય ક્યાં ગયા છે ? તે હું જાણતો નથી. આમ થવાથી તે ભકતો પણ અધર્મ પામવાની શકયતા ઊભી થાય.

જો દૂર દેશ તરફ વિહાર કરવાનો હોય તો પાત્રા પડિલેહણ કર્યા વિના વહેલા પણ નીકળી શકાય. અન્યથા સૂત્રાર્થ પોરિસી કરીને વિહાર કરવો. વિહારમાં બાળ–વૃદ્ધો વગેરેને તેમની શક્તિ મુજબ ઉપધિ ઉપાડવા દેવી. તેમની બાકીની ઉપધિ સમર્થ તરુણ સાધુઓએ ઉપાડી લેવી.

બને ત્યાં સુધી દરેક સાધુઓએ સાથે વિહાર કરવો. પણ જો કોઇ અતિ ઠંડો સાધુ બધાની સાથે નીકળી ન શકે તો તેને રસ્તાના તથા ગામનું નામ વગેરેના સંકેતો આપી રાખવા.

વહેલા નીકળતી વખતે અવાજ કરવો નહીં, અન્યથા ઊંઘતા લોકો જાગી જાય અને તેથી અધિકરણ આદિદોષો લાગે.

### શકુન જોઇને વિહાર કરવો

સારી તિથિ, સારું મુહૂર્ત અને સારા શકુન જોઇને વિહાર કરવો. છેવટે બાર નવકાર ગણીને નીકળવું.

### સારાં શકુનો

નંદી (બળદ), વાજિંત્ર, જલપૂર્ણ ઘટ, શંખ, પડહનો શબ્દ, ઝારી, છત્ર, ચામર, ધ્વજ, પતાકા, શ્રમણવેશ, અને પુષ્પ વગેરે સારા શકુન કહેવાય છે.

### અપશકુનો

મેલા શરીરવાળો, ફાટેલા-તૂટેલા કપડાંવાળો, શરીરે તેલ ચોળેલો, કુબડો, વામન, કૂતરો, આઠ-નવ મહિના ગર્ભવાળી સ્ત્રી, મોટી ઉંમરની કન્યા, લાકડાનો ભારો, બાવો, સંન્યાસી, લાંબી દાઢી અને મોટી મૂછવાળો, લુહાર, પાંડુરોગી, બૌદ્ધભિક્ષુ અને દિગંબર (નગ્ન) વગેરે અપશકુનો કહેવાય છે.

## વિહાર સંબંધમાં સંકેત વગેરે છ દ્વારો

(૧) સંકેત (૨) વસતિ ગ્રહણ (૩) વસતિ (૪) સંજ્ઞા (૫) સાધર્મિક અને (૬) સ્થાનસ્થિત.

## [૧] સંકેત

વિહાર કરતા પહેલાં પૂર્વની સાંજે આચાર્યે બધા સાધુઓને ભેગા કરીને, વિહાર કરવાનો સમય, વિહારની દિશા, વચલા રોકાણો તથા ભિક્ષા લેવા જવા માટેનું ગામ જાહેર કરવું. જો કોઈ જડ જેવો સાધુ વિહાર કરવા તૈયાર ન હોય તો તેને પણ ઉપરના બધા સંકેતો આપી દેવા.

વિહારમાં સાધુઓની આગળ અને પાછળ તથા મધ્યમાં ક્ષેત્રપ્રત્યુપેક્ષકો ચાલે. તેઓ સ્થંડિલ માત્રુ આદિની જગ્યાઓ બતાડે.

જો રસ્તામાં કોઈ ગામ આવી ગયું હોય કે જ્યાં ભિક્ષા સુલભ હોય તો તે ગામમાં તરુણ સાધુઓને મોકલીને ભિક્ષા મેળવી લેવાય. જેથી પછીનું મુકામ કરવા માટેનું ગામ નાનું હોય તો પણ વાંધો ન આવે. આવા સમયે તે તરુણ સાધુઓની ઉપધિ બીજાઓએ લઈ લેવી. જો કોઈ અસહિષ્ણુ સાધુ હોય તો તેને બીજા એક સાધુ સાથે તે ગામમાં ભિક્ષા કરવા માટે મોકલી આપવો.

જો કોઈ કારણે જે ગામમાં પહોંચવાનું નક્કી કરેલ છે તે રદ થઈ જાય તો આચાર્ય રસ્તા ઉપર સાધુને મૂકી દે. જેઓ પાછળ આવી રહેલા સાધુઓને ફેરફારની વાત કરતા જાય. છેવટે રસ્તા ઉપર ખેતી વગેરેમાં કામ કરતા ખેડૂતને કહી રાખવું કે જેથી તે પાછળ આવતા સાધુઓને ગામના ફેરફારના સમાચાર આપે. આવા સમયે હવે જે દિશા તરફ વળવાનું હોય તે દિશાવાળા રસ્તા ઉપર ધૂળમાં તીર જેવી નિશાની કરવી કે ચૂનાની લીટી ખેંચવી.

ગામમાં પ્રવેશ કર્યા પછી ક્ષેત્રપ્રત્યુપેક્ષકોએ નક્કી કરેલી વસતિ ન મળે તો અન્યત્ર ઊતરવું. ભિક્ષા લઈને પાછળ આવતા તરુણ સાધુઓને ખબર પડે કે ગચ્છ તો વધુ આગળના ગામે મુકામ કરવા માટે જઈ રહ્યો છે, તો એક સાધુને જલદીથી આચાર્ય પાસે મોકલાવો અને ભિક્ષાની ઝોળીવાળો સાધુ રસ્તામાં જ રોકાઇ જાય. જેથી ભિક્ષા ક્ષેત્રાતીત ન થાય. એ વખતે આચાર્ય ભૂખ્યા થયેલા સાધુ ઓને ત્યાં પાછા મોકલે. અને તેઓ ગોચરી વાપરીને આગળ વધે. જો ગામમાં પહોંચી ગયેલા સાધુઓએ ભિક્ષા કરી લીધી હોય તો તેમને ક વડાવાય કે તમે ત્યાં વાપરી દો અને ન છૂટકે બાકીનું પરઠવી દો.

## [૨-૩] વસતિગ્રહણ અને વસતિ

વસતિ પાસે આવ્યા પછી માત્ર વૃષભ સાધુએ તેમાં પ્રવેશ કરીને કાજો લેવો. ત્યાર પછી બધા સાધુઓએ પ્રવેશ કરવો. જો તે વખતે ભિક્ષાનો સમય થઇ ગયો હોય તો નીમેલા સંઘાટ્ટકોએ ભિક્ષા લેવા માટે બહારથી જ નીકળી જવું અને ત્યાં સુધી ખાસ અપવાદ સિવાય રાત પડી જાય તેવા સમયમાં વસતિમાં પ્રવેશ કરવો નહીં. શક્ય હોય ત્યાં સુધી, ગામની બહાર ગોચરી કરવા બેસવું નહીં. કેમકે તેમાં આત્મવિરાધના, સંયમવિરાધના, ગૃહસ્થોનું કૌતુક અથવા કોપ, વગેરે થવાની શકયતા છે.

શક્ય હોય તો ભિક્ષા લઈને યોગ્ય વસતિ મળતાં તરત વાપરવી. જો બીજા ગામમાં પહોંચીને વાપરવાનું રખાય તો

ઉપધિ અને ભિક્ષાના ભારથી અને ભૂખ લાગવાથી ઈર્યાસમિતિ પળાય નહીં. આથી પગે કાંટા વાગતા આત્મવિરાધના થાય. અને આહારાદિ પડી જતાં કે વેરાઈ જતાં સંયમવિરાધના થાય. મોડી સંધ્યાના સમયે વસતિમાં પ્રવેશ કરવાથી વસતિ નહીં જોવાના, કૂતરા વગેરે કરડવાના, ચોરી થવાના, ચોકીદાર કે બળદ વગેરે દ્વારા માર ખાવાના, ભૂલા પડવાના, વેશ્યા આદિના ઘરોમાં પ્રવેશ થઈ જવાના, કાંટા વાગવાના, સર્પ-દંશના, કીડી વગેરેની વિરાધનાના વગેરે અનેક પ્રસંગો ઊભા થાય. જેથી સંયમવિરાધના થાય. વળી વસતિ જોયા વિના કાલ ગ્રહણ લેવાથી અથવા કાલગ્રહણ લીધા વિના જ સ્વાધ્યાય કરવાથી સૂત્રાર્થની હાનિ થાય. સ્થંડિલ વગેરે જતા સંયમ વિરાધના થાય અને જો રોકે તો મૃત્યુ થાય અથવા માત્રું રોકવાથી ચક્ષુનું તેજ ઘટી જાય. આ દોષો ન લગાડવા માટે શક્ય હોય ત્યાં સુધી ભરપૂર પ્રકાશમાં જ વસતિપ્રવેશ કરવો. છતાં જો અપવાદે વિકાલે (મોડી સંધ્યાએ) પ્રવેશ કરવો પડે તો પહેરેગીરના પૂછતાં સ્પષ્ટ કહેવું કે, 'અમે સાધુઓ છીએ. ચોર નથી.' જો વસતિ શૂન્યઘર જેવી હોય તો વૃષભસાધુએ ઉપર-નીચે-બધે દાંડો ઠપકારવો, જેથી સર્પ વગેરે ચાલ્યા જાય અથવા બીજું કોઈ અંદર હોય તો ખ્યાલ આવી જાય.

વસતિમાં આચાર્ય માટે ત્રણ સંથારાભૂમિઓ રાખવી (૧) પવનવાળી (૨) પવન વિનાની અને (૩) સંથારો કરવાની. વસતિ ત્રણ જાતની હોય છે. મોટી, નાની અને

પ્રમાણયુક્ત. મોટી વસતીમાં ઊતરવાથી પોલીસ, બાવા, સ્ત્રી તથા હલકા માણસો પણ તેમાં ઊતરતાં અનેક પ્રકારની મુશ્કેલીઓ ઊભી થાય છે. નાની વસતિમાં ઊતરવાથી પાત્રા તૂટી જવા, પડી જવું, કલહ થવો વગેરે બને છે. માટે બે સાધુ વચ્ચે ત્રણ હાથ જેટલી જગ્યા રહે તેવી પ્રમાણ યુક્ત વસતિમાં ઊતરવું. જો વસતિ મોટી હોય તો સાધુઓએ તેવી રીતે છૂટાછૂટા સંથારા કરવા. જેથી ગૃહસ્થને સૂવા માટે જગ્યા ન રહે. જો વસતિ નાની હોય તો એક સાધુથી બીજા સાધુ વચ્ચે બધું મળીને ત્રણ હાથનું અંતર રાખવું અને દરેકની વચમાં પાત્રા વગેરે મૂકી દેવા. તે એટલા દૂર ન મૂકવા કે ઉંદર વગેરેથી તેની રક્ષા ન થઈ શકે. તેમ એવા નજીક પણ ન મૂકવા કે જેથી ઊંઘમાં હાથ કે પગ વગેરેનો ધક્કો તેને લાગી જાય.

**બે સાધુ વચ્ચે ત્રણ હાથનું અંતર હોવું જોઇએ.**

એક હાથ અને ચાર આંગળના સંથારામાં સૂતેલા સાધુએ તેની એક હાથ જેટલી જગા રોકી હોય તેથી તે સંથારાની બાકી રહેલી ચાર આંગળની જગ્યા, તે સંથારા પછી વીસ આંગળ જગ્યા ખાલી રાખવી. તે વીસ આંગળ, ત્યારપછી ચોવીસ આંગળ (એક હાથ) જગ્યામાં પાતરાદિ મૂકવા. તે ચોવીસ આંગળ. ત્યારપછી વીસ આંગળ જગ્યા ખાલી રાખવી. તે વીસ આંગળ, ત્યાર બાદ બીજા સાધુનો સંથારો આવે જેમાં ચાર આંગળ જગ્યા ખાલી રહે, તે ખાલી રહેલી ચાર આંગળની જગ્યા.

આમ બે સાધુ વચ્ચે ૪+૨૦+૨૪+૨૦+૪= ૭૨ આંગળ=ત્રણ હાથનું અંતર થયું. (૧ હાથ=૨૪ આંગળ)

જો બે હાથથી પણ ઓછું અંતર રહે તો ચતુર્થવ્રત સંબંધમાં દોષ લાગવાની શકયતા રહે છે. કયારેક લાત વગેરે લાગતાં કલહ પણ થઇ જાય.

જેનો સંથારો ભીંત આગળ આવ્યો હોય તેણે ભીંતથી એક હાથ દૂર સંથારો કરવો. વસતિ વધુ મોટી હોય તો ત્રણ હાથ દૂર સંથારો કરવો. પગ નીચે પણ જવા આવવાનો માર્ગ રાખવો. યતનાપૂર્વક સૌએ જવું–આવવું. જો કોઈ વ્યવસ્થિત ખાડો હોય તો તેમાં પાત્રાદિ મૂકી દેવા. સ્થવીર સાધુ દરેક સાધુને સંથારાની જગ્યા નક્કી કરી આપે.

જો વસતિમાં પ્રવેશ કરતાં રાત પડી ગઇ હોય તો કાલગ્રહણ ન લેવું અને તેથી નિર્યુક્તિ–સંગ્રહણી આદિની ગાથાઓનો પહેલી પોરિસી સુધી ધીમા સ્વરે સ્વાધ્યાય કરવો. ત્યારબાદ શંકાઓ ટાળીને સંથારો-ઉત્તરપટ્ટો પાથરીને, આખું શરીર પડિલેહીને (નાભિ ઉપરનું મુહપત્તિથી અને નીચેનું ઓઘાથી) ગુરુની પાસે સંથારાની આજ્ઞા માંગીને હાથનું ઓશીકું કરીને, પગ ઊંચા રાખીને સૂઈ જવું. પડખું વગેરે ફેરવતા ઓઘાથી પ્રમાર્જના કરવી.

રાત્રે માત્રું વગેરે માટે ઊઠવું પડે તો દ્રવ્યથી 'હું કોણ છું ? દીક્ષિત કે અદીક્ષિત ?' 'ક્ષેત્રથી હું કયાં છું ?' 'નીચે કે ઉપર ?' કાળથી 'રાત છે કે દિવસ ?' ભાવથી 'મને શંકા છે કે નહીં ? શેની ?' એ પ્રમાણે વિચારવું.

જો એ વખતે આંખમાં ઊંઘ હોય તો નાક બંધ કરીને શ્વાસ રૂંધવો અને ઊંઘ ઉડાડવી. પછી સંથારામાંથી ઊઠીને પૂંજતા પૂંજતા દ્વાર પાસે આવવું. જો ચોર-ભય હોય તો એક સાધુને ઉઠાડવો. જે દ્વાર પાસે ઊભો રહે. જો પશુભય હોય તો બે સાધુને ઉઠાડવા. જેમાંનો એક બારણે ઊભો રહે અને બીજો રક્ષણ કરે. શંકા ટાળ્યા બાદ ઇરિયાવહી પડિક્કમીને યથાશકય વધુ સ્વાધ્યાય કરવો. છેવટે ત્રણ ગાથા પણ ગણીને સૂઈ જવું.

ઉત્સર્ગમાર્ગે વસ્ત્ર ઓઢયા વિના સૂવું. પણ જો ઠંડી સહન થતી ન હોય તો એક-બે કે ત્રણ કપડાં પણ ઓઢવાં. છતાં જો ઠંડી દૂર ન થાય તો બહાર જઈને કાયોત્સર્ગ કરવો. પછી અંદર આવવાથી ગરમી લાગશે. અથવા ત્રણે કપડાં કાઢી નાંખવાં અને પછી ધીમે ધીમે એક એક કપડો ઓઢતાં જવું. આથી ઘણી ઠંડી સહીને એકાદ બે કપડાંથી મળતી ગરમી પણ પર્યાપ્ત થઈ પડશે. આ માટે ગધેડાનું દૃષ્ટાંત જાણવું. અપવાદે સમાધિ રહે તેમ કરવું.

## [૪] સંજ્ઞી

વિહાર કરતાં રસ્તામાં જે ગામો આવે તે ગામો સાધુના વિહારવાળા હોય કે ન હોય, તેમાં શ્રાવકોના ઘર હોય કે ન હોય, પણ જો તે ગામ સુસાધુઓનાં વિહારવાળું હોય તો જ તેમાં પ્રવેશ કરવો. પછી ત્યાં દહેરાસર હોય તો દર્શન કરવા. જો ત્યાં સાંભોગિક સાધુ હોય તો તે જ

આગંતુક માટે ગોચરી લાવે. પણ જો ત્યાંનો કોઈ શ્રાવક આગંતુક સાધુને જ ગોચરી માટે પધારવા અતિ આગ્રહ કરે તો ગામના એક સાધુ સાથે તેણે જવું. જો ઉપાશ્રય નાનો હોય તો આગંતુક સાધુઓએ બીજે ઊતરવું.

જો ગામના સાધુ સાંભોગિક ન હોય તો આગંતુક સાધુઓએ જાતે ગોચરી લાવવી. અને તત્રસ્થ આચાર્યને પ્રાયોગ્ય આપીને શેષ પોતે વાપરવી.

## [૫] સાધર્મિક

જે ગામમાં ઊતર્યા હોય ત્યાં અન્ય વસતિમાં જો સાધર્મિક સાધુઓ હોય તો સાંજના સમયે તેમની પાસે જવું. જેથી તેમને ભિક્ષા આદિના કાર્યમાં વ્યાઘાત ન થાય. સાધુને આવેલા જોઇને તે સ્થાનિક સાધુઓ ઊભા થઈ જાય અને ખેંચતાણ કર્યા વિના દાંડો વગેરે લઈ લે.

જો ગામ નાનું હોય અને તેથી બીજા દિવસે ભિક્ષા મળી શકે તેમ ન હોય તથા બપોરે વિહાર કરવામાં રસ્તામાં ચોર વગેરેનો ભય હોય તો બીજે દિવસે સવારે જ વિહાર કરવો. ઉપાશ્રયમાં પેસતા નિસીહિ કહેવી. જેથી તેમાં રહેલા સાધુઓ સામા આવે. જો તે વખતે તેઓ વાપરતા હોય તો તે કોળિયો વાપરીને અથવા હાથમાં લીધેલો કોળિયો પાત્રામાં પાછો મૂકીને આવેલા સાધુનું સન્માન કરે. પછી આગંતુક સાધુ તેમની સાથે આહાર કરે. જો આગંતુકોએ વાપરી લીધું હોય તો તેમને તે પ્રમાણે કહે. જો સ્થાનિક સાધુએ

લાવેલો આહાર પૂરતો ન હોય તો તે આગંતુકોને આપી દે અને પોતાના માટે બીજો આહાર લેવા જાય.

શક્ય હોય તો તમામ આગંતુકોની અથવા છેવટે તેમાંના વૃદ્ધ આદિની ત્રણ દિવસ સુધી આહાર-પાણીની ભક્તિ કરવી.

પછી આવેલા સાધુઓ તે જ ગામમાં ગોચરી નીકળે. અને સ્થાનિક સાધુઓમાંથી તરુણ સાધુઓ બીજા ગામમાં ગોચરી જાય.

## [૬] સ્થાનસ્થિત

જે ગામમાં પ્રવેશ કરવાનો હોય તે દિવસે સવારે પ્રતિક્રમણ આદિ કરીને ક્ષેત્રપ્રત્યુપેક્ષકો બધા સાધુઓને સ્થાપનાકુળ, પ્રત્યનીકકુળ વગેરેની સમજણ આપે. પછી સારા શકુન જોઈને ગામમાં પ્રવેશ કરવો.

વસતિમાં પ્રવેશ કરતા પહેલાં કથાલબ્ધિ સમ્પન્ન સાધુને પ્રથમ શય્યાતરની પાસે મોકલવો. તેમનો વાર્તાલાપ ચાલતો હોય ત્યારે આચાર્ય આવે. સાધુ શય્યાતરને આચાર્યની અને આચાર્યને શય્યાતરની ઓળખ આપે. જો શય્યાતર આચાર્ય સાથે વાત શરૂ ન કરે તો તેની સાથે આચાર્યે વાત શરૂ કરવી. જેથી શય્યાતરને ખોટું ન લાગે.

વસતિમાં આચાર્ય માટે ત્રણ જગ્યા રાખીને, સ્થવીર સાધુઓ રત્નાધિકના ક્રમે બીજાઓને જગ્યા વહેંચી આપે. ક્ષેત્રપ્રત્યુપેક્ષકો સાધુઓને સ્થંડિલ-માત્રાની ભૂમિ, સ્વાધ્યાય-ભૂમિ વગેરે બતાડે તથા દર્શન કરવા જતી વખતે સ્થાપના-

કુળો, શ્રાવકના ઘરો વગેરે બતાડે. પ્રવેશ દિવસે ઉપવાસ થાય તો તે સુંદર ગણાય.

દહેરાસરે જતી વખતે આચાર્ય સાથે એક કે બે સાધુએ પાત્રાની ઝોળી લઈને જવું. જેથી ગૃહસ્થની ગોચરી આપવાની ભાવનાનો ભંગ ન થાય. જો તે ગૃહસ્થને ત્યાં પાછળથી જવાય તો સ્થાપનાદોષ લાગે. આવા વખતે તે ગૃહસ્થને ત્યાં બધા સાધુઓએ સાથે જવું નહીં અન્યથા તે ભય પામે. ક્ષેત્રપ્રત્યુપેક્ષકોને પૂછ્યા સિવાય સ્થાપનાદિકુળોમાં જવામાં આત્મવિરાધના-સંયમવિરાધના વગેરે દોષો લાગે. સ્થાપના-કુળોમાં જ્યારે જવું પડે ત્યારે ગીતાર્થ સંઘાટ્ક જ જઇ શકે.

## સ્થાપનાકુળો રાખવાનું પ્રયોજન

તેથી આચાર્ય-ગ્લાન-પ્રાઘુર્ણક આદિને યોગ્ય ભિક્ષા મળી શકે. આ કારણસર જ વારંવાર સાધુઓએ સ્થાપના-કુળોમાં જવું ન જોઇએ. જેથી આંબળા વગેરે દ્રવ્યવિશેષ ખલાસ થઈ ન જાય. આવા સ્થાપનાકુળોમાં થોડા થોડા દિવસના અંતરે, કારણ વિના પણ જવાનું ચાલુ રાખવું જોઇએ. જેથી સાધુઓ ગામમાં હાજર છે તેવો તેમને ખ્યાલ રહે અને ભક્તિનો રસ જળવાઇ રહે. ગાય તો દોહવાતી રહે તો જ સારી, નહીં તો વસૂકી જાય.

સામાન્ય રીતે સ્થાપનાકુળો મોટા પરિવારવાળા, સાધુઓ પ્રત્યે પૂજ્યભાવવાળા અને શાસ્ત્રપરિકર્મિત પરિણતિવાળા

હોવા જોઇએ. જેથી આચાર્યાદિ માટે નિર્દોષ પ્રાયોગ્ય દ્રવ્ય પ્રાપ્ત થઇ શકે. આગાઢ કારણસર આધાકર્માદિ દ્રવ્યની પણ સૂચના થઇ શકે અને વધુ પ્રમાણમાં લઇ પણ શકાય.

## આચાર્યની વૈયાવચ્ચ માટે દશ પ્રકારના અયોગ્ય સાધુઓ

(૧) પ્રમાદના કારણે સમયસર ગોચરી ન જતો આળસુ સાધુ.

(૨) બહુભોજી હોવાથી પોતાના જ આહાર માટે ફરનારો અને તેથી ભિક્ષાનો સમય પૂરો કરી નાખનારો. ઘસિર સાધુ.

(૩) ઊંઘણશી સાધુ

(૪) ચાલતા વાર લગાડતો તપસ્વી સાધુ

(૫-૬-૭-૮) ક્રોધી-માની-માયાવી-લોભી સાધુ

(૯) રસ્તામાં નટ વગેરેની રમત જોવા ઊભો રહી જતો કુતુહલી સાધુ

(૧૦) સૂત્ર કે અર્થ પ્રાપ્ત કરવામાં અત્યંત તલ્લીન એવો પ્રતિબદ્ધ સાધુ.

ટૂંકમાં જે ગીતાર્થ હોય, અને પ્રિયધર્મી હોય તે જ સાધુ આચાર્યની ભક્તિ માટે યોગ્ય છે. આવા સાધુ એક જ ઘરમાંથી રોજ ઘી વહોરે તો પણ એવા વિવેકથી વહોરે કે જેથી તે ગૃહસ્થોના ભાવમાં ઓટ આવવાને બદલે નિત્ય ભરતી ચડે.

જે ગામમાં ગચ્છ રહ્યો હોય તે ગામના સ્થાપનાકુળોમાં નક્કી કરેલા સંઘાટ્ટકે જ જવું. ગામના અન્ય ઘરોમાં બાળ-વૃદ્ધ–તપસ્વી વગેરે જઇ શકે. જેથી ભિક્ષાપ્રાપ્તિ સુલભ થાય અને તરુણ સાધુઓએ આસપાસના ગામોમાં ભિક્ષાર્થે જવું. આથી ગામના સ્થાનિક લોકોના ભાવની અભિવૃદ્ધિ થાય.

## ગોચરી જતી વખતે આચાર્યને પૂછીને શા માટે નીકળવું?

(૧) રસ્તામાં ચોર વગેરે ઉપાડી જાય તો શોધવામાં મુશ્કેલી ન પડે.

(૨) પ્રાઘુર્ણક, ગ્લાન અને આચાર્ય માટે જે લાવવાનું હોય તેની સૂચના મળે.

(૩) કૂતરા, ખરાબ સ્ત્રી કે નપુંસક વગેરે પુરુષોના લત્તાની માહિતી મળે.

(૪) ભિક્ષાએ જતાં રસ્તામાં ચક્કર વગેરે આવી જાય તો તરત તપાસ થઇ શકે.

જો ભિક્ષાએ નીકળતી વખતે આચાર્યને પૂછવાનું ભૂલી જવાય અને રસ્તામાં અધવચ્ચે યાદ આવે તો વસતિએ પાછા આવવું અને કહીને નીકળવું અથવા સ્થંડિલ વગેરે માટે નીકળેલા વસતિ તરફ પાછા ફરતા સાધુને પોતાની દિશા જણાવી દેવી જેથી તે સાધુ આચાર્યને જણાવે.

જો ચોર આદિ તે સાધુને ઉપાડી થોડા થોડા અંતરે કપડાના ફાડેલા કે ફાડીને ટુકડા નાંખતા જવા.

જો ગોચરીએ ગયેલા સાધુને પાછા ફરતાં ઘણી વાર લાગે તો તેના માટે વિશિષ્ટ વસ્તુ રાખી મૂકીને બીજા સાધુઓએ ભિક્ષા વાપરી લેવી. અને તેમને તેની ચારે દિશામાં તપાસ કરવા નીકળવું. જો કોઇ નિશાની ન મળે તો ગામના લોકોને ભેગા કરીને પૂછવું અને સાધુને શોધી કાઢીને જ જંપવું.

## અન્ય ગામમાં ગોચરી જવાના લાભ

(૧) આધાકર્માદિ દોષોથી બચાવ.
(૨) વધુ આહારની પ્રાપ્તિ.
(૩) અપમાનનો અભાવ.
(૪) ગૃહસ્થો સાથે રાગ થવાની અશકયતા.
(૫) વીર્યાચારનું પાલન.

### સંઘાટ્ટક ગોચરી કેવી રીતે વહોરે ?

એક સાથે જે બે સાધુઓ ભિક્ષા લેવા નીકળે તે સંઘાટ્ટક કહેવાય. તેઓ એક પાત્રમાં આહાર લે અને બીજા પાત્રમાં પાણી લે. વળી એક પાત્રમાં આચાર્યાદિને પ્રાયોગ્ય આહાર લે. અને બીજા માત્રકમાં જીવસંસ્ટાદિ લાગતા હોય તેવા આહાર-પાણી ગ્રહણ કરે.

અહીં ઓઘનિર્યુક્તિ ગ્રન્થના સાત દ્વારોમાંના પ્રથમ પ્રતિલેખના દ્વારમાં આવેલા એકાકીવિહાર વગેરે પેટાવિષય અંગેનું વિવેચન બીજા અધિકાર રૂપે પૂરું થયું. આમ ઓઘનિર્યુક્તિ ગ્રન્થ સંપૂર્ણ થયો.

## પૂજનીય સાધુ-સાધ્વીઓના જીવનઘડતર માટે અત્યન્ત ઉપયોગી પ્રકાશનો

લેખક : મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

પ્રાપ્તિ સ્થાન : **કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન, ૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ,
રીલીફ રોડ, અમદાવાદ. ફોન : **૩૩૫૭૨૩, ૩૮૦૧૪૩**

* ૧ સાધનાની પગદંડીએ
* ૨ શરણાગતિ
* ૩ અધ્યાત્મસાર
* ૪ ગુરુમાતા
* ૫ વિરાટ જાગે છે ત્યારે
* ૬ મહાપંથનાં અજવાળાં
* ૭ વંદના
૮ આત્મા
૯ જૈનદર્શનમાં કર્મવાદ
*૧૦ મહામારિ
૧૧ અષ્ટાહિનકા પ્રવચનો
૧૨ કલ્પસુત્ર પ્રવચનો
૧૩ સ્વરક્ષાથી સર્વરક્ષા
૧૪ આતમ જાગે
*૧૫ વીર! મધુરી વાણી તારી
* ૧૬ અપૂર્વ સ્વાધ્યાય
* ૧૭ આગમવાણી
૧૮ ભવઆલોચના
૧૯ જિનશાસન રક્ષા
* ૨૦ જૈનધર્મના મર્મો
* ૨૧ વિરાગ વેલડી
૨૨ પ્રતિક્રમણ સૂત્ર વિવેચના ભાગ-૧
૨૩ પ્રતિક્રમણ સૂત્ર વિવેચના ભાગ-૨
૨૪ મુનિજીવનની બાળપોથી ભાગ-૧
૨૫ મુનિજીવનની બાળપોથી ભાગ-૨
૨૬ મુનિજીવનની બાળપોથી ભાગ-૩

મુનિજીવનની બાળપોથી ભાગ ૪, ૫, ૬

* આ નિશાનીવાળા પુસ્તકો હાલ અપ્રાપ્ય છે.

મૂલ્ય : રૂા. ૪-૦૦